ભક્તકવિશ્રી

સૂરદાસ

જશવંત મહેતા

પ્રવીણ પુસ્તક ભંડાર
લાભ ચૅમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.

BHAKTA-KAVISHRI SOORDAS
By : Jashvant Mehta
Published by : Pravin Prakashan Pvt. Ltd., Rajkot - 360 001

પ્રકાશક :
પ્રવીણચંદ્ર એમ. પટેલ
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.,
લાભ ચૅમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે,
ઢેબર રોડ, રાજકોટ.
ફોન : 232460 / 234602

© લેખકના

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૮

કિંમત : રૂા. ૫૦

મુદ્રક :
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.
વેરાવળ (શાપર),
જિલ્લો : રાજકોટ.
ફોન : (028275) 2764 / 2967

અર્પણ

"જો હમ ભલે-બૂરે તૌ તેરે !
તુમ્હૈ હમારી લાજ બઢાઈ !!

- સૂરદાસજી

પૂજ્યપાદ ગોસ્વામી
૧૦૮
પુષ્ટિસંપ્રદાયના
તેજોમૂર્તિ-જ્ઞાનમૂર્તિ
પૂજ્ય
શ્રી શ્યામ્ મનોહરજી
(પૂ. શ્યામુ બાવાશ્રી)
ને
સવિનય - સાદર - સપ્રેમ
દંડવત્
સાથે

- જશવંત મહેતા

I CAN ONLY BELIEVE IN A GOD
WHO CAN SING OR DANCE
- NIETZE

WHAT IS WORLD? AN ETERNAL CHILD
PLAYING AN ETERNAL GAME IN AN
ETERNAL GARDEN
- MAHARSHI ARVIND

જાકો ગણેશ મહેશ સુરેશ
ભજન દિન રાતઈયા
તાકો આહિરકન છોહરિયા
છછીયાભર છાછપે
નાચ નચાઈયા
— રસખાનજી

ચલિ સખિ, તિંહિં સરોવર જાહિં
જિહિં સરોવર કમલ કમલા રવિ બિના બિકસાહિં
હંસ ઉજ્જવલ, પંખ નિર્મલ, અંગ મલિ - મલિ - ન્હાંહિ
મુક્તિમુક્તા અનગિને ફલ, તહાં ચુનિ ચુનિ ખાહિં
અતિહિં મગન મહામધુરસ, રસ ન મધ્ય સમાહિં
દેખિ નીરખૂં છિલછિલૌ જગ, સમુઝિ કછુ મનમાહિં
સૂર ક્યૌં નહિં ચલૈ ઉડિ તહં, બહુરિ ઉડિબૌ નાહિં
— સૂરદાસ

મનાંરે કર માધોંસે પ્રીત

"જો સુખ હોત ગોપાલે ગાયે
સો ન હોત જપ, તપ, વ્રત, સંગમ
કોટિક તીરથ નહાયે"

"ભલે પ્રગટ્યા શ્રી વલ્લભદેવ", "વંદુ શ્રી વિઠ્ઠલવર વ્રજરાય" પછી "પુષ્ટિ નવલસાહિત્ય શ્રેણી"માં શ્રી વલ્લભકૃપાથી શ્રી વિઠ્ઠલેશજીના અનુગ્રહથી વ્રજભૂમિમાં સદૈવ વિહરતા જશોદાના જાયા, શ્રી બાલકૃષ્ણલાલની અવિરત કૃપાપ્રેરણાધારાથી સર્જાયેલું અષ્ટછાપ સખાના ધુરંધર વ્રજભાષાના, હિંદી સાહિત્યના, મહાકવિ સૂરદાસજીનાં જીવનકવન પર આધારિત, નવલકથાપુષ્પ "મનાંરે કર માધોંસે પ્રીત" પ્રભુચરણે - ગુજરાતની મારા સર્જનોની પ્રેમી વાચક જનતા સમક્ષ ધરતાં હૃદય આનંદ, સંતોષ અને કરુણાનો ભાવ અનુભવે છે.

"કિંધો સૂરકો પદ સૂન્યો, વ્યાકુલ હોત શરીર."

છેલ્લાં દોઢ-બે વર્ષથી મહાકવિ સૂરદાસનાં જીવનકવનની કુંજગલીઓમાં વિહરતાં, એમના "સૂરસાગર"માં ડૂબકીઓ મારતાં, આ જીવે ખરેખર મનની અદ્ભુત અવિસ્મરણીય વ્યાકુળતા અનુભવી છે. પ્રસન્ન ચિત્ત અને દ્રવિત હૃદય - એ સૂરદાસજીનાં પદોની દુનિયામાંથી લાધેલું "નવનીત" પ્રાપ્ત થતાં જ મનહૃદય બોલી ઊઠ્યું, સૂરદાસની જ પંક્તિમાં નાનકડાં ફેર સાથે

ઉધો મોહિ "સૂર" વિસરત નાહિં

નવલકથા પૂર્ણ થયા પછી પણ "સૂર" ના "સૂર" ભુલાતા નથી.

આપણા આચાર્યચરણ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનાં જીવનકવન વખતે "સમય, કાળ અને તિથિઓ" ની જે જે મૂંઝવણો મેં અનુભવી હતી, એ જ દ્વિધાઓ, સૂરદાસજીના જીવનકાળ તેમજ 'સૂરદાસ વ્યક્તિ કઈ'ની મેં અનુભવી હતી. સૂરદાસજીના સમકાલીન કબીર સાથેનું એમનું મિલન થયું હતું કે નહીં, એના પણ ચિત્રવિચિત્ર સંદર્ભો સંશોધનાત્મક ગ્રંથોમાંથી પ્રાપ્ત થાય છે. ૮૪ વૈષ્ણવની વાર્તામાં કે ગો. હરિરાયજી કૃત 'સૂરદાસ કી વાર્તા'માં કબીર-સૂરદાસના મિલનનો પ્રસંગ આવતો નથી. છતાં પુષ્ટિસંપ્રદાયના વાર્તાસાહિત્યમાં કબીર- સૂરદાસના મિલનની વાતો આવે છે, અને તે એટલી હદ સુધી કે નિરાકાર સ્વરૂપના કબીરજી ગૌઘાટ પર સૂરદાસજીની વિનંતીથી પદ ગાય છે અને વૃક્ષો પરનાં પાન ખરી પડે છે અને સૂકાંભઠ્ઠ વૃક્ષો થઈ જાય છે અને સૂરદાસજી સાકાર બ્રહ્મનું, બાળલીલાનું પદ ગાઈ વૃક્ષો પર પર્ણોને ઝૂલતાં કરી દે છે. આવું જ નંદદાસ અને તુલસીદાસ અને સૂરદાસના પ્રસંગોમાં છે. ૮૪ વૈષ્ણવની વાર્તાના પ્રસંગોમાં તુલસીદાસ-સૂરદાસ-

મિલનનો પ્રસંગ છે નહીં. એક ઠેકાણે તો સંવત ૧૩૩૨માં જન્મેલા સંત જ્ઞાનેશ્વરનું સંવત ૧૫૩૫માં જન્મેલા સૂરદાસજી સાથે મિલન કરાવી દીધું છે. સૂરદાસજી કયા– બિલ્વમંગલ, આગ્રાના પ્રધાન કે ગરીબ સારસ્વત કુટુંબમાં જન્મેલા સૂરદાસ?

નવલકથાના આલેખન દરમિયાન શંકા-આશંકાથી પર એવા જ પ્રસંગોને મેં લીધા છે. તેમજ કબીર-સૂરદાસના મિલનનો પ્રસંગ દ્વૈત-અદ્વૈતની એમની ચર્ચાને પુષ્ટિસંપ્રદાયની વિચારધારાના અનુસંધાનમાં પ્રગટ કરી પ્રસંગને ઉપસાવ્યો છે. કબીરજી વ્રજયાત્રાએ આવેલા એવાં પ્રમાણો ગ્રંથોમાંથી મળે છે અને મથુરામાં એમના શિષ્ય ધરમદાસને ત્યાં એ રહ્યા હશે ત્યારે એક ભક્તકવિને બીજા ભક્તકવિની વાતો કરી હશે. પરિણામે ગૌઘાટ પર બે મહાન કવિઓનું મિલન થયું હશે, એમ માનીને ચોર્યાસી વૈષ્ણવની કથામાં ન આવતો પ્રસંગ મેં આલેખ્યો છે.

મહાકવિ સૂરદાસજીની પદરચનાઓ વિષે અલગ લેખ આ પુસ્તકમાં મૂક્યો છે એટલે એની વિશદ ચર્ચા અહીં અપ્રસ્તુત માનીને મારા પૂર્વસૂરિઓને, આત્મીયજનોને, પૂજ્યપાદ ગોસ્વામી બાળકો અને એ ઉપરાંત જેમની કૃપા મારા પર ન વરસી હોત તો આ સર્જન શક્ય જ ન બન્યું હોત, એવા મારા પરમકૃપાળુ શ્રીજીબાવા, મહારાણી યમુનામૈયા અને શ્રી વલ્લભને આ પુસ્તક અર્પણ કરું છું.

પુષ્ટિસંપ્રદાયની મારી કલમ દ્વારા વહેતી થયેલી “કથા સરવાણી” નું શ્રેય મારા યુવાન પ્રકાશક મિત્ર શ્રી ગોપાલભાઈના સંપ્રદાય પ્રત્યેના અહોભાવને જાય છે. એમણે આ ગ્રંથાવલિ રચવાનું ન સુઝાડ્યું હોત તો સૂરદાસજીના જ શબ્દોમાં કહીએ તો-

“રે મન મૂરખ જનમ ગવાયો” - જેવું જ થાત....

એ દોસ્તનો, એમના સહકાર્યકરોનો આભાર માનું છું.

લેખનકાર્ય દરમિયાન મનમાં ઊઠતા કેટલાક પ્રશ્નો, સૂરદાસનાં પદોની પંક્તિઓ, પ્રસંગો વિષેનાં જ્ઞાનમાહિતી પૂરાં પાડનાર મારા અસંખ્ય “સૂરપ્રેમી” મિત્રોમાં અ. સૌ. નિર્મળાનું પણ સ્થાન હતું, એની યાદ તાજી કરી લઉં છું. અંતમાં, વીસમી સદીના મહાન બૌદ્ધિક ચિંતક “નિત્સે” કે જેણે “ GOD IS DEAD” નું આ સદીમાં એલાન કર્યું હતું, એ જ નિત્સેની માંગણી હતી:

“ I CAN ONLY BELIEVE IN A GOD
WHO CAN SING OR DANCE ”

— જશવંત મહેતા

નંદા ભુવન, બ્લૉક નં. ૧૫, બજાજ રોડ,
વિલે પાર્લે (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૫૬

ાનેશ્વરનું
રદાસજી
સૂરદાસ?
પ્રસંગોને
એમની
ઉપસાવ્યો
મથુરામાં
ા ભક્ત-
લન થયું
ખ્યો છે.
ાં મૂક્યો
રિઓને,
પા મારા
મકૃપાળુ
કરું છું.
' નું શ્રેય
ને જાય
શબ્દોમાં

પદોની
રપ્રેમી"
અંતમાં,
AD" નું

ત મહેતા

અ-નુ-ક્ર-મ

"તન, મન, ધૂનત શરીર" / ૯
૧. 'અરે! આ તો 'સૂર' છે!' / ૨૧
૨. 'મને તો હરિમિલનની ભૂખ લાગી છે!' / ૨૬
૩. 'હમ ભક્તનકે, ભક્ત હમારે' / ૩૧
૪. વ્રજભૂમિ તરફ પ્રયાણ / ૩૬
૫. પ્રેમી કો પ્રેમી મિલે... / ૪૧
૬. વ્રજ ભયો મહરિ કે પૂત / ૪૬
૭. 'અખિયાં હરિ-દરશન કી પ્યાસી' / ૫૨
૮. ગિરિરાજજીની છાયામાં / ૫૭
૯. શ્રી વલ્લભ-શરણની બલિહારી / ૬૨
૧૦. 'સાધુ સંગત ડાર પાસા' / ૬૬
૧૧. 'ભક્તન કો કહા સિકરી સે કામ?' / ૭૧
૧૨. 'સુનેરી મૈંને નિર્બલ કો બલ રામ' / ૮૦
૧૩. 'આજ દેખે રિ હરિ નંગમનંગા' / ૮૬
૧૪. 'હમ ભક્તનકે, ભક્ત હમારે' / ૯૨
૧૫. 'ભરોસો દઢ ઈન ચરનન કેરો...' / ૧૦૧

સૂરદાસ પરિચય

નામ: સૂરદાસ
જ્ઞાતિ: સારસ્વત બ્રાહ્મણ
જન્મસમય: વૈશાખ શુદ ૫, સંવત ૧૫૩૫
જન્મસ્થળ: સિંહી
નિકુંજલીલા - સખાનામ: કૃષ્ણસખા
નિકુંજલીલા - સખીનામ: ચંપકલતા સખી
શરણાગતિ-કાળ: સંવત ૧૫૬૭
શરણાગતિ-સ્થળ: ગૌઘાટ
દીક્ષાગુરુ: શ્રીમદ્ વલ્લભાચાર્યજી
ભક્તિ: સંયોગાત્મક નિર્ગુણ સખાભક્તિ
સ્વરૂપાસક્તિ: શ્રી મધુરેશજી
શૃંગારાસક્તિ: પાદ્ય
પ્રભુના શ્રીઅંગમાં સ્થાન: મુખારવિંદ
શ્રી ગિરિરાજજીમાં અધિકૃત દ્વાર: ચન્દ્રસરોવર- પરાસોલી
પ્રભુની મુખ્ય લીલામાં આસક્તિ: માનલીલા અને ગૌચારણલીલા
કીર્તનસમય: ઉત્થાપન
ભાવનો મુખ્ય મનોરથ: સઘન કંદરા
લીલામાં કોનાં સહચરી: શ્રી શામલાલજી
લીલામાં રંગ-વર્ણ: ચંપાઇ
લીલામાં કુંજ: નીલમકુંજ
લીલામાં સંબંધિત ઋતુ: ગ્રીષ્મ
અષ્ટછાપની પદવી પ્રાપ્ત: ૬૭ વર્ષ
રચનાઓ: સૂરસૂરાવલી, સાહિત્યલહરી,
સૂરસાગર-સવાલાખ પદો
અભ્યાસ, શોખ, પ્રવીણતા: જન્મથી અંધ, સાધુસંગતિ દ્વારા જ્ઞાન,
ગાનવિદ્યામાં નિપુણ, વાક્ચાતુરી
દેહાવસાન-સમય: સંવત ૧૬૪૦
દેહાવસાન-સ્થળ: ચન્દ્રસરોવર
ભૂતલ પર વાસ: ૧૦૫ વર્ષ
સ્મૃતિસ્થળ: ગૌઘાટ અને ચન્દ્રસરોવર

"તન, મન, ધૂનત શરીર"

કિંધૌ સૂર કો સર લગ્યૌ, કિંધૌ સૂર કી પીર
*કિંધૌ સૂર કો પદ **સૂન્યૌ**, તન, મન, ધૂનત શરીર...*
*કિંધૌ સૂર કો પદ **સૂન્યૌ**, તન, મન, ધૂનત શરીર...*

જેમનાં પદો સાંભળી તન અને મન પ્રેમોર્મિ અને ભાવોર્મિથી સદાય ધૂણી ઊઠયાં છે, એવા પુષ્ટિસંપ્રદાયના મહાકવિ સૂરદાસજી વ્રજ ભાષાસાહિત્યના જન્મદાતા અને ઉદ્ધારક હતા – હિંદી ભાષાના વાલ્મીકિ અને વ્યાસ હતા.

હિંદી સાહિત્યમાં 'કૃષ્ણકાવ્ય' સૌ પ્રથમ લખવાનું શ્રેય કવિ વિદ્યાપતિને જાય છે. પરંતુ કૃષ્ણલીલાના, આજની આધુનિક વિવેચનની ભાષામાં કહીએ તો દશ્ય–શ્રાવ્ય કવિતા દ્વારા શ્રેષ્ઠ કાવ્યત્વના પ્રદાનનું શ્રેય આપણા સંતકવિ સૂરદાસજીને જાય છે.

સૂરદાસજીનું મૂળ વૃત્તાંત ૮૪ વૈષ્ણવની વાર્તામાંથી મળે છે. આ ઉપરાંત સૂરદાસજી વિષે જાતજાતની દંતકથાઓ, વાતો અનેક પુસ્તકોમાંથી મળે છે. આમ જુઓ તો હિંદી સાહિત્યમાં સૂરદાસજી એક 'રિસર્ચ'નો – સંશોધનનો વિષય બની ગયા છે. એમના જીવન તેમજ કવન વિષે – પદો વિષે – સંશોધનાત્મક ચર્ચાવિચારણા ચાલી રહી છે. પરંતુ આપણા સૂરદાસ તો

શ્રી વલ્લભ સૌ મંત્ર લૈ, સાગર રચ્યો અપાર
સૂર સિદ્ધ કવિનૈ કિયો, હરિલીલા વિસ્તાર...

શ્રીવલ્લભસેવક – હરિલીલાનો વિસ્તાર કરનારા સૂરસાગર – સૂરદાસજી જ છે.

સૂરદાસજી વિષે વ્રજમાં કોઈ વિદ્વાન શાસ્ત્રીને જઈને પૂછતાં અનેક "સૂરદાસો" વ્રજમાં તો થઈ ગયા છે, એમ કહેશે. હમણાં જ આપણા સંપ્રદાયના પ્રા. રમેશ પરીખ સાથેની વાતચીતમાંથી જાણવા મળ્યું કે વૃંદાવનના એક સંતના કહેવા પ્રમાણે વ્રજમાં હજાર સૂરદાસો થઈ ગયા. વાત માનવામાં આવે તેવી નથી... પરંતુ આ બધી ચર્ચાવિચારણા પછી પુષ્ટિ–સંપ્રદાયના વિદ્વાનોની શોધખોળ પછી ત્રણ સૂરદાસો થઈ ગયા છે.

એક હતા બિલ્વમંગલ. મડદા પર બેસી કામાંધ બિલ્વમંગલ વારાંગના ચિંતામણિને ત્યાં ગયા હતા અને ચિંતામણિના એક મર્મવાક્ય ("આટલો મોહ મદનગોપાલ પ્રભુમાં રાખ્યો હોત તો ભવસાગર તરી જાત") પર આંખો ફોડી, ભગવદ્ભક્ત બની, અનેક પદોની રચના દ્વારા સૂરદાસ તરીકે પ્રખ્યાત થયા.

બીજા હતા મદનમોહન સૂરદાસ. એમના ઘરે મદનમોહનનું સ્વરૂપ બિરાજતું હતું. અકબરના દરબારમાં દીવાન હતા. સાધુસંતોની આગતાસ્વાગતામાં રાજ્યના ભંડોળમાંથી દુકાળ વખતે ૧૩ લાખ રૂપિયા વાપરી નાખ્યા. બાદશાહે જેલમાં નાખ્યા. પરંતુ સત્કાર્ય માટે પૈસા વપરાયા છે તેની જાણ બાદશાહને થતાં એમને

છોડયા અને એ એમના મદનમોહનજીના સ્વરૂપ સાથે વ્રજભૂમિમાં આવ્યા. અંધાપો આવ્યો અને "સૂરદાસ"ના નામે એમણે પણ પદો લખ્યાં. શ્રીવલ્લભનંદન ગુસાંઈજીએ એમનાં રચેલાં કેટલાંક પદો સ્વીકાર્યાં પણ છે, પરંતુ "અષ્ટસખા"ના સૂરદાસ આ નહોતા.

"અષ્ટછાપ સૂરદાસ" તો કોઈ અનન્ય દૈવી જીવ હતા, લીલાના જીવ હતા, જેમને શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ "સૂરસાગર" કહ્યા હતા, ગોસ્વામી ગુસાંઈજીએ જેમને "પુષ્ટિમાર્ગનું જહાજ" કહ્યા હતા.

સૂરદાસજીનું મૂળ વૃત્તાંત ૮૪ વૈષ્ણવોની વાર્તાઓમાંથી મળે છે, જેમાં ગૌઘાટ પર શ્રીમદ્‌વલ્લભાચાર્યજી સાથેનું મિલન... પ્રથમ મિલને જ શ્રીવલ્લભ બોલી ઊઠે છે :

"સૂર તૂ આયો ?" અને સૂરદાસજી પણ શ્રીવલ્લભનાં ચરણે ઢળી પડે છે. શ્રીમહપ્રભુજીએ એમને ભક્તિના "શૂર" કહ્યા છે. "ગૌઘાટ" અગાઉની કથા – સૂરદાસજીના જન્મ અને ભ્રમણની કથા – ગો. શ્રીહરિરાયજીના "ભાવપ્રકાશ" ગ્રંથમાંથી મળે છે. દિલ્હી પાસેના સિંહી ગામના સારસ્વત બ્રાહ્મણને ત્યાં જન્મથી જ અંધ એવા, ત્રણ–ત્રણ સંતાનોના બાપને ત્યાં ચોથા બાળક તરીકે એમનો જન્મ થાય છે. ગામના શ્રેષ્ઠીને ત્યાંથી આવેલી–ખોવાયેલી સોનામહોરો અંધ સૂરદાસ એમનાં માબાપને, એમને ગૃહ છોડવાની આજ્ઞા આપે એવી વિનંતી સાથે, શોધી આપે છે. સાતઆઠ વર્ષનો અંધ બાળક ઘર છોડી ચાલી નીકળે છે. નજીકના ગામના પીપળાના ઝાડ નીચે બેસે છે. એ જ એની શુકનવિદ્યાથી ગામના જમીનદારની ખોવાયેલી ગાયો ક્યાં છે એની માહિતી આપે છે.

બચપણથી જ સૂરદાસ કૃષ્ણભક્તિના ઉપાસક હતા. કીર્તન, સત્સંગ, ભક્તિ એમની કાયાના કણેકણમાં પરોવાઈ ગયાં હતાં. એક સંતકવિ તરીકેની ખ્યાતિ સમગ્ર વ્રજમંડળમાં અઢાર વર્ષની ઉંમરમાં એવી તો પ્રસરી ગઈ હતી કે એમને ગુરુ બનાવી–એમના હાથે કંઠી બંધાવી–એમના શિષ્યો બનવાની એક હેલી ઊપડી હતી. "સૂરસ્વામી" તરીકે પંકાઈ ચૂકેલા "ભક્તિજીવ"ને ભક્તગણોના ચોવીસે કલાકના ઝમેલાથી કંટાળો આવી ગયો. એ એમના પ્રભુનું ભજન વીસરવા માંડયા. એક રાત્રે પ્રભુભજન ન થઈ શકવાનો "તાપ" એટલો તો વધી ગયો કે અડધી રાત્રે ગામ છોડી, મથુરા ભેગા થઈ ગયા. વિશ્રામઘાટે બેસી યમુનાજીની આરતી કરી. એમનાં વિનયનાં પદોની સુવાસ એમના આગમન પહેલાં મથુરામાં પ્રસરી ગઈ હતી, એટલે મથુરામાં પણ "માનવમેળો" એમની આજુબાજુ ભરાવા માંડયો. "પ્રભુનો જીવ" ફરી એક વખત મથુરાથી ભાગી, ગૌઘાટની એકાંત જગ્યામાં આવીને સ્થિર થયો, જ્યાં એમને શ્રીવલ્લભે શરણે લીધા...

આ બધું કેટલું પ્રામાણિક છે એ પ્રશ્ન આજ પણ બૌદ્ધિકો, સંશોધકો અને વિવેચકોને મૂંઝવે છે. હરિરાયજીના "ભાવપ્રકાશ" અગાઉ "સાહિત્યલહરી"નામક ગ્રંથમાં કથા આપી છે, પરંતુ એ અપૂરતી છે. નાભાજીકૃત "ભક્તમાળ"માં

અનેક પ્રાચીન મહાત્માઓનાં જીવનચરિત્રો છે, પરંતુ સૂરદાસના જીવન પર કશું જ નથી, બલકે સૂરદાસજીનાં પદોની પ્રશંસા કરતું લખાણ છે. હરિરાયજીએ "ભાવપ્રકાશ"માં સૂરદાસજીના પૂર્વજીવનની વાતો લખી છે. એમાં તેમજ "આઈને અકબરી"માં સૂરદાસજીના પિતા ગ્વાલિયરનિવાસી હતા અને એમનું નામ રામદાસ હતું એવો ઉલ્લેખ મળે છે. પરંતુ આ પિતાના પુત્ર પુષ્ટિસંપ્રદાયના કવિ સૂરદાસ હતા એ સિદ્ધ થતું નથી.

સૂરદાસજીની જ્ઞાતિ માટે પણ હજી ઘણી દ્વિધાઓ છે. "સૂરસાગર"નાં કેટલાંક પદોમાં એ "જાટ" કોમના હોય એવી ભ્રાંતિ થાય છે.

"હૃદય કુચીલ કામ–ભૂ–તૃષના જલ કલિયલ હૈ પાત્ર
ઐસે કુમતિ "જાટ" સૂરજ કૌ પ્રભુ બિન કૌઉ ન પાત્ર

શ્રીગુસાંઈજીના જન્મદિન પ્રસંગે ખુશાલીમાં સૂરદાસે ગાયેલા પદની પંક્તિ

"મેરે મન આનંદ ભયૌ મૈં ગોવર્ધન આયો
હોં તૌ તેરે ઘરકોં ઢાઢી સૂરદાસ મેરો નાઉં"

ત્રીજું પણ એક પદ છે જેમાં સૂરદાસજી લખે છે :

"મૈ તે ઘર કૌં હોં ઢાઢી મો સરિ કોઉન આન"

પુષ્ટિસંપ્રદાયમાં ઢાઢી પદ (એટલે કે જન્મપ્રસંગની બિરદાવલી ગવાય એને ઢાઢી પદ કહેવાય) રચવાની એક ચોક્કસ પરંપરા હતી. અષ્ટછાપના અન્ય કવિઓએ પણ "ઢાઢી" પદો રચ્યાં છે, જેમાં કવિ પોતાને બિરદાવલી ગાનાર ભાટના સ્વરૂપે કલ્પી લે છે. પરંતુ હરિરાયજીએ એમની "સૂરદાસ કી વાર્તા"માં સ્પષ્ટપણે એ સારસ્વત બ્રાહ્મણ હતા એમ લખ્યું છે.

ગોકુલનાથજીના સમકાલીન પ્રાણનાથ કવિએ પણ સૂરદાસને સારસ્વત બ્રાહ્મણ કહ્યા છે.

"શ્રી વલ્લભ પ્રભુ લાડિલે, સિંહી સર જલજાત
સારસુતી દુજ તરૂ સફલ, સૂર ભગત વિખ્યાત"

શ્રીગુસાંઈજીના છઠ્ઠી ગાદીના પુત્ર ગો. યદુનાથજીએ પણ (યદુનાથ દિગ્વિજયવાળા) એમના એક શ્લોકમાં "તતો બ્રજસમાગમને સારસ્વત સૂરદાસોઽનુગૃહીત" કહ્યા છે. ગો. યદુનાથજીનો સમય સંવત ૧૬૧૪ થી ૧૬૬૦નો તેમજ પ્રાણનાથ કવિ શ્રીગોકુલનાથજીના સમકાલીન હતા એ પરથી પણ સૂરદાસજી સારસ્વત બ્રાહ્મણ તરીકે વધુ સ્વીકાર્ય છે. અલબત્ત, સૂરદાસજીને બ્રાહ્મણ પ્રત્યે પ્રેમ કરતાં તિરસ્કાર વધુ હતો – એવું એમના કેટલાક પદોમાંના "શ્રીધર" "બાંભન" "કરમ–કસાઈ" કે પછી "મહારાને તૈં પાંડે આયો"માં "બાંભન" અને "પાંડે આયો" જેવા પ્રયોગોમાં દેખાય છે.

જોકે સૂરદાસજીને ન્યાતજાતનો કોઈ મોહ નહોતો. એ તો શ્રીકૃષ્ણની પનઘટ–લીલાના એક પદમાં કહે છે તેમ "બિનુ ગોપાલ ઔર કછું નહીં જાનો"ની કક્ષાના જાતપાતથી પર એવા કવિ હતા. જાતપાતના ભેદ વિષે નીચેના પદની

પંક્તિ એ સંદર્ભમાં જોવા જેવી છે :

કાહુ કે કુલતન ન વિચારત
અવિગત કી ગતિ કહિન પરતિ હૈ
વ્યાધ અજામિલ તારત

સૂરદાસજીએ, કહેવાય છે કે, એક લાખ પદો લખ્યાં હતાં અને સવાલક્ષ પદો રચવાનો એમનો દેહ છોડતાં પહેલાં મનોરથ હતો. આખરી દિવસોમાં તો વૃદ્ધાવસ્થાનો થાક સૂરદાસજીને લાગતો હતો અને હૃદયમાં સતત સવાલક્ષ પદો પૂરાં કરવાની એમની મનઃકામના પૂર્ણ નહીં થાય, તેના સતત માનસિક તાપે એમની રાતની નિદ્રા હરામ કરી દીધી હતી, ત્યારે એક રાત્રે ગિરિરાજજી પરથી શ્રીગોવર્ધનનાથજીએ ખુદે પધારીને બાકીનાં પચીસ હજાર પદો "સૂરશ્યામ"ના નામે પૂરાં કરી સૂરદાસજીને કૃતકૃત્ય કરી દીધા. ભક્ત માટે ભગવાન કવિ બન્યા એ એક અદ્‌ભુત વાત છે. અને સૂરદાસજી કેવી વિભૂતિ હતા એનો આ પ્રસંગ પરથી ખ્યાલ આવે છે.

આજે સૂરદાસનાં પંદરથી પચીસ હજાર પદો મળે છે, જેમાંનાં મોટાભાગનાં "સૂરસાગર"માંથી મળે છે. શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ એમનાં પદોની સંખ્યા જોઈ એમને "સૂરસાગર" કહ્યા હતા. જેમ વાદળમાંથી વરસતો જલપ્રવાહ નાનીમોટી નદીઓ દ્વારા વહીને સાગરમાં ઠલવાય છે એવી જ રીતે સૂરદાસજીનાં અસંખ્ય પદો છૂટાંછવાયાં સ્થળે–પ્રસંગે લખાતાં ગયાં. એ ધારા બની "સૂર"ના "સાગર"માં વિલીન થઈ ગયાં. "સુરસાગર" ઉપરાંત "સાહિત્યલહરી", "સૂર–સારાવલી", "સૂરસાઠી", "સૂરપચ્ચીસી", "સેવાફલ" અને સૂરદાસનાં વિનયપદો સ્વતંત્ર ગ્રંથો રૂપે પ્રકાશિત થયાં છે. "સૂરસાગર" ઉપરાંત "સાહિત્યલહરી" અને "સૂર–સારાવલી"માંથી સૂરદાસજીનાં ઉચ્ચતમ કોટિનાં પદો આપણને માણવા મળે છે. સૂરદાસજીના અન્ય ગ્રંથો "ભાગવત ભાષા", "દશમસ્કંધ ભાષા", "સૂરસાગર–સાર", "સૂર રામાયણ", "માનલીલા", "રાધારસકેલિકૌતુક", "દાણલીલા", "ગોવર્ધનલીલા" ઇત્યાદિ મળીને કુલ સંખ્યા પચીસની થાય છે એમ કહેવાય છે. જોકે ઉપરની કૃતિઓ સ્વતંત્ર રૂપે અપ્રાપ્ય છે અને મોટાભાગની કૃતિઓ પાછળ થી "સૂરસાગર"ના સાગરમાં ભળી ગઈ છે.

"સૂરસાગર"માં જ આમ જુઓ તો આ સમર્થ ભક્તકવિની કાવ્યજીવનની સાચી કમાઈ એકત્રિત થઈ છે.

"સૂરસાગર" કૃષ્ણની વિધવિધ લીલાઓનાં કાવ્યોનો સંગ્રહ છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ "લાચારીનો – કુટિલો પાપીઓનો નાયક" એવા ભાવો ત્યજી કૃષ્ણના લાડલા ભક્તનો ભાવ રાખી શ્રીકૃષ્ણની લીલાનાં પદો રચવાની આજ્ઞા આપી. શ્રીવલ્લભે સૂરદાસની સૌંદર્યદષ્ટિની, માનવીય ભાવોની કલાત્મક અભિવ્યક્તિની આંખો ખોલી નાખી અને પરિણામે સૂરદાસજી પાસેથી બાળલીલાનાં અનેક ચિરંજીવી પદો મળ્યાં. અલબત્ત, "સૂરસાગર"નાં પ્રારંભિક પદો વિનયનાં

છે, જેમાં સાંપ્રદાયિક ભાવનાનો બોધ કે પડયો પડતો દેખાતો નથી. "સૂર–સારાવલી"ના પ્રમાણાનુસાર કેટલાક વિદ્વાનો સૂરદાસને આદિ શંકરાચાર્યના અદ્વૈત–અનુયાયી પણ માનતા. સવિશેષ સૂરદાસની શ્રીવલ્લભ સાથેની ભેટ પહેલાં પણ શરૂઆતની રચનાઓમાં શ્રીકૃષ્ણ, રાધા, વૃંદાવનને અનુલક્ષીને પદો તો લખાયેલાં, પણ એ પુષ્ટિસંપ્રદાયની છાયાથી પર હતાં. એમાં નિમ્બાકાચાર્ય અને સ્વામી હરિદાસની છાયાપ્રેરિત પદોની રચના વિશેષ હતી, એવું આજે કેટલાક વિદ્વાનોનું માનવું છે. સૂરદાસજીની ૨૫થી ૩૦ વર્ષની ઉંમર દરમિયાન સ્વામી હરિદાસનો પ્રભાવ હતો. પરંતુ શ્રીવલ્લભની ભેટ થઈ ત્યારે એ હરિદાસની છાયા નીચે હોવાથી વૈષ્ણવધર્મની પરંપરાથી તો એ પરિચિત હતા જ, વળી વિરક્ત જીવ હોવાથી ભગવદ્ભક્તિ પણ ઘણી હતી, પરંતુ સૂરદાસનાં એ સમયનાં પદોમાં પુષ્ટિસંપ્રદાયની ભક્તિની ભાવનાના અંકુરો હજી ખીલ્યા નહોતા.

"સૂર–સારાવલિ" વિષે આજના વિદ્વાનોમાં સારો એવો વિવાદ ચાલે છે. હિંદી ભાષાના વિદ્વાન ડૉ. બ્રજેશ્વર વર્માએ તો જાહેર કર્યું છે કે "સૂર–સારાવલી" સૂરદાસની રચના જ નથી. પરંતુ પુષ્ટિસંપ્રદાયના મતાનુસાર "સૂર–સારાવલી" શ્રીવલ્લભાચાર્યજી–કૃત શ્રીપુરુષોત્તમ–સહસ્રનામ પર આધારિત સૂરદાસની રચના છે. "સૂર–સારાવલિ"નું ગુજરાતીમાં ભાષાંતર આપણા સુપ્રસિદ્ધ ભક્તકવિ શ્રી દયારામભાઈએ સંવત ૧૮૮૦ માં કર્યું હતું, જેમાં "સૂર–સારાવલિ"ના મૂળભાવ તેમજ છંદોનો ક્રમ ઇત્યાદિનું મૂળરૂપ જાળવી રાખ્યું છે. અને આ અનુવાદને શ્રીવલ્લભકુળના આચાર્યોની પણ પુષ્ટિ મળી છે.

"સૂર–સારાવલિ" ઉપરાંત "સાહિત્યલહરી" પણ પુષ્ટિસંપ્રદાયની ભાવનાને અભિવ્યક્ત કરતો સૂરદાસજીનો જ ગ્રંથ છે. એમ કહેવાય છે કે નંદદાસજીને માટે આ રચનાઓ કરાઈ હતી. "સાહિત્યલહરી"ની દષ્ટિકૂટ શૈલી તેમજ અન્ય રચનાઓ "સૂર–સાગર"માં પાછળથી જોવા મળે છે. દષ્ટિકૂટ પદો એ સૂરદાસજીની કાવ્યશૈલીની અત્યાધુનિક કલાને પ્રગટ કરતાં, દષ્ટિકૂટનો "કૂટ" શબ્દ જ ઈંગિત કરે છે એવાં – સમજવામાં, રસાસ્વાદ માણવામાં અઘરાં પડે તેવી બૌદ્ધિક કસરત કરાવતાં પદો છે. શ્રીમદ્ ભાગવતની સમાધિભાષાનું પ્રતિબિંબ સૂરદાસજીએ "કૃષ્ણલીલા"નાં પદોમાં સુપેરે ઝીલ્યું છે અને એમાં પણ દષ્ટિકૂટ પદોમાં તો આજની વિવેચનની ભાષામાં વપરાતી સંજ્ઞાઓને લક્ષમાં લઈને કહીએ તો પ્રતીકો, કલ્પનો, રૂપકો, દવ્યશ્રાવ્યની અનુભૂતિઓનાં સુલભ દર્શન થાય છે. અને આ બધું શ્રીકૃષ્ણને ચરણે આવીને શમે છે.

ભજ મન દધિ–સુતાપતિ–ચરણ
દેવગુરુકો અવનિ સુતહી
સદા ચાહે કરણ

અર્થાત્ હે મન, દધિ એટલે સમુદ્ર, તેની સુતા–પુત્રી એટલે લક્ષ્મી, તેના પતિ એટલે ઠાકોરજી, તેમનાં ચરણોને તું સેવ.

નિરખ, સખી ચાર ચન્દ્ર ઈક ઠોર
ચિતવત રહી નિતંબિની પિય સંગ
સારસુતા કી ઓર
દ્વૈ વિધુ નીલ શ્યામઘન જૈસે
દ્વૈ વિધુકી ગતિ ગોર
તિનકે મધ્ય ચાર શુક શોભિત
દ્વૈ ફલ આઠ ચકોર
શશિ શશિ સંગ પ્રવાલ કુન્દ અલિ
અરુઝ રહ્યો મન મોર
"સૂરદાસ" પ્રભુ ઉભય રૂપનિધિ
બલ બલ જુગલકિશોર

અર્થાત્ સખી કહે છે કે હે સખી, તું ચાર ચન્દ્રને એક જ ઠેકાણે ભેગા થયેલા જો. શ્રીઠાકુરજી અને શ્રીસ્વામિનીજીના મુખરૂપી ચન્દ્ર બે અને આરસી અથવા જળમાં દેખાતા પ્રતિબિંબના મુખચન્દ્ર બે એમ ચાર ચન્દ્ર થયા. નિતંબિની એટલે સુંદર નિતંબવાળાં શ્રીસ્વામિનીજી પ્રિયસંગ એટલે ઠાકોરજી સાથે સારસુતા એટલે કે આરસી અથવા શ્રીયમુનાજી તરફ જોઈ રહ્યાં છે.

આમાં બે મુખચન્દ્ર (એક સ્વરૂપનું, એક પ્રતિબિંબનું) તો નીલ, શ્યામઘન, શ્યામ વાદળ જેવા બે મુખચન્દ્ર ગૌર શ્વેત દેખાય છે. ઘનશ્યામ મુખચન્દ્ર શ્રીઠાકોરજીના અને ગૌર મુખચન્દ્ર શ્રીસ્વામિનીજીના છે. એ મુખચન્દ્રની વચ્ચે ચાર પોપટ શોભે છે. નાક પોપટની ચાંચ જેવું છે, એટલે એને પોપટ કહ્યો છે. બે નાકના સ્વરૂપના અને પ્રતિબિંબના એમ ચાર થયા. બે ફળ એટલે નકવેસરનું મોતી (એક શ્રીઠાકોરજીનું, એક શ્રીસ્વામિનીજીનું પ્રતિબિંબમાં સ્પષ્ટ ન દેખાવાથી બે કહ્યા) નેત્ર ચકોર જેવાં છે. શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીનાં મળી સ્વરૂપનાં ચાર અને પ્રતિબિંબનાં ચાર મળી આઠ નેત્ર–ચકોર થયાં.

શશિ શશિ સંગ એટલે કે દરેક ચન્દ્ર સાથે પ્રવાલ એટલે પરવાળાં, કુંદ એટલે મોગરાની કળી, અલિ એટલે ભ્રમર શોભે છે. અહીં પરવાળાં તે હોઠ છે, મોગરાની કળી દાંત છે અને કસ્તૂરીનું ટપકું અથવા મુખ પર વીખરાયેલા કેશ એ ભ્રમર છે. સૂરદાસજી કહે છે કે આ શોભામાં મારું મન લપેટાઇ ગયું છે. યુગલસ્વરૂપ એવાં બન્ને રૂપની નિધિ પર હું ઓવારી જાઉં છું.

આવાં દર્શન આપણને થાય તો આપણે પણ ઓવારી જઈએ – આપણા સૂરદાસ પર, એમની કવિતા પર.

"સાહિત્યલહરી"ના સૂરદાસજીનાં દષ્ટિકૂટ પદોની વિશિષ્ટતા એના રસ, અલંકાર તેમજ નાયિકાભેદ દર્શાવતાં પદોમાં રહેલી છે. સૂરદાસજીનાં પદોમાં સાહિત્યિક મૂલ્યવત્તાનો પરિપાક આ પદોમાં માણવા મળે છે. અને એ સાહિત્યિક મુલ્યવત્તાના પાયાનું મૂળ ભક્તિ છે, સાહિત્ય નહિ. આમ છતાં "સાહિત્યલહરી"નાં

દષ્ટિકૂટ પદોમાં ભાવ, વિચાર, કલ્પન, અલંકાર, વિરહ, મિલન, શૃંગાર, વિપ્રયોગ, પરિતાપ ઇત્યાદિ ભાવો આપણી સમક્ષ "દશ્ય–શ્રાવ્ય"ની રચના બનીને આવે છે અને એ કારણે જ આ પદો ચર્મચક્ષુ સામે જીવંત થઇ, લીલાના પ્રસંગો સાથે આપણું તાદાત્મ્ય સાધી, આપણને એ પદોમાં લીલાના ભાગીદાર બનાવી દે છે. સૂરદાસનાં વિધવિધ લીલાનાં કેટલાંક પદોની થોડીક પંક્તિઓ આ સંદર્ભમાં આપણને "નીજલીલા"માં પ્રવેશ કરાવી દે છે.

કાન્હ ચલત પગ દ્વૈ દ્વૈ ધરની
રુનુક ઝુનુક નુપૂર પગ બાજત
ધૂનિ અતિ હીં મન હરની

બાળલીલાના આ પદનાં રુનુક ઝુનુક નુપૂર કનૈયાનાં ચરણમાં વાગે છે. એ આપણી આંખો અને હૈયામાં પડઘા નથી પાડતાં, આંખો સામે ઠમઠમ નાચતો કનૈયો પણ શબ્દના સૂરે દેખાય છે.

જસોદા હરિ પાલનૈ ઝુલાવે
હલરાવૈ, દુલરાઇ, મલ્હાવૈ, જોઇ સોઇ કુઠ ગાવે
મેરે લાલ કો આઉં નિંદરિયા, કાહેન આન સુવાનૈ

તમારા લાડલા પુત્ર–પૌત્રને પારણામાં ઝુલાવતાં હો એવી ભ્રાંતિ આ પદમાંથી ઊપસી આવે છે કે નહીં ?

અને મહી વલોવતી જશોદામૈયા પાસે ધમધમ કરતો કનૈયો ગુસ્સામાં જશોદામૈયાની પીઠ પર ચોંટતો ફરિયાદ કરે :

મૈયા ! મોહિ દાઉ બહુત ખિજાયો
મૌસા કહત મૌલ કૌ લિન્હો તોહિ જસુમતિ કબ જાયો

અથવા તો ચોરીછૂપીથી માખણ ખાઈને ગુસ્સો કરતી જશોદામૈયાને

મૈયા મૈં નહિ માખન ખાયો
રત્યાલ પરે યે સખા સબૈ મિલિ મેરે મુખ લપટાયો ....

સૂરદાસનાં પદોની આ જ તો ખૂબી છે....શબ્દના માધ્યમથી ઈશ્વરનો સાક્ષાત્કાર તમને કરાવી દે.... પછી એ પદો બાળલીલાનાં હોય, ક્રીડાકૌતૂકનાં હોય, યશોદાવિલાપ કે વ્રજાંગના–વિરહનાં હોય... આપણા હૃદયને ઝણઝણિત કરી દે તેવી શક્તિ સૂરદાસનાં પદોમાં છે... સૂરદાસનાં પદોમાં ભક્તિભાવનો સાગર સદાય છલકાતો રહ્યો છે, એટલે જ શ્રીવલ્લભે એમને "સૂરસાગર" કહ્યા છે.

પુષ્ટિસંપ્રદાયના પ્રખર અભ્યાસી સાહિત્યમર્મજ્ઞ ગૌ. દ્વારકાદાસ પરીખના મતે નંદદાસજીના માટે જ, એમને શૈલી, સ્વરૂપ અને રચનારીતિનું જ્ઞાન મળે એ દૃષ્ટિથી, દષ્ટિકૂટ પદોની આથમતી ઉંમરે સૂરદાસજીએ રચના કરી હતી. આ પ્રકારનાં અઘરાં પદો શા માટે લખ્યાં હશે એ પ્રશ્ન ક્યારેક આપણને થાય, પરંતુ સૂરદાસજીને અલંકાર તેમજ નાયિકાભેદની રચનાઓ કરવી હતી. આ પદો અલંકાર

અને નાયિકાભેદપ્રધાન છે, એટલું જ નહિ પણ ભક્તહૃદયની અનન્ય ઉપાસના, ભક્તિભાવ તેમજ મધુરરસના અનુભવોથી સભર પદો છે.

અસંખ્ય પદોથી સભર એવા બૃહદ્ગ્રંથ "સૂરસાગર"ને ઘણા શ્રીમદ્ ભાગવતનો વ્રજભાષામાં પદ્યાનુવાદ કહે છે. પરંતુ આ વાત સૂરદાસની કાવ્યપ્રતિભાને નજરમાં રાખતાં યોગ્ય નથી લાગતું. "સૂરસાગર" ભાગવતનો અનુવાદ તો શું ભાવાનુવાદ પણ નથી. અલબત્ત, સૂરદાસે પોતાનાં પદો માટે શ્રીમદ્ ભાગવતમાંથી બાળલીલાના અનેક પ્રસંગોનો આધાર લઈને પદો રચ્યાં છે. "સૂરસાગર" એ કૃષ્ણની લલિત લીલાનું કાવ્ય છે – એવી લલિત લીલા કે જે માનવહૃદયમાં – ભારતીય પ્રજાના માનસમાં યુગો સુધી વસી અને વધતી રહી અને જેનો થોડો જ અંશ શ્રીમદ્ ભાગવત અને અન્ય પુરાણોમાં ભિન્નભિન્ન સ્વરૂપે જોવા મળે છે. સૂરદાસે આ લલિત લીલાને કદાચ સુંદર તથા સુસંબદ્ધ કથાકાવ્યનું સ્વરૂપ દીધું, જે આજે ચારસો વર્ષો પછી પણ જનહૃદય માટે પ્રેરણાસ્રોત બનતું રહ્યું છે. શ્રીવલ્લભે સૂરની પ્રશંસા કરતાં સ્નેહ અને માહાત્મ્યના સામંજસ્યના જે સિદ્ધાંતનો ઇશારો કર્યો હતો, એનો અનુભવ ઉપદેશરૂપે નહિ પણ કાવ્યની ઉચ્ચ ભાવભૂમિકા પર જ થઈ શકે. અને સૂરદાસે એ જ કર્યું છે. સૂરદાસના કૃષ્ણ ભાવની મૂર્તિ છે. જેઓ જેવા ભાવથી એમને જુએ તેવા ભાવથી તેમને મળે છે. માખણચોરીની લીલામાં કૃષ્ણની સ્વાભાવિક ચંચલ ક્રીડાને વાત્સલ્યમયી યશોદા અને "કામ"થી પીડિત ગોપીઓ પોતપોતાના અલગ ભાવથી જુએ છે. ગોપીઓનો સમર્પણભાવ અને માતા યશોદાનો વાત્સલ્યભાવ સૂરદાસજીનાં પદોના આધારસ્થંભો છે. શ્રીમદ્ભાગવત અને "સૂરસાગર"ની રચનામાં દ્વાદશસ્કંધ વિશેષ રૂપમાં છે. બન્નેના વિષયો સરખા છે. પરંતુ હકીકતમાં વિશેષ અભ્યાસ કરતાં સમજાય છે કે એવું નથી. જોકે ખુદ સૂરદાસે એમના એક પદમાં લખ્યુ જ છે કે–

વ્યાસ કહે સુકદેવ સૌં દ્વાદસ સ્કંધ બનાય
સૂરદાસ સોંઇ કહે, પદ, ભાષા કરિ ગાય.

તદુપરાંત શ્રીવલ્લભની પ્રેરણાથી પદોનો સાગર સૂરદાસે સાહિત્યજગતમાં ઉછાળ્યો એ નીચેની પંક્તિમાંથી સાબિત થાય છે :

શ્રીવલ્લભ સૌં મંત્ર લે સાગર રચ્યો અપાર
સૂર સિદ્ધ કવિનૈ કિયો, હરિ લીલા વિસ્તાર

શ્રીવલ્લભે જ્યારેજ્યારે શ્રીમદ્ભાગવતના લીલાપ્રસંગોને વર્ણવ્યા છે તેને સૂરદાસ પદરચનામાં ઢાળી શ્રીજી તેમજ શ્રીનવનીતપ્રિયાજી સમક્ષ રજૂ કરતા. સૂરદાસે દશમસ્કંધની બાળલીલાને અગાઉ કહ્યું તેમ ઊલટભેર ભક્તિભાવથી એમનાં પદોમાં ગાઈ છે. શ્રીકૃષ્ણનાં લીલાત્મક સ્વરૂપોનું સુંદર કાવ્યસભર દર્શન સૂરદાસે કરાવ્યું છે તે અનન્ય છે. પાંચસાત વર્ષના નંદલાલનાં તોફાનો, રિસામણાં, મનામણાં, રુદન, હાસ્ય, ગુસ્સો બધું જ માનવસહજ આપણને લાગે, પોતીકું લાગે અને એવી અનુભૂતિ પણ થાય તે રીતનું આલેખન સૂરદાસજીનાં પદોમાં

થયું છે. શૃંગારિક કાવ્યરચનાઓમાં સંયોગ અને વિયોગ – વિપ્રલંભ – બન્ને પ્રકારને ખૂબ જ સફળતાપૂર્વક એની ઉચ્ચતમ ભાવાત્મક ભૂમિકા પર પદોમાં પ્રગટ કર્યા છે. શૃંગારિક વર્ણનોમાં પણ અલૌકિક ભાવનું સાહજિક પ્રાગટ્ય આપણને સૂરદાસજીનાં પદોમાં મળે છે અને સાહજિક આલેખન હોવા છતાંય આપણા મનમાં પદનું શ્રવણ કરતાં અશ્લીલતાનો અણસારો પણ એમાં દેખાતો નથી. આ સંદર્ભમાં સૂરદાસજીનાં ભ્રમરગીતનાં પદો જોવા જેવાં છે. વિરહકાવ્યોમાં પણ ગોપીના – યશોદાના – વિરહવર્ણન અને અંતરના વિરહી ભાવોની અભિવ્યક્તિ સૂરદાસે દિલ ખોલીને એમનાં પદોમાં પથ્થરદિલોને પણ પિગળાવી દે તે રીતે પ્રગટ કરી છે. ભાષા પાસેથી ઉત્તમ કામ સૂરદાસજી એમની રચનાઓમાં લઈ શક્યા છે. ભાવકના હૃદયમાં એમનાં પદો સોંસરવાં પસાર થઈ, ભાવકના હૃદયને હલબલાવી મૂકે તેટલી શક્તિ સૂરદાસનાં પદોમાં છે.

સૂરદાસજીનાં વિનયપદો વિષે પણ વિચિત્ર માન્યતાઓ સાહિત્ય તેમજ સંપ્રદાયજગતમાં આજ પણ પ્રચલિત છે. એના પર નજર નાંખવી અસ્થાને નહીં ગણાય. શ્રીવલ્લભે ગૌઘાટ પર સૂરદાસજીને એમનાં પદો સંભળાવવાની આજ્ઞા કરી ત્યારે સૂરદાસજીએ "મો–સમ કૌન કુટિલ ખલ કામી" અને "પતિતન કો ટિકો" જેવાં નમ્રતા, વિનય, વિવેક તેમજ પાપી – દુષ્ટ જીવની પ્રાયશ્ચિત્ત–વાણીનાં વિનયપદો ગાયાં ત્યારે શ્રીવલ્લભે પ્રભુને શરણે ગયેલો જીવ પ્રભુનો લાડકો બની જાય છે, એણે દીનતાનો – પોતે પાપી છે, દુષ્ટ છે એવા–એવા ભાવો તજી, ભગવાનની લીલાનાં ભાવોર્મિથી સભર પદો શ્રીજીબાવા સમક્ષ ગાવાનાં હોય, એવી સૂરદાસજીને આજ્ઞા કરી અને ત્યારથી સૂરદાસજીએ લીલાનાં પદોની રચના કરી અને વિનયપદોની રચનાનો ત્યાગ કર્યો એવી વાત વહેતી થઈ, પરિણામે "વિનયપદો" કંઈક ઊતરતી કક્ષાનાં છે એવી ભ્રમણા ભાવકના હૃદયમાં પ્રગટવા માંડી. પરંતુ આ ભ્રમણા ભાંગવાની જરૂર છે. વિનયપદો સૂરદાસજીએ એમની પાછલી જિંદગીમાં પણ રચ્યાં જ છે, કારણકે ભક્તિનો મૂળ ભાવ દૈન્ય છે. ભગવાનની અપાર શક્તિમાં વિશ્વાસ આ દૈન્યનો આધાર છે અને એ શક્તિ દીન, પતિત અને પાપીઓનો અકારણ ઉદ્ધાર કરવામાં વિશેષરૂપે પ્રગટ થાય છે. શરણાગતને વાત્સલ્યભાવથી આશ્રય દેવો એ ભગવાનની સૌથી મોટી વિશિષ્ટતા છે. પરિણામે સૂરદાસજી એમનાં વિનયપદોમાં પોતાની જાતને વધુપડતા "કોસતા" હતા, જે શ્રીવલ્લભને માન્ય ન હતું. સ્વર્ગવાસ વખતના અંતિમ પ્રસંગમાં પણ સૂરદાસનું કથન વિનયનાં પદોના રૂપે જ આપવામાં આવ્યું છે. એ રીતે *દઢ ઈન ચરણન કેરો ભરોસો* વિનયપદ છે. પરંતુ શ્રીવલ્લભે દીનતા છોડી, નામ પ્રમાણે "શૂર" બનવાની–હોવાની જે પ્રતીતિ સૂરદાસજીને કરાવી, પરિણામે એમાંથી સૂરદાસજીની ખુમારી, એક ભક્ત તરીકેની, કવિ તરીકેની પ્રગટી.

એક વખત ગૌઘાટમાં અંધ સૂરદાસજી અંધારામાં ભૂલા પડયા. લાકડી ઠપકારતા એ જુદીજુદી દિશામાં કનૈયાનું સ્મરણ કરતા આથડતા હતા. ભૂલા

પડેલા સૂરદાસજી છેક એક કૂવા પાસે આવી પહોંચ્યા અને અંદર પડવાની તૈયારીમાં હતા, ત્યાં જ અંધારામાં એમની લાકડીનો આગળનો છેડો હાથમાં લઈ એમને એમના યથાસ્થાને કોઈ દોરી જતું હોય એવો આભાસ થયો.

"કૌન હો ભૈયા..."ના સવાલનો જવાબ ન મળે. અને હજી તો વધુ પૂછતાછ કરે ત્યાં તો લાકડીનો છેડો છૂટી ગયો. અને ઠકઠક અવાજ સાથે સૂરદાસજી ગૌઘાટ પર પહોંચ્યા ત્યારે એમને ખાતરી થઈ ગઈ કે અંધારામાં માર્ગ ભૂલેલાને કૂવામાં પડી જતાં બચાવનારો બીજો કોઈ નહિ પણ એમનો મુરલીમનોહર કૃષ્ણ કનૈયો જ હતો.. અને લાકડીનો ટેકો છોડી ચાલ્યા ગયેલા કૃષ્ણ કનૈયાને પડકાર ફેંકતાં ભક્તકવિ ગાઈ ઊઠ્યા :

બાંહ છૂડાયે જાત હો, નિર્બલ જાની કે મોહિ
હ્રદય તે જબ જાઓગે, તો મરદ કહુંગા તોય

'પ્રભુ મોરે અવગુન ચિત ન ધરો' એ વિનયપદના કવિ ભક્તિથી સમૃદ્ધ એવા અંતરમાંથી પ્રભુને પડકાર પણ કરી શકતા હતા. સૂરદાસજીનાં પદો તાનસેન અકબર બાદશાહના દરબારમાં ગાતો હતો ત્યારે અકબરને સૂરદાસજીને, એમનાં પદોથી પ્રસન્ન થઈ, મળવાનું મન થયું અને એણે તાનસેનને વાત કરી, ત્યારે તાનસેને કહ્યું કે :

"જહાંપનાહ, આ એક એવા અલ્લડ ભક્તકવિ છે કે તમારા નિમંત્રણને માન આપી એ દરબારમાં નહિ આવે. તમને જો એમના પદમાં રસ હોય તો તમારે એમને મળવા જવું પડશે." અકબર બાદશાહ ગુણીજન હતો. એ સૂરદાસજીને મળવા તૈયાર થઈ ગયો. એ અરસામાં શ્રીગુસાંઈજી અને બાળકો મથુરામાં શ્રીનવનીતપ્રિયાજીને લઈને "સતધરા"માં પધાર્યા હતા. સૂરદાસજી પણ થોડા સમય માટે મથુરા આવ્યા હતા. અકબર અને સૂરદાસજીનું મિલન થયું. સૂરદાસજીએ કૃષ્ણલીલાનાં અનેક પદો મસ્તીમાં આવી બાદશાહને સંભળાવ્યાં :

મના રે ! તું કરી માધૌ સૌ પ્રીતિ
કામ ક્રોધ લોભ મોહ તું છાંડિ સકલ વિપરિતિ... નું અંતિમ ચરણ
જો પૈ જીય લજ્જા નહીં રે કહાં કહૌં સૌ બાર
એકો અંગ તેં ન હરિ ભજ્યો રે સુની સઠ સૂર ગમાર

સાંભળ્યું ત્યારે અકબર બાદશાહ ઝૂમી ઊઠ્યો. એના અંતરમાં અજંપો જાગ્યો. એને ભક્તકવિની કસોટી કરવાનું મન થયું. એને થયું કે સૂરદાસજીને એના ખુદામાં અટલ વિશ્વાસ હશે તો એ એનો યશ નહીં ગાય. એણે સૂરદાસને કહ્યું :

"ભગવાને મને રાજ્ય આપ્યું. બધા ગુણીજનો મારો યશ ગાય છે. હું એમને દ્રવ્ય આપું છું. તમે પણ ગુણીજન છો. મારા યશનું પદ ગાઓ." સમસમી ઊઠેલા સૂરદાસે બાદશાહ અકબરને પદમાં જ જવાબ આપ્યો :

નાહિન રહ્યો મન મૈં ઠોર!
નંદ નંદન તજત કૈસે આનિયે ઉર ઔર ।

અકબર આખુંય પદ સાંભળી હલબલી ઊઠ્યો. એને પ્રતીતિ થઈ ગઈ કે "આ તો ભગવાનનો માણસ છે. એ ભગવાનનો જ યશ ગાય. મારા જેવા પામર માણસનો શું કામ ગાય ?" અને સૂરદાસના પદનું છેલ્લું ચરણ :

"સૂર ઐસે દરસ કોં યે મરત લોચન પ્યાસ"

સાંભળી ખુશ થઈ ગયો. સૂરદાસને દંડવત્ કરી અકબર બાદશાહ રાજધાનીમાં પાછો તો આવ્યો, પરંતુ એક લગન લઈને પાછો આવ્યો. સૂરદાસજીનાં જેટલાં પદો મળે, જ્યાંથી પણ મળે તે ભેગાં કરતો થઈ ગયો.

આવા સૂરદાસજીનું જીવન તો શ્રીવલ્લભ–વિઠ્ઠલની છાયામાં કવિતાથી ભર્યુંભર્યું હતું, પરંતુ એમનો દેહાંત પણ કેવો ભવ્ય હતો !

વહેલી સવારે શ્રીગોવર્ધનધરનાં "મંગલા"નાં દર્શનમાં શ્રીજીબાવાને એમનાં પદો સંભળાવી, અલખના આ ઓલિયાને અંતરનો નાદ સંભળાયો હોય એમ શરીરમાં બેચેની લાગી. શ્રીગોવર્ધનપર્વત ઊતરી, પરાસોલી ગામે ચન્દ્રસરોવરની એમની જગ્યાએ આવી, છોકરના વૃક્ષ નીચે શ્રીજીબાવાની ઝાંખી થતી રહે એ દિશામાં માથું ઢાળી સૂઈ ગયા. શ્રીગુસાંઈજીએ સૂરદાસજીને ગ્વાલ–શૃંગારમાં ન જોતાં કોઈકને પૂછ્યું ત્યારે કોઈકે એમને કહ્યું કે સૂરદાસજીના શરીરે અસુખ છે અને એ તો પરાસોલી ગયા છે. શ્રીવિઠ્ઠલનાથજીના હૈયે ચમકારો થયો. નિત્યલીલાના જીવનો ગૌલોકધામ જવાનો સમય આવી ગયો હતો. એમણે ભક્તજનોને, અષ્ટસખાઓને, વિદ્વાનોને બધાને એકઠા કરી, દિલ હલબલાવી નાખે તેવી વાત કરી :

"સૂરદાસજીની અંતિમ ઘડીઓ ગણાઈ રહી છે. પુષ્ટિસંપ્રદાયનું 'જહાજ' કિનારો છોડી અનંતધામ તરી જવાની તૈયારી કરી રહ્યું છે ત્યારે જેને જે લેવું હોય, લૂંટવું હોય એ પરાસોલી જઈને સૂરદાસજી પાસેથી લૂંટી લ્યો. હું રાજભોગ આરતી કરીને ત્યાં આવું છું." અને રાજભોગ આરતી કરી શ્રીગુસાંઈજી પરાસોલી ચન્દ્રસરોવર પધાર્યા. ત્યારે રામદાસજી, કુંભનદાસજી, ગોવિંદસ્વામી, ચતુર્ભુજદાસ ઇત્યાદિ વૈષ્ણવો અચેત સૂરદાસજીને વીંટળાઈને ઊભા હતા. શ્રીગુસાંઈજીએ સૂરદાસજીનો હાથ પકડી પૂછ્યું :

"સૂરદાસજી, કેમ છે ?"

અચેત સૂરદાસજીને વાચા ફૂટી :

"બાબા... હું આપની વાટ જોતો હતો, આપના સ્વરૂપનું ચિંતન કરતો હતો. આપે કૃપા કરી દર્શન આપ્યાં."– અને સડાક કરતા બેઠા થઈ એમણે પદ ઉચ્ચાર્યું :

દેખો દેખો હરિ જૂ કૌ એક સુભાવ
અતિ ગંભીર ઉદાર ઉદધિ પ્રભુ જ્ઞાની સિરોમની રાય...

અને પદની અંતિમ પંક્તિ

સૂરદાસ ઐસે પ્રભુકોં ક્યોં દીજે પીઠ અભાગે

– ગાઈ ત્યારે ચતુર્ભુજદાસથી ન રહેવાયું ... બોલી ઊઠ્યા :

"સૂરદાસજી, તમે શ્રીઠાકોરજીનાં લાખો પદ ગાયાં, પરંતુ આચાર્યશ્રી મહાપ્રભુનો યશ વર્ણવ્યો નથી."

ત્યારે સૂરદાસજીએ કેવો સરસ પ્રત્યુત્તર આપ્યો– "મૈં તો સગરો યસ શ્રીઆચાર્યજી કો હી બરનન કિયો. જો મૈં કછુ ન્યારો દેખતો તો ન્યારો કહતો." એટલે કે આચાર્યશ્રીનો યશ અલગ હું કેવી રીતે ગાઉં ? મેં આચાર્યશ્રી અને શ્રીકૃષ્ણને ક્યારેય અલગ જાણ્યા નથી... તેમ છતાં તમને કહું છું કે આ કીર્તન પ્રમાણે બધાં કીર્તન જાણવાં અને સૂરદાસજીના મુખેથી એમનું અજર–અમર પદ નીકળી પડયું :

ભરોસો દઢ ઈન ચરનન કેરો
શ્રીવલ્લભન–ખચન્દ્ર–છટા બિનુ સબ જગમાંઝ અંધેરો
સાધન ઓર નહીં યા કલિમેં જાસોં હોત નિબેરો
સૂર કહા કહે દ્વિવિધ આંધરો બિના મોલ કો ચેરો !

આ કીર્તન સાંભળી બધા જ વૈષ્ણવો ઝૂમી ઊઠ્યા. શ્રીગુસાંઈજીએ સૂરદાસજીને પૂછ્યું : "આ સમયે તમારા ચિત્તની વૃત્તિ ક્યાં છે ?" ત્યારે સૂરદાસજીએ "*બલિ બલિ હોં કુંવરી રાધિકા નંદનંદન રાસોં રતિ પાની*"નું પદ ગાયું અને બીજું વિનયપદ –

"ખંજન નયન રૂપ માતે
અતિસૈ ચારૂ ચપલ અનિયારે પલ પિંજરા સમાતે
ચલિ ચલિ જાત નિકટ શ્રવનનકે ઉલટ ફિરત તાટંક કંદાતે
સૂરદાસ અંજન ગુન અટકે નાંતર અબ ઊડિ જાતે.

ગાતાં-ગાતાં યુગલસ્વરૂપનું ધ્યાન ધરી દેહત્યાગ કર્યો... અને "સૂર યુગ"- પદોનો, કવિતાનો, ભક્તિનો એક યુગ આથમી ગયો.

આમ "સૂર"ની જીવન–કવન–કથા અને એમની કૃષ્ણકથા એ યુગના જીવનનાં નવાં મૂલ્યો, નવા ઉદ્દેશો અને નવા આદર્શો આપવાની દિશા બતાવે છે અને મનુષ્ય પોતાની સંપૂર્ણ ચિત્તવૃત્તિઓ, સારીનરસી બધી જ ભાવનાઓ ભગવાનને સમર્પિત કરીને સંસારમાંથી નિર્લેપ અને નિશ્ચિંત બનીને કેવી રીતે રહી શકે છે અને કેવા પ્રકારે પ્રેમના માર્ગ પર ચાલીને અખંડ અને અદ્વિતીય આનંદ પ્રાપ્ત કરી શકે છે એ સૂરદાસ અને એમનાં પદો આપણને બતાવે છે. આત્મશ્લાઘાથી દૂર નહિ, બલકે આત્મનો વિલય કરવાની સાચી ભાવના ધરાવનારા આ કવિ એક મહાન કવિ હતા. એમને આપણા સૌનાં વંદન !

૧. "અરે ! આ તો 'સૂર' છે !"

સારસ્વત–કલ્પમાં શ્રીશુકદેવજીએ મહારાજ પરીક્ષિતને શ્રીમદ્ ભાગવતનું રસપાન કરાવ્યું હતું, એ પવિત્ર ધરતી પર, બે કાંઠે વહેતી સરિતાના તટ પર લીલીછમ વનરાજિની ગોદમાં વસેલા સિંહી ગામના પાદરમાં નાનકડી ઝૂંપડીમાં રહેતા એક નિર્ધન સારસ્વત બ્રાહ્મણ કુટુંબમાં સારી એવી હલચલ મચી ગઈ હતી.

ટૂંકી પોતડી અને જીર્ણશીર્ણ ઝભ્ભો પહેરેલો એકવડી કાયામાં રામદાસ ઝૂંપડીમાં આમથી તેમ મૂંઝાયેલા હૈયે આંટા મારતો હતો. ખડખડપાંચમ ખાટલીમાં પત્ની ભગવતી આમથી તેમ આળોટતી બૂમો પાડતી હતી :

"ઓહ... હવે નથી સહેવાતું... પડોશમાં રહેતી મંછી દાયણને બોલાવી લાવો... જલદી કરો... આમ મૂંઝાઈ ગયે કેમ ચાલશે ?"

અને "ઓહ ભગવાન"... કરતી ટૂંટિયું વળી જતી પત્નીને એકલીઅટૂલી મૂકી દાયણને બોલાવવા જવાની હિંમત ચાલતી નહોતી. રામદાસ એક ખૂણામાં ટૂંટિયું વાળી, આગલી રાતનાં અર્ધભૂખ્યાં સૂતેલાં ત્રણ બાળકોને જોઈ રહ્યો.

અકિંચન બ્રાહ્મણ કુટુંબ ગરીબીની ભઠ્ઠીમાં શેકાઈ રહ્યું હતું. સવારથી સાંજ સુધી 'ભિક્ષાન્ દેહિ' શબ્દો સાથે પાંચસો માણસની નિર્ધન "બસ્તી"ના સિંહી ગામમાં ભટકતા "રામદાસ"ની ઝોળીમાં બે ટંક જમી શકાય તેટલું અનાજ પણ ભરાતું નહોતું. ત્રણ બાળકો અને પોતે પતિપત્ની એવાં પાંચ માણસોની "બસ્તી"માં છઠ્ઠી વ્યક્તિનું આગમન થઈ રહ્યું હતું.

"શ્રીહરિ...શ્રીહરિ... શ્રીહરિ"ના જાપ જપતો રામદાસ હિંમત કરી દાયણને બોલાવવા હજી તો ઝૂંપડીના ઉંબરામાંથી બહાર નીકળે ત્યાં તો... ભગવતીના ચિત્કારે ઝૂંપડી હચમચાવી મૂકી... રામદાસ દોડીને પત્ની પાસે પહોંચી ગયો. ખાટલીની ઈશ પકડીને બેસી ગયો... અને ભગવતીના ચિત્કારો શાંત થઈ ગયા. બાજુમાં રહેતી દાયણ મંછી ભગવતીનો ચિત્કાર સાંભળી દોડી આવી.

"ક્યા ભયો, બેટી ભગવતી ? રામદાસ, બહાર નીકલ, દેખત નાહી ? મારી બેટી કી કુંખ સે..."

"હા... છોકરો ભયો હે"– પુત્રજન્મથી વિષાદ અનુભવતો બાપ નિરાશાપૂર્ણ સ્વરે બોલતો, ઝૂંપડીની બહાર નીકળી ગયો. હૈયે એક વધુ "જણ"ને પાળવા–પોષવાની વધેલી જવાબદારી પર આંસુ સારતો રામદાસ બહાર નીકળી ગયો.

પંદરેક મિનિટ પછી મંછી દાયણનો ફાટેલો અવાજ રામદાસને કાને પડયો. "અરે રામભૈયા... અંદર આ... તેરો છોરો... તો અંધો હૈ, ભૈયા..."

અંધો ?– કરતો રામદાસ ગાંડાની જેમ ઝૂંપડીમાં ધસી ગયો. બેભાન ભગવતી ખાટલીમાં પડી હતી. ભગવતીની રાડથી બેબાકળા જાગી ગયેલા ત્રણેય દીકરાઓ કુતૂહલપૂર્વક મંછી દાયણના ખોળામાં સૂતેલા નવજાત શિશુને જોઈ રહ્યા

હતા. નિર્દોષ બાળકોના ચહેરા પર પ્રસન્નતાનું સ્મિત ફોરતું હતું, જ્યારે રામદાસ તો ફાટી આંખે બાળકનાં બંધ નેત્રોને જોતો બોલી ઊઠ્યો :

"શ્રીહરિ...શ્રીહરિ... આ તેં શું કર્યું...આજે સવારસાંજ આ પાપી પેટનો ખાડો પૂરવાના તો મારામાં ઠેકાણાં નથી, ત્યાં એક ઔર ઉપાધિ. જન્માંધ બાળકની ભેટ શું કામ આપી ? મેં એવાં તે આ ભવ કે પરભવમાં શાં પાપ કર્યાં હતાં તે આ આંધળા દીકરાનું મને દાન દીધું ?"

"રામદાસ...રામદાસ... આવાં અપશુકનિયાળ વચનો ન બોલ, દીકરા ! આ તો મારા વ્હાલાની દેન છે, ભેટ છે. આ તારા જન્માંધ બાળકના ચહેરા પર એક નજર તો નાખ ! કેવી ક્રાંતિ છે ! કેવો સરસ ગોળમટોળ ચહેરો છે ! ફક્ત ભ્રમરવાળો આ બાળક કોઈ દૈવી આત્મા મને તો લાગે છે. પરભવનાં કર્મો ખપાવવા તારા આંગણે આવ્યો લાગે છે..." કહેતી મંછી દાયણ નવજાત શિશુને મીઠી નજરે જોઈ રહી.

મોહમયી દુનિયાથી જન્મતાં જ છેડો ફાડી લીધો હોય તેમ બાળક બંધ આંખે સૂતો હતો. આ દુનિયાના રંગરાગ, મોહમાયા, દ્વેષ બધી જ ભૌતિક માયાવી સૃષ્ટિ સામે સદાને માટે આંખ મીંચીને સૂતેલા નવજાત શિશુનું નાનકડું રૂપાળું બદન, ગૂંચળાં વળેલા નાના–નાના કેશ.. અને ચહેરા પર વિલસી રહેલા સ્મિતમાંથી "પરમતત્ત્વ" પામવા આવેલા "જીવ"ની ઉત્સુકતા દેખાતી હતી. મંછી દાયણ તો નવજાત શિશુના નિર્દોષ સ્મિત પર વારી જતી બોલી ઊઠી : "રામદાસ, હરિનો લાડીલો તારા આંગણે આવ્યો છે... બેટા, એને પ્રેમથી વધાવી લે.. એના મીઠા કલરવથી તારું આ ઘર, તારો આ સંસાર... બધું જ ઊભરાઈ જશે !" એમ બોલતી–બોલતી મંછી દાયણ એના કૂબામાં ચાલી ગઈ.

સંવત ૧૫૩૫ ના વૈશાખ સુદ પાંચમનો એ દિવસ રામદાસ સારસ્વતની જિંદગીનો યાદગાર દિવસ થઈ ગયો. "નાથ..." ખાટલીમાં સૂતેલી બેભાન પત્ની સળવળી. "કેમ છે, ભગવતી, તને ?" પતિએ પૂછ્યું. "સારું છે.. પણ.. મારું બાળક ક્યાં ? મંછી દાયણ નથી દેખાતી. મારું બાળક મને આપો, મારી ગોદમાં આપો." "ભગવતી. તારી કૂખે અંધ બાળકનો જન્મ થયો છે." "હેં..અંધ બાળક ? આંધળો દીકરો ?" "હા ભગવતી. આપણાં નસીબ જ ફૂટેલાં છે કે રાતદિનના રઝળપાટ પછી બે ટંકનો રોટલો પણ મળતો નથી, ત્યાં ઘરમાં આંધળા બાળકનું અવતરણ થાય છે. જિંદગીમાં એક વધુ નવો બોજ ઉમેરાય છે." રામદાસ બોલતો રહ્યો. ભગવતીની બાજુમાં અંધ નવજાત શિશુને કમને સુવડાવ્યો.

ભગવતી એની પડખે સૂતેલા બાળકને જોઈ છળી ઊઠી.

બાળકને નેત્ર જ નહોતાં. નેત્રનો આકાર ક્યાંય દેખાતો નહોતો. માત્ર ઝીણા–ઝીણા વાળવાળી ભ્રમર જ હતી. ભગવતી માથું કૂટતાં રડતા અવાજે બોલી ઊઠી, "અરે... આ તો સૂર છે ! "

નવજાત શિશુના નિર્દોષ નાનકડા ચહેરા પર સ્મિત ફોરી ઊઠ્યું....

નિકુંજલીલાના દૈવી જીવનાં બંધ નેત્રો સામે સારસ્વત–કલ્પની વનની ગૌચારણ–લીલા ખડી થઈ ગઈ.

ઠાકોરજી વનમાં ગાયો ચરાવવા, ખભે કામળી, માથે મુગટ, શ્વેત ધોતી અને પીતાંબર પહેરીને નીકળી પડયા હતા. પ્રભાતનો પ્હો પૂર્વદિશામાં ગુલાબી રંગની છાંટ સાથે ફેલાતો હતો. ઘૂઘરિયાળી ગાયોના ધણનાં ધણ વનમાં પ્રવેશી રહ્યાં હતાં...ડોકાં હલાવતી, ઘૂઘરીના રણકારથી વનની વનસ્પતિને "લાલો આવ્યો... લાલો આવ્યો.. જાગો.."નો હેલો પાડતી, યમુનાજીના તટેતટે ચાલતી ગાયોની પાછળ ઠાકોરજી, દાઉભૈયા અને વ્રજસખાઓની સાથે થનગનતા પગલે ચાલતા હતા. ક્યારેક રંગમાં આવી, હોઠ પર મધુરી બંસરી બજાવતા... ગાયોની ચાલમાં સંગીત પૂરતા હતા.

નવજાત અંધ શિશુ બંધ આંખે ગૌચારણ–લીલાનાં દર્શન કરતો પ્રસન્નચિત્તે હસી રહ્યો હતો.

ગોપીજનો આ લીલાનો રસાનુભાવ કરતાં સારો દિન પસાર કરી સાંજના સમયે એના "લાલા અને દાઉભૈયા" સાથે ગાયોના ધણ સાથે ગોકુળની દિશામાં આવી રહ્યાં છે.. એ જ વ્રજનો ગોધૂલિનો સમય, શ્રીયમુનાજીના હૈયે આથમતો સૂરજ, મંદમંદ વહેતા સમીરની હલકે ઊછળતાં યમુનાજીનાં જલ.. માળામાં વિરામ લેવા ઊડી રહેલાં પંખીઓનો મધુર કલરવ, બંસરીનો લાલાના હોઠેથી વહેતો સૂર, ગૌમાતાની ખરીમાંથી ઊછળતી વ્રજરજથી સર્જાતું ધૂંધળું રજોટિયું ધુમ્મસ -- ઠાકોરજી અને દાઉભૈયા તેમજ બાલસખાઓના ચહેરા પર ચમકતી વ્રજની એ રજ, અને એ રજકણો પર પડતાં પશ્ચિમ દિશામાં, યમુનાજલમાં આથમતા સૂરજનાં એ કિરણો.. અને એ કિરણોમાંથી પસાર થતી રજકણોની સર્જાતી સોનેરી સૃષ્ટિ...

ધન્ય..ધન્ય પ્રભુ...નેત્રહીન બાળકના વિલસી રહેલા સ્મિતમાંથી આંદોલનો સરી પડે છે અને "જીવ" બોલી ઊઠે છે, "પ્રભુ... તમારાથી વિખૂટો પાડી, મને આ રડતા, ઝઘડતા કંગાળ માનવીઓ વચ્ચે ક્યાં નાખી દીધો ?" એક ક્ષણ પૂરતું બાળકના ચહેરા પરથી સ્મિત વિરમી જાય છે. પરંતુ બીજી જ ક્ષણે અલખના એકતારા સમો અવાજ ગુંજી ઊઠે છે :

> *"રે જીવ... આ રડતાં, ઝઘડતાં, કંગાળ, ધર્મથી વિચલિત એવાં આ માનવબાળોના કલ્યાણ અર્થે હું પ્રગટ થઈ રહ્યો છું ત્યારે..હે સખા..દિવસે સખાભાવ અને રાત્રે સખીભાવની સખી એવી ગોપી, જે વેદની ઋચા છે...સખા જે વેદના મંત્રો છે.. એવો તું પણ ભૂતલ પર મારી સાથે લીલા કરવા આવી રહ્યો છો...તારું પ્રાગટ્ય મારા થકી, મારા માટે છે."*

અને અંધ નવજાત બાળકના ચહેરા પર સ્મિત ફરી વિલસી ઊઠ્યું.

"આ તો હસ્યા જ કરે છે ને શું.. રડતો જ નથી ! " ભગવતીદેવી પડખામાં સૂતેલા બાળકના ચહેરા પરના હાસ્યને જોઈ બોલી ઊઠ્યાં.

"એ હસે છે...ને આપણે એની પંગુતા પર, અંધત્વ પર જિંદગી આખી રડતા રહેવાનું, ભાગ્યવાન !" રામદાસની વાણીમાંથી નિરાશા અને કટુતા હજી દૂર થતી નહોતી.

વહેતા કાળપ્રવાહમાં અંધ બાળક કુટંબીજનોના તિરસ્કાર વચ્ચે, કટુવચનો વચ્ચે મોટો થતો જાય છે. સૌ કોઈ એને "સૂર"ના નામે બોલાવતાં. શેરીમાં રમવા નીકળે, ત્યારે હાથમાં નાનકડી લાકડી, કપાળમાં તિલક, સફેદ કફની, ખભા પર જીર્ણશીર્ણ કામળી અને જેમતેમ કમરે વીંટાળેલું ધોતિયું... લાકડીના સહારે ઠેબાં ખાતો, કટુવચનો સાંભળતો સૂર સાત વર્ષની ઉંમરે એક વખત એની ઝૂંપડીમાં પાછો ફરે છે અને બોલી ઊઠે છે : "મૈયા, ભૂખ લાગી છે." "બેટા, ઘરમાં ખાવાનું કાંઈ નથી. તારા પિતા ગામમાં ટહેલ નાખવા ગયા છે. એ આવે એટલે તને કાંઈક બનાવી દઉં." માતા ભગવતી દીકરાને કહે છે. "મૈયા.. બહુ ભૂખ લાગી છે." બાળક કરગરે છે. "ભૂખ લાગી છે, ભૂખ લાગી છે.... મૂઓ આંધળો મરતોય નથી !" કંટાળેલી માતા બોલી ઊઠે છે. અને એ જ વખતે રામદાસ હોંશભર્યો ઝૂંપડીમાં પ્રવેશતાં "ભાગ્યવાન... આજ તો ભગવાને ખૂબ મહેર કરી." "શું વાત છે....આજ તો તમે ખૂબ આનંદમાં છો.. આજે કેટલાય દિવસે તમારા ચહેરા પર આ પ્રસન્નતા જોવા મળી."

"ભાગ્યવાન... આજે આપણા પૂરણમલ યજમાનને ત્યાં મોટો યજ્ઞ થઈ રહ્યો છે..."

"હેં ? યજ્ઞ..."

"હા.. એણે દક્ષિણામાં બે સોનામહોરો આપી છે. આપણા આટલા દ્રવ્યમાં બેચાર માસનાં સીધાસામાનનો 'જોગ' થઈ જશે. અને હાં, આજે પેટ ભરીને ખાઈએ તેટલું સીધું પણ યજમાને આપ્યું છે. તો સરસ રસોઈ બનાવ. આજે આપણે સૌ પેટ ભરીને જમીશું... એય સૂર ! આમ ઊભો શું રહ્યો છે ? શેરીમાંથી તારા ભાઈઓને બોલાવી આવ."– રામદાસ હોંશભર્યા અવાજે બોલી ઊઠ્યા.

"મૈયા.. ભૂખ લાગી છે. પિતાજી સીધું લઈ આવ્યા છે. ઝટ રસોઈ બનાવને... આજે મારા હરિએ આપણા સૌ પર કૃપા કરી છે."

"હા...હા... કૃપા કરી છે. જા, ઝટ ભાઈઓને બોલાવી લાવ."

"ઝટ ક્યાંથી જાશે...આંધળો છે...." રામદાસ બોલી ઊઠ્યો. "સૂર" લાકડીના ટેકે ઝૂંપડીની બહાર નીકળી ગયો. રાત પડી ગઈ. બાળકો સૂઈ ગયા. "સૂર" એક પ્રભુસ્મરણ કરતા જાગતા હતા.

"દેવી, આ સોનામહોરો... આ ઝૂંપડીમાં ક્યાં મૂકશું ? આખી રાત ઊંઘ નહીં આવે." રામદાસ બોલ્યો. "તમે ચિંતા ના કરો.. લાવો આ લૂગડામાં એને બાંધીને પેલા માળિયામાં મૂકી દઉં. સવાર પડયે ધના સોની પાસે વટાવી,

" ભગવતીદેવી
ઊઠ્યાં.
જિંદગી આખી
ગને કટુતા હજી

વચ્ચે, કટુવચનો
ાવતાં. શેરીમાં
. સફેદ કફની,
યું... લાકડીના
ેક વખત એની
ી છે." "બેટા,
ા છે. એ આવે
. "મૈયા.. બહુ
ી છે.... મૂઓ
એ જ વખતે
ભગવાને ખૂબ
આજે કેટલાય

મોટો યજ્ઞ થઈ

આટલા દ્રવ્યમાં
જે પેટ ભરીને
બનાવ. આજે
છે ? શેરીમાંથી
બોલી ઊઠ્યા.
. ઝટ રસોઈ

લાવ."
ઊઠ્યો. "સૂર"
કો સૂઈ ગયા.

ખી રાત ઊંઘ
ગૂગડામાં એને
પાસે વટાવી,

અશરફી તમે લઈ આવજો એટલે છોકરાઓ સારાં કપડાં ભેગાં થાય."

"મૈયા... પાણી પીવું છે." સૂતેલો "સૂર" બોલી ઊઠ્યો. "મૂઆ, હજી તું જાગે છે ?" કહેતી ભગવતી ઊભી થઈ ગઈ. બન્ને સોનામહોરો ચીંથરેહાલ કપડામાં બાંધી દીધી અને માળિયામાં મૂકી દીધી. "સૂર"ને પાણી પાઈ બન્ને માણસો માળિયામાં જઈ સૂઈ ગયાં. રામદાસની ઝૂંપડી આમ તો નાનકડું ઘર હતું. ઓશરી, એક ઓરડી, ઓરડી પર એક માળિયું – બસ આ હતો નિર્ધન દંપતીનો અસબાબ.

સવાર પડી. રામદાસ અને ભગવતી ઊઠી ગયાં અને એક ખૂણામાં નજર કરતાં ચીસ પાડી ઊઠ્યાં :

"દેવી, પેલી સોનામહોરો ક્યાં ?"

નાનકડા ઘરમાં હોહા મચી ગઈ.

૨. 'મને તો હરિમિલનની ભૂખ લાગી છે !'

"સૂર" તેમજ તેના ભાઈઓ સફાળા જાગી ગયા.

"નાથ...જરા ધ્યાનથી માળિયામાં જુઓ. સોનામહોરો ત્યાં જ હશે." ભગવતી બોલી ઊઠી.

"અરે ક્યાંય નથી ! અરે ભગવાન...જિંદગીમાં પહેલી વાર બે પાંદડે આ સોનામહોરોના દાનથી–જિંદગીમાં થવાનો વારો આવ્યો..ત્યાં જ...એ સોનામહોરો પણ આ કંગાળ બ્રાહ્મણ પાસેથી છીનવી લીધી !" રામદાસે ટેવ મુજબ ભગવાનને કોસવા માંડયા. અંધ "સૂર"ના જન્મ વખતે પણ ભગવાનને એણે આ રીતે જ સંભાર્યા હતા. રોજની ભૂખે રામદાસને પ્રભુને ટોકવાનું જાણે વરદાન ન દઈ દીધું હોય !

"તમે શાંતિ રાખો...હું ઝાડુ કાઢું છું, મળી જશે– નસીબમાં હશે તો." ભગવતીએ પતિને આશ્વાસન આપતાં કહ્યું.

એ ઝાડુ લઈને માળિયે ચડી, ઝાડુ કાઢયું પણ સોનામહોરોની પોટલી મળી નહીં. નિરાશ હૈયે માળિયા પરથી ઊતરતાં ખૂણામાં ઊભેલા "સૂર"ને કહ્યું :

"સૂર, ગઈ રાત્રે તું અમારી સાથે જાગતો હતો. તેં તો કાંઈ..." ભગવતી આગળ બોલતી અટકી ગઈ. "ચોરી"નું આળ "સૂર" પર લગાડવા તત્પર એવી ભગવતીને વાક્ય પૂરું કરતાં પહેલાં જ "સૂર તો અંધ છે, એ ક્યાંથી ચોરી કરવાનો હતો ?" એ ખ્યાલ આવી ગયો.

"મૈયા...હું તો અંધ છું. મને તો એટલી ખબર છે કે પિતાજી અને તું કાંઈક પોટલીમાં બાંધી રહ્યા હતાં." "સૂરે" કહ્યું. એના દિલને ધક્કો લાગ્યો. સગી મા–જનેતા એના પર ચોરીનું આળ નાખતી હતી. એના અંધત્વે આ કુટુંબમાં એને કેટલો અકારો કરી દીધો હતો એના રોજના અનુભવો પછી, આજના ચોરીના આળે એને આ આખા સંસારનાં માનવજંતુઓ – મા, બાપ, સગાંસંબંધી સૌ પ્રત્યે, એ લોકોની પામરતા પર દયા આવી. એણે મનોમન કશો નિર્ણય કરી લીધો.

"હરિ"નો આશરો, સંતોનો સમાગમ, પ્રભુભજન એ જ એની જિંદગીમાં ભવસાગર તરી જવા માટેનું સાચું આશ્રયસ્થાન છે. આ "માયા"થી છૂટવાનો મનમાં વિચાર આવતાં "સૂર" બોલી ઊઠયો :

"મૈયા...મેં તમારી સોનામહોરોની ચોરી તો નથી કરી, પરંતુ તે ક્યાં છે તેની મને ખબર છે."

"હેં ! ચોરી નથી કરી અને સોનામહોરો ક્યાં છે તેની તને ખબર છે ? શું ગાંડા જેવી વાત કરે છે, સૂર !" રામદાસ બાળકની બાલિશ વાણી પર પ્રતિભાવ વ્યક્ત કરતાં બોલી ઊઠયા.

"સૂર, આંખો તો ભગવાનને ઘેર મૂકી આવ્યો છે. તો સોનામહોરો ક્યાં તને દેખાણી ?" માતા ભગવતી પણ બોલી ઊઠી.

"સૂર"ના ચહેરા પર વિષાદપૂર્ણ સ્મિત મહોરી ઊઠ્યું. આ અબુધ જીવો – ચર્મચક્ષુને જ ચક્ષુ સમજતા આ કમભાગી જીવોને શું કહેવું ? આત્મા, અંતરની, પરમાત્માના વાસની ભોમકા, આંતરદૃષ્ટિ, આ બધી જિંદગીની અમૂલ્ય, ભવસાગર તારી દે તેવી ઈશ્વરે સમગ્ર માનવજાતને દાનમાં આપેલી આ બધી ચીજો આ અબુધ સંસારીઓને દેખાતી જ નહોતી. "સૂર"નો આત્મા આ "જીવો" પર કકળી ઊઠયો. સાત વર્ષની નાનકડી જિંદગીમાં "સૂર"ને આ સંસારની, વાતાવરણની, મોહમયી માયામાં આથડતા જીવોની દયા આવી અને મનોમન એના વહાલાને યાદ કરતાં પ્રાર્થનાના સૂરે બોલી ઊઠયા :

"મારા નાથ...આ અબુધ, ભોળા, ગાડરિયા પ્રવાહમાં જીવતાં ભીરુ તારાં સંતાનો પર અનુગ્રહ ક્યારે કરો છો ? ધર્મ રસાતાળ જવા બેઠો છે, ત્યારે આ માનવપંગુઓને સંસારની અર્થહીન જટાજાળમાંથી છોડાવી તમારા શરણે લેવા ક્યારે પધારો છો, મારા નાથ ? મને આ પંગુઓની દયા આવે છે."

રામદાસ અને ભગવતી હાંફળાંફાંફળાં થઈ ગયાં હતાં. "સૂર"ના ત્રણેય ભાઈઓ સાથે મળી, ઝૂંપડીનો ખૂણેખૂણો જોઈ વળ્યા, પરંતુ સોનામહોરોનો પત્તો ખાતો નહોતો. "સૂર"ના શબ્દો પર ભરોસો નહોતો.

"મૈયા... ખોટો શ્રમ ના કરો... તમે મારા પર વિશ્વાસ રાખો, મને ખબર છે સોનામહોરો ક્યાં છે."

"તને ખબર હોય તો કહેતો કેમ નથી ?" નિરાશ પિતા બોલી ઊઠયા.
"પિતાજી, આ સોનામહોરો... આ દ્રવ્ય.. આ બધાં માયાવી મૃગો છે. રામાવતારમાં સીતામાતાએ એક સોનેરી મૃગ મેળવવાની જીદ કરી રામાયણ સર્જ્યું હતું.. તમે એ ક્ષુલ્લક, ક્ષણિક સુખ આપતી સોનામહોરોને ભૂલીને ઈશ્વરનું સ્મરણ કરો...અને 'હરિનો હીરલો' હાથ કરી લ્યો તો ભવસાગર તરી જશો."

"સૂર ! અમારે તારી ઉપદેશવાણી નથી સાંભળવી. તને સોનામહોરો ક્યાં છે તેની ખબર હોય તો ચૂપચાપ કહી દે એટલે કામ પૂરું થાય." પિતા રામદાસ બોલ્યા.

"એક શરતે કહું, પિતાજી !" "સૂર" બોલ્યો.

"એમાં પણ શરત ? આ સોનામહોરો તો આપણા સૌનો 'રોટલો' છે, આપણા જીવનનિર્વાહનું એક સાધન છે. સોનામહોરો મળશે, તો એની અશરફી લઈ, તને અને તારા આ ભાઈઓને રોટલો મળશે. કેટલાય સમયથી ન પેટાયેલો ચૂલો આ ઘરમાં સળગશે. સૂર ! ભૂખનાં દુઃખ તેં જાણ્યાં નથી... તું હજી નાનો છો." રામદાસે કહ્યું.

"પિતાજી... મને આ દૈહિક ભૂખ નથી સતાવતી.. મને તો 'હરિમિલન'ની ભૂખ લાગી છે. મારા 'સાંવરિયા'ને મળવાની તલપ લાગી છે. મારા વહાલાની

વહાલપની તૃષ્ણા જાગી છે અને એટલે જ તો કહું છું કે એક શરતે હું તમને તમારી સોનામહોરોના ચોર કોણ છે અને સોનામહોરો ક્યાં છે એ કહું."

"સૂર... ભઈલા.. તારી શી શરત છે ? તું અમને સોનામહોરો શોધી દે. અમે તારી એક શું અનેક શરતોને માન્ય રાખીશું. બોલ, શી છે તારી શરત ?" પિતા બોલ્યા.

"પિતાજી, તમે મને આ ઘરનો ત્યાગ કરવાની સંમતિ આપો. મૈયા, તું હોંશભર્યા હૈયે મને આ ઘર છોડી જવાની સંમતિ આપ, આજ્ઞા આપ. હું તમારી સોનામહોરો શોધી આપીને પહેર્યા કપડે તમારું ઘર, ગામ બધું છોડીને દૂરદૂર જવા માગું છું...મારા પ્રભુની ભક્તિ કરવા મારે જવું છે. તમે બન્ને મને હૈયાના લાગણીભર્યા આશીર્વાદ આપો."

ભગવતી અને રામદાસ "અંધ સૂર"ની શરત સાંભળી ધ્રૂજી ઊઠયાં. માતા ભગવતી તો હૈયાફાટ રુદન કરતી બોલી ઊઠી : "સૂર ! માગીમાગીને તેં અમારાથી અળગા થવાનું માગ્યું ? સૂર, તારી શરત કબૂલ છે. તું ઘરમાં જન્મ્યો, ત્યારથી આજ સુધી સુખે ધાન ખાવા મળ્યું નથી. તારા અંધત્વે અમને તારી પળોજણમાં રોકી રાખ્યાં છે. લક્ષ્મી આવી એ પણ આજે ચાલી ગઈ. કોણ જાણે કેવાં નસીબ લઈને તેં આ ધરતી પર અવતરણ કર્યું છે કે બસ ઉપાધિ..ઉપાધિ જ છે." રામદાસ અકળાઈને બોલી ઊઠયા.

"મૈયા ! પિતાએ તો મારું જીવન મારા સાંવરિયાની ભક્તિમાં રચ્યુંપચ્યું રહે તે માટે ઘર છોડવાની સંમતિ આપી, મારા ઉપર ખૂબ જ ઉપકાર કર્યો છે. માતા, તમે કાંઈક બોલો."

"હું શું બોલું, બેટા.... તું જન્મે અંધ હોવા છતાં ગમે તેમ તોય મારા 'કાળજાનો કટકો' છો, મારી આંખનું રતન છો. બેટા, હું તને આંખથી અળગો કરવાની સંમતિ ક્યાંથી આપું ? ગમેતેમ તોય તું તો મારો જાયો છો !"–ભગવતીના હૃદયમાં વસેલું માતૃત્વ બોલી ઊઠ્યું.

"મૈયા... કાળજા પર પથ્થર મૂકી, આ ક્ષણિક માયાનો મોહ છોડી, મને આનંદથી વિદાય આપો. મને મારું આયખું મારા ઈશ્વરમાં ઓગાળી દેવા દ્યો." "સૂર" બોલી ઊઠયો.

"બેટા.. હવે તેં નિર્ણય જ લઈ લીધો છે ત્યારે એમાંથી ચલાવી શકનારાં અમે કોણ ? ભગવાન તારું ભલું કરે." ભગવતી થાકીને બોલી.

"પિતાજી, ફરી એક વખત માળિયા પર ચડો. છાપરાની છતની બખોલમાં તમને જીર્ણશીર્ણ કપડું દેખાશે. રાતના ઉંદરો ખડખડ અવાજ કરતા માળિયામાં છતમાંથી ઊતરી પડયા હતા અને તમારી ચીંદરડીએ બાંધેલી સોનામહોરોને એમનો ખોરાક સમજી રાતોરાત સોનામહોરોને ઉઠાવી એમના દરમાં મૂકી આવ્યા છે. તમને છતમાં ચીથરાં લટકતાં દેખાશે."

રામદાસ "સૂર"નું વાક્ય પણ પૂરું સાંભળવા ન રહ્યા અને ઝડપથી માળિયામાં

ચડીને છાપરા પર નજર કરી, તો અસ્તવ્યસ્ત ચીદરડીઓના લીરા લટકતા હતા અને સોનામહોરોનો પ્રકાશ પણ આવતો હતો. રામદાસે ઝડપ કરી બન્ને સોનામહોરો ઉઠાવી લીધી અને માળિયામાંથી નીચે ઊતરી જતાં બોલી ઊઠ્યા : "અલ્યા સૂર ! તું તો ગજબનો નીકળ્યો ! બન્ને સોનામહોરો મળી ગઈ ને શું !"

"તો પિતાજી, મને વિદાય આપો. આ ઘરમાંથી મારું મન ઊઠી ગયું છે. મને મારો વેણુનાદ કરતો વેણુધર બોલાવે છે. મૈયા, શરત પ્રમાણે મને રજા આપો." સૂર બોલી ઊઠ્યા.

"ના..ના..બેટા.. તું તો જ્ઞાની નીકળ્યો.. તને અમે જવા નહીં દઈએ." પિતા રામદાસ બોલ્યા. રામદાસને આશ્ચર્ય થયું. એક સાતઆઠ વર્ષનો અંધ બાળક તો પૂરો જ્ઞાનીનો અવતાર લાગ્યો.

"પિતાજી, આ મોહ છોડો. માતા, પિતા, પુત્ર, પુત્રી, પતિ–પત્ની આ બધાં જ મોહનાં આવરણાં નીચે આપણે આપણી કાયાની માયાને પંપાળતા રહી, 'મનખાદેહ'ને સદાય સંવારતા રહીએ છીએ...પિતાજી, હવે મારું એક ક્ષણ પણ રહેવું મને પાપ લાગે છે." અને સૂર ખભે કોથળી, હાથમાં લાકડી લઈને "શ્રીહરિ શ્રીહરિ" કરતા હરિની શોધમાં નીકળી પડયા.

રામદાસ, ભગવતી અને ભાઈઓ સજળ નયને "સૂર"ને ગામના પાદરની દિશામાં જતો જોઈ રહ્યા. બાલક "સૂર" "હરિ હરિ બોલ...હરિ હરિ બોલ... રાધારમણ હરિ...હરિ હરિ બોલ"ની ધૂન ગાતા, લાકડી ઠપકારતા, એકલા–એકલા ચાલી નીકળ્યા. અંતરમાં આનંદની સરવાણી સાથે "હરિમિલન"ની ઝંખના–વિરહ પ્રગટ્યો હતો. "મુરલીધર, માખણચોર"ની શોધમાં નીકળેલા "સૂરે" ચારેક ગાઉનો પંથ પૂરો કર્યો અને લાકડીના સહારે પીપળાના વૃક્ષ પાસે પહોંચી, ચોતરા પર લાકડી અને કામળી મૂકતાં વિસામો કરવા – આરામ કરવા બેઠા.

હૈયાને હિલોળતો માતરિશ્વા...વાતાવરણને સુગંધિત કરતો વહી રહ્યો હતો. નજીકમાં જ તળાવમાં હિલોળા લેતા તરંગોનો મધુર અવાજ અને વાતાવરણમાં સાંજની પ્રસરેલી શીતળતાએ "સૂર"ના હૃદયને પ્રસન્નતાથી ભરી દીધું.

ગામ અજાણ્યું હતું. સાંજનો સમય હતો...તળાવના કિનારે રાધાકૃષ્ણના મંદિરમાંથી ઝાલરના ઝણકાર ઊઠ્યા. બુલંદ અવાજે આરતીનો મધુર ધ્વનિ સૂરના કાને પડયો :

"વાહ મારા વ્હાલા.. શી તારી લીલા છે ! મૂર્તિમાં છુપાઈને બેઠો–બેઠો આરતી માણી રહ્યો છે ને શું ?"

"બાળક, ગામને પાદર પીપળાની છાયામાં આરામ કરતો તું કોઈ અજાણ્યો અતિથિ લાગે છે ?" આરતી પૂરી થતાં, ઘર ભણી વળતાં એક ભક્તે સાતેક વર્ષના "સૂર"ને જોઈ પ્રેમથી પૂછ્યું.

"ભક્તજન, હું આ ગામમાં સાંજે જ આવ્યો છું. ખૂબ સુંદર ગામ છે. સરસ મજાનું હિલોળા લેતું તળાવ, રાધાકૃષ્ણનું ભવ્ય મંદિર..બધું જ અતિસુંદર

છે."

"બાળક...તું ભૂલો પડીને આ ગામ તરફ આવી પહોચ્યોં છો કે શું ?.. અરે..તને નેત્રો નથી ! ભલા દીકરા..તું આમ કોના સહારે આ ગામમાં આવી પહોંચ્યો..તારાં માતા, પિતા, ભાઈભાંડુ ક્યાં છે ?"

"ભક્તવર્ય, હું તો મારા હરિને સથવારે આ ભવાટવી જેવી જિંદગીમાં આવ્યો છું. આ નાનકડી લાકડીને હરિને હાથ સોંપી...મારા હરિને મળવા ચાલતો–ચાલતો અહીં આવી પહોચ્યો છું."

"બેટા, તું ભૂખ્યો થયો હોઈશ. ચાલ, મારે ઘરે ભોજન કરી નિરાંતે સૂઈ જજે."

"ભક્તજન...તમારી લાગણી...ઉપકાર માટે આભાર. મારા હરિની શોધમાં હું એક ઘરની માયા મૂકીને આવ્યો છું. હવે ઘરે પાછું જવું નથી. આ વિશાળ ધરતી મારું ઘર. આ પીપળો મારું વિરામસ્થાન.. તળાવના જલતરંગો... રાધાકૃષ્ણના મંદિરની આરતી...અને તમારા જેવા વડીલોની હૂંફ મારા માટે બસ છે. આપ સિધાવો..હું તો મારી આ કામળી ઓઢી સૂઈ જઈશ." "સૂર" બોલ્યો.

"નહીં નહીં, બાળક, હું તારા માટે સાંજનું 'વાળુ' લઈ આવું છું..તું ક્યાંય જતો નહીં." અને થોડીક વારમાં જ "સૂર"ના કાને મધુર ઘંટડી જેવો રણકતો સૂર કાને પડયો.

"બેટા, હું તારા માટે ભોજનથાળી લઈને આવી છું. દીકરા, ખાઈ લે..અને.. પછી ઘરે ન આવવું હોય તો રાધાકૃષ્ણના મંદિરના ઓટલે મેં પાથરણું પાથર્યું છે ત્યાં વિશ્રામ કરજે." અવાજમાં લાગણીનાં પૂર માતૃત્વની છાલકથી ઊભરતાં હતાં.

"મૈયા જશોદા તો નહી ? વાહ મારા વ્હાલા !" "સૂર" બોલ્યો.

છો કે શું ?..
ગામમાં આવી

્વી જિંદગીમાં
હરિને મળવા

ી નિરાંતે સૂઈ

હરિની શોધમાં
.. આ વિશાળ
જલતરંગો...
ારા માટે બસ
"સૂર" બોલ્યો.
ું છું..તું ક્યાંય
જેવો રણકતો

ાઈ લે..અને..
રણું પાથર્યું છે
ઊભરતાં હતાં.
બોલ્યો.

૩. 'હમ ભક્તનકે, ભક્ત હમારે'

"વાહ મારા નાથ ! મારી ભૂખ સમાવવા તેં મૈયા જશોદાને મોકલી આપ્યાં ! પાય લાગું, મારા પ્રભુ ! તેરે ભક્તન કે રખવાલે." "સૂર" ગળગળા અવાજે બોલી ઊઠ્યા.

"બેટા ! તેં મને જશોદામૈયા કહી ! ધનભાગ્ય ધન ઘડી...દીકરા ! સૂની-સૂની મારી ગોદ તારા મૈયા શબ્દના સંબોધને ભરીભરી થઈ ગઈ." પ્રૌઢ વયની ગામના જમીનદારની પત્ની બોલી ઊઠી :

"બેટા, તારી મૈયાએ ઘરની ગાયના દૂધની બનાવેલી પૂરી અને દૂધ ખાઈ લે. આ જળનો લોટો પણ ભરીને મૂક્યો છે. હું તારા માટે રોજ સવાર-સાંજ ભોજન-થાળી મોકલીશ, તું ચિંતા ના કરતો." ગામનાં જમીનદાર દંપતી નાનકડા "સૂર"ની કોમળ કાયા પર વાત્સલ્યનાં નીર વહેવડાવતાં ચાલ્યાં ગયાં.

જમી પરવારીને "સૂરે" પીપળાના વૃક્ષના ચોતરા પર કામળી ઓઢી જમાવી દીધું. પ્રભુસ્મરણ કરતાં-કરતાં સૂર ભરનિદ્રામાં સરી પડયા.

"કૂકડે કૂક"ના કૂકડાના મધુર સ્વરે પૂર્વની દિશામાં ગુલાબી રંગની આકાશમાં રંગોળી પૂરતી ઉષાનાં વધામણાં કર્યાં. રાધાકૃષ્ણના મંદિરની રણકતી ઝાલરે વાતાવરણને સંગીતમય બનાવ્યું. ટેહુક ટેહુક બોલતા નર્તન કરતા મયૂરના ઠમકાથી ધરણી ઝૂમી ઊઠી. કૂ..કૂ..કૂ.. કરતી કોયલના ટહુકે, એક ડાળથી બીજી ડાળે કૂદતા વાનરો અને ઝૂલતા પોપટો-મેનાઓની કલરવની દુનિયા સૃષ્ટિના લોકોને જગાડતી હતી.

વહેલી સવારે જમીનદારની આંખો ખૂલી ગઈ. રોજની જેમ ઊઠીને, પ્રભુસ્મરણ કરતો ગમાણ તરફ વળ્યો અને ગમાણ તરફ જતાં જોયું તો એની દસ નવચંદરી ગાયો જ ગમાણમાં નહીં. અરે, સાંભળે છે કે ? આપણી ગાયોને મુરલી વનમાં ચરાવવા માટે લઈ ગયો છે કે શું ?

જમીનદારના નોકરનું નામ મુરલી હતું. જવાબમાં રસોડામાંથી બહાર ધસી આવતી હાંફળીફાંફળી એની પત્ની બોલી ઊઠી : "ના, મુરલી તો હજી આવ્યો નથી." તો ગાયો ક્યાં ? જમીનદાર હાથમાં ડાંગ લઈને પહેર્યે કપડે ઘરની બહાર નીકળી નાનકડા ગામમાં ઘરેઘરે ફરી વળ્યો. રસ્તામાં "મારી ગાયો જોઈ ?"ના સવાલો પૂછતો-પૂછતો ગામને પાદર "સૂર" પાસે આવી પહોંચ્યો. એક ક્ષણ પૂરતા એના પગ પીપળાના વૃક્ષ પાસે ખોડાઈ ગયા.

પીપળાની છાયામાં ચોતરા પર બેઠેલો નાનકડો "સૂર" મધુરકંઠે ગાઈ રહ્યો હતો :

હમ ભક્તનકે, ભક્ત હમારે
સૂન અર્જુન પ્રતિજ્ઞા મોરી
યહ પ્રગટ રતના ટારે
ભક્તન કે કાજ લાજ હીય ધરકે
પાંચ પયાદે ધાવું

જમીનદારનું હૈયુ ઝૂમી ઊઠ્યું.

મંદમંદ વહેતા પવનની પાંખે સૂરના પદના શબ્દો વાતાવરણમાં ફૂટતા જતા હતા :

જો મમ ભગત સૌ વૈર કરત હૈ
સોહિ વેરી મેરો
દેખ બિચાર ભક્તિકે કારણ
હાંકત હો રથ તેરો

અવાજમાંથી પ્રભુનો એના ભક્તો પ્રત્યેનો અઢળક પ્રેમ નીતરતો હતો. પીપળાના ઝાડ પાસે આવીને ઊભેલા હાંફળાફાંફળા જમીનદારના હૃદયમાંથી એની દસ નવચંદરી ડાલામથ્થી, ચોરાયેલી ગાયોનો ઉદ્વેગ શમવા માંડયો. કિશોર બાળકના પદના શબ્દો "હમ ભક્તનકે, ભક્ત હમારે" એના હૈયે સ્પર્શી ગયા.

"બાળક, તું તો ખૂબ જ સુંદર ગાય છે. તારા કંઠમાં તો કોકિલાનો વાસ છે."

"જમીનદારજી, હું તો એક તુચ્છ માનવજંતુ છું. હું તે વળી કોણ એવો સુંદર ગાવાવાળો... આ તો બધું મારો નટખટ નંદકિશોર હૈયામાં વસી, આ કંઠ પાસે ગવડાવે છે. આ ધરતી પર મારા વહાલાએ જ મને મોકલ્યો છે. આ જગતમાં કોણ કોનું હોય છે ? મારા હરિ સિવાય મારે કોઈનો સહારો નથી. એનો નચાવ્યો હું નાચું છું...એનું ગવડાવ્યું હું ગાઉં છું. પરંતુ, જમીનદારજી, તમે તો તમારી ગાયોને શોધવા નીકળ્યા છોને–" "સુર" બોલી ઊઠ્યો.

"હેં..હેં..હેં..હા..હા..હા.. સૂર ભૈયા, હું તો લૂંટાઈ ગયો ! મારી દસ નવચંદરી ગાયોને કોઈક રાત્રે ચોરી ગયું..પણ ભલા સૂર...તને આની ક્યાંથી ખબર પડી ? તને કોઈએ વાત કરી, સૂર ?"

"આ તો બધું અણચિંતવ્યું અંતરમાંથી ઊભરી આવે છે. તમારી ગાયો બાજુના ગામના જમીનદારના માણસો રાત્રે ઉઠાવી ગયા છે. ઓતરાદા ખૂણે અહીથી બે ગાઉ દૂર આવેલા એ ગામના જમીનદારે એની ઘોડાસરમાં તમારી ગાયોને સંતાડી છે. તમે એને છોડાવી આવો." સૂર બોલી ઊઠ્યો.

"હેં..સૂર..સામેના ગામનો જમીનદાર ગાયો ઉપાડી ગયો ? હમણાં જ મારા માણસો સાથે જાઉં છું. ગાયો મળી જશે તો એમાંથી બે નવચંદરી હું તને આપીશ, સૂર..." કહેતાં હર્ષઘેલો જમીનદાર એની સાથે થોડાક માણસોને ભેગા લઈ જવા ગામમાં ગયો. બેપાંચ યુવાનો, ત્રણચાર પ્રૌઢો અને વૃદ્ધોના કાફલા સાથે જમીનદાર ઓતરાદી દિશામાં આવેલા ગામ તરફ જઈને એ

ગામના જમીનદારની ઘોડાસરમાંથી ગાયોને છોડાવી આવ્યો અને ગામને પાદર પીપળાના ઝાડ નીચે ભગવાનનું સ્મરણ કરતા કિશોર સૂરને પગે પડતો ગળગળા અવાજે બોલી ઊઠ્યો :

"વાહ, સૂર, વાહ ! તેં મારી ગાયો પાછી મેળવી દીધી. બોલ, આ નવચંદરી ગાયોમાંથી તને ગમે તે બે ગાયો લઈને પીપળાના ઝાડ સાથે બાંધી દે. મારી આ તને ભેટ છે. તારા માટે એક સરસ કુટિર આજે જ બંધાવી દઉં છું. પીપળાના ઓટલે બેસી પ્રભુસ્મરણ કરતો રહે, સૂર... પરંતુ, હા, તને કેવી રીતે ખબર પડી કે જમીનદારના માણસો અર્ધી રાત્રે આવીને મારી ગાયો ચોરી ગયા છે ?"

"હું ભગવાનની કૃપાથી 'શુકનવિદ્યા' જાણું છું અને એ વિદ્યાના આધારે તમારી ગાયોને શોધવામાં પ્રભુએ મદદ કરી. બાકી આ પામર જીવનું શું ગજું ? હું તો માત્ર નિમિત્ત બન્યો છું. મારે તમારી બે ગાયો જોઈતી નથી. હું અકિંચન, દરિદ્રી બ્રાહ્મણ તમારી ગાયોનો વૈભવ જાળવી ન શકું. મારા જેવા ગરીબને કશું જ નથી જોઈતું. પ્રભુસ્મરણ એ જ મારી જિંદગીનું ધ્યેય છે અને આ બધું મારા વહાલા મુરલી મનોહરના થકી જ થતું રહ્યું છે. આ પીપળાનાં ઝૂલતાં પર્ણો, તળાવમાં ઊઠતા જલતરંગો, ઊડતાં પંખીઓનો મધુર કલરવ, આ બધી મારા વહાલાની લીલા છે અને હું એનો એક અંશ છું." "સૂર"ની અનાસક્તિ અને આ દુનિયાનું જે કાંઈ છે એ બધું જ ઈશ્વરનું છે અને ઈશ્વરને સમર્પિત છે, એવું માનનારા "સૂર"ને જમીનદારે સરસ મજાની કુટિર, પ્રાર્થનાખંડ અને રહેવાનો ખંડ બાંધી દેવાનું વિચાર્યું. સૂરે આ કાર્યને પણ "પ્રભુ–ઇચ્છા" માની ખૂબ જ પ્રેમથી, હૈયે ઊછળતા હેત સાથે સ્વીકારી લીધું. જમીનદાર એને ઘરે જઈ હોંશભર્યો એની પત્ની સાથે ભોજનથાળ લઈને આવી પહોંચ્યો.

"સૂરદાસ, ભોજન લ્યો !" જમીનદારની પત્ની મીઠા સ્વરે બોલી ઊઠી. એની નજર કિશોર સંત પર પડી. શ્વેત વસ્ત્રોમાં શોભતા કિશોરને જોઈ એને યાદ આવી ગયું.... "મેરી જશોદામૈયા... તો નહીં ?" સૂરદાસે કંગનના ખણખણાટ અને મૃદુલ વાણી સાંભળીને આગલી રાતનું સંબોધન કર્યું.

"અરે બબુવા, તું તો મને ઓળખી ગયો ને શું ?"

"મૈયા, આ ગામમાં આવી આ પીપળાના વૃક્ષ નીચે સૌથી પ્રથમ ભોજન તમે જ મને કરાવ્યું હતું એ હું કેમ ભૂલી શકું ?" જમીનદારના આશ્ચર્યનો પાર ન રહ્યો. બન્ને પતિપત્ની "સૂર"ને વંદન કરી ગામમાં પાછાં ફર્યાં.

એ રાત્રે જમીનદારે ગાયો મળી ગયાના આનંદમાં મહોત્સવ કર્યો અને સૂરનાં પદોથી વાતાવરણને ગજાવી દીધું. સૂરદાસે પણ મન મૂકીને પદોની રમઝટ બોલાવી દીધી. "સૂર"ના શિષ્યોમાં સમય જતાં સારો એવો વધારો થવા

માંડયો. "સૂરે" આ બધી ધાંધલથી કંટાળીને એક રાત્રે નિર્ણય લીધો કે ગામ છોડવું. સ્વામીપદ સ્વીકારતાં, એક પછી એક અનેક આબાલવૃદ્ધ સૌ કોઈ એના શિષ્યો થવા આવવા લાગ્યા. સૂરને લાગ્યું કે આ બધા ભક્તોની ભીડ એની સાધનામાં અવરોધ સર્જતી હતી. હરિની શોધમાં નીકળેલા આ હરિભક્તને થયું કે આ જટા–જાળમાં ફસાઈને હું ક્યારેય મારા હરિને મળી નહી શકું, પામી નહી શકું.

ઢળતી રાતે, ઓચિંતા જ "સૂર" જાગી ઊઠ્યા...જગત આખું અંધકારના ઓળા નીચે ઢબૂરાઈ ગયું હતું. "સૂર"ને ઓચિંતો "ભાસ" થયો કે કોઈક એને બોલાવી રહ્યું હતું, આદેશ દઈ રહ્યું હતું. નિદ્રાવસ્થામાં જ ઓચિંતું જ કોઈક એને કહી રહ્યું હતું :

"સૂર, ઊઠ.. આ કુટિર... આ તારા ભક્તો...તારો વૈભવ બધું જ જંજાળરૂપ છે, હરિને પામવાના રસ્તા પરના અવરોધો છે. તું એ જંજાળમાં અટવાઈ જા એ પહેલાં નીકળી પડ ! સૂર, નીકળી પડ ! આ બધું છોડીને "સૂર"સ્વામીમાંથી ફક્ત...ફક્ત 'સૂર' બની, તારા વહાલાને રીઝવવામાં લાગી જા."

"સૂર" જાગી ગયો. એણે આજુબાજુ નજર કરી. હજી આજુબાજુ અંધકારનું આવરણ ઝૂલતું હતું. કશું જ દેખાતું તો, અંધ હોવાના કારણે, નહોતું, પરંતુ કશું પણ અનુભવાતું પણ નહોતું. અંતરમાં અનોખો અજંપો જાગ્યો હતો. અંતરની વિહ્વળતા પ્રગટ કરતું પદ "સૂર"ના હૈયેથી સરી પડયું :

રે મન! મૂરખ જનમ ગવાયો
કરિ અભિમાન વિષયરસ રાચ્યો
શ્યામશરણ નહીં આવ્યો
યહ સંસાર ફૂલ સેમરકો
સુંદર દેખી ભુલાયો
રે મન મૂરખ જનમ ગવાયો

પદ પૂરું થતાં જ આંખોમાંથી અશ્રુની અવિરત ધારા વહેવા માંડી. વિરહના તાપથી આખુંય અંગ સળગી ઊઠ્યું. પીંજરામાં પુરાયેલા પંખીનો મુક્ત થવાનો ફડફડાટ એના હૈયામાંથી ઊઠ્યો.

આંખો સામે નાનકડી કુટિરની જગ્યાએ ભવ્ય આશ્રમનાં દર્શન કરાવતું વિશાળ મકાન, સવારથી સાંજ સુધી "બાપજી, અમને શરણે લ્યો ! અમને કંઠી .....બાંધી દ્યો !" એનાં ખુલ્લાં ચરણો પાસે પૈસાનો ઢગલો થવા માંડયો. વૈભવ વધતો ચાલ્યો, શિષ્યો વધતા ચાલ્યા. ભજનકીર્તન ઓછાં થવા માંડયાં..અને અડધી રાત્રે હૈયાએ અજંપો અનુભવ્યો.

વહેલી સવારે ઊઠીને, થોડાક અંતરંગના શિષ્યો સાથે પીપળાની,

તળાવની અને ગામના ભક્તોની માયા મૂકી, એની પ્રિય લાકડીના સહારે એના શામળિયાને મળવા, એની ભક્તિમાં તરબોળ થઈ જવા, એના ગુણાનુવાદ ગાવા, વ્રજની ભોમકા તરફ પ્રયાણ આદર્યું, ત્યારે અંતરમાં એનું જ પદ ઊછળી રહ્યું હતું :

ચાખન લાગ્યો, રૂપ ગઈ ઉડી
હાથ કછુ નહિ આયો રે મન
મૂરખ જનમ ગવાયો
કહા ભયો અબકે મન સોચે
પહલે નાહિં કમાયો
કહત "સૂર" ભગવંત ભજન બિનુ
સિર ધુનિ ધુનિ પછિતાયો
મૂરખ જનમ ગવાયો

૪. વ્રજભૂમિ તરફ પ્રયાણ

"હરિ હરિ બોલ, હરિ હરિ બોલ
રાધારમણ હરિ, હરિ હરિ બોલ"

લાકડીના ટેકે વ્રજની ભોમકા તરફ "સૂર" ચાલી નીકળ્યો. હોઠે હરિનું નામ, હૈયે મિલનની આશ, નટખટ નંદકિશોરના વિરહમાં દ્રવિત તન – સૂરના હૈયામાંથી વિરહનું પદ વાતાવરણમાં પ્રસરી ગયું :

હે ગોવિંદ ! હે ગોપાલ
હે ગોવિંદ રાખો શરણ
અબ તો જીવન હારે, હે ગોવિંદ

સૂરદાસના મધુર કંઠેથી ઊઠતા પદને સાંભળી આંબાડાળે બેઠેલી કોયલ ટહુકવાનું ભૂલી ગઈ, મયૂરના ગહેકાટ થંભી ગયા, વાંદરાઓ વૃક્ષની ડાળે ઝૂલતા સ્થિર થઈ ગયા. લીલીછમ વનરાજિ, વહેતી હવા, સમુદ્ર તરફ દોડી જતી યમુના – સૂરદાસનાં પદોના એકએક શબ્દે એમનું કાર્ય ભૂલતાં સ્વરોનું રસપાન કરવામાં વ્યસ્ત થઈ ગયાં.

ભૈયા મોરે વ્રજભૂમિ કહાં આયો ?
ભૈયા મેરો ગોપાલ કહાં લે આઈઓ

રસ્તે મળતા રાહદારીઓને આવા સવાલો પૂછતા, પદો ગાતા સૂરદાસે વ્રજભૂમિમાં પ્રવેશ કર્યો અને હૈયાની સૃષ્ટિનું વાતાવરણ બદલાઈ ગયું.

ખળખળ વહેતી જમુનામૈયાના તટેતટે વિસ્તરેલી વ્રજભોમકામાંથી વ્રજરજની અનોખી સુગંધે સૂરના હૈયાને હચમચાવી દીધું. અંધનેત્રોમાંથી વિરહ–મિલનના આનંદની ધારા વહેવા માંડી. વ્રજની કદંબખંડીઓમાંથી 'ગોકુલચન્દ્ર ગોકુલચન્દ્ર'ના સૂરીલા અવાજે દેવચકલી જેવાં પંખીઓના ઊઠતા વિરહવ્યાકુળ અવાજે સૂરદાસના હૃદયને ગદ્ગદિત કરી દીધું.

"વાહ મારા ગોપાલ...વાહ મારા હરિ.. વાહ મારા વહાલા...વાહ વ્રજભૂમિ...વહેતાં યમુનામૈયા..ગોપાલ, તારી લીલાભૂમિના શુકો વેદની ઋચા ઉચ્ચારતા તારી સ્તુતિ કરી રહ્યા છે. નાનાં–નાનાં પંખીઓ "ગોપાલ"ના જાપ જપતા રહ્યા છે. હવામાં ઊડતી વ્રજની રજથી આ દેહ પાવન થઈ રહ્યો છે. રાધે...રાધે..ના વિરહી આર્તનાદનો પડઘો "કૃષ્ણ...કૃષ્ણ"ના સૂરમાં સંમીલિત થઈ "રાધેકૃષ્ણ"ના જાપ બની, જિંદગીનું યુગલગીત બની, વાંસળીના નાદે હૃદયની રમણરેતીમાં આળોટે છે... ધન્યધન્ય થઈ ગયો તારી લીલાભૂમિમાં આવીને, પ્રભુ !" સૂરદાસ ગાંડા બની, લાકડીના ટેકે આમથી તેમ વિરહઘેલા દોડતા, વ્રજરજમાં આળોટતા, રમણરેતીની મોજ માણતા, જમુનાજલનું પાન કરતા ગાઈ ઊઠે છે શ્રીસ્વામિનીજીના સ્વરૂપનું વર્ણન – વ્રજભૂમિના સૌંદર્યની કલ્પનામાં

ગાતા બોલી ઊઠે છે :

હરિ પર સરવર, સર પર ગિરિવર
તા પર ફૂલે કંજ પરાગ
રુચિર કપોત બસત તા ઉપર
તા પર અરુણ અમૃત ફલ લાગ.

હરિનાં ગુણગાન ગાતા–ગાતા સૂરદાસ મથુરાનગરીમાં પ્રવેશે છે. બંધ આંખોની આસપાસ નગરનો ઘોંઘાટ, પંડાઓની બુમરાણ, વાહનોની રમઝટ અનુભવતા બોલી ઊઠ્યા :

"અરે, આ તો ઘોંઘાટિયું સંસારી નગર છે ને શું ? જનમ ધરતાં જ મારો વહાલો કદાચ આ ઘોંઘાટ, છળકપટ અને ધમાલિયા વાતાવરણથી કંટાળીને જ વસુદેવના ટોપલામાં બેસી, મધ્યરાત્રીએ જમનાપાર કરી, શાંત ગોકુળમાં પહોંચી ગયો હશે, આ મગતરા કંસની બીકથી નહીં.."

થોડાક શિષ્યો સાથે "સૂર" સંસારની – જગતની દષ્ટિએ બની બેઠેલા "સૂર"સ્વામી ખળભળ વહેતી જમુનામૈયાના વિશ્રામઘાટ પર આવી પહોંચ્યા.

સંધ્યા–આરતીનો સમય હતો. હવાની છાલકથી યમુનાજીનાં નીર છલકાતાં હતાં. વાતાવરણમાં શીતલતા પથરાયેલી હતી. ક્યારેક–ક્યારેક શંખધ્વનિ તેમજ ઘંટનાદ થતા હતા. ભાવિક ભક્તજનોની શ્રીયમુનાજીની આરતીનાં દર્શનની તાલાવેલી દેખાતી હતી. સૂરદાસજીના અંતરમાંથી કૃષ્ણપ્રિયા શ્રીયમુનાજીના અલૌકિક સ્વરૂપનું સરસ પદ વાતાવરણમાં વહેવા માંડયું :

ભક્ત કો સુગમ શ્રીયમુને અગમ ઓરે
પ્રાતહી નહાત, અઘ જાત તાકે સકલ
યમહું રહત તાહિ હાથ જોરે
અનુભવી બિના અનુભવ કહાં જાનહિ
જાકો પિયા નહીં ચિત્ત ચોરે
આપકે સિંધુકો મરમ જાન્યો નહીં
"સૂર" કહે કહા ભયો દેહ બોરે ?

સૂરે યમુનાતટ પર વસવાટ કર્યો. સવારસાંજ શ્રીયમુનાજીની આરતીનાં દર્શન, યમુનાપાન અને ભક્તિરસથી તરબોળ એવાં પદોના ગુંજનમાં દિવસો વીતવા માંડયા. સૂરદાસનાં પદો અને "શુકન" જોઈ દેવાની સૂઝબૂઝે ફરી એક વખત એમને માનવટોળા વચ્ચે ઘેરાઈ જવું પડયું. સવારસાંજ સૂર પાસે ભક્તોની ભીડ જામવા માંડી. "શુકન" જોવડાવવાની કતાર ઊભી થવા માંડી. "વહાલા"ને યાદ કરવાનો, "ગોપાલ"ની સેવા કરવાનો, નંદજાયાના ગુણાનુવાદ કરી એના સાંનિધ્યમાં ઓગળી જવાનો, ભક્તિ કરવાનો સમય મથુરામાં આ માનવટોળામાં વેડફાઈ જતો હતો. વિહ્વળ સૂર મેઘલી રાત્રે, વરસતા વરસાદમાં, બધાને ઊંઘતા મૂકી, રાજમાર્ગ મૂકી, કાંટાળી કેડી પર અંધકારની આડશમાં પ્રભુભક્તિના પ્રકાશની શોધમાં ચાલી

નીકળ્યા. રસ્તામાં બુલંદ અવાજે "ગોપાલ..ગોપાલ.."નો વિરહી નાદ ગજાવતા, "હરિ હરિ બોલ, હરિ હરિ બોલ"ની ધૂન બોલાવતા, ચાલતા–ચાલતા સવારે શાંત અરણ્યમાં પહોંચ્યા.

"કુકડે કૂક.." વ્રજના કૂકડાનો મધુર અવાજ પૂર્વની દિશામાં પ્રગટતા સૂરજદાદાને આવકારતો વાતાવરણમાં ગુંજી ઊઠ્યો. કોયલનો ટહુકાર, મયૂરનો કેકારવ, વાંદરાનો હૂપાહૂપ અવાજ સૂરના કાને પડયો અને મન પ્રફુલ્લિત થઈ ગયું. વહેલી સવારે પગના પાયલના ઠેકે, નજીકના કુંડમાંથી જલ ભરતી પનિહારીઓ અને બૂડ બૂડ બૂડ અવાજ સાથે ઘડામાં જલ ભરાવાનો અવાજ સૂરદાસના કાને પડયો. લાકડીના ટેકે–ટેકે... કદમખંડીની વનશ્રીમાં ચાલતા–ચાલતા સૂરદાસ કુંડ પાસે આવી પહોંચ્યા.

"મૈયા...યહાં મેરી યમુનામૈયા હૈ કા.. આપ સબ જમનામૈયા કો જલ ભરત કા.." સૂરદાસે પૂછ્યું. એક શિલાનો સ્પર્શ લાકડીને થતાં, સૂરદાસજી શિલા પર બેઠા.

"અરે બાબા... યે તો ગૌઘાટ હૈ...ગૌઘાટ...હમારી યમુનામૈયા યે ઘાટકો પવિત્ર કરકે બહતી રહતી હૈ..." એક પનિહારી હર્ષઘેલા સ્વરે સ્થળનું માહાત્મ્ય વર્ણવતી બોલી..

"ગૌઘાટ...મેરી જમુનામૈયા કે હૃદય પર સ્થિર ગૌઘાટ પર હી હમ રહેંગેં ઔર પ્રભુકી લીલાકા સ્વાનુભવ કરેંગે." "સૂર" પ્રસન્નતા અનુભવતા બોલી ઊઠ્યા અને ગદ્‌ગદિત થઈ ગયેલા સૂરદાસજીએ આંખો મીચી દીધી અને ભક્તિરસમાં ડૂબી ગયા. અણુઅણુમાં કાનુડાની લીલાની સારસ્વત–કલ્પની બાળલીલાની અનુભૂતિ થતાં જ એ દેહાનુસંધાન ભૂલી ગયા.

બંધ નેત્રો સામે – પ્રેમલક્ષણામાં તરબોળ, કામણગારા કાનુડા સાથે એકરાગમાં – પ્રેમના અનોખા સૌંદર્યમાં એકત્વની ઓતપ્રોતતા અનુભવતી – ક્ષણેક્ષણે નંદલાલનું સાંનિધ્ય ઝંખતી, સાંનિધ્ય અનુભવતી, પ્રેમની પરાકાષ્ઠાના રચયિતા "કૃષ્ણ"ના હૃદયસિંહાસને બિરાજતી યમુનાને ગોપકન્યાઓ વચ્ચે આવી ચઢેલા ભગવાન કૃષ્ણનો સંદેશો અને પોતાનું જ્ઞાનમાન લઈને પધારેલા ઉદ્ધવજી આંતરચક્ષુ સામે ખડા થઈ ગયા. જ્ઞાનનો ઉપદેશ ગોપીઓને આપવા નીકળેલા ઉદ્ધવજી ગોપીઓની પ્રેમલક્ષણા–ભક્તિથી રંગાઈને ભગવાન શ્રીકૃષ્ણને વિનંતી કરતા "સૂર" સામે ખડા થઈ ગયા.

"ભગવાન...મને વ્રજ વહાલું થઈ ગયું છે. હું સતત વ્રજની ભોમકામાં વસી કૃષ્ણપ્રેમથી ફાટફાટ એવી ગોપીઓનાં ચરણોની ધૂળને મારા આ શરીર પર ધારણ કરતો રહું તો એને મારું સદ્‌ભાગ્ય સમજીશ. આ ગોપીઓની ચરણરજનું સદાય સેવન કરતા મારા વ્હાલા મને વૃંદાવનના વનાંચલની ગુલ્મલતા તેમજ અન્ય ઔષધિઓમાં, વ્રજની લતાઓમાં, વેલોમાં મને સ્થાન આપવાની કૃપા કરો કે જેથી લૌકિક સંસાર – પતિ, બાપ, બાળક... બધાંને છોડી,

સાનભાન ભૂલી મહારાસ ખેલવા દોડી જતી ગોપીઓનાં ચરણો મારા અંગ પરથી પસાર થાય અને એ ચરણના સ્પર્શની – ચરણરજની ધૂલિથી હું કૃતકૃત્ય થઈ, ભક્તિરસમાં ડૂબતો રહું." અને "સૂર"ના હૃદયમાંથી શ્રીમદ્ ભાગવતની ઉદ્ધવલીલાનો શ્લોક–

आसामहो चरणरेणुजुषा महं स्याम् ।
वृन्दावने किमपि गुल्मलतौषधिनाम् ।।
या दुस्त्यजं स्वतनमार्यं पथं च हित्वा
भेजुं मुकुन्द-पदवी श्रुतिभिः विमृग्याम् ।।

સરી પડયો.

"સૂર" ઉદ્ધવલીલાના શ્લોકનું પઠન કરતાં યમુનાતટ પર જ દેહાનુસંધાન ગુમાવી બેઠા. સારસ્વત–કલ્પના ઉદ્ધવજીને દર્શન આપતા મુરલીમનોહરજીના શબ્દો "સૂર"ના કાને પડયા :

"હે ઉદ્ધવ, તમારો વ્રજભૂમિ પ્રત્યેનો, ગોપીઓ પ્રત્યેનો અને મારી બાળલીલાનો સ્વાનુભાવ કરવાનો અનુરાગ એ વિરહ...એ ઝંખના... મારા હૃદયને પ્રસન્ન કરી રહી છે... તો ઉદ્ધવ... મારી વ્રજલીલા નિત્યલીલા છે. ગોપીઓ સદૈવની શ્રુતિ–સ્વરૂપા છે. વૃંદાવન અને યમુના... વ્રજભૂમિ મારી નિત્યલીલાનાં અંગો છે... તો હે ઉદ્ધવ... મારી વ્રજલીલાનો સદૈવ અનુભવ કરવા કલિયુગના સંધિકાલમાં તમે મથુરા નજીકના એક ગામમાં બ્રાહ્મણકુળમાં જન્મ લેશો એ સમયે જ મારી વ્રજલીલાનો સ્વાનુભાવ તમે કરશો અને વ્રજભાષામાં એ લીલાઓનાં પદોથી વ્રજભૂમિને, વ્રજભક્તોને તમે પ્લાવિત કરશો. સ્ત્રી, પુરુષ, માતા, પિતા, ભાઈ, બહેન – બધાં જ લૌકિક પ્રેમનાં બંધનોથી મુક્ત રહેવા તમે જન્મથી જ નેત્રહીન હશો.. "સૂર"ને નામે જગતના ચોતરે, હે ઉદ્ધવ, તમે ખ્યાતિ પામશો, પ્રભુના પ્યારા બની રહેશો."

અને "સૂર"નું હૃદય ભાવવિભોર થઈ ગયું. નેત્રોમાંથી ડળકડળક આંસુ સરી પડયાં. અણુઅણુમાં આનંદની હેલી ઊમટી અને "ઉદ્ધવ, કરમનકી ગતિ ન્યારી"નું પદ વાતાવરણમાં પ્રસરી ગયું.

"ગૌઘાટ"ના કાનનમાં આંબાડાળે કૂજતી કોયલ, નૃત્ય કરતા મયૂરોના ઠેકા, બે કાંઠે વહેતો જલપ્રવાહ 'સૂર'નું 'ઉદ્ધવ, કરમન કી ગતિ ન્યારી' એ પદ સાંભળવા કોયલ એનું કૂજન, મયૂર નૃત્યનો ઠેકો અને વહેતો જલપ્રવાહ એની ગતિ ભૂલીને "સૂર"નાં પદોનું શ્રવણ કરવા લાગ્યાં. કાળના વહેતા પ્રવાહમાં કિશોર "સૂરે" યુવાવસ્થામાં પ્રવેશ કર્યો, ત્યાં સુધીમાં તો એમનાં પદો સારી વ્રજભૂમિમાં ગુંજી ઊઠયાં. "સૂર"નાં પદો સાંભળવા ખૂણેખૂણેથી લોકો "ગૌઘાટ" પર આવવા માંડયા, "સૂર"નાં ચરણે પડતાં એની દીક્ષા લેવા માંડયા, કંઠી બંધાવવા માંડયા..."સૂર" સૂરસ્વામી બનીને વ્રજમાં વિહરવા માંડયા....સંગીત, કાવ્ય, ગાયન, વાદન ઇત્યાદિ કલાના શિરોમણિ સૂરસ્વામીનું અંતર અંદરથી

અકળાવા માંડયું.

ફરી એક વખત શિષ્યોનો ઝમેલો, "સ્વામી સ્વામી"નું ભક્તોનું રટણ એમને એમના શામળિયાની શોધના પથથી દૂરદૂર ખેંચી રહ્યાં હતાં. જ્ઞાન, વૈરાગ્ય તેમજ વિનયનાં પદોની રચના દ્વારા સમગ્ર વ્રજમંડળમાં ધાર્મિક ભાવના જગાવતા, "કૃષ્ણપ્રેમ"ની ધૂણી ધખાવી બેઠેલા "સૂર"ના આંગણે એક સાંજે એક અતિથિ આવી પહોંચ્યા.

"સૂર...સ્વામી...આપનાં દર્શને.. આપનાં પદો સાંભળવા તમારે દ્વારે આવી પહોચ્યો છું."

"પધારો...નિર્ગુણ...નિરાકાર ભકિતના પ્રવર્તક... સંત કબીરજી, આપનું સ્વાગત છે." "સૂર" આનંદવિભોર બની સંત કબીરનું સ્વાગત કરતા બોલી ઊઠયા.

પ. પ્રેમી કો પ્રેમી મિલે...

"પ્રેમી ઢૂંઢત મૈં ફિરૂ, પ્રેમી મિલે ન કોઈ
પ્રેમી કો પ્રેમી મિલે, તબ ભક્તિ દઢ હોય."

આંખો સામે એના જેવા જ જટાધારી, દૂબળા–પાતળા, પોતડીમાં શોભતા, હવામાં ઊડતા ભૂખરા વાળની લટોને સમારતા, ભાવભર્યા આલિંગન સાથે ભાવવિભોર થઈ ગયેલા સૂરદાસને ભેટી પડતા કબીરજીના મુખમાંથી અનાયાસે વેણ નીતરી પડયાં.. ચાર આંખોમાંથી શ્રાવણભાદરવો વહેવા માંડયા...

ગૌઘાટનાં પગથિયાં પર બેઠેલી જમુનાજલ ભરતી પનિહારીઓ આથમતી સંધ્યાના ગુલાબી રંગોમાંથી પ્રેમભાવના ઊડતા ગુલાલને નીરખી રહી. પનિહારીઓના રૂપકડા ચહેરા પર આનંદની લહર પ્રસરી ગઈ... આંબાડાળે કોયલ ટહૂકી, મયૂરના ઠેકાથી ધરણી ગાજતી થઈ ગઈ....વાંદરાઓ આનંદમાં આવી એક ડાળી પરથી બીજી ડાળી પર કૂદકા મારવા માંડયા.

આ જગતના બે મહાન ભક્તોના અનોખા મિલનની એ વેળા હતી..

"કબીરજી !"... સૂરદાસજી કબીરજીના દઢ આલિંગનથી એટલા બધા ભાવવિભોર થઈ ગયા કે એક ક્ષણ પૂરતી તો એમની વાણી જ અશબ્દ થઈ ગઈ. મિલનની વેળાના વર્ણન માટે શબ્દો ખૂટી પડયા...ધીમેધીમે કબીરજીના દઢ આલિંગનમાંથી મુક્ત થતાં જ વ્રજભૂમિમાં સંતનું સ્વાગત કરતાં મુખમાંથી પદની પંક્તિ સરી પડી :

"ધન્ય યહ વૃંદાવન કી રેણુ
નંદકિશોર ચરાવત ધેનુ
મુખહી બજાવત વેણુ"

"કબીરજી, આ વૃંદાવનની વ્રજભૂમિમાં જ્યાં મારો વહાલો ગાયો ચરાવે છે, અધર પરમ વેણુનાદ વહાવે છે, એવી ભૂમિમાં તમારું સ્વાગત છે. આપ પણ મારા નટખટ નંદલાલના 'વહાલા જન' છો, ભક્તિની મહેફિલના જણ છો...આવો.. જમુનાજલનું પાન કરો.. મારી મૈયાની કૃપા અપાર છે."

"સૂરદાસજી, આ વ્રજભૂમિ તો પ્રેમસ્વરૂપ ઈશ્વરનું ઘર છે...

યહ તો ઘર હૈ પ્રેમકા, ખાલા કા ઘર નાહિ
શીશ ઉતારે ભુઈ ઘરૈ, તબ પૈઠે ઘર માહિ

માયા–મમતાનું ઘર નથી. વ્રજભૂમિમાં પ્રેમઘરમાં પ્રવેશવા માટે મસ્તક નમાવી, વંદના કરી...હું તમારા આંગણે આવ્યો છું, કારણ કે

પ્રેમ છૂપાયા ના છૂપે, જા ઘટ ઉમગ્યા હોય
દીપ જ મુખ બોલે નહિ, નેન દેત કો રોય

જેના દિલમાં પ્રેમ હોય છે, તે છૂપો રહી શકતો નથી, ભલે મુખેથી

પ્રેમવાક્યો ન ઉચ્ચારે, છતાં નેત્રોમાં તે દેખાઈ આવે છે. 'સૂરસ્વામી' તમારા તો શબ્દોમાં અને નેત્રોમાંથી ફકત પ્રેમ ...નર્યો કૃષ્ણપ્રેમ.. મારા સાહેબ પ્રત્યેનો પ્રેમ નીતરતો દેખાય છે. ધન્ય થઈ ગયો તમારાં દર્શને..."

"કબીરજી, આવો, ગૌઘાટ પર વિશ્રામ કરી, ભગવત્-સ્મરણ કરીએ..." કહેતા સૂરદાસજી પ્રેમથી કબીરજીનો હાથ પકડી, ધીમેધીમે ગૌઘાટનાં પગથિયાં ઊતરવા માંડયા. સૂરસ્વામીનું હૈયું પણ, ચોધાર આંસુ વહાવતા કબીરની આરજૂ, વિરહ અને કૃષ્ણને – એના 'સાહેબ'ને – નિરાકાર નિરંજન પરમતત્ત્વ એવા રામના મિલનની તાલાવેલીને ભાવભરી નજરે નિહાળતાં ગદ્ગદિત સ્વરે બોલી ઊઠ્યું :

"હરિજન કો હરિનામ બડો ધન"

સંત કબીર મહાત્મા રામાનંદ જેવા ઓલિયા સંતના બેફિકરા શિષ્ય હતા. અલખનો અહાલેક એમની સાખીઓ, દુહાઓ તેમજ તળપદી રમૈની ભાષામાં, હૈયા સોંસરવી ઊતરી જાય એવી રચનાઓ દ્વારા ભારતભરમાં પ્રખ્યાત થઈ ચૂક્યાં હતાં. સૂરસ્વામીએ એમની રચનાઓમાંથી ઊભરતા ભગવદ્ભાવને વ્રજયાત્રાએ અવારનવાર આવતા કબીરપંથી શિષ્યોના મુખે અનેક વાર સાંભળ્યો હતો.

મક્કે મદીને મેં ગયા, વહાં ભી હર કા નામ
મેં તુજ પૂછું હે સખી, દેખા કિસ ઠામ

માનવદેહને જ તીર્થધામ માનતા, એ માનવદેહમાં વસેલા નિરાકાર બ્રહ્મ-સ્વરૂપને સદાય ભક્તિ દ્વારા વિરહની વ્યાકુળતા દ્વારા મળી લેતા કબીર તીર્થયાત્રાએ ક્યારેય જતા નહીં. ઊલટો તીર્થયાત્રાએ જતાં યાત્રીઓને સવાલ કરતા : "દેખા કિસ ઠામ ?" એવા કબીર નટખટ નંદકિશોરની ક્રીડાભૂમિમાં, વ્રજભૂમિમાં એના 'સાહેબ' ને એ 'સાહેબ'ના "સૂરસ્વામી" જેવા ભક્તોની સાથે સત્સંગ કરવા આવી પહોંચ્યા હતા. કબીરે પણ "સૂરસ્વામી"ની એક સંતકવિ તરીકેની ખ્યાતિ ખૂબ જ સાંભળી હતી. મથુરામાં વિશ્રામઘાટ પર ભેટી ગયેલા – શરણે આવેલા ભક્ત ધરમદાસના મુખે ગૌઘાટના એકાંતમાં બેસી પ્રભુભક્તિમાં લીન થઈ ચૂકેલા "સૂરસ્વામી"નાં પદો સાંભળી એમનાં દર્શને આવી પહોંચ્યા હતા.

"પરબત પરબત મૈં ફિરા, કારન અપને રામ"– એવા રામને ઢૂંઢવા નીકળી પડેલા કબીરની ઈશ્વર પ્રત્યેની આસક્તિ કબીરની આંખોમાંથી વહ્યે જતી અશ્રુધારામાં નિહાળી "સૂરસ્વામી" ભાવવિભોર બની ગયા.

"કબીરજી, ધન્ય છો તમે... મારા વહાલાનું નામ તમારી જીભમાં, તમારા હૃદયમાં, તમારી આંખોમાં, તમારા અણુઅણુમાં વેરાઈ ગયું છે....તમારા સમગ્ર વ્યક્તિત્વમાં, લોહીમાં ભળી ગયું છે. એને હું વંદન કરું છું."

"સૂરસ્વામી, આજ તો તમારા મુખે મારા 'સાહેબ'ની અંતરંગ લીલાનાં પદો સાંભળવા, એ પદોમાંથી મારા નિર્ગુણ, નિરંકારી રામના સગુણ સાકાર સ્વરૂપનું દર્શન માણવા આવ્યો છું, તો આપની વાણી સંભળાવો..." કબીર બોલી ઊઠ્યા.

તમારા તો
પ્રત્યેનો પ્રેમ

કરીએ..."
ાં પગથિયાં
ની આરજૂ,
એવા રામના
l ઊઠ્યું :

શેષ્ય હતા.
ભાષામાં,
થઈ ચૂક્યાં
વ્રજયાત્રાએ
હતો.

કાર બ્રહ્મ–
ીર્થયાત્રાએ
ા : "દેખા
મેમાં એના
સંગ કરવા
ની ખ્યાતિ
શે આવેલા
થઈ ચૂકેલા

પને ઢૂંઢવા
વચ્ચે જતી

ાં, તમારા
ારા સમગ્ર

ા લીલાનાં
ણ સાકાર
ીર બોલી

સૂરસ્વામી કબીરની આંખોમાં આંખો પરોવતા એમના હૈયાનો તાગ માણવાનો પ્રયત્ન કરી રહ્યા હતા, ત્યાં જ અંતરમાંથી–

બસો મેરે નયનનિ મેં યહ જોરી
સુંદર સ્યામ કમલ દલ લોચન
સંગ વૃષભાનુ કિશોરી
મોર મુકુટ મકરાકૃત કુંડલ
પીતામ્બર ઝક ઝોરી
"સૂરદાસ" પ્રભુ તુમ્હારે દરસકોં
કા વરનો, મતિ થોરી.

કબીર પદ સાંભળી ડોલી ઊઠ્યા...સૂરનો સ્વામીભાવ આ પદમાં "સૂરદાસ" બની ગુંજી ઊઠ્યો હતો. સૂરદાસ પદ પૂરું કરતાં જ બોલી ઊઠ્યા : "કબીરજી, મારા વહાલાની એકાદ સાખી તમે પણ સંભળાવો." જવાબમાં કબીરજી સૂરદાસના હાથ પકડી ગદ્‌ગદિત સ્વરે બોલી ઊઠ્યા :

મન મસ્ત હુઆ તબ ક્યા બોલે ?
હીરા પાયો ગાંઠ ગઠિયાયો
બાર બાર વાકો ક્યોં ખૌલે ?

સૂરદાસજી અનાગતના આશિક હરિભક્તના હૃદયમાં સાકાર ભક્તિનો ઉદય થતો જોઈ હરખાઈ ગયા.

"કબીરજી, મારા વહાલાની આ સૃષ્ટિ, આ માયા વિષે તમે જે ઉદાસીન–ભાવ – ધૃણાનો ભાવ અને 'સાહેબ'ના મિલનના અવરોધનો ભાવ તમારા પેલા પદમાં

મૈં જાનુ હરિ સે મિલું
મોં મન મોટી આસ
હરિ બિચ આયે અંતરા
માયા બડી પિશાચ

કહીને માયાને પિશાચિણી કહી ગાયો છે. નિરંજન, નિરાકાર પરમતત્ત્વ સુધી પહોંચવા માટે જે રીતે અવરોધરૂપ ગણી છે એ માયા જે બ્રહ્મસ્વરૂપ છે, એ બ્રહ્મસ્વરૂપને પ્રભુની લીલા ગણી એ લીલામાં જ આપણા "સાહેબ"નું – "લાલા"નું દર્શન કરતા થઈ જઈએ. આ સૃષ્ટિમાં હરેક તત્ત્વમાં – પશુ, પંખી, માનવ, ઝાડ, પાન, આકાશ, કુદરત... બધાંમાં જ મારા "વહાલા"નો વાસ છે. પ્રભુનો અંશ આ બધાંમાં જ રહેલો છે અને એ "અંશ"ને પામવાનો પ્રયત્ન કરીએ. એ હરિને મળવાનો પ્રયત્ન હૃદયથી કરીએ તો હરિ તો ઢૂંકડો છે અને એને મેળવવા પ્રેમલક્ષણા–ભક્તિનો માર્ગ આપણને મળી જાય તો બેડો પાર થઈ જાય... તમે જ ક્યાં ભક્તિનો મહિમા બતાવતાં નથી કહ્યું –

ઔર કર્મ સબ કર્મ હૈ, ભક્તિ કર્મ નિષ્કામ

કહે કબીર પુકારિકે ભક્તિ કરો તજી ભર્મ

પાનખરની ઋતુ આપણી આજુબાજુના વનાંચલમાં ફૂલીફાલી રહી છે. માણસની ઉંમર જેમજેમ વધતી જાય, તેમતેમ એની જિંદગીમાં પણ પાનખર બેસતી જાય... અને એ પાનખર એટલે શુષ્ક થકાવટભરી પરમતત્ત્વની શોધમાં યાત્રાની અવધિ થઈ જતી હોય છે. અને તમારી જ સાખી યાદ કરીએ તો,

ચલતી ચક્કી દેખકર દિયા કબીરા રોય
દો પાટન કે બિચ મેં સાબુન બચા ન કોય.

આપણે લોકો જનમમરણની સંસારરૂપી ચક્કીનાં બે પડ વચ્ચે પિસાતા રહ્યા છીએ.. પરંતુ આપણે ક્યારેય પેલી દળણું દળતી ડોશીની જેમ વિચારતા નથી કે બન્ને પડ વચ્ચે ખલમાંકડી – ખીલો જડી દીધો હોય ભક્તિનો, તો એને વળગીને ટકી શકીએ... આ વાત પણ તમે જ કહી છે... અને મેં સાંભળી ત્યારથી હું પણ મારા હરિનો ખીલો પકડી ટકવા મથી રહ્યો છું...અને આપણે તો, કબીરજી–

જો સુખ હોત ગોપાલે ગાયે
સો ન હોત જપ તપ વ્રત સંગમ
કોટિક તીરથ ન્હાયે...

જિંદગીમાંથી પાનખરને હટાવી, અંતરમાં બસંત જગાવો...વનવેલીમાં ઘૂમતો મારો 'માખણચોર' ભેટી જશે."

કબીરજી ભગવાન–વત્સલ ભક્તની નિર્ભીક વાણી જેમજેમ સુણતા ગયા તેમતેમ એમને મનમાં થયું કે, આંખો સામે પાનખરનાં ઠૂંઠાં ખડાં છે, એમાં સૂરદાસની વાણી પ્રાણ પૂરતી લાગે છે....ઠૂંઠી ડાળીઓ પર કૂંપળ ફૂટે છે અને ધોમ તડકામાં લીલીછમ વનરાજિ ખીલતી જાય છે. સમગ્ર વાતાવરણમાંથી વિસરાતી પાનખરનું સ્થાન વસંત લઈ રહી હતી.

કબીરજીની આંખો ચકળવકળ થઈ ગઈ. સૂરદાસજીનો ઠાકોરજી પ્રત્યેનો ભાવ, ભક્તિ, ઘેલછા, વિરહ અને વ્યથા જોઈ એમને ભેટી પડયા. ખભે કામળી નાખી...

"સૂરદાસજી...વિદાય આપો..વ્રજના વહાલાના સ્વરૂપનાં તમારી વાણી દ્વારા જે દર્શન થયાં તે અલભ્ય અને ક્યારેય ભુલાય એવાં નથી...માનવજાતિના તમે એક અનોખા મોતી છો. આજ તો હું તમારી પાસેથી વિદાય લેતાં–

કબીરા ! પિયાલા પ્રેમકા, અંતર લિયા લગાય
રોંમ રોંમ મેં રમે રહાં, ઔર અમલ કયા થાય ?

–એ ભાવ અંતરમાં ઘૂંટતો જાઉં છું... તમે પ્રભુના પ્રેમરસનો પ્યાલો અંતઃકરણમાં એવો તો રેડી દીધો છે... અને પરિણામે પ્રભુભક્તિનો એવો તો નશો ચડયો છે કે બીજા કોઈ નશાની હેસિયત રહી નથી."

"કબીરજી, પ્રેમરસ ચીજ જ એવી છે... મારા વહાલાના અધરનું એ

અધરામૃત છે.

સૂર હરિ ચરિત અમૃત મધુ પાન કે,
ઔર અમૃત કુછ આન લાગે.

જેણે હરિલીલારસરૂપ મિષ્ટ અને મધુર રસનું અમૃતપાન કર્યું છે તેને સ્વર્ગ અને વૈકુંઠનાં સુખ પણ ફિક્કાં લાગે છે."

—કબીરે સૂરદાસજીને એમની છાતી સાથે લગાડી દીધા. અને છૂટા પડતાં ફરી એક વખત ચારેય આંખોમાંથી શ્રાવણ–ભાદરવો વહેવા માંડ્યા... કબીરજી એમણે વણેલી કામળી સૂરદાસજીને ઓઢાડતાં બોલી ઊઠ્યા :

નિરાકાર નિજ રૂપ હૈ, પ્રેમ પ્રીતિ સોં સેવ
જો ચાહે આકાર કો, સાધુ પરછત દેવ

નિરાકાર એટલે જેને આકાર નથી. તે નિજરૂપ જ પોતાનું પ્રાણસ્વરૂપ છે–અને પ્રાણસ્વરૂપ તે જ પરમેશ્વરનું નિરાકાર સ્વરૂપ. હે હરિજન, તારે નિરાકાર કે સાકાર જેને પણ સેવાભાવ – પ્રેમભાવ – ભક્તિભાવ આપવો હોય તો તે આપ, બધું તને પ્રત્યક્ષ તારા દેવમાં જોવા મળશે... અને એ પ્રત્યક્ષ દેવ એટલે સૂરદાસજી, તમારા જેવા સાધુચરિત મહાત્મા... કારણકે સાધુ–મહાત્માનું અંગ સાકાર છે...અને સાધુતા નિરાકાર."

અને ધીમેધીમે શાંત પગલે કબીરજીએ વૃંદાવનની વાટ પકડી...સૂરદાસજી ઈશ્વરના અલખના બંદાને વિદાય લેતા કબીરજીના પગરવ દ્વારા જોતા રહ્યા અને મનોમન ગાઈ રહ્યા :

હરિજન કો હરિનામ બડો ધન....

૬. વ્રજ ભયો મહરિ કે પૂત

"ગોપાલ બોલો હરિ ગોવિંદ બોલો
રાધારમણ હરિ ગોવિંદ બોલો...."

હવામાં વિરહવ્યાકુળ અવાજ વેરાઈ રહ્યો હતો. પાંચસાત ભક્તજનોનો સમૂહ વ્રજભૂમિમાં પ્રવેશી રહ્યો હતો. સાદાસીધા, એકવસ્ત્રી પંચિયું, માથે ચોટી, ચહેરા પર સમસ્ત વિશ્વની કલ્યાણભાવનાનું તેજવર્તુળ, આંખોમાં પરમતત્ત્વના મિલનની આરજૂ, ખુલ્લા ચરણે...

"ગોપાલ બોલો હરિ ગોવિંદ બોલો
રાધારમણ હરિ ગોવિંદ બોલો...."

–એ ધૂનથી વ્રજના વનાંચલોને ગજવતા યુવાન – પુષ્ટિસંપ્રદાયના શ્રીમદ્ વલ્લભાચાર્યજી – ગોકુળની દિશામાં એમના વ્રજભક્તો સાથે જઈ રહ્યા હતા. મંદમંદ વહેતા સમીરની પાંખે એમના વહેતા આર્દ્ર સ્વરે સમસ્ત વ્રજમંડળને આનંદોર્મિથી છલકાવી દીધું હતું. નાનકડી મંડળીની સાથેસાથે નાચતાંકૂદતાં હરણબાળો ચાલતાં હતાં, મયૂરો કળા કરતા, એમની પાંખોને પ્રસરાવતા, મુક્ત હૈયે નર્તન કરતા શ્રીવલ્લભના ચરણ સાથે તાલ મિલાવતા ચાલી રહ્યા હતા. આંબાડાળે કોયલના ટહુકા, "ગોકુળચન્દ્રમા"ના મધુર અવાજથી વાતાવરણને ગુંજતું કરતાં વ્રજપંખી વનમાં વિહાર કરતી ચારો ચરતી ગાયો, પૂંછડી પટપટાવતી વ્રજમાં પ્રવેશેલા શ્રીવલ્લભની આજુબાજુ ઘૂમતી, ગળામાં બાંધેલી ઘંટડીનો રણકાર કરતી શ્રીવલ્લભની સાથે ગતિ કરી રહી હતી. ગાયોના ગોવાળો એમની મધુર બંસરીના નાદથી ગાયોની પાછળ શ્રીવલ્લભની સાથેસાથે આગળ ને આગળ ચાલતા હતા.

વ્રજભોમકાની રેણુને માથે ચઢાવતા શ્રીવલ્લભ અચાનક ચાલતા–ચાલતા અટકી ગયા. દૂરદૂરથી વનાંચલની ઘેઘૂર વૃક્ષઘટાઓમાંથી ગળાઈ–ગળાઈને તંબૂરાના તાલ સાથે એક મીઠો મધુર અવાજ શ્રીવલ્લભને કાને પડયો :

મો સમ કુટિલ ખલ કામી
તુમ સૌં કહાં છિપી કરુણામય
સબકે અંતરજામી...

અવાજમાં ભવાટવીમાં ભૂલા પડેલા પામર માનવીના હૈયાનું દર્દ, લાચારી, વિવશતા, વેદના, પામરતા ઘૂંટાઈઘૂંટાઈને રુદન–સ્વરોમાં ગળાઈગળાઈને આવતાં હતાં. શ્રીવલ્લભ અટકી ગયા. પાછળ એમના ભક્તજનોનો સમૂહ પણ અટકી ગયો. મોર, બપૈયા, કોયલ, હરણાં, લીલીછમ વનરાજિમાં વેરાતા વાયુની લહરીઓ... બધું જ થોડીક ક્ષણો પૂરતું શાંત, સ્તબ્ધ અને નીરવ થઈ ગયું.

શ્રીવલ્લભના ચહેરા પર મૃદુ–વિરહના ભાવો વેરાઈ ગયા. આંખોમાં

કરુણાનો સાગર છલકાઈ ગયો.

"અરે ભૈયા...યે મધુર આવાજ કહાંસે આઈ રહો હૈ ? " શ્રીવલ્લભ મધુર કંઠ પર ઝૂમી ઊઠતાં બોલી ઊઠ્યા.

"કૃપાનાથ, યે ગૌઘાટ કી ભૂમિ હૈ...યહાં સૂરસ્વામી નામકે એક બડે, જન્મસે અંધે સંત બસે હૈં... યે ઉનીકી આવાજ હૈ..." સેવક બોલ્યો.

શ્રીવલ્લભે એક નજર એમની સાથે આવેલા વ્રજભક્તો પર નાખી.

થોડાક દિવસો પહેલાં અડેલના નિવાસસ્થાનેથી ગોકુળ જવા નીકળેલા ભક્તજનોના ચહેરા પર ઊભરતા મધ્યાહ્નનો થાક લાગતો હતો. મુખ પ્રસ્વેદ–બિંદુઓથી છલકાતું હતું. "આપણે ગૌઘાટના અરણ્યમાં વિસામો લેશું. યમુનાજીમાં સ્નાન કરી, સંધ્યાવંદન કરીને સામગ્રી સિદ્ધ કરી, ઠાકોરજીને ભોગ ધરાવી, ભોજન ઇત્યાદિ કાર્ય પતાવી આરામ કરીશું." વૈષ્ણવભક્તો ગુરુદેવની આજ્ઞા પ્રમાણે કાર્યાન્વિત થઈ ગયા. શ્રીવલ્લભે પણ એક છોકરના વૃક્ષ નીચે વિસામો કરવા દેહ લંબાવ્યો.

વનમાં કાષ્ઠ વીણવા નીકળી પડેલા બેચાર સાધુ યુવાનોએ એક તપસ્વી યુવાનને એમની મંડળી સાથે વનમાં વિરામ કરતા જોઈ શ્રીવલ્લભના એક ભક્તને પૂછ્યું :

"વિશાળ ચમકતા ભાલવાળા આ તેજસ્વી યુવાનનો અને એમના આપ સેવકોનો પરિચય આપશો, બંધુ ?"

"અરે, બંધુ, આ તેજસ્વી યુવાન તો કાશી અને દક્ષિણમાં માયાવાદનું ખંડન કરી ચૂકેલા, શુદ્ધાદ્વૈતની વિશિષ્ટ ભાવનાવાળા ભક્તિમાર્ગની સ્થાપના કરવાવાળા શ્રીમદ્ વલ્લભાચાર્યજી છે અને અમે તેમના શિષ્યો છીએ. અમે અડેલથી ગોકુળ જઈ રહ્યા છીએ." ગુરુદેવ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો ગૌરવભેર પરિચય આપતાં એક ભગવદ્‌ભક્ત બોલી ઊઠ્યો.

"અરે, શ્રીવલ્લભ આપણે આંગણે પધાર્યા છે ! ચાલો ચાલો, આપણા સૂરસ્વામીને ખબર આપીએ."– કહેતા સૂરસ્વામીના યુવાન ભક્તો માથે કાષ્ઠના ભારા સાથે સૂરસ્વામીની કુટિરની દિશામાં દોડી ગયા અને...

"સ્વામીજી...સ્વામીજી... આજનો દિવસ તો ખૂબ જ રળિયામણો છે ! આપણા ગૌઘાટના જંગલમાં કાશી અને દક્ષિણના વિજયનગરમાં દિવસો સુધી શાસ્ત્રાર્થ કરી માયાવાદનું ખંડન કરી ભકિતમાર્ગનું સ્થાપન કરી ચૂકેલા શ્રીમદ્ વલ્લભાચાર્યજી પધાર્યા છે." શિષ્ય ગોપાલ બોલ્યો.

"શું કહો છો, વત્સો ! ગૌઘાટની ભૂમિમાં આટલા મોટા સંતનું આગમન થયું ! શ્રીવલ્લભ પધાર્યા છે ! ચાલો, ભાઈઓ, એમનાં દર્શને જઈ આપણી કાયાનું કલ્યાણ કરીએ. મને એમની પાસે લઈ ચાલો." સૂરસ્વામી ખૂબ જ આનંદવિભોર બનતાં બોલી ઊઠ્યા... અને મનોમન ભગવાનને પ્રાર્થના કરતાં બોલી ઊઠ્યા :

"વાહ, મારા નટખટ કૃષ્ણ કનૈયા ! આ કુટિલ, કામી, પતિત એવા સૂર પર કેવી કૃપા કરી કે મારા આંગણે અખંડભૂમંડલેશ્વર શ્રીમદ્ વલ્લભાચાર્યજી જેવા સંત પધાર્યા ! થોડા સમય પહેલાં કબીરજીનો સત્સંગ તારી કૃપાથી થયો. આજે....'ગુરૂણામ્ ગુરુ' એવા શ્રીવલ્લભ આંગણે આવ્યા."

સૂરસ્વામી ઉતાવળા પગલે એમના શિષ્યોને સહારે જ્યાં શ્રીવલ્લભ વિરામ કરતા હતા, એ સ્થળે આવી પહોંચ્યા અને એક શ્રીવલ્લભપ્રેમી સેવકને પકડતાં કહ્યું :

"અમે શ્રીવલ્લભનાં દર્શને આવ્યા છીએ... કૃપા કરી એમને ખબર આપો."

"સૂરસ્વામી, શ્રીવલ્લભ હાલમાં ભોજન આરોગી રહ્યા છે. તમે સામેના છોકરના વૃક્ષ પાસે વિરામ કરો. શ્રીવલ્લભ ત્યાં એમના આસને થોડીવારમાં બિરાજમાન થશે; ત્યારે જરૂર એમનાં દર્શન કરજો."

સૂરસ્વામી એમના શિષ્યો સાથે છોકરના વૃક્ષની દિશામાં ગયા. થોડી વારમાં શ્રીવલ્લભ એમના યથાસ્થાને બિરાજમાન થવા પધાર્યા, ત્યારે એક સેવકે છોકરના વૃક્ષને છાંયે એમના શિષ્યો સાથે બેઠેલા દૂબળાપાતળા, ઠીકઠીક ઊંચા, પંચિયું પહેરેલા, એમની જ ઉંમરના યુવાન સૂરસ્વામી તરફ અંગુલિનિર્દેશ કરતાં પરિચય આપ્યો :

"કૃપાનાથ, થોડીવાર પહેલાં જેમના મધુર કંઠે જે પદ આ જંગલની હવામાં પ્રસરીને આપને ડોલાવી ગયું હતું એ જ આ ગૌઘાટના સૂરસ્વામી છે. આપનાં દર્શનની પ્રતીક્ષા કરી રહ્યા છે."

શ્રીવલ્લભનો પદરવ સાંભળતાં જ સૂરસ્વામી પણ બેઠા થઈને હાંફળા-ફાંફળા શ્રીવલ્લભની દિશામાં ધસી ગયા અને ચરણ પકડીને, દંડવત્ કરતાં ભાવભર્યા સ્વરે ગદ્ગદિત સ્વરે બોલી ઊઠ્યા : "સ્વાગત છે, પ્રભુ, આપનું આ પામરજીવના ગૌઘાટના નિવાસસ્થાને... આજ મારું આયખું ધન્યધન્ય થઈ ગયું, પ્રભુ !"

શ્રીવલ્લભ ચરણોમાં આળોટતા, વ્રજની સમસ્ત ભોમકાને એમનાં સૂરીલાં પદોથી પ્લાવિત કરતા સંતકોટિના એક અનન્ય ભક્તના ભાવને – લાગણીને જોઈ ઝૂમી ઊઠ્યા. શ્રીવલ્લભે નીચા નમીને સૂરસ્વામીને બેઠા કર્યા. છોકરના વૃક્ષ નીચે બિરાજી, સૂરસ્વામીને આજ્ઞા કરી :

"સૂરસ્વામી, આપણા કૃષ્ણકનૈયાના વ્રજમંડળમાં જમુનાતીરે બેસી, આપણા લાડીલા કાનકુંવરના ભગવદ્યશનું સુંદર પદ સંભળાવો..."

"પ્રભો ! જેવી આજ્ઞા... આજ જનમફેરો સફળ થઈ ગયો...કે આ 'સૂર'ની વાણી આપ સમા જ્યોતિર્ધરને સંભળાવવાની તક મળી !" અને સૂરસ્વામીએ હાથમાં તંબૂરો લીધો. શ્રીવલ્લભને વંદન કરતાં એમણે એમની આંગળીઓ તંબૂરાના તાર પર રમતી કરી. વાતાવરણમાં તંબૂરાના તાર ઝણઝણી ઊઠ્યા અને સાથેસાથે "સૂર"નો સૂર...

હોં હરિ સબ પતિતન કૌ નાયક
કો કરી સકે બરોબરી મેરી, ઈતે માનકૌ લાયક (૧)
જો તુમ અજામિલ સૌ કીની પાતી લીખ પાઉં
હોય વિશ્વાસ ભલો જીય, અપને ઔર પતિત બુલાઉં (૨)
સિમિટ જહાં તહાં તે સબ કોઉ આઈ જૂરે ઈ કઠૌર
અબકે ઈતને ઔર મિલાઉં બેર દૂસરી ઔર (૩)
ટોડાહોડી મન હુલાસ કરી કરે પાપ ભરી પેટ
સબકો લે પાયન તરિ યહી હમારી ભેટ (૪)
એસી કિતિક બનાઉં પ્રાનપતિ સુમિરન વ્હૈ ભયો આડે
અબકી બેર નિબેર લેઉ પ્રભુ, સૂર પતિત કો ટોંડો (૫)

માનવજીવની પામરતાનું "સૂર પતિત કો ટોંડો"નું પદ પૂરું કર્યું. રાગ ધનાશ્રીના સૂરો હવામાં આથમી ગયા. સૂરસ્વામીના ચહેરા પર વિષાદ, આંખોમાં આંસુ અને હૃદયની પામરતાના ભાવોએ શ્રીવલ્લભના હૈયાને હલાવી દીધું.

"આવો મહાન જીવ...શબ્દનો બંદો આટલી બધી 'લઘુતાગ્રંથી'થી શા માટે પીડાતો હશે ? "સૂર"ના સાચા હૃદયના આ સ્વામીનું દાસત્વ ગિરિધરધરણને ચરણે સમર્પિત થાય તો.. મારો વહાલો ખૂબખૂબ પ્રસન્ન થાય."– શ્રીવલ્લભ મનોમન વિચારી રહ્યા હતા. એમની વાણીના માધુથી પ્રભાવિત થઈ શ્રીવલ્લભે સૂરસ્વામીને બીજું પદ ગાવાની આજ્ઞા કરી. "સૂરસ્વામી"ના હૈયામાં આનંદઉત્સાહના શતશત દીવા પ્રગટ્યા. એમણે શ્રીવલ્લભને વંદન કરતાં ફરી એક વાર તંબૂરાના તાર છેડતી એમની આંગળીઓને તાર પર રમતી કરતાં બીજું પદ શરૂ કર્યું :

પ્રભુ હોં સબ પતિત કૌં ટીકો
ઔર પતિત સબ દિવસ ચારી કૈ હૌં તો જન્મતહી કૌં
બધિક, અજામિલ, ગનિકા તારી, ઔર પૂતનાહી કૌં
મોહિ છાંડી તુમ ઔર ઉધારે મિટે સૂલ ક્યોં જીકો
કોઉ ન સમરથ સુધ્ધ કરન કૌં ખેંચિ કહત હૌં લિકો
મરિયત લાજ સૂર પતિતન મૈં કહત સબૈં મોહિ નીકૌં..

સૂરસ્વામીનો એ જ દીનહીન ભાવ... પામર હૃદયની વાણી... એ જ "પતિત કૌં ટીકો.." એ જ "પતિત કો ટોંડો..."

આંખો સામે લીલાનાં દર્શન શ્રીવલ્લભને થયાં... શ્રીવલ્લભ ગદ્ગદિત થઈ ગયેલા સૂરસ્વામી સામે જોઈ રહ્યા. આંખો સામે "સૂરસ્વામી" કૃષ્ણસખાના જીવ હતા. એમનું બીજું લીલાનું સ્વરૂપ ચંપકલતાનું હતું. આ ભવાટવીમાં ભૂલા પડેલા સૂરસ્વામી એમનાં મૂળ સ્વરૂપોથી અજ્ઞાત હતા. લીલાના આ જીવને "લીલાનાં દર્શન"નું દાન આપવાનું શ્રીવલ્લભે આ પદો સાંભળી વિચાર્યું. લીલાનાં દર્શનનું દાન મેળવતાં જ આ અસાર સંસારમાં ભટકતા પામર જીવને ફરી એક વખત "કૃષ્ણસખા"ના ચંપકલતાના સ્વરૂપનું જ્ઞાન અંતરમાં થશે... એટલે સાચા

સ્વરૂપનો "કૃષ્ણસખા" બનીને વહાલાને એમનાં મધુર પદોથી રીઝવતો થઈ જશે....

કશુંક આવું વિચારતા શ્રીવલ્લભ ઊઠીને સૂરસ્વામી પાસે પહોંચ્યા. એમના ખભે પોતાનો કોમળ હસ્ત મૂકતાં બોલી ઊઠ્યા... શ્રીવલ્લભના અવાજમાં એ જ કઠોપનિષદ અને શ્રીમદ્ ભગવદ્ગીતાનો યુદ્ધભૂમિ પર અર્જુનને સંભળાવેલો "ત્વામ્ ઉત્તિષ્ઠ"નો રણકો હતો. શ્રીવલ્લભ બોલી ઊઠ્યા :

"અરે, સૂર થઈને આવો પામરભાવ ! લાચારીનો ભાવ તમારાં પદોમાં ગાતાં–ગાતાં ગળગળા કેમ થઈ જાઓ છો ? તમે પાપી નથી, લાચાર નથી, પામર નથી. તમે તો ભગવાનના લાડકા દીકરા છો....શૂર છો, આપણા વહાલા ઇષ્ટદેવની ભગવદ્–લીલાનું વર્ણન કરતાં પદો ગાઓ. જે જીવ ભગવાનથી અલગ થયો છે તે પતિત તો થયો જ છે. એના વિષે વધુ ને વધુ શું ગાવું ? એ કરતાં તો આપણા નટખટ નંદકિશોરની ભગવદ્–લીલાનાં પદો દ્વારા એને યાદ કરતા રહો. એ પદોના માધ્યમ દ્વારા એના બની રહો. ભગવદ્–લીલાનાં વર્ણનો ગાવા તો તમારો જન્મ થયો છે, સૂર.."

"સૂર" શ્રીવલ્લભના રણકતા સૂરોને ગદ્ગદિત હૈયે સાંભળી રહ્યા. "વાહ રે મારા વલ્લભ... તમે તો મારી આત્મવિશ્વાસની ડૂબતી નૈયાને બચાવી દીધીને શું ? પરંતુ કૃપાનાથ, આ પામર જીવને ભગવદ્–લીલા શું એની જ કાંઈ સમજ નથી. ભવાટવીમાં ભટકતા આ જીવને ભગવદ્–લીલાનાં જીવનું દાન કરો."

"સૂર... તમે આપણી સૌની પરમકૃપાળુ કરુણામૂર્તિ ખળખળ વહેતી જમુનામૈયામાં સ્નાન કરી આવો. માના ખોળે બેઠેલો જીવ... એના પ્રેમથી પ્લાવિત એવા આ જીવ પર જમુનામૈયાની કૃપા ઊતરશે. તો સ્નાન કરી મારી પાસે આવો."

"જેવી કૃપાનાથની આજ્ઞા." કહેતા સૂરસ્વામીએ ગૌઘાટનાં પગથિયાં ઊતરીને, "જય જમુના મૈયા... હમ આયો ચરણ તોહારો" કહેતાં શ્રીયમુનાજીમાં ડૂબકી મારી... જમુનામૈયાના શીતલ જલે સૂરસ્વામીના હૈયાની તડપન, વિરહ ને વહાલાને મળવાની–પામવાની તાલાવેલી પર શીતલ લેપ જાણે લગાડયો હોય, એમ સૂરસ્વામીના મનના આવેગો, ચિંતાઓ, પામરતાનું શમન થવા માંડયું... અને "જય જમુના મૈયા..." કહેતાં જમુનાજલમાંથી બહાર આવી ગૌઘાટનાં પગથિયાં ચડતાં–ચડતાં શ્રીવલ્લભનાં ચરણ પાસે બે હાથ જોડી અપરસમાં આવીને ઊભા રહ્યા.

શ્રીવલ્લભે સૂરદાસને નામસ્મરણ સંભળાવી "જીવ"ને ઈશ્વર–સમર્પિત કર્યો. એ પછી આપશ્રીએ દશમસ્કંધની અનુક્રમણિકાનું શ્રવણદાન કર્યું, જેમાં શ્રીબાલ–કૃષ્ણલાલજીની બધી જ લીલાઓની સૂચિ હતી. અષ્ટાક્ષરમંત્ર સંભળાવી શ્રીવલ્લભે "સૂર"ના બધા જ દોષો દૂર કર્યા. પરિણામે ભક્તિના સાત પ્રકારો સિદ્ધ થયા. બ્રહ્મસંબંધ કરાવી સખ્ય અને આત્મનિવેદનની બાકીની બે ભક્તિની સિદ્ધિ કરાવતાં સૂરસ્વામીને સંપૂર્ણ નવધા ભક્તિનું પણ જ્ઞાન પ્રાપ્ત થયું.

આ રીતે શ્રીવલ્લભે સૂરસ્વામીના હૃદયમાં આખાં સુબોધિનીજીનું જ્ઞાન સ્થાપિત કર્યું. પરિણામે ભગવદ્-લીલાનું વર્ણન કરવાનું જોમ એમનામાં આવ્યું. સુબોધિનીજીના મંગલાચરણની પહેલી પંક્તિઓ–

નમામિ હૃદયે શેષે લીલાક્ષીરાબ્ધિશાયિનમ્
લક્ષ્મી સહસ્રલીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્ ।

સાંભળતાં જ "સૂર"ના હૈયામાંથી એ ભાવને પુષ્ટ કરતું પદ–

ચકઈ રી ચલિ ચરન સરોવર, જહાં નહીં પ્રેમવિયોગ
જહાં ભ્રમનિસા હોતી નહીં કબહુ સો સાયર સુખયોગ

–સરી પડયું અને એમના મધુર કંઠે જ્યારે પદની અંતિમ પંક્તિઓ "અબ ન સુહાય વિષયરસ છિલ્લર વા સમુદ્રકી આસ" સરી પડી, ત્યારે શ્રીવલ્લભ આનંદવિભોર થઈ સૂરસ્વામીને ભેટી પડયા.

"સૂરસ્વામી...તમે..તો..." ભાવવિભોર શ્રીવલ્લભ આગળ બોલી ન શક્યા.

"સૂરસ્વામી શાનો... કૃપાનાથ ? એ તો મરી ગયો.. આપનાં દર્શન થતાં જ હું તો આપ સર્વેનો 'સૂરદાસ' છું, પ્રભુ !"

"વાહ સૂરદાસ ! પ્રભુની કૃપા તમારા પર ઊતરી છે. તમે હવે 'નિકુંજલીલા'ના જીવ બન્યા છો.. બધી જ લીલા તમે હવે આત્મસાત્ કરી છે, તો સૂર...કંઈક 'નંદાલય'ની લીલાનું પદ ગાઓ."

"જેવી આજ્ઞા, કૃપાનાથ !" અને સૂરદાસે તંબૂરો હાથમાં લીધો. એમની આંગળીઓ તંબૂરાના તાર પર હજી તો રમવા માંડે ત્યાં તો શ્રીવલ્લભની કૃપાથી સૂરદાસના અંતરનાં ચક્ષુ ખૂલી ગયાં અને આંતરભોમમાં નંદમહોત્સવની બોલતી રમઝટનું સૂરદાસનું પદ વાતાવરણમાં ફોરી ઊઠયું :

વ્રજ ભયો મહરિ કે પૂત જબ યહ બાત સુનિ
સુનિ આનંદે સબ લોગ ગોકુલ ગનિત સુનિ...

ગૌઘાટની નિકુંજોમાં સૂરદાસના મુખમાંથી એક પછી એક પંક્તિએ "નંદમહોત્સવ"નો અનોખો માહોલ ખડો કરી દીધો. એકત્રિત થયેલા વ્રજભક્તોએ "આજ ઘેર આનંદ ભયો...જય કનૈયાલાલ"ની ધૂનથી વાતાવરણ ગજાવી દીધું અને સૂરદાસના પદની અંતિમ પંક્તિ–

"તબ તા દિન તેં વે લોગ સુખસંપતિ ના તજે
સુનિ સૂર સબન કી યહ ગતિ જિન હરિ ચરન ભજે"

...સાંભળી શ્રીવલ્લભ ડોલી ઊઠયા – ગાઈ ઊઠયા :

"સુન સૂર સબન કી યહ ગતિ જો હરિ ચરન ભજે"

૭. 'અખિયાં હરિ–દરશન કી પ્યાસી'

"તબ તા દિન તેં વે લોગ સુખસંપતિ ના તજે
સુનિ સૂર સબન કી યહ ગતિ જિન હરિ ચરન ભજે."

શ્રીવલ્લભ ડોલી ઊઠ્યા. મનોમન છેલ્લી પંક્તિ ગણગણી રહ્યા હતા. ત્યાં જ અંતઃસ્ફુરણા થઈ. એમનું ડોલન અટકી ગયું. સૂરદાસે નંદરાયજીના વિશાળ મહાલયનું – નંદાલયનું વર્ણન કર્યું ત્યાં સુધી શ્રીવલ્લભનું હૃદય આનંદથી પ્લાવિત થઈ ગયું, પરંતુ જ્યારે સૂરદાસે ગોપીજનોના આવાસોનું વર્ણન કરતા માંડ્યું ત્યારે શ્રીવલ્લભે એમને અટકાવ્યા :

"સૂરદાસજી...તમારું પદ સુંદર છે, પરંતુ એની અંતિમ ટૂકમાં આ ફેરફાર સૂચવું છું."

"જરૂર, ગુરુદેવ...આપશ્રીનાં વચનામૃતથી મારું પદ...અંદરનો ભાવ પવિત્ર થશે." સૂરદાસ નમ્રભાવે બોલ્યા.

"સૂરદાસજી...છેલ્લી પંક્તિ આ પ્રમાણે ગાઓ :

સુનિ સૂર સબનકી યહ ગતિ
જો હરિ ચરન ભજે

"જિન"ની જગ્યાએ "જો" શબ્દ પધરાવી દો એટલે વ્રજભક્તોનો જે ઉલ્લાસ, ઉત્સાહ અને આનંદ છે તે ભગવદીયોના હૃદયનો પણ અનુભવ બની રહે. પરંતુ આ અનુભવ લૌકિક દુનિયા સમક્ષ પ્રગટ ન કરવો. આ અનુભવ સ્વાનુભાવ છે, આપણા વહાલા સાથે માણેલી એકાંતની પળોનો અનુભવ છે, ગોપિત ભાવ છે. લીલાનાં પદો, એ ભાવો આપણા અને આપણા વહાલા વચ્ચેની વિશ્રંભ અનુભવ–કથા છે. એની જાહેરાત જગતમાં ન કરાય."

"જેવી આપની આજ્ઞા, ગુરુદેવ...લીલાના આ જીવ માટે ભગવાનની લીલાનાં પદોથી વિશેષ જિંદગીમાં કશું રહ્યું નથી. એનું સ્વામીપણું આપનાં ચરણકમળમાં ઓગળી ગયું છે. ત્યારે, પ્રભુ, આ મારા સેવકો કર્યા છે એમની ગતિ શી થશે ?"

"સૂરદાસજી, તમારા પદના અંતિમ ચરણમાં ફેરવેલી શબ્દોની માત્રા 'જિન' શબ્દની જગ્યાએ 'જો' શબ્દ મૂકીને મેં તમારા આ સેવકોનાં હૃદયમાં રહેલા ભગવદ્‌ભાવને ઠાકોરજી – પ્રેરિત કર્યો છે. તમે એ વિષે ચિંતા છોડી, પ્રભુની લીલાનાં પદો ગાઈને આપણા ગોવર્ધનધરજીને, આપણા નવનીતપ્રિયાજીને રીઝવો." શ્રીવલ્લભ બોલ્યા.

"જેવી આપની આજ્ઞા." સૂરદાસજી શ્રીવલ્લભની વાણી પર, હૃદયની કોઠાસૂઝ પર વારી ગયા : "મારા વલ્લભે કેવી સરસ રીતે મારી પંક્તિ–

સૂનિ સર સબન કી યહ ગતિ 'જિન' હરિ ચરણ ભજે

એટલે કે સૂર, જેણે શ્રીહરિનાં ચરણ સેવ્યાં છે, તે બધાની એ ગતિ થશે– જેવા ભાવને શ્રીવલ્લભે કૃપા કરી ફક્ત એક શબ્દ "જિન"ની જગ્યાએ 'જો' મૂકીને

સૂનિ સૂર સબન કી યહ ગતિ જો હરિચરણ ભજે

એટલે કે એમના પ્રમાણે જેમણે શ્રીહરિનાં ચરણ સેવ્યાં છે, એમ નહીં પણ "જો" શબ્દ મૂકી જે કોઈ શ્રીહરિનાં ચરણ સેવશે એ બધાની એ ગતિ થશે કહી.... એમણે તો મારા સેવકોની મારી ફિકર દૂર કરી દીધી."

"પ્રભુ..." ગદ્‌ગદિત સ્વરે સૂરદાસ બોલી ઊઠ્યા. શ્રીવલ્લભે સૂરદાસના ચહેરા સામે એમની કૃપાદષ્ટિ ઢાળી. ચહેરા પરના ભાવ સૂરદાસના અંતરમાં જાગેલી ઇચ્છાની ચાડી ખાતા હતા.

"બોલો, સૂર, કાંઈ ઇચ્છા–અપેક્ષા–મૂંઝવણ ?" શ્રીવલ્લભ બોલ્યા.

"પ્રભુ, મારા વહાલાનાં નામ તો અપાર છે. એમની ભગવદ્–લીલા અપાર છે. આપના શ્રીમુખે... ભગવદ્–લીલાના ભાવો પ્રગટ કરતાં 'પુરુષોત્તમસહસ્ર નામ"નું દાન મને કરશો તો મારાં લીલાનાં પદમાં આપની વાણીનું અમૃત ભળશે."

સૂરદાસની વિનંતીનો સ્વીકાર કરતાં શ્રીવલ્લભે એમને શ્રીયમુનાજીના કાંઠે બેસી "પુરુષોત્તમસહસ્ર" સંભળાવ્યું. એનાથી સૂરદાસના હૈયામાં આનંદનો અનોખો પ્રકાશ પ્રસરી ગયો... અને એમાંથી શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધથી બારમા સ્કંધ સુધીની બધી જ લીલાઓનું જ્ઞાન પ્રાપ્ત થયું, જે પદોરૂપે ધરતી પર અવતર્યું.

ત્રણત્રણ દિવસ સુધી ગુરુ અને ચેલા વચ્ચે અનહદ ભગવદ્–લીલાની વાતો થઈ, પદોની રમઝટ બોલી અને આખરે શ્રીવલ્લભે એમના સેવકોને આજ્ઞા કરી : "વૈષ્ણવો...ચાલો... ગોકુલ તરફ પ્રયાણ આદરીશું." કહીને શ્રીવલ્લભ એમની કુટિરમાં આરામ કરવા પધાર્યા.

આ બાજુ સૂરદાસની વિહ્‌વળતા વધી ગઈ. શ્રીવલ્લભની વિદાય પછી એ અહીં ગૌઘાટ પર શું કરશે ? છેલ્લા ત્રણ દિવસની એમના સાંનિધ્યમાં ગાળેલી એકએક પળનો આનંદ શ્રીવલ્લભની વિદાયે "સ્મૃતિ" બની એમના અંતરને કોરતો રહેશે. આખી રાત પડખાં ઘસીને આંખોમાં "અંસુવન" ખીલવીને કાઢી.

બ્રાહ્મમુહૂર્તમાં જ સૂરદાસથી રહેવાયું નહીં... એ બેબાકળા એમની કુટિરના દર્ભાસન પરથી ઊઠી ગયા અને શ્રીવલ્લભની કુટિર તરફ દોટ મૂકતાં જ એમનાં ચરણ પકડી લેતાં બોલી ઊઠ્યા :

"ગુરુદેવ... આપના સાંનિધ્યની સેવાની તક આપો. મને આપના શ્રીચરણની, શ્રીગોવર્ધનનાથજી, શ્રીનવનીતપ્રિયાજી લાડલે લાલની સેવાને યોગ્ય બનાવી સેવાનો લાભ આપો, પ્રભુ !" સૂરદાસની ગદ્‌ગદિત વાણીથી શ્રીવલ્લભનું હૈયું ભરાઈ આવ્યું.

"સૂરદાસજી...ચાલો... ગોકુળનાં દર્શન કરો. આ એ ભૂમિ છે જ્યાં આપણા નટખટ નંદકિશોર બાલકૃષ્ણજીએ બધી જ વનલીલાઓ કરી છે. એ ભૂમિનું, એ વનોનું, એ વાતાવરણનું દર્શન કરી તમારાં પદોમાં એને અમર કરો. મારા લાલજીની

લીલાનું વર્ણન કરો."

અને ખભે કામળી, હાથમાં તંબૂરો અને થેલીમાં એક જોડી કપડાં નાખી,

"ગોપાલ બોલો હરિ ગોપાલ બોલો
રાધારમણ હરિ ગોપાલ બોલો"

–ની ધૂન સાથે એ શ્રીવલ્લભની પાછળપાછળ નીકળી પડયા. અંતરમાં લાલાની ક્રીડાભૂમિ ગોકુળનાં દર્શનની તાલાવેલી લાગી હતી. એ ગોકુળના નંદાલયમાં ઘૂંટણિયે ફરતા, મટૂકી ફોડી, નાનકડા શિશુ–હસ્તથી માખણ ખાતા, ગાલ પર લગાડતા "લાલા"ની લીલાનાં દર્શનની આરજૂ એમના અણુઅણુમાં પ્રસરી ગઈ હતી.

ગુરુદેવ... હવે નવનીતપ્રિયાજીની ભૂમિ કેટલી દૂર છે ?–ના ઘેલા સવાલો સાંભળી શ્રીવલ્લભ મનોમન પ્રસન્ન થતાં વિચારતા હતા કે–

"સૂર"ને શ્રીનવનીતપ્રિયાજીની આસક્તિ બરોબરની લાગી ગઈ છે. અને લીલાનું એ સ્વરૂપ ખુદ એમને પણ ક્યાં ઓછું આસક્ત હતું ?

"સૂરદાસ ! આ છે મારા વહાલા નંદકિશોરનું ગોકુળ... એનાં મન ભરી દર્શન કરી લ્યો અને મારા લાડલા નવનીતપ્રિયાજીની ભગવદ્‌–લીલાનું એકાદ પદ સંભળાવો, જેમાં એમની બાળલીલાની સાથે એમનો ગુણાનુવાદ પણ હોય."

"જેવી કૃપાનાથની આજ્ઞા." કહેતાં સૂરદાસજીએ તંબૂરો હાથમાં લીધો અને ચિત્તને અંતરના ખોળિયામાં બિરાજેલા "લાલજી"નાં દર્શન કરવા ઉતારી દીધું. આંતરચક્ષુ સમક્ષ નંદાલયની મહેલાત ખડી થઈ ગઈ. ચોર્યાશી આરસ–પહાણના સ્થંભો, રત્નજડિત દીવાલો, કાષ્ઠનાં સુવર્ણજડિત દ્વારો અને વિશાળ પરસાળમાં ઘૂંટણભેર હડિયાપાટી કરતો નાનેરો કહાનકુંવર, જે થોડીવાર પહેલાં જશોદામૈયાની કેડે રમતો, જશોદામૈયાને પજવતો હતો એ નંદકિશોર, એના ચહેરા પર રમતું તોફાની શિશુ–સ્મિત, ચહેરા પર નજીકમાં જ ફોડેલી મટકીના માખણના લપેડા... સૂરદાસજી ડોલી ઊઠ્યા અને હૈયાના ગોખલેથી પદ સરી પડયું :

શોભિત કર નવનીત લિએ
ઘુટુરન ચલત રેણુ તન મંડિત, મુખ દધિ લેપ કિએ
ચારુ કપોલ લોલ લોચન છબી ગોરોચન કો તિલક દીએ
લર લટકત માનો મત્ત મધુપગન માદક મધુહિં પિએ
કઠૂલા કંઠ વજ્રકેહરી નખ રાજત હૈ સખિ રૂચિર હિએ
ધન્ય સૂર એકો પલ યહ સુખ કહા ભયો સતકલ્પ જીએ ?

શ્રીવલ્લભને સૂરદાસજીના પ્રતિશબ્દે આંખો સામે "લાલા"ની અદ્‌ભુત લીલાનાં દર્શન થવા માંડયાં. શબ્દોમાંથી સૃષ્ટિ ઊભી કરવાની સૂરદાસની દશ્યશ્રાવ્યની કામયાબીને શ્રીવલ્લભે સૂરદાસ પરની ઈશ્વરની ઊતરેલી કૃપા જ ગણી.

ગોકુલની કુંજગલીઓમાં સૂરદાસજી સવાર–બપોર–સાંજ "લાલા"ની શોધમાં

ઘૂમતા રહ્યા. ભક્ત અને ભગવાન વચ્ચે આંખમિચૌલીની રમત શરૂ થઈ ગઈ. નંદાલયની મહેલાતમાં સૂરદાસજીનું ચિત્ત ઘૂમ્યા કરતું... એ પરિભ્રમણમાં ક્યારેક જશોદા શ્રીહરિના નાજુક સ્વરૂપને પલનામાં ઝુલાવતાં હોય અને સૂરદાસ ગાઈ ઊઠે :

જશોદા હરિ પાલનૈ ઝૂલાવે
હલરાવે, દુલરાઈ મલ્હાવે, જોઈ સોઈ કછુ ગાએ

તો ક્યારેક બાલકૃષ્ણલાલ પોતાના પગનો અંગૂઠો હાથથી પકડી પોતાના મોઢામાં નાખી દે અને સૂરદાસનું હૈયું ઝૂમી ઊઠે.

ચરન ગહે અંગુઠા મુખ મેલત
નંદ ઘરનિ ગાવતિ, હલરાવતિ, પલના પર હરિ ખેલત.

એક દિવસ સૂરદાસજીનો "લાલો" ગુસ્સામાં ધસમસતો નંદાલયના પ્રાંગણમાં આવી, ઘૂમર ગાયના આંચળમાંથી દૂધ દોહતી જશોદામૈયાને પાછળથી પકડી, એની પીઠ પર ઝૂલતો બોલી ઊઠ્યો :

મૈયા મોહિં દાઉ બહુત ખિજાયો..
મૌસો કહત મોલકૌ લીન્હો, તું જસુમતિ કબ જાયો ?

અને ધારદાર સવાલ કરતો, જશોદાના હૈયાના પ્યારને હચમચાવી મૂકતો પૂછે છે :

પુનિ પુનિ કહત કૌન હૈ માતા, કો હૈ તેરૌ તાત
ગોરે નંદ, જસોદા ગોરી, તું કત સ્યામલ ગાત ?

અને રડતાં–રડતાં એની મશ્કરી કરતાં બાલગ્વાલની સામે ફરિયાદ કરતાં કહે છે :

ચુટકી દૈ દૈ ગ્વાલ નચાવત, હંસત સબૈ મુસુકાત
તું મોહીં કૌ મારન સીખી, દાઉહિં કબહુ ન ખીજ..

અને દાઉને ખિજાતી – કૃષ્ણકનૈયાનાં વાગ્બાણોથી ઘવાયેલી જશોદામૈયા રડતા કનૈયાને છાતી સરસો ચાંપી દેતી, સામે ઊભેલી ગાયની તરફ અંગુલિ–નિર્દેશ કરતી બોલી ઊઠે છે :

"સૂર" સ્યામ મોહિં ગોધન કી સૌં, હૌં માતા તૂ પૂત..

ગોકુલની સાંકડી ગલીઓ સૂરદાસની બાળલીલાનાં એકએક પદથી ગુંજતી થઈ ગઈ. આખોય દશમસ્કંધ સૂરદાસની બાળલીલાનાં પદોના વહેણમાં તરતો થઈ ગયો. શ્રીવલ્લભ ઠકુરાણી ઘાટ પર સંધ્યાવંદન કરીને સૂરદાસ પાસેથી બાળલીલાનાં પદો સાંભળતાં ભાવવિભોર થઈ જતા. સૂરદાસના શબ્દોમાંથી નંદનંદનની વિવિધ લીલાઓ આંખો સામે ખેલાતી જોઈ શ્રીવલ્લભનો આત્મા તૃપ્ત–તૃપ્ત થઈ જતો.

એક દિવસ સમી સાંજે ગોવર્ધનની દિશામાંથી એક ખેપિયો ગોકુળના શ્રીવલ્લભઘાટ પાસે આવીને ઊભો રહ્યો.

શ્રીવલ્લભ સંધ્યાવંદન પૂર્ણ કરી, સૂરદાસના મુખેથી–

"બલિ બલિ જાઉં મધુર સુર ગાવહુ
અબકો બાર મેરે કુંવર કન્હૈયા, નંદહિ નાંચિ દિખાવહુ

એ પદ સાંભળતા બેઠા હતા.

"કૃપાનાથ !" ખેપિયો પદ પૂરું થતાં હાથ જોડી બોલ્યો.

"આવ, ભાઈ, ગોવર્ધનનાથજીના શા ખબર છે ?"

"કૃપાનાથ, મંદિર સિદ્ધ થઈ ગયું છે અને આપશ્રીની બધા કાગડોળે રાહ જુએ છે."

"સૂરદાસ, ચલો ભઈ, આપણા ગોવર્ધનધરજીનાં નોતરાં આવ્યાં છે. 'નવનીતપ્રિયાજી'ને બહુ લાડ લડાવ્યાં. બાળલીલાનાં અસંખ્ય પદોથી 'ઘુટુર ઘુટુર ચલત–' આપણા લાલાને ખૂબ રીઝવ્યા. તમારા પર એમની અસીમ કૃપા ઊતરી છે, તો હવે શ્રીગોવર્ધનધર શ્રીનાથજીનાં દર્શને ચાલો અને એમનાં ચરણકમળ પાસે બેસી, શ્રીજીને તમારાં પદો સંભળાવો."

"કૃપાનાથ, આપની આજ્ઞા.." અને અંતરમાંથી પદ ખીલી ઊઠ્યું :

અખિયાં હરિ દરશન કી પ્યાસી
દેખ્યો ચાહતિં કમલનૈન કૌ નિસિદિન રહંતિ ઉદાસી
આએ ઉધૌ ફિરી ગયે આંગન, ડારિ ગએ ગર ફાંસી
કેસરિ તિલક મોતિનિ કી માલા, વૃંદાવન કે વાસી
કાહુકે મન કી કોઉં જાનત, લોગન કે મન હાંસી
"સૂરદાસ" પ્રભુ તુમ્હારે દરસ કૌ, કરવત લૈંહૌ કાસી

–અને શ્રીવલલભના પગલેપગલે....

ગોવિંદ બોલો હરિ, ગોપાલ બોલો
રાધારમણ હરિ ગોવિંદ બોલો
ગોપાલ બોલો હરિ, ગોવિંદ બોલો
રાધારમણ હરિ ગોપાલ બોલો...

–ની ધૂન ગાતાગાતા... "ગિરિરાજધરણ પ્રભુ તુમ્હારે શરણ"– સૂરદાસજી ચાલી નીકળ્યા.

૮. ગિરિરાજજીની છાયામાં

"ગિરિરાજધરણ પ્રભુ તુમ્હારે શરણ"

—ના જાપ સાથે શ્રીવલ્લભે બ્રાહ્મમુહૂર્તે ગિરિરાજજી તરફ પ્રયાણ આરંભતાં પહેલાં, શ્રીનવનીતપ્રિયાજીનાં મંગલાનાં દર્શન કરવા ઊપડયા. સૂરદાસજી પણ હાથમાં તંબૂરા સાથે શ્રીવલ્લભને પગલેપગલે ચાલવા માંડયા.

આંખો સામે એ જ નંદાલય, નંદાલયની આજુબાજુનું પથરાયેલું મહાવન, આંખો ભરાઈ જાય એટલી ખીલેલી, ફૂલીફાલેલી વનરાજિ, આગલી રાત્રે પડી ગયેલી વર્ષાના કારણે વાતાવરણમાં ઊઠેલી મહેક.... મહાવનથી થોડેક અંતરે સાધુસંતોની ઘાસની કુટિરોથી શોભતી રમણરેતી... એ વ્રજરજ... સૂરદાસ તો ગોકુળમાં આવ્યા ત્યારથી દિવસમાં બેચાર વખત આ રમણરેતીની વ્રજરજમાં દિલ ખોલીને આળોટતા.. સમગ્ર અંગને વ્રજરજથી ભરી દેતા.

"સૂરદાસજી... આપણા નવનીતપ્રિયાજીને જગાડવાનું એકાદ પદ સંભળાવો. આપણો લાલો જાગે અને આપણે એનાં દર્શન કરતાં ધન્ય થઈ જઈએ." શ્રીવલ્લભે મંદિરમાં પ્રવેશતાં જ સૂરદાસજીને આજ્ઞા કરી. સૂરદાસજીએ શ્રીવલ્લભ સામે નજર કરી. ચહેરા પર એ જ અનોખો ભક્તિભાવ... લાલન પ્રત્યેનાં ભક્તિ અને પ્રેમ. શ્રીવલ્લભનું માથું ઉપરણાથી ઢંકાયેલું હતું. સમગ્ર અંગમાં માતા જશોદાનો વાત્સલ્યભાવ હિલોળા લેતો હતો. સૂરદાસજીની આંખો સામે અનેરું દશ્ય રચાઈ ગયું. નંદાલયનો પ્રભુનો શયનકક્ષ, નાનકડી પલંગડી, એમાં ટૂંટિયું વાળીને પોઢેલા નંદકિશોર, બાજુમાં ઝારી–બંટાજી, બન્ને નાના બાહુમાં બાજુબંધ, ચરણમાં ઘૂંઘરુ, ગળામાં માળા, હડપચીમાં ઝગમગતો હીરલો, બારીમાંથી પ્રવેશેલા ઓતરાદા વાયરા શ્રીનવનીતપ્રિયાજીના વાળને હવામાં ઉડાડતા હતા. પ્રભુ નિરાંતે પોઢયા હતા અને માતા જશોદા "ઠાડાં"(ખડાં) હતાં. અને સૂરદાસના હૈયામાંથી, તંબૂરાના તારને ઝણઝણાવતું પદ સરી પડયું :

માત યશોદા કબકી ઠાડી
ભોજન દુધ લેહું ઘ્રત સાન
ઉઠો, લાલ કલેહું કીજે
સુંદર વદન દિખાવો આન
સંગ સખા સબ દ્વારે ઠાડે
મધુવન ધેનુ ચરાવો પ્રાન
સૂરદાસ અતિ હી અલસાને સોવત હૈ
અજહુ નિસિ જાન...

શ્રીવલ્લભનું "જશોદાહૈયું" હલબલી ઊઠયું. "હરિદર્શન કી પ્યાસી અંખિયાં"–માંથી વિરહાતુર હૃદયનાં આંસુ સરી પડયાં અને એ જ વખતે "ટેરો" ખૂલ્યો.

બાળસ્વરૂપ શ્રીનવનીતપ્રિયાજી હસતા-ખેલતા ભક્તજનોની આંખો સામે ઘૂંટણિયાભેર, હાથમાં લાડુડી સાથે પ્રદર્શિત થઈ ગયા અને હર્ષઘેલા, આનંદવિભોર સૂરદાસના મુખેથી દર્શનની અનુભૂતિનું પદ વાતાવરણમાં વહેવા માંડયું :

"ગદ્‌ગદ ગિરા લોચન ધારા
પ્રેમ પુલક તન છાયે
તીન લોક સુખ તૃણાવત
દેખતે નંદન ઉર આયે
દિયે નહીં લેત ચાર પદારથ
જો હરિ ચરણ અરૂઝાયે
સૂરદાસ ભગવંત ભજન તે
ચિત્ત નહીં ચલત ચલાયે

"સૂરદાસ, ચાલો, ગોવર્ધનધારી આપણને યાદ કરે છે." શ્રીવલ્લભ દર્શનની અનુભૂતિના આનંદસાગરમાં ડૂબી ગયેલા સૂરદાસના ખભે હાથ મૂકતાં બોલ્યા.

"કૃપાનાથ, જુઓ-જુઓ, આપણો લાડલો - મૈં તુઝ સંગ ચલુંરિ મૈયા, ગોવર્ધન મેં આઉં... આપની સાથે આવવા તૈયાર થઈ ગયો છે."

શ્રીવલ્લભના સમસ્ત અંગમાં એક લહર પ્રસરી ગઈ. કોઈક એમની કરાંગુલિ પકડતું હોય એવો અનુભવ થવા માંડયો. શ્રીવલ્લભની દષ્ટિ એમના હસ્ત પર પડી અને સાચે જ સૂરદાસની પંક્તિ "મૈં તુઝ સંગ ચલુંરિ મૈયા.. ગોવર્ધન મેં આઉં.."ના વિહ્‌વળભાવ સાથે નવનીતપ્રિયાજી શ્રીવલ્લભના હાથ પકડતા ઊભા થઈ રહ્યા હતા.

શ્રીવલ્લભનું હૃદય દ્રવી ઊઠયું.. માતા જશોદાના ભાવથી એમણે શ્રીનવનીતપ્રિયાજીને તેડી લીધા, છાતીએ વળગાડયા અને બોલી ઊઠયા :

"મૈં ગોવર્ધન જરૂર લે જાઉંગો... મેરો લાલ... અબ તો શ્રીગોવર્ધનનાથજી કો મંદિર મેં પાટ બૈઠા દૂં..." કહી સૂરદાસ સામે જોતાં શ્રીવલ્લભે શ્રીનવનીતપ્રિયાજીને સિંહાસને આરૂઢ કર્યા... દંડવત્ કરી, ભક્તજનો સાથે શ્રીવલ્લભે ગોકુળની ગલીઓ પસાર કરતાં શ્રીગિરિરાજજી તરફ પ્રયાણ આદર્યું. શ્રીવલ્લભને પગલેપગલે સૂરદાસજી યાત્રાપથ પર ચાલતા રહ્યા.

ઠકુરાણીઘાટ અને વલ્લભઘાટ પર શ્રીયમુનાજીની આરતી કરી શ્રીવલ્લભે શ્રીયમુનાજીના કિનારેકિનારે એમની યાત્રા શરૂ કરી.

"ગિરિરાજ-ધરણ પ્રભુ તુમ્હારે શરણ...
ગિરિરાજ-ધરણ પ્રભુ તુમ્હારે શરણ.."

પૂર્વદિશાની ક્ષિતિજમાં ધીમેધીમે સૂર્યદેવતા ઉદિત થઈ રહ્યા હતા. વાતાવરણ આહ્‌લાદક હતું. મંદમંદ સમીરની લહરો વાતાવરણમાં પૂર્વાકાશની ગુલાબી આભામાંથી ઊપસતાં બાલરવિ-કિરણો સાથે તાલ મિલાવતી વહેતી હતી. જમુનાજીના વહેતા જલપ્રવાહ પર રવિકિરણો એની રમત માંડી બેઠાં હતાં.

યમુનાકિનારાના વનાંચલમાંથી કોકિલ, મોર–બપૈયા અને પોપટની ઉડાઉડ સાથેના કલરવથી પૃથ્વી ભરીભરી લાગતી હતી. યાત્રીઓનાં પ્રસન્ન હૃદયો.. વ્રજભોમકાની આ લીલાના કર્તા શ્રીકૃષ્ણ કનૈયાને – ગિરિરાજજીને – ગોવર્ધનનાથજીને યાદ કરતાં "ગિરિરાજધરણ"ની ધૂન બોલાવતાં મથુરાના વિશ્રામઘાટે આવી પહોંચ્યાં.

શ્રીયમુનાજીની આરતી થઈ ગઈ હતી. ઘાટ પર બેસી અનેક શ્રદ્ધાળુ ભક્તજનો "જય જમુનેમૈયા"ના નારા સાથે સ્નાન–પાન કરતાં હતાં. શ્રીવલ્લભની સાથે આવેલા સૂરદાસજીનું હૃદય અનોખો આનંદ અનુભવી રહ્યું હતું.

"જગતજનની જમુનામૈયા...તું..ભવતારિણી માતા છે. મારા વહાલા નંદકિશોરની ચતુર્થ પ્રિયા... તારે શરણે આવેલાનો ઉદ્ધાર કરતી – સૂર્યતનયા – તને વંદન કરું છું."– અને પછી એ જ ક્ષણે અંતરમાંથી શ્રીયમુનાજીનું પદ વાતાવરણમાં મહેકી ઊઠ્યું :

ફૂલ ફલિત હોય ફૂલરૂપ જાને
દેખી હું ના સૂની તાહિકી આપુની
તાહિકી બાત કહો, કૈસે જૂ માને
તાહિકે હાથ નિરમોલ નગ દીજિયે
જોઈ નિક કર પરખ જાને
"સૂર" કહે, કૂરતેં દૂર બસિયે સદા
શ્રીયમુનાજી કો નામ લિજે જૂ જાને

–અને શ્રીવલલભના મુખેથી પણ શ્રીયમુનામૈયાની કૃપાનું ફલન કરાવતા શ્રીયમુનાષ્ટકની પંક્તિઓ––

"કલિંદગિરિ–મસ્તકે..." સરી પડી.

શ્રીયમુનાજીની આજ્ઞા લઈ શ્રીવલ્લભે ગોવર્ધન તરફની એમના ભક્તજનો સાથેની યાત્રા શરૂ કરી.

સૂરદાસજીના અંતરનો આનંદ, ઉત્સાહ અને શ્રીગોવર્ધનનાથજીનાં દર્શનની તાલાવેલી અનોખી હતી. એમનાં ચરણ સાથે ચિત્ત પણ શ્રીગિરિરાજજીની ધૂલિમાં આળોટવા વિહ્વળ બની રહ્યું હતું. સૂરદાસજી શ્રીવલ્લભની આજ્ઞા અનુસાર એક પછી એક પદો ગાતા–ગાતા આગળ વધી રહ્યા હતા. થોડીવારમાં જ દૂરદૂરથી શ્રીગિરિરાજજીની પર્વતમાળાનાં દર્શન થયાં.

"સૂરદાસ !"

"આજ્ઞા, કૃપાનાથ."

"આપણે ગિરિરાજજીની છાયામાં આવી પહોંચ્યા છીએ. ગોવર્ધનની આ ભૂમિમાં આપણા નટખટ કનૈયાએ અનેક લીલાઓ કરી છે. વ્રજની ગોપીઓ માથે મટુકી મૂકી, આ ગોવર્ધનમાંથી, રૂડાંરૂપાળાં વસ્ત્રો પરિધાન કરતી એની લટકતી ચાલે મથુરા દૂધ, દહીં અને માખણ વેચવા જતી હતી, ત્યારે આપણો બાલકૃષ્ણ આ દાનઘાટી પાસે એના ગોપસખાઓ સાથે ઘેરી લેતો. માથે મોરપીંછનો મુગટ,

કંઠે માળા, કાને કુંડળ, નાનકડી પીતાંબરી પહેરેલો, આંખોની પાંપણ પર લટકતી એની વાંકડિયા વાળની લટોથી શોભતો તોફાની નંદનંદન આ વિશાળ વૃક્ષની ડાળીઓ પર છુપાઈ દાણ ન દેતી ગોપીઓની મટકીઓ ફોડી નાખતો... કાનુ અને ગોપીઓની લડાઈ અહીં જામતી... હૂપાહૂપ કરતી વાનરટોળી, માખણ લૂંટતી ગ્વાલોની ટોળી અને બધા વચ્ચે અથવા ખભા પર બિરાજેલા માખણ–દહીં–દૂધના ચહેરા પરના લપેડાવાળા કૃષ્ણે આ સ્થળે દાણલીલા કરી હતી. ગોપીઓની મટકી ફોડી, દૂધ, દહીં અને માખણનાં દાણ લેતા કનૈયાને ગોપીઓએ બરોબર સંભળાવી દેતાં કહ્યું હતું :

"બાપ દેત કર કંસ રાજા કો પૂત જગાતી ડોલત પૈંડે
ચતુર્ભુજ પ્રભુ જાકે જાનતિ હોં ચલે જાહું કિન પૈંડે

બાપ તો કંસ રાજાને કર ભરે છે, ને છોકરો રસ્તામાં અમને જતાં રોકે છે – એવો ટોણો મારી શકતી વ્રજવનિતાની આ ભૂમિ છે."

સૂરદાસ શ્રીવલ્લભની પ્રેમસભર વાણી સાંભળતાં જ કોઈક અનોખી દાણલીલાની દુનિયામાં સરી પડયા અને શ્રીવલ્લભે વર્ણવેલી દાણલીલાનું દર્શન કરતાં ગાઈ ઊઠયા :

"તોઉન ગોરસ છાંડ દીયો
ચહું ફૂલ ભવન રહ્યો, સારંગરિપુ, વાજિબૂરા અથયો
અમી વચન રૂચિરચિત પર હઠ ઝગરો ફેર ઉઠયો
કુમુદિન પ્રફુલ્લિત હો જિરા .
સકુચી ચલૈ મૃગ ચંદ ઉદયો
જાની નિશા, શશીરૂપ વિલોકત નવલકિશોર ભયો
તબતે સૂર નેક નહીં દૂરત મન અપનાય લિયો

દાનઘાટીનાં દર્શન કરી શ્રીવલ્લભ માનસીગંગાના કાંઠે બિરાજતા શ્રી હરદેવજીના મંદિરે શીશ નમાવી માનસીગંગાના ઘાટ પર પધાર્યા. સૂરદાસજી માનસીગંગાના હિલોળા લેતા સ્વચ્છ, સ્ફટિક મોતી શા જલતરંગોનાં આંતરચક્ષુ દ્વારા દર્શન થતાં ઝૂમી ઊઠ્યા. હૈયામાં ઊઠતા કાવ્યતરંગો માનસીગંગાનાં વિશાળ વારિમાં જ સમાઈ ગયા.

"ગિરિરાજધરણ શ્રીજી તમારે શરણ
ગિરિરાજધરણ શ્રીજી તમારે શરણ"

શ્રીવલ્લભ એમના ભક્તો સાથે શ્રીગિરિરાજજીની દિશામાં આગળ વધ્યા અને આંખો સામે પથરાયેલી શ્રીગિરિરાજજીની પર્વતમાળાનાં દર્શન થતાં સૌ કોઈનાં હૈયાં ગદ્‌ગદિત થઈ ગયાં. નાનકડી કેડીની ડાબી બાજુએ પથરાયેલી અનુપમ વનશ્રીથી શોભતી ગિરિમાળાનાં દર્શન કરતાં આખોય સંઘ આનંદપૂર્વક આગળ વધી રહ્યો હતો.

સૂરદાસજીના કાને કોયલનો ટહુકો પડયો. એ ટહુકામાંથી પણ

ગો...પા...લ...નો રણકો ઊઠતો અનુભવ્યો. હવામાં ઊડતી વ્રજરેણુની ડમરીથી એમનું અંગ ભરાઈ ગયું. મોરના ટેહુક ટેહુક અવાજ સાથેના નૃત્યના ઠેકા, બપૈયાના સૂર, વહેલી સવારે ગિરિરાજની વનરાજિમાં ચરવા નીકળેલી ગાયોના ગળે બાંધેલી ઘંટડીના મધુર રણકા, પોપટની ઉડાઉડની પાંખોની ફફડાટી.. આખુંય વાતાવરણ સત્ ચિત્ અને આનંદનું – સચ્ચિદાનંદનું સ્વરૂપ ગ્રહણ કરી ભક્તજનોના હૈયાને હિલોળે ચડાવી રહ્યું હતું. ગિરિરાજજીની કદમખંડીઓમાંથી અવનવા મધુર સ્વરોને માણતા શ્રીવલ્લભ ગિરિરાજજીની તળેટીમાં આવી પહોંચ્યા.

"સૂરદાસજી, દર્શન કરો મારા ગોવર્ધનનાથનાં, મારા વહાલાનાં."

સૂરદાસજીનું હૈયું ગદ્‌ગદિત થઈ ગયું...આંખો સામે આખીય ગોવર્ધનલીલા પ્રગટ થઈ ગઈ...ટચલી આંગળીએ ભગવાને ગિરિરાજજીને તોળ્યા છે. વ્રજભક્તો એમની લાકડીઓનો ટેકો આપતા ઊભા છે. વ્રજભૂમિ પર બારે મેઘ ખાંગા થયા છે. વીજળીના ચમકારા, વાદળોનો ગડગડાટ, સમગ્ર વ્રજ મેઘાડંબરની શ્યામ ઘટાથી ઢંકાઈ ગયું છે. મુશળધાર વરસાદની હેલીથી સમગ્ર વ્રજ પ્લાવિત થઈ રહ્યું છે, ત્યારે મુરલીધર ઘનશ્યામ નટખટ નંદનંદન ગોવર્ધનનાથ... એ જ નિશ્ચિત મધુર હાસ્ય મુખારવિંદ પર પ્રસારતો, ટચલી આંગળીએ ગોવર્ધન ધારણ કરતો, વ્રજવાસીઓ સાથે ઊભો છે. સાત-સાત દિવસથી સ્વર્ગના ઇન્દ્રનો અહંકાર જલવર્ષારૂપે વહી રહ્યો છે અને શ્રીજીનાં ચરણમાં વિલીન થઈ રહ્યો છે. માતા જશોદા આંખોમાં આટલો નાનકડો "લાલો" આટલા મોટા ગોવર્ધન પર્વતને ઉપાડી થાકી ગયો હશે, એની ચિંતા ચમકાવી રહ્યાં છે. નંદરાયજી ટચૂકડા કાનુડાની અપાર કરુણાને અન્ય વ્રજભક્તોની જેમ માણી રહ્યા છે.

સૂરદાસજી ગોવર્ધનલીલાનું અદ્‌ભુત, મનોરમ્ય દર્શન અનુભવતાં ગાઈ ઉઠે છે :

શ્રીગોવર્ધન કી રહીયે તળેટી, શ્રીગોવર્ધન કી રહીયે
નિત્ય પ્રતિ મદનગોપાલલાલ કો
ચરણકમળ ચિત્ત રહીયે
શ્રીગોવર્ધન કી રહીયે

–અને સૂરદાસજીની આંખોમાંથી અશ્રુધારા વહેવા માંડી. હાથમાંના તંબૂરાના તાર ઝણઝણી ઊઠયા. શ્રીવલ્લભ સૂરદાસજીની નજીક પહોંચ્યા અને ખભે હાથ મૂકતાં બોલી ઊઠયા :

"સૂરદાસ.."

"કૃપાનાથ !" અને વિહ્‌વળ હૈયે શ્રીવલ્લભના ચરણમાં લોટતાં બોલી ઊઠ્યા...

જો સુખ હોત ગોપાલે ગાયે
સો ન હોત જપ, તપ, વ્રત, સંગમ
કોટિક તીરથ નહાયે.

૯. શ્રી વલ્લભ–શરણની બલિહારી

"ચરણકમળ ચિત્ત રહીયે
શ્રીગોવર્ધન કી રહીયે તળેટી"

અંધનેત્રોમાંથી હૃદયનેત્રોનાં વિરહભાવનાં આંસુ વહી રહ્યાં હતાં. ટેહૂક્...ટેહૂક્... મોરલાનો સ્વર સૂરદાસની આંખોમાથી વહેતી વિરહી ગંગામાં ભળતો જતો હતો. ગૌચારણલીલા કરી, ગિરિરાજજીની લીલીછમ વિવિધ કદમ–ખંડીઓ, ભાંડિરવન, મધુવન ઇત્યાદિ સ્થળોએથી પાછી ફરેલી ગૌમાતાઓ... છોકરના વૃક્ષ નીચે સૂકલકડી, હાથમાં તંબૂરા સાથે ઊભેલા યુવાન સાધુને જોઈ જતીપુરા ગામમાં પ્રવેશતી અટકી ગઈ, ડોકમાં પહેરેલી ઘંટડીઓ ડોક હલાવી વગાડતી સૂરદાસની આજુબાજુ ઊભી રહી ગઈ. આકાશમાં ઊડતાં પોપટ, તેતર, હોલા, ચકલી, કબૂતર પણ છોકરના વૃક્ષની ડાળે બેસી અજાણ્યા યુવાનની આંખોમાંથી વહેતી અશ્રુધારાને જોઈ રહ્યાં. એટલામાં જ દૂરથી પેલા વ્રજપંખીનો 'ગોકુલચન્દ્રમાજી' સામો પ્રતિઘોષ પણ શ્રીગિરિરાજજીની કંદરામાંથી ઊઠ્યો :

"બસ..બસ.. મારા વહાલા ગોકુલચન્દ્રમાજી, શ્રીગોવર્ધનધર, શ્રીગિરિરાજ–ધરણ, આ જીવને તારાં દર્શન આપ ! ચોર્યાશી લાખ યોનિમાં ભટકતા તારા આ દુલારાનો હાથ પકડી એનું આયખું ધન્ય કરી દે.. વહાલા.. શ્રીવલ્લભપ્રભુ, તમે મારો હાથ ઝાલ્યો છે, ગુરુવર... ભવસાગર પાર ઉતારી, મારા વહાલાની નિકુંજમાં મને દોરી જાઓ !"

સૂરદાસજી દ્રવિત હૈયે, ગળગળા અવાજે, વિરહતાપ અનુભવતા ચરણે પડી બોલી રહ્યા હતા. શ્રીવલ્લભ સૂરદાસજીના તાપને – આસક્તિને ભાવભર્યા હૃદયે જોઈ રહ્યા. એમનું હૈયું પણ ભરાઈ આવ્યું.

"ચકઈરી ચલિ ચરન સરોવર
જહાં નહીં પ્રેમ વિયોગ"

ગૌઘાટના પગથિયે બેસી આ પંક્તિ ગાનાર સૂરદાસજી હકીકતમાં – મનરૂપી ચકવી, ક્ષુદ્ર ખાબોચિયા જેવા વિષયરસને છોડીને પ્રભુના લીલારૂપી સરોવર પાસે પહોંચી ગયા હતા, જ્યાં વ્રજભક્તો રૂપી સહસ્ર લક્ષ્મીઓ સાથે શ્રીગોવર્ધનધર ક્રીડા કરી રહ્યા હતા.

શ્રીવલ્લભને લાગ્યું કે, આ ક્ષણોમાં સૂરદાસજીની આંખોમાંથી વહેતાં વિરહજલ હકીકતમાં પદની પંક્તિમાં આવે છે એ પરમ સુખનાં હતાં, જ્યાં દુઃખને કોઈ અવકાશ નહોતો.

"સૂરદાસ, ઊઠો." શ્રીવલ્લભે ચરણે પડેલા એમના ભક્તને ઊભા કરી છાતી સરસા ચાંપ્યા. દામોદરદાસ હરસાણી, કૃષ્ણદાસ મેઘન, કુંભનદાસ અને અન્ય ભક્તજનો ગુરુશિષ્યના અદ્‌ભુત મિલનને સજળ નયને જોઈ રહ્યા.

"સૂરદાસ, ગોધૂલિનો સમય છે, ગોરજટાણું છે. આકાશ ગુલાબી ઘટાઓથી રંગાઈને કદમખંડીઓમાંથી ગૌચારણલીલાનું રસપાન ગોપબાળકોને કરાવી પાછા ફરી રહેલા, વ્રજની રજથી રજોટાયેલા, પીતાંબરી પહેરેલા, સમગ્ર અંગ પર શ્રીગિરિરાજજીની પર્વતમાળાની પાછળ અસ્ત પામી રહેલા સૂરજદેવતાનાં કિરણોથી ચમકતી વ્રજરેણુથી શોભતા, અધર પર બંસી, સાથમાં સુબલ અને શ્રીદામા સખાથી ઘેરાયેલા શ્રીકૃષ્ણ, નટખટ નંદકિશોર, શ્રીગોવર્ધનધારી તળેટીમાં આવી રહ્યા છે, ત્યારે એ ગિરિરાજધરણ વારી જાય એવું એકાદ સરસ પદ આપણા વહાલાને સંભળાવો."

"જેવી આજ્ઞા, કૃપાનાથ !" સૂરદાસજીએ શ્રીમદ્ વલ્લભાચાર્યજીને દંડવત્ કર્યા. આંખો સામે તેજરાશિ છવાઈ ગયો. ઝળહળતા પ્રકાશ વચ્ચે બિરાજતા શ્રીવલ્લભનું સ્વરૂપ અને શ્રીગોવર્ધનધરનું સ્વરૂપ – બન્નેનું એકબીજાનું આલિંગન.. મિલનની એ આંસુભરી પળો.. દઢભક્તિ અને શ્રદ્ધાનું ખીલી ઊઠેલું, માનવજીવનને ધન્યધન્ય કરી દેતું એ ભક્ત અને ભગવાનનું આલિંગન...

અને દઢ આલિંગનમાંથી શ્રીગોવર્ધનધરને મુક્ત કરી, ગિરિરાજજીના મસ્તકે શિખર પર પાટે પધરાવતા શ્રીવલ્લભનું અલૌકિક દર્શન માણતા સૂરદાસજી હજી તો એમના ભાવવાહી સૂરોમાં એમનું પદ શરૂ કરે ત્યાં તો..

નટખટ ગોવર્ધનનાથ પાટ પરથી કૂદકો મારી દોડીને ગોવિંદકુંડની દિશામાં એમના બાળસખાઓ સાથે ખેલ ખેલવા માંડયા. નાના–નાના ગ્વાલ ગોપાલ તેમજ ગોપીઓ, વાછરડા સાથેની, શિંગડાં પર મોરપિચ્છ લગાડેલી ગાયો ગોવિંદકુંડની હરિયાળીમાં શ્રીગોવર્ધનધરને પધારેલા જોઈ ચારે પગે નાચવા લાગી... અને સૂરદાસજીના મુખેથી પદ સરી પડ્યું :

"કૌન સુકૃત ઈન બ્રજબાસિન કો, બદત બિરંચી શિવશેષ"

હૈયું ઝૂમી ઊઠયું... અલૌકિક દર્શનથી અને ગદ્ગદિત સ્વરે બોલી ઊઠયું :

"અરે, આ વ્રજવાસીઓનાં નસીબ તો જુઓ ! બ્રહ્માજી, શેષજી, શિવજી જેવા મહાજ્ઞાની દેવો પણ પૂછે છે કે, એમણે એવાં તે શાં પુણ્યકાર્યો – સત્કર્મો કર્યાં હશે કે ચાર લોકનો નાથ, આ સૃષ્ટિનો પાલનહાર, શંખ, ચક્ર, ગદા, પદ્મને ધારણ કરનારો, સુદર્શનચક્રધારી ભગવાન વિષ્ણુ, આ નાનકડા ગ્વાલબાલ અને ગોપીઓ સાથે છેલછબીલો છોગાળો – બાલસ્વરૂપમાં – નાનકડો ગ્વાલબાલ બની એનાં પ્રિય સખા–સખી વચ્ચે એમના જેવો થઈને ખેલે છે. એનું દેવત્વ..એનું બ્રહ્માંડ..એનું એ રાજસી સ્વરૂપ... અહીં તો ગ્વાલબાલોની ભક્તિની ધારામાં ઓગળીને માખણ જેવું કોમળ – વહાલું લાગે તેવું બાળસ્વરૂપ ધારણ કરી બેઠું છે."

સૂરદાસના પદની એકએક પંક્તિએ અનોખો માહોલ રચી દીધો. શ્રીવલ્લભ બાળસ્વરૂપ ધરી ગોવર્ધનનાથજીની સખા સાથેની બાળલીલા નિહાળતા રહ્યા.. ખેસ માથે ઓઢી હૈયામાં માતા જશોદાનો પુષ્ટિભાવ જાગી ઊઠયો.

"સૂરદાસ..." ભાવવિભોર શ્રીવલ્લભ બોલી ઊઠયા.

"આજ્ઞા, કૃપાનાથ !"

"સૂર, આજથી તમે અહીં જ વાસ કરો. શ્રીગોવર્ધનનાથજીનાં કીર્તનની સેવા કરી.. આઠે સમાનાં લીલાનાં પદોથી આપણા શ્રીગિરિરાજધરણને રીઝવતા રહો."

"પ્રભુ, મારી હેસિયત શી ?"

"સૂર ! તમારી હેસિયત તમારું શ્રીગોવર્ધનનાથજીનું સતત રટણ... જિંદગીની દરેક પળને તમે શ્રીગોવર્ધનધરના સ્વરૂપમાં પરોવી દીધી છે. તમને પુષ્ટિમાર્ગ ફલિત થયો છે. તેથી હવે તમે શ્રીગોવર્ધનનાથજી સન્મુખ સમા–સમાનાં કીર્તન–પદો રચી શ્રીનાથજીને પ્રસન્ન કરતા રહો."

"કૃપાનાથ..." કહેતાં સૂરદાસજીએ શ્રીવલ્લભનાં ચરણો પકડી લીધાં. એમની આંખોમાંથી વહેતાં હર્ષનાં આંસુથી શ્રીવલ્લભનાં ચરણો કેટલીય પળો સુધી પ્લાવિત થતાં રહ્યાં.

"ઊઠો, સૂર.. ઠાકોરજીના શયનભોગ સરી ચૂક્યા છે."

"કૃપાનાથ, આપણા શ્રીગોવર્ધનનાથજી માનમાં બિરાજી રહ્યા છે." અને–

સુખદ સેજ મેં પોઢે રસિકવર

–એ પદ સરી પડયું. સંધ્યા–આરતી થઈ. ગિરિરાજજી પર અંધકારના ઓળા ઊતરવા માંડયા. ગિરિરાજની કંદરાઓનાં વૃક્ષો પર પંખીઓના માળામાં ઉડુગણ વિશ્રામ લેવા ઊડી રહ્યા હતા.

"સૂરદાસજી... શ્રીગોવર્ધનનાથજીનું સાંનિધ્ય હૃદયમાં આનંદની અનુભૂતિ સર્જે છે કે નહિ ?" શ્રીવલ્લભે પૂછ્યું.

"પ્રભુ... વારી જાઉં મારા વ્હાલમાની દયા પર.. આપની કૃપા પર... કે જેના દ્વારા શ્રીગિરિરાજજીની આ પવિત્રભૂમિ.. એ પર્વતમાળા પર બિરાજતા શ્રીગોવર્ધનનાથજી, એમની સન્મુખ–સેવા પ્રાપ્ત થઈ... અંતરમાં ઊછળતી પ્રેમોર્મિ શબ્દના માધ્યમ દ્વારા મારા વહાલાને ચરણે ધરવાની એક તક મળી..કૃપાનાથ... તમારા શરણની તો બલિહારી છે !" સૂરદાસજી બોલી ઊઠયા.

"તમે શ્રીગોવર્ધનનાથજી સન્મુખ સમા–સમાનાં કીર્તનો–પદો રચી, તમે શ્રીનાથજીને પ્રસન્ન કરતા રહો"ની થોડીવાર પહેલાંની શ્રીવલ્લભમુખની આજ્ઞા સાંભળતાં જ સૂરદાસજીના અણુઅણુમાં આનંદની લહર ફૂટી નીકળી હતી. એમણે આવી અમૂલ્ય સેવાની સપને પણ કલ્પના કરી નહોતી.

"સૂર.. અહી નજીકમાં પરાસોલી ગામ છે... તમને ખ્યાલ છે." શ્રીવલ્લભ બોલ્યા.

"ગુરુદેવ... ચન્દ્રસરોવરવાળું પરાસોલી ગામ કે ?"

"હા, તમે ત્યાં આવાસ કરો. ખૂબ જ સુંદર, પ્રાકૃતિક સૌન્દર્યથી મઢેલું સ્થળ છે. તમારો કવિજીવ એ વાતાવરણમાં કોળી ઊઠશે."

સૂરદાસજી તો પરાસોલી ગામનું નામ સાંભળતાં જ તંદ્રામાં સરી પડયા.

ભગવાન શ્રીકૃષ્ણની રાસલીલાનું એ સ્થળ.. એનો મહિમા સારસ્વત–કલ્પથી અનેરો હતો. પરાસોલીની કદમખંડી વચ્ચે હિલોળા લેતા ચન્દ્રસરોવરની પાળ પરના કદંબવૃક્ષની ડાળે બિરાજતા મુરલીધર શ્રીમાખણચોર રાત્રે બસંરીના સૂર છેડતા હિલોળા લેતા હોય, મહારાસના ચોતરે રાસની રમઝટ બોલતી હોય, બંસરીનો નાદ સુણી, કૃષ્ણઘેલી ગોપીઓ, ધાવતા બાળને છોડતી, ધણીની હૂંફાળી સોડ છોડતી, વૃદ્ધ સાસુ–સસરાની ચરણસેવા છોડી, કાલીઘેલી થઈ, રાસ રમવા દોડી આવી હોય.. અને એ વખતે આકાશમાંથી ચન્દ્રમાનાં કિરણો હિલોળા લેતા સરોવરના જલતરંગો પર પડતા હોય ત્યારની ચન્દ્રસરોવરની અનોખી શોભા માણતી ગોપિકાઓ એમના પ્રાણજીવન શ્રીકૃષ્ણ સાથે રાસ રમતી સૂરદાસની આંખો સામે ઊપસી આવી...

"કૃપાનાથ... ચન્દ્રસરોવરના ચોતરા પર થતા છ માસની એક રાત્રીના મહારાસનું દર્શન આ સેવકને આપની કાનીથી થાય તો આયખું જીવ્યું સાર્થક થઈ જાય !"

"સૂરદાસ.. તમે તો શ્રીગોવર્ધનધારીના કૃપાપાત્ર છો... આજનું ચંદ્રસરોવર સારસ્વત–કલ્પનું વૃંદાવન છે. શ્રીકૃષ્ણભગવાને છ મહિનાની રાત્રિ કરી, જે મહારાસનું દાન વ્રજવનિતાઓને આપ્યું હતું, એ પંચાધ્યાયી–રાસની આ ભૂમિ છે... પરાસોલીની આ ભૂમિમાં તમારી આ કુટિરની બારીમાંથી રાતદિન શ્રીગિરિરાજજીનાં દર્શન થશે... અને શ્રીગોવર્ધનનાથજીના મંદિરની બારીમાંથી શ્રીજીબાવાનાં પણ દર્શન તમને થતાં રહેશે." શ્રીવલ્લભ બોલ્યા. પરાસોલી – ચન્દ્રસરોવરમાં સૂરદાસજીએ એમનો વસવાટ શરૂ કર્યો.

૧૦. 'સાધુ સંગત ડાર પાસા'

સૂરદાસજીની આંખો ખૂલી ગઈ.

"જય જય શ્રી ગોવર્ધનધર.. જય જય શ્રી ગિરિરાજ...
પ્રાતઃ સમે આપકો દુર્લભ દર્શન હોય."

સૂરદાસજીની નાનકડી કુટિરનું વાતાવરણ સૂરદાસ જાગી જતાં ભક્તિમય – સંગીતમય બની ગયું. પદ્માસન વાળી સૂરદાસજીએ કુટિરની નાનકડી બારીમાંથી દર્શન આપતી શ્રીગિરિરાજજીની પર્વતમાળાને નમન કર્યાં. દર્ભાસન સમેટી એ પ્રાતઃકર્મથી પરવારવા ઊભા થયા. ચન્દ્રસરોવરના હિલોળા લેતા જલતરંગોમાંથી મહારાત્રિના મહારાસની અદ્‌ભુત લીલાની ગોપીઓના પગનાં નુપૂરનો રવ સંભળાયો. સૂરદાસનું હૃદય મહારાસની લીલામાં આસક્ત થઈ ગયું. રાસલીલાના અંતિમ ચરણના ઠેકાનો અવાજ વાતાવરણમાં ધીમેધીમે વિલીન થઈ રહ્યો હતો. ચન્દ્રસરોવરનો ચોતરો જે વ્રજવનિતાઓના ચરણના ઠેકાથી ઊઠેલી વ્રજરજના ધુમ્મસથી ઢંકાઈ ગયો હતો, તેના પર પૂર્વ દિશામાંથી ધરતીને આંગણ ખેલવા ઊતરી પડેલાં બાલરવિનાં કિરણોથી હવે ધીમેધીમે દશ્યમાન થઈ રહ્યો હતો.

સૂરદાસજી ચન્દ્રસરોવરના ઘાટનાં પગથિયાં ધીમેધીમે "ગોપાલ... ગોપાલ...ગોપાલ"ના શબ્દોચ્ચાર સાથે ઊતરી રહ્યા હતા ત્યારે એમના હૈયામાંનો "લાલો" આળસ મરડી જાગતો હોય એમ જાગી ગયો... અને ખળખળ વહેતા ચન્દ્રસરોવરના જલતરંગો સામે દષ્ટિ કરતાં સૂરદાસના મુખમાંથી મંગલાનાં દર્શનનું પદ ફોરી ઊઠ્યું :

"પ્રાત સમે નવકુંજ મહલમેં, શ્રી રાધા ઔર નંદકિશોર
દક્ષિણ કર મુકતા શ્યામકે, ત્યજત હંસ ઔર ચુગતચકોર
તામેં એક અધિક છબિ ઉપજત, ઉપર ભ્રમર કરત ઘનઘોર.
"સૂરદાસ" પ્રભુ અતિ સકુચાન, રવિ શશિ પ્રગટત એક હી

પદ પૂરું કરતાં જ સૂરદાસજી સામે ખીલેલા પ્રભાતની મત્ત સુગંધ પ્રસરી ગઈ. ગુલાબ, મોગરો, જૂઈ, જાઈની મહેકથી વાતાવરણ મહેકી ઊઠ્યું. "વહાલો" જાગી રહ્યો હતો એનો આનંદ સમગ્ર વનસૃષ્ટિને હતો. નવનિકુંજની મધુવાટિકાના મહેલમાં વ્રષભાણ–દુલારી નંદદુલારા નંદકિશોર સાથે પુષ્પાચ્છાદિત ઢોલિયામાં પોઢેલાં છે. ધીમેધીમે પ્રિયા પ્રિયતમની પાંપણો પર એના અધરનું આલિંગન કરાવતા પ્રિયતમની સાથે રસમગ્ન થાય છે. વ્રષભાણ–દુલારી રાધાજીએ પોતાના જમણા હાથની હથેળીમાં એક મોટું સુંદર ઝળહળતું મોતી રાખી, યુગલસ્વરૂપ એ મોતીના સૌંદર્યને નિહાળી રહ્યાં છે. આસપાસની નિકુંજમાં પંખીઓ, ભ્રમરો એનું ગુંજન કરી રહ્યાં છે ત્યારે એક હંસ ફરતો–ફરતો ત્યાં આવે છે. હંસનો ચારો મોતી છે. પ્રિયતમા વ્રષભાણ–દુલારી હંસની સામે મરકતા ચહેરે મોતી ધરે છે.

હંસ મોતી ચૂગતો નથી, જોઈને જતો રહે છે. પછી એક ચકોર પક્ષી આવે છે, એ જુએ છે અને એ ચૂગવા જાય છે, પણ રાધાજી હસતાં–હસતાં હથેળી ઊંચી કરી લે છે. પછી એક ભ્રમર આવે છે, ગૂં...ગૂં...ગૂં...નો ગુંજારવ કરતો એ ઊડવા માંડે છે અને રાધાજી નંદકિશોરને પ્રશ્ન કરે છે :

"બોલો, વહાલા, આવું કેમ ?"

સૂરદાસજી અંતરમાંથી સ્ફુરી ઊઠેલા દૃષ્ટકૂટ પદનો ભાવ મનોમન વિચારતા શ્રીગોવર્ધનધરનાં મંગલાનાં દર્શન કરવા ગિરિરાજ તરફ જવા નીકળી પડે છે.

હાથમાં તંબૂરો અને મનમાં ગુંજતા દૃષ્ટકૂટ પદના ભાવોને – પદનાં કલ્પનો, પ્રતીકો અને પ્રિયા–પ્રિયતમા વચ્ચે જામેલી ભાવસૃષ્ટિનો રસાનંદ માણતા સૂરદાસજી આગળ વધી રહ્યા છે. અંતરમાં બેઠેલાં રાધાજી કનૈયાને પદના કૂટ ભાવો સ્પષ્ટ કરવા પડકાર ફેંકતાં જાય છે અને સૂરદાસ હૈયાની ચોપાટ પર જામેલી લીલાને માણતા આગળ વધે છે.

"પ્રિયે રાધા પ્યારી... આ તમારી હથેળી જે આપણા વચ્ચેના પ્રેમસમી લાલલાલ છે, એ હથેળીમાં મૂકેલા દર્પણ જેવા શ્વેત મોતીમાં હથેળીનો લાલ રંગ નીચેથી પ્રતિબિંબિત થાય છે. મોતી લાલ દેખાય છે. પેલો હંસ ઓળખી શકતો નથી, એટલે છોડી જાય છે." "અને ચકોર પક્ષી ?" "લાલન"ની આંખોમાં આંખો પરોવતાં રાધાજી પૂછે છે.

"ચકોર પક્ષી અગ્નિના લાલ અંગારા ચૂગે છે. ચમકતું લાલ મોતી એ પક્ષીને અંગારો લાગે છે એટલે એ ચૂગવા જાય છે."

"અને આખીય વનસૃષ્ટિને એના ગુંજારવથી ભરી દેતો ભ્રમર ?"

"રાધે, તમારી હથેળી એને ખીલેલા કમળ જેવી અને આંગળીઓ તેની પાંખડીઓ જેવી લાગે છે. વચમાં લાલાશવાળું મોતી એને પરાગકોષ જેવું ભાસે છે. પરિણામે મોતીને કમળ સમજી તેનો રસ ચૂસવાના લોભે ભ્રમર ગુંજારવ કરે છે."

સૂરદાસજી જતીપુરાની બજારમાં પ્રિયા–પ્રિયતમની મીઠી ગોઠડીનું સંવેદન ઝીલતા, પ્રસન્નચિત્તે પ્રવેશે છે. ત્યાં બજારના નાકે આવેલા એક મકાનની પરસાળ પરથી એકધારા અવાજ એમના કાને પડે છે અને હૈયું ખિન્ન થઈ જાય છે. અંતરમાં પ્રેમની ચોપાટ માંડીને બેઠેલાં રાધાકૃષ્ણની જગ્યાએ જતીપુરા ગામના ચાર ચૌદશિયા – ગંગારામ, જયરામ, રામાવતાર અને દ્વારિકાપ્રસાદ ગોઠવાઈ જાય છે. સૂરદાસજી ચોપાટરસિયા મિત્રોને ઓળખી જાય છે. રોજ સવાર પડે ને સૂરદાસજી નિજમંદિરમાં મંગળાનાં દર્શને જતા હોય, ત્યારે "ચોપાટ પાથર, ભૈયા"નો રામાવતારનો અવાજ કાને પડે. ચોપાટ રામાવતારના ખખડધજ મકાનની પરસાળમાં વર્ષોથી મંડાતી, સવારથી મોડી રાત સુધી. ક્યારેક તો દિવસો સુધી ચાલતી.

ગોવર્ધનનાથજીના મંદિરમાં પ્રાતઃકાળે મંગળાનાં દર્શનનો હેલો પડતો અને આ બાજુ રામાવતારના ખખડધજ મંદિરની પરસાળમાં...

"ગિરિરાજધરણ કી જે..."ના નાદ સાથે પાથરણાં મંડાતાં.

"દ્વારિકા... શ્રીગોવર્ધનધરકી લીલા અપરંપાર હૈ.. જિંદગી કી ચૌપાટકા ખેલ મંદિર મૈં બૈઠકે અપને ભક્તોં કે પાસ ખેલાતા હૈ." રામાવતાર બોલતો.

"અરે બબુઆ.. યે ચૌપાટ એક ઐસા ખેલ હૈ, જીસમેં આદમી કી અસલિયત માલૂમ પડતી હૈ."– ગંગારામ સવારેસવારે એના ગાલના ગલોફામાં પાનનું બીડું ચાવતો થૂંક ઉડાડતો બોલતો.

"મન તું સમઝ સોચ બિચાર
ભક્તિ બિન ભગવાન દુર્લભ
કહત નિગમ પુકાર...
મન તું સમઝ સોચ બિચાર

"બાબા, જયશ્રીકૃષ્ણ... મંદિર ચલો કા ?"– ધીમા પગલે શ્રીનાથજીના મંદિર તરફ જતા સૂરદાસજીનો મધુર રવ કાને પડતાં રામધન બોલ્યો.

"જયશ્રીકૃષ્ણ, રામધનભૈયા.. અબ તો ભોર ભઈ. જાગો મેરે પ્યારો. કુછ સમઝો, સોચો, મેરે શ્રી ગોવર્ધનનાથજીને લખચોરાસી કી ભવાટવીમેં માનવ-જનમ દીયો. સફલ કરો, મેરે પ્યારો. મેરે ગિરિરાજધરણ કે ચરણોં મેં અપની જિંદગી કી ચૌપાટ કે પાસે ફેંક દો. દર્શન કરો મેરે શ્યામરે બાવાકો, ભૈયા ! વૃથા જીવન મત ગુમાવો યે ચૌસર કે ખેલમેં."– સૂરદાસજી એક ક્ષણ પૂરતા દુકાનની પરસાળ પાસે ઊભા રહેતાં બોલી ઊઠ્યા.

"બાબા... બાબા.. યે સુબહ સુબહ કા રામનામ કો હલ્લો મચા રખો હૈ ! હમારો ગોવર્ધનનાથ તો ચોપાટ કે પટ પે બૈઠો હૈ. આપ હલ્લા મત મચાઈઓ, સૂરદાસ. અપને શ્રીગોવર્ધનધરજી કા દર્શન કરને ચલો." દ્વારિકાપ્રસાદ બોલ્યો.

"કામ, ક્રોધ, મદ લોભ ભૂલ્યો ઠગ્યો ફગિની નાર
સૂર હરિ કે પદ બિન ચલ્યૌ દોઉ કર ઝાર."

–સૂરદાસજીએ દ્વારિકાપ્રસાદને જવાબમાં ઉપરની પંક્તિ સંભળાવતાં કહ્યું, "ભાઈ, તમે બધા પામર જીવો મારા પ્રભુના પ્યારા છો, ખોટે રસ્તે, મોહનિદ્રામાં ચડી ગયા છો. હું તો તમને મારા વહાલાનાં દર્શન કાજે લઈ જવા અહીં ઊભો છું. તમારા આતમરામને જગાડવા આવ્યો છું. જાગો, મેરે પ્યારો જાગો..."

"સૂરદાસજી, અમને મોહિની લાગી ચોપાટની. કામકાજ છોડીને અમે તો જિંદગીના પાસા પોબાર પાડવા બેઠા છીએ. અમારી રમત હમણાં શરૂ થશે. તમે નિરાંતે તમારાં પદો સંભળાવતા શ્રીગિરિરાજજીને મંદિરે જાઓ. અહીં અમારે તમારી ગનાનની વાતો નથી સાંભળવી. હરિદાસ, દાવ શરૂ કરો. પડ પાસા પોબાર." રામધન બોલ્યો.

"જિંદગીના પાસા પોબાર પાડવા હોય, તો જનમ-જનમના ફેરા ફરતી તમારા આ જિંદગીરૂપી કૂકરીઓને એનું શરણધામ મારા ગોવર્ધનનાથજી બતાવી,

એમની તરફ દોરીને આયખાના પાસા પોબાર પાડો. મારા પ્યારા જનો, જિંદગીનો ખેલ જીતી જશો." કહેતાં સૂરદાસજીએ પરસાળના ઓટલે જમાવ્યું.

"સૂરદાસજી, તમે મારગ ભૂલ્યા છો. તમારાં પદો, તમારી આ જ્ઞાનવાર્તાનું અહીં કાંઈ ઊપજવાનું નથી. અહીં તો પડ પાસા પોબારની રમઝટ જામવાની છે. દ્વારિકા, નાખ પાસા.." હરિદાસ બોલ્યો.

"એ વ્હાલા પાસા, પડજો દસ પોબાર.. એ પડ્યા !" દ્વારિકો બોલી ઊઠ્યો.

"દસ ક્યાં નવ છે નવ, જોતો નથી... છ વત્તા ત્રણ." રામધન બોલ્યો.

"અરે જો જો, છ વત્તા ચાર છે. કોડા જેવી આંખોથી દેખાતું નથી ?" દ્વારિકાપ્રસાદ બોલી ઊઠ્યો.

"અરે ભાઈઓ મારા, આ તમે તે કેવા નવ–દસના ઝઘડા માંડી બેઠા છો ? આ તો તમારા મલિન હૃદયમાં, પંચમહાભૂતના પૂતળાનાં નવ બારણાં છે ને એમાં રહેલી તમારામાં રહેલી દસ ઇન્દ્રિયોની રમઝટ બોલી રહી છે. જાગો મારા પ્યારાઓ, આ દસ ઇન્દ્રિયોની કૂદાકૂદથી ચેતી એને વશ કરી આપણા શ્રીનાથજીનાં ચરણોમાં ધરી દ્યો. જનમ સફળ થઈ જાશે." સૂરદાસ બોલ્યા અને મસ્તીમાં આવી એમણે પદ ગાવાનું શરૂ કર્યું :

સાધુ સંગત ડાર પાસા
ફેરિ રસના સાર
દાવ અબકે પર્યો પૂરો
ઉતરિ પહલી વાર
છાંડિ સત્રહ સુન અઠારે
પંચ હી કો માર
દૂરિ તેં તજ તીન કોને
ચમક ચૌક વિચાર
કામ, ક્રોધ, મદ, લોભ ભૂલ્યો
ઠગ્યો ઠગિની નાર
સૂર હરિ કે પદ ભજન બિન
ચલ્યો દોઉ કર ઝાર

સૂરદાસજીના કંઠે આખાય વાતાવરણને ભરી દીધું. પાસા ફેંકતા ચારે ખેલાડીઓ સૂરદાસના દર્દભર્યા કૂટ સ્વરો સાંભળી થંભી ગયા. હરિદાસના હાથમાં પાસા થંભી ગયા. સૂરદાસજીના મધુર કંઠના શબ્દો અંતરમાં ઝિલાવા માંડ્યા હતા. પરંતુ સૂરના આનંદથી વિશેષ કશું જ ઉપલબ્ધ થતું નહોતું.

"અરે બાબા, આ પદનો ભાવ તો સમજાવો." હરિદાસ બોલ્યો.

"હા...હા, બાબા, આ ચોસરના ખેલને જિંદગી સાથે, જગન્નિયંતા સાથે... આયખા સાથે શું સંબંધ ? અમે તો ચોસરનો ખેલ ખેલીએ છીએ, પાસા નાખીએ

છીએ, કૂકરીઓની ચાલ ચલાવીએ છીએ, ક્યારેક ગાંડી કરીએ છીએ. એક રમતનો – મસ્તીનો આનંદ માણીએ છીએ. તમારા પદનો કાંઈક અર્થ તો સમજાવો !" રામધન બોલ્યો.

"ભાઈ રામધન, હરિદાસ, દ્વારિકા, તમે બધા આ ચોસરના અખંડ ખેલાડીઓ છો. આ ચોસરમાં ત્રણ વસ્તુ જરૂરી છે..સાંભળો..

મન, તું સમજ સોચ વિચાર

સમજણ, વિચાર અને બુદ્ધિ. પ્રભુના ભજનમાં પણ આ જ ત્રણ વસ્તુ જાણવી જરૂરી છે. જેમ આ ચોપાટ શું છે, એ કેમ ખેલાય એનું જે તમને જ્ઞાન હોવું જોઈએ, એવું જ જ્ઞાન જિંદગીરૂપી ચોપાટ માટે જરૂરી છે. બરોબર સમજી–વિચારીને પાસા નાખો તો ચોપાટનો ખેલ જેમ જીતી જાઓ છો તેવી જ રીતે આ ક્ષણભંગુર દેહને સત્કર્મના – ભક્તિના – પાસા ફેંકી પ્રભુના દ્વારે – પ્રેમમય ગાંડો કરી – જીવનું સમર્પણ કરી દેશો તો ભવભવની બાજી તમે જીતી જશો. ચોપાટમાં ધારેલો દાવ પાર પાડી – તમારી કૂકરી એના ઘરે પાછી ફરે, પછી જિંદગીની હડફેટનો – મૃત્યુનો ભય રહેતો નથી, તેમ ભવસાગર પાર ઉતારવા તમારો દાવ હરિને હાથ સોંપી દ્યો અને જુઓ, હરિ તમારા પાસા પોબાર પાડે છે કે નહીં ! માટે જ કહું છું, પ્યારોં, તમે સૌ ગિરિરાજધરણની તળેટીમાં વસતા દૈવી જીવો છો, ભવાટવીમાં ભૂલા પડેલા અબુધ જીવો છો. લૌકિક ઈર્ષા, એષણા, મોહ, ક્રોધ, લોભની ભવાટવીની ચોપાટના નાદે ચડી ગયા છો. જે લગની આ ચોપાટના ખેલ પર પાસા નાખવામાં રાખો છો એ જ લગની મારા વહાલાની માંડેલી આ ભવાટવીની રમતમાં રાખો અને તમારી જિંદગી નામે કૂકરીને ભવસાગરમાં પાર ઉતારી દ્યો. ચાલો પ્યારોં, મંગળાનાં દર્શનનો સમય થઈ ગયો." કહેતાં સૂરદાસજી ઊઠ્યા અને.... "મન તું સમજ સોચ વિચાર"નું પદ ગાતા આગળ વધ્યા, પાછળપાછળ પરસાળમાં માંડેલી ચોપાટનો ઉલાળિયો કરતા હરિદાસ, દ્વારિકા, રામધન અને ગંગારામ પણ "ગિરિરાજધરણ"ની ધૂન ગાતા સૂરદાસજી પાછળ ચાલી નીકળ્યા.

૧૧. 'ભક્તન કો કહા સિકરી સે કામ ?'

કોઉ નિંદો, કોહુ વંદો
કોઉ માર લેહો ધન ગછન
કોઉ આનિ લગાવત ચંદન
ડારિ ધુરિ કોઉ દેત હે ભચ્છન
કોઉ કહે મૂરખ મહા અધર્મી
કોઉ કહે યહ બડો વિચ્છન્ન
ભલી બુરી મનમેં નહીં આવે
કૃષ્ણચરન રતિ ટરે ન એક દિન
સૂર સુખદુ:ખ જિનકો નહીં વ્યાપે
તિનકો ગિરિધર મિલે તતછિન

"વાહવાહ, તાનસેન... સાચા ભક્તના, અલ્લાહના બંદાના, આ જહાંથી પર એવા કોઈ જહાંના ઓલિયાનાં લક્ષણ ખૂબ જ સુંદર અને સરળ રીતે વર્ણવ્યાં છે ને શું ! તાનસેન, આજના કલિકાળમાં આવા ભક્તનો મિલાપ થાય, દર્શન થાય... અને હા, આવું સરસ પદ પણ કોક ઓલિયા ભક્તે જ લખ્યું હશે ને ? કોણ છે એ મહાભાગ કવિ કે જેણે મારા અલ્લાહને, ઈશ્વરને સાધી લીધો છે ?"

બાદશાહ અકબરનો ભવ્ય દરબાર ભરાયો છે. બાદશાહનાં નવ રત્નો – બીરબલ, રાજા માનસિંઘ, ટોડરમલ ઇત્યાદિ પોતાના સ્થાને બેઠાબેઠા તાનસેનના મધુર કંઠે ગવાતું ભક્તિપદ સાંભળી રહ્યા હતા. અકબર આ પદના શબ્દો પર, ભાવ પર, એક આદર્શ ભક્તનું બયાન સાંભળતાં ઝૂમી ઊઠ્યો, સિંહાસન પરથી અર્ધોપર્ધો ઊભો થઈ ગયો.

"જહાંપનાહ, આ કવિની શી ઓળખાણ આપું તમને ?"

"કિંધૌ સૂર કો સર લગ્યો કિંધૌ સૂર કી પીર
કિંધૌ સૂર કો પદ સુન્યૌ, તન મન ધૂનત સરીર

તન મન ધૂનત સરીર... આલમપનાહ આ તો વ્રજભૂમિના શ્રીગુસાંઈજીના સેવક – અષ્ટસખાના સંતકવિ સૂરદાસજી છે. એમનાં પદો તો વ્રજભાષાનો અમૂલો શણગાર છે. જિલ્લે ઈલાહી, પદમાં વર્ણવેલાં ભક્તનાં લક્ષણ એમણે એમની જિંદગીમાં આત્મસાત્ કર્યાં છે. મારા વડીલ ટોડરમલજી, બીરબલજી આ સંતકવિની વધુ પિછાન તમને આપશે. બન્ને પુષ્ટિસંપ્રદાયના પ્રણેતા શ્રીમદ્ વલ્લભાચાર્યજી અને શ્રીગુસાંઈજીના સેવકો છે અને આ આપનો ગુલામ પણ સદાય ગિરિધર ગોપાલના ગુણાનુવાદ કરતા સૂરદાસજીનો ચાહક છે. એમનાં પદો મારી સંગીતસાધનાનાં પ્રેરક બળ બન્યાં છે, જહાંપનાહ !"

બાદશાહ અકબરે એક નજર એમનાં નવરત્નો પર નાખી. બીરબલજી

ઊભા થઈ કુર્નીસ બજાવતાં બોલી ઊઠ્યા :

"જહાંપનાહ, તાનસેનજી જેવા સૂર અને સંગીતના મુલ્કે મશહૂર કલાકારે જેમની પ્રશંસા કરી એ સૂરદાસજી ભક્તિસાહિત્યના, વ્રજભાષાના સાહિત્યના, અમારા શ્રીમદ્ વલ્લભાચાર્યજીના શબ્દોમાં કહીએ તો 'સૂરસાગર' છે. એમનાં પદો સમગ્ર ભારતભરમાં ખૂબ જ અદબ, ઉત્સાહ અને લાગણીથી ગવાતાં રહ્યાં છે." ટોડરમલજીએ પણ બીરબલની વાતોમાં સૂર પુરાવ્યો.

"તાનસેન !" સફાળા સિંહાસન પરથી બીજી વાર ઊભા થઈ ગયેલા અકબર બોલી ઉઠ્યા.

"તાનસેન, આવા મહાન સંતકવિને આપણે મળવું છે. મારે એમનાં પદમાં વર્ણવેલા ભક્તને મળવું છે. એમને અહીં માનપાનથી આગ્રા બોલાવી લાવો." અકબરે ફરમાન છોડયું.

"જહાંપનાહ, એ તો સંત ઓલિયા જીવ છે. દુનિયાદારીના બધા જ વ્યવહારો, વિવેક બધું જ છોડીને એ તો એમના શ્રીગોવર્ધનનાથ અને શ્રીનવનીતપ્રિયાજીની છાયામાં ભક્તિની ધૂણી ધખાવીને બેઠા છે. આપે મળવું હશે તો આપને વ્રજમાં તશરીફ લઈ જવી પડશે, આલમપનાહ !" તાનસેન પૂર્ણ વિવેકસર અને સહજ ડરનો માર્યો – રાજા માનસિંઘ સાથે આંખો મેળવતો બોલ્યો.

મહારાજ માનસિંઘ મર્માળું હસ્યા.

થોડા સમય પહેલાં જ પુષ્ટિસંપ્રદાયના આવા જ બીજા કવિ કુંભનદાસની ગરીબી, ભક્તિ અને અદ્ભુત પદોની રચના પર આવી જ રીતે મુગ્ધ બની ગયેલા અકબરે કુંભનદાસને એમના દરબારમાં બોલાવ્યા હતા. કચવાતા મને કવિ કુંભનદાસ આવ્યા હતા. અકબર બાદશાહે છુપાઈને જમુનાવતામાં જોયેલી એમની દરિદ્રતાની તરસ ખાઈને ભેટમાં સિકરી ગામ આપવાની વાત કરી. કુંભનદાસનું મધુર પદ સાંભળી અકબરે એના ગુણાનુવાદ ગાવાની વિનંતી કરી, તો એણે બેધડક કહી દીધું હતું:

"ભક્તન કો કહા સિકરી સે કામ !
આવત જાવત પન્હૈયા તટી બિસર ગયો હરિનામ
જાકો મુખ દેખે દુઃખ ઉપજે તાકોં કરનોં પર્યો પ્રણામ
કુંભનદાસ લાલ ગિરિધર બિનુ યહ સબ જૂઠો ધામ"

અને કહી દીધું કે,

"આજ પછી મને ક્યારેય પણ બોલાવીશ નહિ."

મહારાજા માનસિંહને એ પ્રસંદ યાદ આવી ગયો. તાનસેનનો ક્ષોભ સમજી શકાય તેવો હતો.

"આલમપનાહ...અલ્લાહના બંદાનાં દર્શન કરવાં હોય તો આપણે એની પાસે જવું જોઈએ. હાલમાં સૂરદાસજી વ્રજમાં શ્રીગોવર્ધનનાથજીના સાંનિધ્યમાં

આખો દિવસ કીર્તનસેવા આપે છે. તો આપણે વ્રજમાં જઈએ." તાનસેન બોલ્યો.

બાદશાહ અકબરે એક નજર સમગ્ર દરબારમાં બિરાજેલા મહાનુભાવો પર નાખી અને કહ્યું :

"તાનસેનજી... આપણે વ્રજમાં સૂરદાસજી પાસે જઈશું અને એમના સ્વમુખે એમનાં પદો સાંભળીશું. હાલમાં તો આપણે અજમેર પ્રયાણ કરશું. પરંતુ પાછા ફરતાં વ્રજમાં જ્યાં સૂરદાસજીનાં દર્શન થશે ત્યાં જઈશું. તમે આપણા અનુચરોને વ્રજમાં મોકલી, સૂરદાસજી કયા–કયા સ્થળે બેસી શ્રીનાથજી અને શ્રીનવનીતપ્રિયાજીનાં પદો મુક્ત મને અને મુક્ત કંઠે ગાય છે, એ સ્થળોની માહિતી મેળવી લો, જેથી અજમેરથી પાછા વળતાં આપણે એમને એ સ્થળે મળી શકીએ. હાલમાં અમે વ્રજમાં સૂરદાસજીનાં પદો સાંભળવા આવી રહ્યા છીએ, એ વાત અનુચરો ગુપ્ત રાખે એવી આજ્ઞા પણ આપશો. બીરબલ, ટોડરમલ, તમે પણ અમારી સાથે અજમેર અને ત્યાંથી વ્રજમાં તાનસેનની સાથે આવો." કહેતાં અકબરે દરબાર બરખાસ્ત કર્યો.

"તાનસેનજી, આપણે વ્રજ પ્રતિ પ્રયાણ શરૂ કરીએ છીએ."

અજમેરથી એક સવારે બાદશાહ અકબરે વ્રજ પ્રતિ પ્રયાણનું એલાન કરતાં તાનસેનનું કહ્યું.

"જેવી આજ્ઞા, જહાંપનાહ.."

"તમારા અનુચરો સૂરદાસજીના શા સમાચાર લાવ્યા છે ?"

"શ્રીગુસાંઈજી અને એમનો પરિવાર થોડા સમયથી ગોકુલથી મથુરા પધાર્યા છે અને સૂરદાસજી થોડા સમયમાં મથુરા ઓચ્છવ પર પધારવાના છે– એવા સમાચાર અનુચરોએ પાઠવ્યા છે."

"ઈન્શાનલ્લા..આપણે ફતેહપુર–સિક્રી તરફ પ્રયાણ કરીએ. ઓચ્છવ ક્યારે છે ?"

"બસ સાતેક દિવસમાં." બીરબલ બોલ્યા.

"તો તો આપણે ફતેહપુર–સિક્રી જરૂર પહોંચી જવાના. બીરબલજી, તમે અને તાનસેન સંતકવિ સૂરદાસજીને માનભેર ફતેહપુર સિક્રીમાં લઈ આવો."

"જો આજ્ઞા, આલમપનાહ." કહેતા બીરબલજીએ તાનસેન સામે જોયું.

મધ્યાહ્નના ધોમધખતા તડકામાં જમુનાજીનાં જળ શાંત ગતિએ વહ્યે જતાં હતાં. વિશ્રામઘાટની બાજુમાં જ આવેલા વલ્લભઘાટના એક ખૂણામાં નાનકડી કુટિરમાં શ્રીસૂરદાસજી વિચારમગ્ન દશામાં સતઘરામાં વહેલી સવારે ભોગનાં દર્શન વખતની શ્રીવિઠ્ઠલનાથજીના લાલ શ્રીગિરિધરજી સાથેની નટખટ શ્રીગોવર્ધનનાથજીની લીલા યાદ કરતા બેઠા હતા.

શ્રીગિરિધરજી શ્રીનવનીતપ્રિયાજી આદિ સ્વરૂપો માટે વહુબેટીજીઓ પાસે રાજભોગની સામગ્રી સિદ્ધ કરાવી રહ્યા હતા, ત્યાં જ શ્રીગોવર્ધનનાથજી આવી પહોંચ્યા અને લાડલાં શ્રીજીએ રોટીમાં ખાંડ પધરાવી "ખરમંડા"ની સામગ્રી

આરોગવાની ઇચ્છા વ્યક્ત કરી. "ખરમંડા"ની સામગ્રી રાજભોગમાં આરોગતાં શ્રીજીબાવાએ શ્રીગિરિધરજીને કહ્યું :

"અરે, ગોરધન, 'ખરમંડા' તો અચ્છો હોવે, પણ રાજભોગકી ભેટ નહીં ધરોગે ?"

"ક્યું નહીં... યે સબ કુછ તો આપકો હૈ..રાજભોગમેં સબ ભેટ ધર દું, મહારાજ." અને ગિરિધરજી પ્રેમપૂર્વક શરીર પરનાં આભૂષણો, દાગીનાઓ ઇત્યાદિ ટપોટપ શ્રીજીનાં ચરણે ધરવા માંડયા. ગિરિધરજીની પાછળ સમગ્ર પરિવારે સર્વસ્વ ધરી દીધું, ત્યારે નટખટ નંદકિશોર શ્રીગોવર્ધનનાથજીની નજર ખૂણામાં બેટીજીના કાનમાં કર્ણફૂલ લટકતાં જોઈ..

"અબે છોરી....યે કર્ણફૂલ કાહેકો રખ્ખો ? સમર્પણ સર્વસ્વકો હોનો ચાહિયે. ઉતાર મેરો કર્ણફૂલ.."

—અને શ્રીગોવર્ધનનાથજીએ કાનનાં કર્ણફૂલ પણ ભોગ આરતીની ભેટમાં બેટીજી પાસેથી પડાવી લીધાં. કૃષ્ણદાસ, સૂરદાસ શ્રીજીબાવાની લીલા પર પ્રસન્ન થતા, એમના નિવાસસ્થાને પહોંચ્યા.

સૂરદાસજી એમની કુટિરમાં આરામ કરતા હતા, એમનો અંતેવાસી નાનકડો ગોપાલ કુટિરની બહાર બેઠો હતો, ત્યાં જ ઘાટ પર ઘોડેસવારોની ધડબડાટી બોલી ગઈ. લોકો કૌતુકમાં આમતેમ નાસવા લાગ્યા.

"અબે છોરા, અપના સૂરદાસજીકો નિવાસસ્થાન કહાં હૈ ?"

"બાબા કુટિર મેં ધ્યાન મેં બૈઠે હૈં." ગોપાલ બોલ્યો.

"કહો કે ફતેહપુર–સિક્રીસે તાનસેનજી, બીરબલજી ઔર ટોડરમલજી દર્શન કે લિયે આયે હૈં."

રસ્તા પરની ધડબડાટીથી ધ્યાનભંગ થયેલા સૂરદાસજી કુટિરની બહાર આવ્યા. સૂરદાસજીને જોતાં જ ઘોડા પરથી તાનસેન કૂદી પડયો. પાછળપાછળ બીરબલ અને ટોડરમલજી પણ ઊતરી પડયા.

"સૂરદાસજી, હું તાનસેન, જિલ્લે ઈલાહી બાદશાહ અકબરના દરબારમાં યત્‌કિંચિત્‌ સંગીતસેવા કરું છું."

"અરે સંગીતશિરોમણિ તાનસેનજી, આપ ? પધારો...પધારો..."

સૂરદાસજીએ ભારતના મહાન સંગીતસાધક તાનસેનજીનું સ્વાગત કરતાં કહ્યું. એની પાછળપાછળ બીરબલ અને ટોડરમલજીનો પરિચય કરાવતો તાનસેન બોલ્યો :

"સૂરદાસજી, આ ટોડરમલજી અને આ ચતુર બીરબલજી છે."

"આપ તો બન્ને મારા વલ્લભનંદનના સેવકો છો. બોલો, આપનું આવવાનું પ્રયોજન શું છે ?"

"સૂરદાસજી, તમારાં પદો સારા દેશમાં વિખ્યાત છે. આલમપનાહ પણ આપનાં પદોના આશિક છે. બાદશાહ આપના સૂરીલા મધુર કંઠે પદો સાંભળવા

ખાસ ફતેહપુર–સિક્રી પધાર્યા છે. આપનું ભાવભીનું સ્વાગત કરવા એ ઇંતેજાર છે અને આપને માન–સન્માન સાથે અમારી સાથે એમના શાહી દરબારમાં લઈ આવવાનો આદેશ આપ્યો છે. અમે આપને ખાસ શાહી સલ્તનતનું નિમંત્રણ આપવા અને આપને લઈ જવા આવ્યા છીએ." બીરબલ નમ્રતા સાથે બોલ્યો.

સૂરદાસજી વિચારમાં પડી ગયા. શાહી ફરમાન હતું એટલે અનાદર તો થઈ શકે નહીં; પરંતુ અહીં શ્રીનાથજી તેમજ શ્રીનવનીતપ્રિયાજીની કીર્તનસેવા છૂટે એનું શું ? સૂરદાસજીનું હૃદય વ્યથાથી વિહ્વળ બની ગયું.

"તાનસેનજી...બીરબલજી...ટોડરમલજી... શહેનશાહ અકબરનાં મહારત્નો, હું તો કયો મોટો સંગીતકાર કે ગીતકાર છું... પ્રભુકૃપાથી મનમાં સુઝાડે છે તેવું ગાઈને મારા શ્રીજીબાવાને અને લાડલે લાલને રીઝવવાનો પ્રયત્ન કરું છું. મારાં પદો, મારું ગીત–સંગીત બધું શ્રીનાથજીબાવાના ચરણે સમર્પિત થઈ ચૂક્યું છે. હું દરબારમાં આવીને શું ગાઈશ ? જહાંપનાંહને મારા વિવેકપૂર્ણ પ્રણામ સાથે કહેશો કે 'સૂર' એના શ્યામને પળભર પણ છૂટો મૂકી શકે તેમ નથી. તો મને માફ કરે." સૂરદાસજીએ નિમંત્રણ ટાળવાનો પ્રયત્ન કર્યો. ઘોડેસવારોને જોઈ ટોળું પણ ભેગું થવા માંડયું હતું.

"સૂરદાસજી, તમારા તો અણુઅણુમાં ગોવર્ધનધર વસી ગયો છે. એક ક્ષણ પણ એનો વિરહ તમે ખમી શકો તેમ નથી એ અમે જાણીએ છીએ. પરંતુ બાદશાહનું ફરમાન છે. બાદશાહ અકબર સર્વધર્મસમભાવમાં માનનારા છે. દરબારમાં પણ આપે તો અભિવાદન સ્વીકારતાં તમારા 'લાલા'નાં પદો જ ગાવાનાં છે. અહીં ભગવદ્–નામ લ્યો છો, તેમ ત્યાં લેવાનું છે. તમારે ક્યાં બીજી કોઈ જળોજથામાં પડવાનું છે ? નિરાંતે પદો ગાજોને !" બીરબલ બોલ્યા.

"એક શરતે આવું છું."

"શી શરત છે આપની ?"

"રાત પહેલાં હું મથુરા ચાલ્યો આવીશ. વહેલી સવારે મારા સાંવરેલાલ નવનીતપ્રિયાજીને પદોથી રીઝવવાના છે."

"આપને રાત્રે જ મથુરા પહોંચાડવાની જવાબદારી અમારી, કવિશ્રેષ્ઠ ! આપે અમારું હૈયું નિમંત્રણ સ્વીકારીને હળવું કરી નાખ્યું."

"આપને માટે આ પાલખી લાવ્યા છીએ, ભક્તશિરોમણિ ! આપ એમાં બિરાજો." વિવેકસહ બીરબલે કહ્યું.

"ના રે ભૈયા, આ આપણા અજડને વળી પાલખી શું ને વાહન શું ? હું તો મારા તાનપુરા સંગાથે મારા વહાલાનાં પદો ગાતો–ગાતો આવી પહોંચીશ.. મારી સાથે મારો ગોપાલ છે. ગોપાલ, આવવું છેને શાહી દરબારમાં ?"

"ગુરુદેવ, જેવી આજ્ઞા. બાકી ધ્યાન રાખજો, આ કાંઈ આપણા નટખટ નંદકિશોરનો દરબાર નથી, જ્યાં પ્રેમ, ભક્તિ અને અખૂટ લાગણીનાં જમુનાજી સિવાય બીજું કશું જ ન હોય. આ તો કાવાદાવા, કૂડકપટ અને લોહીના ધપ્પા–

વાળો રાજદરબાર છે." ગોપાલ બોલ્યો. ગૌઘાટના એક વ્રજવાસીનો છોકરો, સૂરદાસજીનાં ગીત–સંગીત ઉપર એવો તો મુગ્ધ થઈ ગયો હતો કે રાત–દિવસ સૂરદાસજીનું ધ્યાન રાખતો, સેવા કરતો એનો ચોવીસે કલાકનો સેવક થઈ ગયો હતો.

સંધ્યા આરતી ટાણે ફતેહપુર–સિક્રીના ઝાકઝમાળ રાજ્યદરબારમાં સૂરદાસજીએ પ્રવેશ કર્યો અને એમનું મન મૂંઝાવા માંડ્યું. અજાણ્યા વાતાવરણમાં ભરાઈ પડવા જેવું શ્રીજીબાવાના આ સેવકને લાગવા માંડ્યું.

સૂરદાસજીને પ્રવેશતા જોઈ, અકબર બાદશાહ સિંહાસન પરથી ઊભો થઈ, દોડીને સૂરદાસજીના પગે પડી ગયો અને ભાવભર્યા શબ્દો સાથે બોલી ઊઠ્યો :

"ભક્તશિરોમણિ, કવિશ્રેષ્ઠ, આપને મારાં ભાવભર્યાં વંદન ! આપનાં પદોએ તો મને ઘેલો કરી દીધો છે, સૂરદાસજી ! તમે આ સેવકને આંગણે પધારી અનહદ કૃપા કરી છે. આપના સ્વમુખે, અલ્લાહના બંદાના મુખે કિરતારની આ લીલાનાં પદો સંભળાવો, કવિશ્રેષ્ઠ !" અકબર બોલ્યો.

સૂરદાસજીને સારા હિંદુસ્તાનની સલ્તનતના બાદશાહ અકબરનો વિવેક, એની નમ્રતા અને ધર્મ પ્રત્યેની ભાવના જોઈ હૈયે શાંતિ થઈ.

"બાદશાહ, મારા કૃષ્ણકનૈયાની લીલા તો અપાર છે. આપણે સૌ એનાં સંતાનો છીએ. આપણે તો આપણું તન, મન, ધન અને આપણું સર્વસ્વ એની સાથે જોડવાનું છે, એને પ્રીતિ કરવાની છે, પ્રાર્થના કરવાની છે, એ જગનિયંતાની સેવામાં રત રહેવાનું છે. મારા વહાલાનું એક પદ તમને સંભળાવું છું."

સૂરદાસજીની વાત સાંભળ્યા પછી ઘડીભરમાં તો દરબારમાં સોપો પડી ગયો. સાજિંદા ગોઠવાઈ ગયા. ઝાંઝ–પખાજ, સારંગી, વાંસળી અને અન્ય સંગીતની સામગ્રી ગોઠવાઈ ગઈ. સૂરદાસજીએ હાથમાં તાનપુરો લીધો. શ્રીગોવર્ધનનાથજીનું ધ્યાન ધરી એમણે તાનપુરાના તાર પર એમની કરાંગુલિઓ ફેરવી ને વાતાવરણ સંગીતમય બની ગયું અને...

મન રે... તું કર માધોં સે પ્રીત
કામ ક્રોધ મદ લોભ મોહ તું છોડિ સબૈ વિપરીતી..

–એ પદ શરૂ કર્યું. પદના શબ્દો વાતાવરણમાં ઊઠતા ગયા અને સમગ્ર હવામાન ભક્તિરસથી ઊભરાઈ ગયું. "સૂરપચીસી"નાં પચીસ પદોથી સૂરદાસજીએ ભક્તિની–પ્રેમરસની રમઝટ બોલાવી દીધી.

"વાહ...વાહ... શુભાનલ્લા ! ભક્તરાજ ! આપે તો અમને ભક્તિરસમાં ડુબાડી દીધા ! ખુદાની 'ખાતિર' આનાથી વિશેષ તો કેવી રીતે થઈ શકે ! ધન્યધન્ય, સૂરદાસજી !"

"બાદશાહ, આમાં મારી કાંઈ જ 'કમાલ' નથી, 'કરામત' નથી. અંતરમાં બિરાજેલો મારો નટખટ લાલો બધું ગવડાવે છે, બોલાવે છે. મારા સૂર તો મારા

શ્રીબાલકૃષ્ણને સમર્પિત કર્યા છે. આ પદ પણ એને સમર્પિત હતું અને એ સૂરને – સ્વરને મારો વહાલો એની મધુર બંસીમાં પરોવી જગતને મારા અસ્તિત્વની જાણ કરે છે."

"ભક્તરાજ, સારી આલમના સમ્રાટનું એક પદ સંભળાવો. શાહી દરબારની આ એક રસમ છે. બાદશાહ સલામત આપને સાંભળવા આતુર છે." તાનસેન બોલ્યો.

"તાનસેનજી, મારી આલમનો સમ્રાટ તો એક જ છે અને તે છેલ–છોગાળો, જમુનાતટ પર ખેલતો, ગોપીઓનો વહાલો, નંદજશોદાનો જાયો, મારો ગોવર્ધનનાથ, મારો ગિરિધર ગોપાલ, મારો 'લાડલે લાલ' બાલકૃષ્ણ, વેણુધર શ્રીમાખણચોર ભગવાન કૃષ્ણ. હું તો એનું પદ સંભળાવીશ.." અને સૂરદાસજીએ તાનપુરો સંભાળી મધુર આલાપ સાથે

નાહિન રહ્યો મન મેં ઠૌર
નંદનંદન બસત કૈસે આનિયે ઉર ઔર...

ભરદરબારમાં સૂરદાસજીનું દર્દ જાગી ઊઠ્યું. હૃદય હલબલાવી નાખતા પદે સન્નાટો ફેલાવી દીધો.

સ્યાત ગાત સરોજ આનન લલિત ગતિ મૃદુ હાસ
'સૂર' ઐસે દરસ બિનુ યે મરત લોચન પ્યાસ.

–અને અંતિમ પંક્તિ સાથે જ સૂરદાસના હાથમાંથી તાનપુરો પડી ગયો. આંખો અશ્રુજલથી છલકાઈ ઊઠી. સમગ્ર અંગની, હૃદયની વીણાના તાર ઝણઝણી ઊઠ્યા.

સૌ કોઈની આંખોમાંથી ભક્તિરસથી ભરપૂર વહાલાનાં દર્શનની આરજૂ ગંગાજમનાનાં નીર બની વહેવા માંડી.

"શુભાનલ્લા...! ભક્તકવિ, શુભાનલ્લા...! આપે બાદશાહોના બાદશાહ એવા ખુદાનું જે અદ્‌ભુત વર્ણન કર્યું એનું દર્શન આપને કેવી રીતે થયું, સૂરદાસજી ? બાકી એક રીતે જુઓ તો તમારે આંખો તો છે નહીં, પરંતુ પ્રભુનાં દર્શન વિના નયન તરફડે શી રીતે ?" – અકબરે પ્રશ્ન કર્યો.

સૂરદાસજી ભૌતિકરસની ભવાટવીમાં આથડતા – આગલા જન્મના ભ્રષ્ટ જીવાત્માને ખિન્ન હૃદયે જોઈ રહ્યા. બાદશાહ અકબરના હૈયામાં ખુદાનો વાસ હતો. એમના હૈયામાં ભક્તિની કૂંપળો ફૂટી રહી હતી. એમને કોઈ સારા ગુરુની, સાચા રાહબરની જરૂર હતી.

"જહાંપનાંહ, ખુદાને નીરખવા એ ચર્મચક્ષુની તાકાત બહારની વાત છે. એના માટે તો સ્વચ્છ નિર્મળ અંતરાત્માનાં પવિત્ર–વિરહી હૃદયની આરજૂનાં ચક્ષુઓ, અંતરાત્માનાં નયન–ખંજન હોવાં જોઈએ. હૃદયની સતત ખુદા કે ઈશ્વરની રટણા એ જ અમારી આંખો છે. ચિત્ત એ આંખોની કીકીઓ છે અને ચિત્તમાં મારો વહાલો વસે છે એનું અમને દર્શન થાય છે. વહાલાની કૃપાનું જ આ

પરિણામ છે."

"વાહ, ભક્તરાજ, સરસ અને સાચી વાત કરી. દ્રવિત હૃદયની બંદગી જ ખુદાનો સાક્ષાત્કાર કરાવે છે. આપે અહીં પધારી શાહી દરબારનું ગૌરવ વધાર્યું. આપની હું શી સેવા કરી શકું ?"

"બાદશાહ...! અમે તો અલખના ઓટલે ભક્તિની ધૂણી જગાવી, અમારા વહાલાની લીલાનાં દર્શનમાં વ્યસ્ત રહેનારા, અમારે શું જોઈએ ? તમારી લૌકિક માયાથી પર અમે રહેતા આવ્યા છીએ. આમ છતાં જ્યારે તમે સેવા કરવાની ઇચ્છા જ બતાવી છે, તો, આલમપનાહ, એક વિનંતી છે." સૂરદાસ બોલ્યા.

"શી વિનંતી છે ? આપ જલદી પ્રગટ કરો. મને તમારી સેવાનો લાભ આપો, સૂરદાસ.."

"બાદશાહ, અમારી જિંદગીમાં અમારા વહાલાનો વિરહ એક ક્ષણ પણ સહન થતો નથી. અમારું મન, વચન, કાયા બધું જ અમારા લાડલા શ્રીનાથજીની સેવામાં ચોવીસે કલાક રત રહે છે. તમે અમને ભવિષ્યમાં ક્યારેય આવા માનસી, તામસી દરબારમાં બોલાવશો નહીં..અમે તો મસ્તીના જીવ છીએ. અમારી મસ્તી એટલે અમારા વહાલાનું સાંનિધ્ય.. અમને અમારા આ સાંનિધ્યથી દૂર ક્યારેય ન કરશો !"– અને સૂરદાસજી "ચલ ગોપાલ...શરણ તેરે આયો..." કહેતા તાનપુરો ખભે નાખતા ચાલી નીકળ્યા.

અકબર મસ્ત–મિજાજી બાળક જેવા સંતને જતા નિષ્પલક નજરે જોઈ રહ્યા.... બસ જોઈ રહ્યા.

"જહાંપનાહ !" તાનસેને સૂરદાસજીના પવિત્ર સાંનિધ્યના વાતાવરણમાં વ્યસ્ત બની, કોઈક જુદી જ દુનિયામાં – ભક્તિની દુનિયામાં સરી પડેલા બાદશાહ અકબરને જગાડયા.

"અદ્ભુત...તાનસેન...અદ્ભુત... કોઈક ઓલિયો જીવ ! ફકીરીને સાર્થક કરતા આ ખુદાના બંદાનાં જેટલાં પદો આજસુધીમાં રચાયાં હોય... એ બધાં આપણા શાહી ખજાનામાં ભેગાં કરો. વ્રજભૂમિમાં એલાન કરાવો કે મહાત્મા સૂરદાસનાં જે કાંઈ પદો જેમની પાસે હોય એ બધાં પદો આપણને પહોંચાડે... આપણે એ પદોનો મોટો સંગ્રહ પ્રગટ કરીએ...આજના યુગની આ એક તાતી જરૂર છે. આવું રસમય, ભક્તિમય પાક સર્જન યુગો પછી ક્યારેક જ આપણા જેવા સદ્ભાગીઓને અલ્લાની રહમથી પ્રાપ્ત થતું હોય છે. તમે ઢંઢેરો પિટાવો...આપણે એ પદો ભેગા કરી આપનારને યોગ્ય ઈનામો આપશું..."

સારાયે વ્રજમાં બાદશાહના ફરમાનનો હેલો પડયો...અને આગ્રાના વિદ્યાકોશમાં રોજનાં અસંખ્ય પદ ઠલવાતાં ગયાં. એમાં સાચાં–ખોટાં કયાં તેનું પરીક્ષણ કરવાની એક ચિંતા ઊભી થઈ. એમાં પણ વ્રજના જ એક પંડિત કવીશ્વરને મનમાં રંજ પ્રગટ થયો.

"અરે, શું લોકો લઈ ભાગ્યા છે ! બસ સૂરનાં પદો, સૂરનાં પદો ! કેમ

જાણે આ જગતમાં બીજા કોઈ એના જેવાં પદો રચી જ નહીં શકતા હોય ! લાવ, હું મારાં પદ લઈ બાદશાહ અકબર પાસે જાઉં; મારાં પદો રજૂ કરી પુરવાર કરું કે મારાં પદો આગળ સૂરદાસનાં પદો કાંઈ જ વિસાતમાં નથી." એક વ્રજવાસી આગળ ડંફાસ મારતાં કવીશ્વર બોલી ઊઠયા.

"કવીશ્વર... તમારી વાત સાચી. પણ આજે જ્યારે બાદશાહ અકબરના દરબારમાં જ્યાં 'સૂરદાસનાં પદો'ની એક હેલી ઊઠી છે, ત્યારે તમારાં પદો સૂરદાસ કરતાં પણ ચઢિયાતાં હશે તોપણ કોઈ દાદ નહીં દે." વ્રજવાસીએ કહ્યું.

કવીશ્વરને પણ લાગ્યું કે વ્રજવાસીની વાતમાં તથ્ય હતું, એટલે મનોમન નિર્ણય કર્યો અને ખભે ખેસ, કપાળમાં તિલક, હાથમાં લાકડી સાથે ફતેહપુર–સિક્રી તરફ ચાલી નીકળ્યા અને પોતાનાં લખેલાં પદો સૂરદાસના નામે વેચી મારી અસંખ્ય મુદ્રા કમાઈ લેવાની ઇચ્છા સાથે ફતેહપુર–સિક્રી પહોંચ્યો.

"આલમપનાહ...હું તો વ્રજનો રમતો–ભમતો વ્રજવાસી કવિ છું. પરંતુ કવિઓમાં શ્રેષ્ઠ તો સૂરદાસ જ છે. એમનાં કેટલાંક પદો આપના ચરણે ધરી દઉં છું." કહેતાં કવીશ્વરે ઢગલાબંધ કાવ્યો રજૂ કરી, પદ દીઠ સોનમહોરો પ્રાપ્ત કરવા આતુર થઈ ગયો.

બીરબલની નજર કવીશ્વર પર સ્થિર થઈ. કવીશ્વર એનાથી આંખો મેળવી શકતા નહોતા. બીરબલને શંકા પડી કે આ કવીશ્વર પૈસાની લાલચે જ પોતાનાં રચેલાં પદો સૂરદાસના નામે ખપાવવા આવ્યો લાગે છે.

"બાદશાહ સલામત...કવીશ્વર આપણી ભાષાના ઉત્તમ કવિ છે. આવા સમર્થ કવિ જ્યારે સૂરદાસનાં પદોનો આપણી સમક્ષ ઢગલો કરી દે ત્યારે આપણે આ પદોને કસોટીની એરણે ચઢાવીએ."

"બીરબલ, વાત સાચી છે. કઈ રીતે આ કરશું ?"

"બહુ સરળ વાત છે. સૂરદાસજી એક નિઃસ્પૃહી કૃષ્ણભક્ત–ભક્તકવિ છે. એમના લખેલાં પદોમાં ભક્તિરસ જ પ્રગટે છે. તો બાદશાહ સલામતને મારી વિનંતી છે કે પાદરમાંથી જ વહેતી આપણી જમુનામૈયાના જલપ્રવાહમાં કવીશ્વરની, સૂરદાસની રચનાઓ અને ગોપીજનો અને અન્યની રચનાઓને તરતી મૂકીએ. જે ડૂબી જાય એ અન્યની રચના અને સૂરદાસજીની રચના તો અહીં એના સત્ત્વથી તરતી રહેશે."

બીરબલના સૂચને કવીશ્વરના હાંજા ગગડાવી દીધા.

અકબર બાદશાહે જમુનાજીના જલ પર બધી જ રચનાઓ તરતી મૂકી. કવીશ્વરની રચનાઓ ડૂબવા માંડી અને બાદશાહની નજર એના પર પડી. કવીશ્વર બાદશાહને ચરણે ઢળી પડયા.

અને અંતે તો "હેમનું હેમ"– સૂરદાસજીની કવિતાનું હેમ – જમુનાજીના જ નહીં...કાળના પ્રવાહમાં પણ તત્ત્વરૂપે આજ પણ વહી રહ્યું છે.

૧૨.' સુનેરી મૈંને નિર્બલ કો બલ રામ'

શ્રીવલ્લભનંદન શ્રીવિઠ્ઠલનાથજી ગિરિરાજજીની તળેટીમાં ખૂબ જ પ્રસન્નતાપૂર્વક બિરાજતા હતા. સાંજનો ગોધૂલિનો સમય હતો. ઠાકોરજીને શયન–ભોગ આરોગાવી, શ્રીગુસાંઈજી શ્રીજીબાવાને પોઢાડી રહ્યા હતા ત્યારે શ્રીજીના ચહેરા પરની પ્રસન્નતા જોઈ એમનાથી પુછાઈ ગયું :

"બાવા, આજ તો બહુત પ્રસન્ન દીખાઈ દીયો લગતો હૈ !"

"હાં, આજ તો, કાકાજી, મંગલાસે સેન–ભોગ તક બસ કીર્તન હી કીર્તન સુનતો આયો હૂં...મેરે ભક્તજનોંને અપની હૃદયકી બાની સે મેરો ગાન ગાયો હૈ..." શ્રીજીબાવા પ્રસન્ન ચહેરે બોલ્યા.

શ્રીગુસાંઈજી સામે શ્રીજીબાવાના લાડલા કુંભનદાસજી, સૂરદાસજી, પરમાણંદદાસજી, કૃષ્ણદાસજી, છીતસ્વામી, ગોવિંદસ્વામી, નંદદાસજી અને ચતુર્ભુજદાસજી ખડા થઈ ગયા. આજે સમા–સમાનાં પદોની બોલાવેલી રમઝટથી શ્રીજીબાવા ખૂબ જ આનંદમાં હતા.

અચાનક શ્રીવલ્લભનંદને બાજુમાં ઊભેલા ખવાસને આઠેય ભક્તકવિઓને એમની પાસે લઈ આવવાની આજ્ઞા કરી.

"વાહ રે મારા કીતર્નપ્રેમી ગોવર્ધનનાથ ! તમારું સુખ એ મારું સુખ. આજે જ આપના સુખની સદા માટેની વ્યવસ્થા કરું છું. મારા અંતરમાં પ્રેરણા આપી મને કૃતકૃત્ય કરી દીધો, મારા વહાલા..."

થોડીવારમાં જ ખવાસ શ્રીજીબાવા અને શ્રીગુસાંઈજીના અંતરંગના આઠે ભક્તકવિઓને લઈને આવી પહોંચ્યો.

"ભક્તજનો, આપણા સંપ્રદાયમાં સૌથી પ્રથમ સુખ આપણા ઇષ્ટદેવનું–શ્રીજીબાવાનું અને સાત સ્વરૂપોનું જોવાય છે. આપણો સંપ્રદાય 'રસૌ વે સઃ'–રસાત્મક પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ છે. આપણા અંતરની રસસૃષ્ટિને, કલાભાવનાને, સૌંદર્યને પ્રભુચરણે ધરી, આપણી રસવૃત્તિને, કલાને પ્રભુમય બનાવવાની છે. ભારતીય કલા–સંસ્કૃતિ આખરે તો પ્રભુ–સમર્પિત કલાપ્રવૃત્તિ છે. આપણા ગોવર્ધનનાથજી આજના મનોરથ–સમયે ગવાયેલાં તમારાં સૌનાં પદોથી ખૂબખૂબ પ્રસન્ન થયા છે. પ્રભુનું સુખ એ આપણું સુખ. પ્રભુની પ્રસન્નતા એ આપણી પ્રસન્નતા. આજે મને વિચાર આવ્યો છે કે, તાતશ્રીના અંતરંગના એવા શ્રીપરમાણંદદાસજી, આપની સ્વરૂપાસક્તિ શ્રીનવનીતપ્રિયાજી પ્રત્યેની છે. તો આપ તેમજ સૂરદાસજી શ્રીજીબાવા અને શ્રીનવનીતપ્રિયાજી સમક્ષ મંગલાના સમયે કીતર્ન કરી બન્ને સ્વરૂપોને પ્રસન્ન કરતા રહો. શ્રીકુંભનદાસજી, આપ તો આખો સમય શ્રીજીની સેવામાં જ પસાર કરો છો, તો શયનનાં પદોથી આપ શ્રીજીની નિંદરનું સુખ વિચારો. શ્રીગોવિંદસ્વામી, તમારી પર તો શ્રીજીબાવાની એવી કૃપા

છે કે સદાય ગિરિરાજની કદમખંડીમાં એ તમારી સાથે રમતા જ હોય છે. તો તમે ગ્વાલના સમાનાં પદોથી આપણા શ્રીજીબાવાને ખેલ ખેલાવતા રહો. છીતસ્વામી, તમારાં પદોથી સંધ્યાઆરતીની ઝાલર ઝણઝણી ઊઠશે; તો ચતુર્ભુજદાસજી, તમે "ભોગ"નાં પદોથી આપણા પ્રભુને પ્રસન્નતામાં રાખો. નંદદાસજી, તમે તો શ્રીગોકુલચન્દ્રમાજીના લાડલા યુવાન ભક્તકવિ છો, તો શ્રીજીબાવાના શૃંગાર–સમાને તમારાં પદોથી શણગારો. અને હાં, તમે શ્રીવલ્લભના પ્રાણપ્યારા, જેમને પદોના સાહિત્યના 'સાગર' કહ્યા છે, એવા 'સૂરસાગર' સૂરદાસજીના સાંનિધ્યમાં રહેશો તો તમને તમારી કાવ્યપ્રવૃત્તિમાં ખૂબ જ લાભ થશે. એમને ગુરુપદે સ્થાપી તમારી ગીતસંગીતની સાધના આગળ વધારો. આમ, મારા અંતરંગના અષ્ટસખાઓ આજથી આપની કીર્તનસેવાથી આપણા વહાલા ગોવર્ધનનાથજીને પ્રસન્ન રાખતા રહો."

સૂરદાસજી અને અન્ય ભક્તકવિવરોના હૈયે શ્રીગુસાંઈજીની વાણી સાંભળી આનંદનાં પૂર ઊભરાયાં. સૂરદાસજીના હૈયામાંથી એ જ ક્ષણે પદ ઊછળ્યું. આનંદવિભોર બની ગાઈ ઊઠ્યા :

સોઈ રસના, જો હરિગુન ગાવે
નૈનનિ કી છબી યહે ચતુરતા
જો મુકુંદ મકરંદહિ ધ્યાવે...

સૌ કોઈના હૈયાની વાણી સૂરદાસજીના હોઠેથી ટપકી પડી હતી. શ્રીવલ્લભનંદનના હૈયે પણ "અષ્ટછાપ સખા"ની નિયુક્તિથી વ્રજભાષાનાં ભક્તિગીતોનું સાહિત્ય સમૃદ્ધ કરવાની એમની ઝંખના પૂર્ણ થયાનો આનંદ હતો.

"અબ મૈં નાચ્યો બહુત ગોપાલ
કામક્રોધ કૌ પહિરિ ચોલના, કંઠ વિષયકી માલ
મહામોહ કે નુપૂર બાજત, નિંદા સબ્દ રસાલ"

પૂર્વના ક્ષિતિજના આકાશમાં રવિકિરણોની સવારી આવીને આકાશના ગાલને ગુલાબી કરી રહી હતી, ત્યારે ચન્દ્રસરોવરના કિનારે પરાસોલી–સ્થિત સૂરદાસજી એમની મસ્તીમાં તંબૂરાના તાલે મધુર કંઠે, જ્યારે પ્રથમ વાર શ્રીગોવર્ધનનાથજી અને શ્રીનવનીતપ્રિયાજીનાં દર્શન કર્યાં ત્યારે રચેલું પદ "અબ મૈં નાચ્યો બહુત ગોપાલ"– ગાઈ રહ્યા હતા.

રાસ–ચોતરો પારિજાત–પુષ્પોથી છવાઈ ગયો હતો. બાજુના ખેતરમાંથી ટેહુક ટેહુક મોરના ટહુકા સંભળાતા હતા. મંદમંદ વાતા સમીરની સંગે ચન્દ્રસરોવરના જલતરંગો નર્તન કરતા હતા. કોકિલાનો કેકારવ, દેવચકલી અને અન્ય વ્રજપંખીઓના "ગોકુલ...ચન્દ્રમાજી"ના ટહુકા સંભળાતા હતા. ખેતરમાંના કૂવામાંથી કિચૂડ...કિચૂડ અવાજ સાથે સીંચાતા પાણીનો અવાજ પણ આવતો હતો.

સૂરદાસનું મસ્તક પદના શબ્દો પર ડોલતું હતું. બરોબર એ જ વખતે એક

યુવાન ધોતી, કફની અને ખભે ખેસ સાથે ચન્દ્રસરોવરના પરિસરમાં નીરવ પગલે પ્રવેશ્યો.

પ્રવેશદ્વારમાંથી જ એની આંખો, શ્વેત પંચિયામાં શોભતા દૂબળાપાતળા અવધૂત શા લાગતા, હાથમાં તંબૂરા સાથે ભજન ગાતા વૃદ્ધ સૂરદાસને જોઈ રહી. પદરવનો સંચાર કાને પડ્યો.

"કૌન હૈ, ભાઈ ?"

"નંદદાસ હું, બાવા. આપ કે શરણ આયો હૂં."

"અરે, નંદદાસ તું આયો ? આવ આવ, નંદદુલારા, મેરા ગોવર્ધનનાથ કા લાડલા, આ જા..." સૂરદાસ ઊભા થઈ નંદદાસને ભેટી પડતાં બોલ્યા.

"બાવા, આજ તો આપકી 'સાહિત્યલહરી' કી લહરમેં બહ જાનો હૈ. આપકી રચના સૂનની હૈ ઔર કુછ સીખનો હૈ." નંદદાસ સૂરદાસજીનાં ચરણ પકડતા બેસી ગયા.

"અરે, ભૈયા, વહાં કૈસો બૈઠો ? મેરી પાસ આકે બૈઠ. મૈં પદ તો જરૂર સૂનાઉંગો. લેકિન તુમ્હે ભી રાસપંચાધ્યાયી સૂનાની પડેગી. હમ દોનોં મિલકે આપને 'લાલન'કી લીલાકે પદ જરૂર ગાયેંગે."

જુવાન નંદદાસ સૂરદાસની નમ્રતાને નમી પડ્યા.

"મૈં કા ગાઉં, બાવા ? મૈં તો સાગર કે પાસ છોટો સો ઝરણોં હૂં." નંદદાસે વિવેક કર્યો.

સૂરદાસ મનોમન પ્રસન્ન થયા. 'રાસપંચાધ્યયી' અને 'ભ્રમરગીત'ના ગાનારા યુવાન નંદદાસના મનમાં કવિ તરીકેનું અભિમાન હજી નહોતું આવ્યું.

"નંદદાસ, તું મેરે શ્રીગોવર્ધનધર કો લાડલો સો તો હૈ. ઔર ધ્રુવદાસને અપની ભક્તનામાવલી મૈં તું કૌન હો, કૈસો હો, વો ક્યા હમ નહીં જાનત ?"

"નંદદાસ જો કુછ કહ્યૌ, રાગરંગમૈં પાગિ
અચ્છર સરસ સનેહમય, સુનત સ્રવન ઉઠિ જાગી
બાવરૌ સો રસ મૈં ફિરૈ, ખોજત નેહ કી બાત
આછે રસ કે બચન સુનિ, બેગિ દિવસ હૈ જાત !

"બાવા, આપ ગોકુલ-વૃંદાવન તો ચલોગે ના ?" નંદદાસે વાત બદલતાં પૂછ્યું.

"ક્યોં...ક્યોં...." સૂરદાસજી બોલી ઊઠયા.

"અપને રઘુનાથજી કો બ્યાહ તય જો કિયો હૈ." નંદદાસજી બોલ્યા.

"જરૂર આવેગો.. તુમ ભી ચલોગે, નંદદાસ ?"

"ક્યું નહીં, બાવા ? લેકિન એક આપત્તિ હોગી."

"કૌન સી આપત્તિ, ભલા ?"

"મેરે વડીલ ભ્રાતા ગોસ્વામી તુલસીદાસજી ઉસી સમય વ્રજમેં આનેવાલે હૈં. વે વ્રજયાત્રા કો નીકલે હૈં."

"સો તો અચ્છા હૈ, નંદદાસજી. ગોસ્વામી કા દર્શન કરેંગે, સત્સંગ કરેંગે. ઉસમેં આપત્તિ કૌનસી આયેગી ?"

"બાતહી કુછ ઐસી હૈ, બાવા ! મૈં રહા કૃષ્ણભક્ત ઔર વે રામભક્ત. દોનોં કા મેલ કૈસે જમેગા ?"

"દેખ, નંદદાસ, ઈશ્વર તો એક હી હૈ, રૂપ બહુત હૈં. 'એકોહમ્ બહુસ્યામ્.' તુમ ઉસકે રામ મૈં કૃષ્ણ કા દર્શન કરતે જાઓ, ઔર વો તુમ્હારે કૃષ્ણમેં રામ કા દર્શન કરતે રહેંગે."

સૂરદાસજીની વાત સાંભળી નંદદાસના હૈયે થોડીક રાહત થઈ. રાસ–પંચાધ્યયીનાં એકબે પદ નંદદાસે ગાયાં, પ્રત્યુત્તરમાં સૂરદાસે સાહિત્યલહરીમાંથી વિનયપદો અને દૃષ્ટિકૂટનાં પદોની રસલહાણ વહાવી દીધી.

"નંદદાસજી, અપને બડે ભૈયા કો જરૂર લે આના. ભારત કે મહાન કવિ ઔર રામભક્ત કા દર્શન કરૂંગા ઔર સત્સંગ હોગા." પદોની રમઝટ પછી નંદદાસજી માનસીગંગા જવા નીકળ્યા ત્યારે સૂરદાસજીએ કહ્યું :

"આપ જૈસે સંત કી ભેટ તો કરાની હી પડેગી."

અને એક દિવસ પુષ્ટિસંપ્રદાયના રંગે રંગાઈ ગયેલા નંદદાસજીને મળવા અને બની શકે તો વંશપરંપરાગત રામભક્ત એવા પરિવારના નંદદાસજીને ફરી રામભક્ત બનાવી ઘરે લઈ આવવા તુલસીદાસ વ્રજમાં પહોંચ્યા અને તુલસીદાસે જ્યારે ઘરે પાછા ફરવાનો ખૂબ જ આગ્રહ કર્યો ત્યારે નંદદાસજી તુલસીદાસજીને સૂરદાસજી પાસે લઈ આવ્યા અને બોલી ઊઠ્યા :

"બાવા, યે મેરે બડે ભૈયા શ્રીરામભક્ત તુલસીદાસજી આપકે દર્શન કરને આયે હૈં." નંદદાસજીએ મોટાભાઈનો પરિચય કરાવતાં કહ્યું.

"આઈએ, સંતશિરોમણિ, ભગવાન રામચન્દ્રજી કે ભક્ત, મહાકવિ તુલસીદાસજી, પધારીયે. જયશ્રીકૃષ્ણ..."

"જય સિયારામ. આપ કી કૃષ્ણભક્તિ, આપ કી સૂરાવલિ, આપ કી ભગવાન શ્રીકૃષ્ણ કે પ્રતિ અનન્ય ભક્તિ મુઝે યહાં ખીંચકે લે આઈ હૈ, સૂર–દાસજી ! આપને તો સ્વયં શ્રીમદ્ ભાગવતજીકી પૂરી કથા 'પદ' કે માધ્યમસે ભક્તજનોં કો સૂનવાઈ હૈ ઔર ઉસમેં ભી મેરે રામજી કી જો વિસ્તૃત લીલા સૂર રામાયણ મેં પ્રસ્તુત કી હૈ વો તો અદ્‌ભુત હૈ." તુલસીદાસજી બોલ્યા.

"ભગવાન રામ ભી તો અવતાર–પુરુષ થે ઔર આપને ભી કહાં મેરે કૃષ્ણકી લીલા નહીં કહી હૈ ? આખિર મેં પરમકૃપાળુ પરમાત્મા તો સત્ ચિત્ ઔર આનંદ કે એકમેવ સ્વરૂપ સચ્ચિદાનંદ હી તો હૈં. આપકે રામ ધનુર્ધારી હૈં, સારે જગત કે રખનવાલે હૈં, ભક્ત કે લિયે કુછ ભી કરતે હૈં ઔર હમારે કૃષ્ણ તો છોટા સા નંદદુલારા – બાલક હૈ. હમેં ઉસે લાડ લડાના પડતા હૈ. હમ ઉસકી ખૈલકૂદકી દુનિયામેં સંમીલિત હોકે ઉનકે જૈસા બન જાતે હૈં."

"સો તો હૈ." તુલસીદાસ વિહ્‌વળ સ્વરે બોલી ઊઠ્યા.

સૂરદાસજીની છાયામાં પ્રવેશતાં પહેલાં તુલસીદાસને નંદદાસને સમજાવી પટાવીને ઘરે પાછો લઈ જઈ રામજીના ભક્ત બનાવવા હતા. પરંતુ નંદદાસજીએ તો મોટાભાઈને કહી દીધું કે, "ભાઈ....હવે તો આટલા લાંબેથી વ્રજભૂમિમાં આવ્યા જ છો તો તમે જ અહીં રહી જાઓને. અહીં શેની કમી છે ?"

"નહીં, નંદદાસ. સાંભળ મારી વાત." કહેતાં તુલસીદાસજીએ દુહો લલકાર્યો :

"જો ગિરિ રૂચે તો બસો ચિત્રકૂટમેં, ગામ રૂચે તો બસો આયોધ્યા
પૂરી રૂચે તો બસો કાશીપુરી, વન રૂચે તો બસો દંડકારણ્ય...."

"મોટાભાઈ, વાત તો તમારે માટે પણ અહીં વસવા માટે સાચી છે :

જો ગિરિ રૂચે તો બસો શ્રીગોવર્ધન, ગામ રૂચે તો બસો નંદગામ
નગર રૂચે તો બસો શ્રીમધુપુરી, શોભાસાગર અતિ અભિરામ
સરિતા રૂચે તો બસો શ્રીયમુનાતટ, સકલ મનોરથ પુરન કામ
નંદદાસ કાનન રૂચે તો બસો ભૂમિ વૃંદાવન ધામ"

"તુલસીદાસજી, અહીં આવ્યા જ છો, તો ચાલો મારા વહાલા મુરલીધરજીના વૃંદાવનધામમાં દર્શન કરવા." સૂરદાસે કહ્યું.

આંખો સામે મુરલીની ધૂન બજાવતા મુરલીધર યાદ આવી ગયા અને સૂરદાસજીએ ઉમળકાભેર પદ છેડયું :

મુરલી તઉ ગોપાલહિં ભાવતિ
સુન રી સખી ! યદ્યપિ નંદનંદહિં, નાના ભાંતિ નચાવતી
રાખતી એક પાંવ ઠાડે કરિ, અતિ અધિકાર જનાવતિ
કોમલ તનુ આજ્ઞા કરવાવતિ, કર ટેડે હૈં આવતિ !
ભ્રુકુટિ, નયન, અધર, નાસા, પુટ, હમ પર કોપ કંપાવતિ
'સૂર' પાસ ના જાનિ કોપિ, કરિ, ધરતે સીસ ડુલાવતિ

સૂરદાસજીનું પદ સાંભળી તુલસીદાસજી પ્રસન્ન થઈ ગયા. જેમ એમનાં રોમેરોમ રામ વસતા હતા, તેવી જ રીતે સૂરદાસના અણુઅણુમાં કૃષ્ણ વસતા હતા.

"ચલેંગે વૃંદાવન, સૂરદાસજી, જરૂર ચલેંગે, લેકિન..."

"ભગવાન કી ભેટ કે સમય 'લેકિન' જૈસે શબ્દ કો ઉચ્ચારના નહીં ચાહિયે. મેરો મુરલીમનોહર આપકી સબ કામના – આશંકા પૂર્ણ કરેગો !"

–અને સૂરદાસજી તુલસીદાસજી અને નંદદાસજી સાથે વૃંદાવનની વાટે જવા નીકળી પડયા. તુલસીદાસજીની ચોપાઈ અને સૂરદાસ–નંદદાસનાં પદોથી સમગ્ર પ્રવાસનું વાતાવરણ મહેકી ઊઠ્યું હતું.

વૃંદાવન પહોંચતાં જ સૂરદાસ અને નંદદાસની સાથે તુલસીદાસે મુરલીમનોહરનાં દર્શન કર્યાં.

"તુલસીદાસજી, દર્શન ખૂલ્યાં છે. મારો મુરલીમનોહર નાથ કેવો હોઠે

બંસરી ધરીને રસાત્મક લીલાનું બંસરીના સૂરે આપણને દર્શન કરાવી રહ્યો છે ! તુલસીદાસજી, નીરખો મારા વહાલા મુરલીધરને"– અને સૂરદાસજીના મુખેથી

"સ્યામ કર મુરલી અતિહિ બિરાજત
પરસત, અધર સુધારસ પ્રગટતિ, મધુર મધુર સૂર બાજત

ક્ષણભર તો તુલસીદાસજીને પણ થયું કે વાતાવરણમાંથી "મધુર–મધુર સૂર બાજત"નો રણકો લહેરાતો–લહેરાતો એમના હૃદયમાં પ્રવેશી ગયો હોય. મુરલી– મનોહરની મૂર્તિ સામે જોતાં તુલસીદાસ ગાઈ ઊઠ્યા :

કહા કહો છબિ આપકી ભલે બને હો નાથ
તુલસી મસ્તક તબ નમેં, ધનુષ બાન લેઓ હાથ

સૂરદાસજી અને નંદદાસજી એક ક્ષણ પૂરતા તો રામભક્ત તુલસીદાસનો દૂહો સાંભળી ચમકી ગયા. પરંતુ સૂરદાસજી સ્વસ્થ થતાં મનોમન વિચારી રહ્યા કે, રામભક્ત તુલસીદાસ ક્યારેય "અન્યાશ્રય" નહીં કરે. રોમેરોમે જેમનામાં રામ વસ્યા હોય એવા તુલસીદાસ સાથે "રામ–કૃષ્ણ" એક જ છે. આ વ્રજભૂમિ છે. કૃષ્ણભગવાનની લીલાભૂમિ છે. આ તો ધૂટૂર ધૂટૂર ચાલતા બાળારાજા બાલકૃષ્ણની ભૂમિ છે. અહીં મર્યાદા પુરુષોત્તમ રામ બાળક કૃષ્ણ બનીને લીલા કરી રહ્યા છે... સૂરદાસજીની આ વાતોનો અર્થ જ નહોતો. સૂરદાસજીએ શ્રીમુરલીધરની, મુરલીમનોહરની મોહક મૂર્તિ સામે જોતાં વ્યથિત હૃદયે પ્રાર્થના કરતાં કહ્યું :

"ભક્તવત્સલ ભગવાન રામભક્ત તુલસીદાસજીને ખાતર પણ, મારા નાથ..." સૂરદાસજી હજી તો વાક્ય પૂરું કરે ત્યાં તો ચમત્કાર થયો હોય એમ આંખો સામેના મુરલીમનોહરના હાથમાં બંસરીની જગ્યાએ ધનુષ–બાણ ઊભરી આવ્યાં અને સાથેસાથે તુલસીદાસની પણ આંખો ભીંજાઈ ગઈ. હરખના માર્યા એમણે મુરલીમનોહરની મૂર્તિને પ્રણામ કર્યા, એટલું જ નહીં પણ ગોધૂલિના સમયે પરણી ઊતરેલાં રઘુનાથજી તેમજ જાનકીજી મુરલીધરનાં દર્શને મંદિરમાં પધાર્યાં ત્યારે ઘડીભર તો સાનભાન ગુમાવી – આંખો સામેથી પસાર થતાં રઘુનાથજી અને જાનકીજીમાં પણ ધનુર્ધારી રામનાં દર્શનનો આભાસ તુલસીદાસને થયો. તુલસીદાસના હૈયાની ધડકન વધી ગઈ. સૌ કોઈને રઘુનાથજી અને જાનકીજીનાં દર્શન થયાં.

તુલસીદાસજી વ્રજની પરિક્રમા પૂરી કરી, 'કૃષ્ણલીલા'ના ઠેરઠેર થયેલા અનુભવોથી પ્લવિત થઈ ઘરે પધાર્યા અને થોડા સમયમાં જ સૂરદાસજીના ખોળામાં નંદદાસજીએ તુલસીદાસજીએ અનુભવેલી 'કૃષ્ણલીલા'નાં પદો ધરી દીધાં અને સૂરદાસજી એમના વહાલાની લીલાથી દ્રવિત થતાં, હાથમાં તંબૂરાના તાલ પર પદ ગાવા માંડ્યા :

"સુને રી મૈં ને નિર્બલ કો બલરામ.."

૧૩. 'આજ દેખે રિ હરિ નંગમ નંગા'

"સૂરદાસ...."

"આજ્ઞા, કૃપાનાથ !"

ગોધૂલિનો સમય હતો. આકાશમાં ગુલાબી આભા પ્રગટી રહી હતી. ગિરિરાજજીની ટેકરીઓ પાછળ ધીમેધીમે સૂરજ ક્ષિતિજમાં અસ્ત પામતો જતો હતો. શ્રીનાથજીબાવાની નવચંદરી ગાયો, ગળામાં પહેરેલી ઘંટડીનો મધુર રવ, એમનાં ડોકાં હલાવતી વાતાવરણમાં ગુંજતો કરતી હતી. એમના પગની ખરીમાંથી ઊડતી વ્રજરજથી જતીપુરાની કુંજગલીઓમાં 'રજધુમ્મસ' છવાઈ ગયું હતું. ગિરિકંદરામાંથી ટેહુક ટેહુક મોરના ટહુકા સંભળાતા હતા. પોપટ, મેના, ચકલી, કબૂતર ઇત્યાદિ વિહગો આથમતી સાંજના અજવાળામાં પોતાના માળા તરફ ઊડી રહ્યાં હતાં.

પરમ કૃપાળુ શ્રીવલ્લભનંદન શ્રીવિઠ્ઠલનાથજી સંધ્યા–આરતી કરી, શ્રીગોવર્ધનનાથજીને પોઢાડી, ગિરિરાજજીની તળેટીમાં, શ્રીમહાપ્રભુજીની બેઠકમાં મંડળી જમાવીને બેઠા હતા. સૂરદાસજી, કુંભનદાસજી, છીતસ્વામી, પરમાણંદદાસજી, ગોવિંદસ્વામી, ચતુર્ભુજદાસજી, કૃષ્ણદાસજી અને નંદદાસજી પ્રસન્નચિત્તે શ્રીગુસાંઈજીનાં ચરણો પાસે બેઠા હતા. બાળકો શ્રીગિરિધરજી, શ્રીગોવિંદદાસજી, શ્રીબાલકૃષ્ણજી અને શ્રીગોકુલનાથજી પણ પિતાની છાયામાં બેઠા હતા.

"સૂરદાસજી, ગોકુલ તમે ઘણા સમયથી ગયા નથી. શ્રી નવનીતપ્રિયાજી તમારાં બાળલીલાનાં પદો સાંભળવા આતુર છે. અમે આવતી કાલે સવારે મંગળા કરી, ગોકુલ પધારી રહ્યા છીએ, તો તમે પણ થોડાક દિવસ ચાલો. ઉષ્ણકાળ છે, શ્રી લાડલે લાલ આગળ ગ્રીષ્મ ઋતુનાં પદો રજૂ કરજો..."

"જેવી આજ્ઞા, પણ અહીં મારા ગોવર્ધનનાથ...."

"અહીં કુંભનદાસ, પરમાણંદદાસ અને અન્ય છે ને. થોડાક દિવસ તમે શ્રીગોવર્ધનનાથજીનો અને ગિરિરાજધરણ તમારો વિરહ ભલે અનુભવે." હસીને શ્રીગુસાંઈજી બોલ્યા.

"જેવી શ્રીવલ્લભનંદનની આજ્ઞા."

"એકાદ પદ સંભળાવો, સૂરદાસ." શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી. સૂરદાસજીએ તાનપુરો હાથમાં લીધો અને તાર પર એમની અંગુલિઓ કલાત્મક રૂપે ફરવા માંડી. અને સૌ કોઈના હૈયાને પ્રસન્ન કરતું...

દેખો માઈ ! સુંદરતા કો સાગર...
બુદ્ધિ વિવેક, બલ પાર ન પાવત, મગન હોત મન નાગર...

–એ પદ ગાયું. એ જ રીતે અન્ય અષ્ટસખાઓ એમનાં પદો રજૂ કરી વીખરાયા ત્યારે રાત્રીનો અંધકાર અન્યોર, જતીપુરા અને શ્રીગોવર્ધનપર્વતને

ગ્રસી ચૂક્યો હતો.

બીજા દિવસની પ્રભાતે સૂરદાસજીની આંખો વહેલી ઊઘડી ગઈ. હકીકતમાં આખી રાત ગોકુલ જવાની હોંશમાં ઊંઘ્યા જ નહોતા. આત્માનાં નયનો સમક્ષ નાનકડો નટખટ નંદકિશોર સૂરદાસજી આગળ નાચતો, કૂદતો, તોફાન કરતો કહી રહ્યો હતો :

'સૂર' અપને આંગન કછુ ગાવત...

સૂરદાસજી ઝબકીને જાગી જતા. કાનમાં કૃષ્ણકનૈયાની બંસરીની ધૂનમાં "સૂર અપને આંગન કછુ ગાવત" રણકી ઊઠતો અને દ્રવિત હૈયે, આંખમાં ઝળઝળિયાં સાથે સૂરદાસજી બોલી ઊઠ્યા :

"વાહ રે મેરે શ્યામ ધનશ્યામ...પદ મેરો... 'હરિ અપને આંગન કછુ ગાવત...' ઔર આપને કીતની કૃપા કી મેરે પર... 'હરિ' કી જગા 'સૂર' શબ્દ લગાકર આપકો પદ સુનાને કી આજ્ઞા કી...ધન્ય ભયો અવતાર, મેરે લાડલે લાલ..."

સૂરદાસજીએ દર્ભની પથારીનો ત્યાગ કરતાં એમની કુટિરની બારીમાંથી દેખાતી ગિરિરાજની પર્વતમાળાના શિખરે બિરાજતા શ્રીગોવર્ધનનાથજીને ભાવપૂર્વક નિત્યનિયમાનુસાર એમનું શિર નમાવતા ગાઈ ઊઠ્યા...

અખિયાં હરિ દરસનકી પ્યાસી....

નિત્યકર્મથી પરવારી, ચન્દ્રસરોવરના જલમાં ડૂબકી મારી, રાસચોતરા પર નંદનંદન અને વૃષભાનકુમારી રાધા અને અન્ય ગોપીઓની મહારાસની રાસલીલાના અંતે વેરાયેલી રજને માથે ચડાવી, એમની લાકડી, ખભે ખેસ, ટૂંકું પંચિયું અને કફની પહેરી, ભાલમાં તિલક કરી, જતીપુરાની દિશામાં શ્રીકૃષ્ણઃ શરણં મમનો જાપ જપતા ચાલી નીકળ્યા. દંડવતી શિલાની પ્રદક્ષિણા કરીને શ્રીજીબાવાના મંદિરમાં પહોંચ્યા, ત્યારે ઠાકોરજીને જગાડવાનો શંખનાદ થયો....

જે....જે...જે....કરતાં વૈષ્ણવો....'નિસદિન બરસત નૈન હમારે'નું પદ ગાતાં મંદિરના બંધ દ્વાર આડાં વિરહાતુર અવસ્થામાં કમાડ ખૂલવાની આશાએ ઊભાં રહી, "ગિરિરાજ ધરણ, શ્રીજી તમારે શરણ"ની ધૂન બોલાવવા માંડયાં. સૂરદાસજી મંગળાનાં દર્શન, અન્ય સખાઓ સાથે કરવા સાજ સાથે બેસી ગયાં અને મુખમાંથી મધુર કંઠે

"જાગિયે ગોપાલ લાલ, આનંદ નિધિ નંદબાલ
વસુમતિ કહૈ બાર બાર ભોર ભયો પ્યારે"

—એ પદ વાતાવરણમાં મહોરી ઊઠ્યું અને ભક્તજનોના આતુર વિરહી હૃદયની આરજૂની મત્ત સુગંધ...શ્રીજીબાવા પાસે પહોંચતાં જ શ્રીજીબાવા

"સૂનત બચન પ્રિય રસાલ, જાગે અતિસય દયાલ – જાગ્યા અને એમના જાગતાં જ

"ભાગે જંજાલ – જાલ – દુઃખ કદંબ ટારે.."

સૂરદાસજી એમના 'ભજન'માં લીન થઈ ગયા. દેહાનુસંધાન ગુમાવી

દીધું. હૈયું, હાડ અને શિર – તાનપુરાના તાલે ડોલતાં રહ્યાં.

"સૂરદાસ, ભોર ભયો. શ્રીગોવર્ધનધર તો કદમખંડીમેં ખેલને ગયો. ચલો ગોકુલ કી ઔર પ્રયાણ કરે." – દયાળુ શ્રીવલલભનંદન ભક્તિરસના અતલ તળિયે ડૂબેલા ભાવવિભોર સૂરદાસજીના ખભે એમનો હસ્તકમલ મૂકતાં બોલ્યા.

સૂરદાસજી તંદ્રામાંથી ઝબકીને જાગી ગયા.

આત્મચક્ષુ સામે ખભે કામળી, હાથમાં લાકડી અને અધર પર બંસરી સાથે મોરમુકુટ ધરતા – પીતાંબરી ધરેલા શ્રીજીબાવા તો ગિરિરાજજીની કદમખંડીમાં ગોવિંદસ્વામી અને કુંભનદાસની સાથે ગૌચારણલીલા કરવા પધારતા દેખાયા.

"હાં, ગોકુલ ચલિયે...સેવક તૈયાર હૈ."– સૂરદાસજી બોલ્યા.

–આગળ શ્રીગુસાંઈજી, આજુબાજુ શ્રીગિરિધરજી, શ્રીબાલકૃષ્ણજી, શ્રીગોવિંદરાયજી અને શ્રીગોકુલનાથજી ગોકુળની દિશામાં ભગવાનનું નામસ્મરણ કરતા જઈ રહ્યા હતા. એમની પાછળપાછળ સૂરદાસજી, કૃષ્ણદાસજી અને અન્ય સેવકો ચાલી રહ્યા હતા. અને થોડીવારમાં જ 'ગોકુલકી ગલી સાંવરી'માં પ્રવેશ કરતાં જ,

"શ્રીલાડલેલાલ કી જય..., શ્રીબાલકૃષ્ણલાલકી જે..., શ્રી નવનીતપ્રિયાજી કી જય...."ના જયજયકારથી ગોકુલનું આકાશ ભરાઈ ગયું.

શ્રીવલ્લભનંદન બાળકોને લઈને સીધા સ્નાનઘરમાં જઈ, સ્નાનાદિક કાર્ય પતાવી 'અપરસ'માં શ્રીનવનીતપ્રિયાજીના જાગવાની રાહ જોતા નિજમંદિરના એક ખૂણામાં ઊભા રહી ગયા. સૂરદાસજી ઠકરાણી ઘાટ પહોંચી, જમુનામૈયાના વહેતા જલપ્રવાહમાં 'નમામિ યમુનામહમ્'ના શ્રીયમુનાષ્ટકના શ્લોકોની રમઝટ બોલાવતા, સ્નાનદિક કાર્ય પતાવી, શ્રીમદ્ વલલભાચાર્યજીની બેઠકમાં દંડવત્ કરી, નવનીતપ્રિયાજીના મંદિરે પહોંચ્યા ત્યારે શૃંગારની ઝાંખી પ્રભુ એમના ભક્તોને કરાવી રહ્યા હતા. શ્રીગુસાંઈજી આરતી કરી રહ્યા હતા. સૂરદાસજી 'સોભિત કર નવનીત લિએ' – ઘૂટુરિન ચાલ ચાલતા શ્રી લાડલેલાલ– નવનીતપ્રિયાજીનું દર્શન કરતાં દ્રવિત થઈ ગયા. આંખોમાંથી અનર્ગળ અશ્રુધારા વહેવા માંડી અને અંતરના ઊંડાણમાંથી હૃદયના તાર ઝણઝણાવતું પદ સરી પડયું :

દેખા માઈ ! સુંદરતા કો સાગર

આગલી રાત્રે શ્રીગુસાંઈજી સમક્ષ ગાયેલા પદની પંક્તિઓ–

"નૈન મીન મકરાકૃત કુંડલ, ભુજબલ સુભગ ભુજંગ
મુકતા માલ મિલીં માનોં દ્વૈ, સુરસરિ અકૈ સંગ
મોર મુકુટ મનિ ગન આભુષણ, કડિકિંકિન નખચન્દ્ર

અને અંતમાં

દેખિ સરૂપ સકલ ગોપી જન, રહીં વિચારિ–વિચારિ
તદપિ સૂર તરસ સકીં ન સોભા, રહી પ્રેમ પચિ હારિ

શૃંગારનું પદ સાંભળી શ્રીગિરિધરજી, શ્રીગોવિંદરાયજી, શ્રીબાલકૃષ્ણજી અને શ્રીગોકુલનાથજી હેરત પામી ગયા.

"કાકાજી ! આ સૂરદાસજી આંખે અંધ હોવા છતાં આવાં સુંદર શૃંગારનાં પદોમાં શ્રીજીએ કે શ્રીલાલને ધરેલા શૃંગારનું રજેરજ વર્ણન એમનાં પદમાં કેમ કરી શકતા હશે ?" શ્રીગોકુલનાથજીએ એ સાંજે શ્રીગુસાંઈજીને પ્રશ્ન કર્યો.

શ્રીવિઠ્ઠલનાથજી – શ્રીવલ્લભનંદને એક નજર બાળકો પર નાખી. સૌ કોઈના ચહેરા પર આ જ કૌતુકપૂર્ણ સવાલ ચમકતો હતો. જુવાન હૈયાં હતાં. બૌદ્ધિક સ્તરે ખૂબ જ તૈયાર એવા વિદ્વાન વિદ્યાર્થીઓ હતા. મનમાં કાંઈ પણ શંકા થાય કે તરત જ એમની અને શ્રીગિરિધરજી પાસે આવી નિખાલસ પ્રશ્નો કરી બેસતા બુદ્ધિશાળી – જ્ઞાનપ્રાપ્તિ માટેની ઉત્સુકતા ધરાવતા સંશયી જીવો હતા.

"ગોરધન... સૂરદાસજી એ કઈ વિભૂતિ છે એનો તારા ભ્રાતાઓને પરિચય કરાવ. ગોકુલ, બાલકૃષ્ણ, ગોવિંદ.. સૂરદાસજી એક એવા પરમ ભગવદીય આત્મા છે કે એ રોજેરોજ આપણાં ભગવત્ – સ્વરૂપોના સ્વરૂપાનંદનો આનંદ માણતા હોય છે. ચર્મચક્ષુથી પેલે પાર – આત્મચક્ષુ – આત્મસાક્ષાત્કારની અનુભવલીલાનું એક સ્થાન માનવીનું હૃદય છે અને એ હૃદય – ચિત્તતંત્ર સદાય અનુભવલીલાની છબી – ભગવત્–સ્વરૂપની લીલાની છબી ઝીલતું રહ્યું છે. સૂરદાસનું કવિહૃદય આ અનુભવલીલાને શબ્દોમાં આપણા લાલન સામે – શ્રીગોવર્ધનનાથજી સમક્ષ મૂકે છે. બહુ નવાઈ પામવા જેવું નથી, કારણ કે સૂરદાસજી એટલે સંપૂર્ણ નિષ્કામ ભક્તિનું ખળખળતું નિર્મળ ઝરણું. સૂરદાસજી એટલે સદાય ભક્તિનાં ઊછળતાં મોજાંનો સાગર. એના પર વિશેષ શંકા કે ચર્ચાને સ્થાન નથી."

શ્રીગુસાંઈજીની વાણીથી બાળકો પ્રભાવિત તો થઈ ગયા, પરંતુ શ્રીગુસાંઈજી ચારપાંચ દિવસ પછી જતીપુરા જવા નીકળ્યા ત્યારે સૂરદાસજી પણ એમનો થેલો ખભે નાખતા જવા નીકળ્યા, ત્યારે શ્રીગોકુલનાથજીએ સૂરદાસજીને આજ્ઞા કરતાં કહ્યું :

"કાકાજી જતીપુરા ભલે જતા, સૂરદાસજી, તમે હજી બેચાર દિવસ રોકાઈને આપણા લાડલેલાલ – શ્રીનવનીતપ્રિયાજીને, આપણા લાલનને પ્રસન્ન કરો."

સૂરદાસ દ્વિધામાં પડી ગયા, ત્યાં જ શ્રીગુસાંઈજીનો પ્રેમાળ સ્વર એમના કાને પડ્યો :

"સૂર ! બાળકોના મોઢે આપણા લાલનની આજ્ઞા તમારાં પદો સંભળાવવાની થઈ છે, તો રોકાઈ જાઓ."

"જેવી આપની આજ્ઞા, અને લાલાની ઇચ્છા."– કહેતાં સૂરદાસજીએ ખભા પરનો થેલો મંદિરના ઓટલે નાખ્યો.

એ રાત્રે ત્રણેય બાળકો હળવા પગલે વડીલબંધુ ગિરિધરજીના કક્ષમાં

આવી પહોંચ્યા.

"ગોવર્ધનભૈયા, કાકાજીએ સૂરદાસજી માટે કહ્યું તે માન્યું, પરંતુ હજી અંતરમાં એક આશ્ચર્ય તો રહી જ જાય છે કે ભૌતિક શરીરમાં જ્યારે નેત્રો જ ન હોય, ત્યારે એવાં તે કેવાં આંતરચક્ષુ કે જે શ્રીજી કે લાલને ધરેલા શણગારની રજેરજ જોઈને એમાંથી કાવ્યપદની રચના પણ કરી શકે ?

આજકાલ ગ્રીષ્મકાળ ચાલે છે. આવતી કાલે મંગલાના શૃંગાર અમે ભાઈઓ અમારી રીતે કરીશું અને પછી સૂરદાસજીને એ શૃંગાર પર પદ બનાવવાની આજ્ઞા કરીશું. ગોવર્ધનભૈયા...શૃંગાર પણ એવા કરશું કે તમે પણ છક થઈ જાઓ !"– બાલકૃષ્ણલાલજી હોંશમાં આવીને બોલ્યા.

"મારું મન નથી માનતું. કોઈ સંતની, ભક્તિને કસોટીની એરણે જગન્નિયંતા પ્રભુ આપણો લાલન ચઢાવે.... આપણે બધા તો પામર જીવો છીએ. આપણે આવી પરીક્ષા લેવાના મતમાં જ નથી." ગિરિધરજી ગંભીર સ્વરે બોલ્યા.

"નહીં...નહીં, મોટાભાઈ, અમે તમારી નિશ્રામાં, તમારી સલાહ પ્રમાણે જ કરશું, પરંતુ એ 'લાલન'ના અદ્ભુત શૃંગાર."

"સારું, જેવી તમારી ઇચ્છા. આમેય શ્રીકાકાજીની ગેરહાજરીમાં, પ્રભુને શ્રમ ન પડે, સંતની માનહાનિ ન થાય અને આપણા લાડલેલાલ પ્રસન્ન રહે એ પ્રમાણે આવતી કાલનાં મંગળાનાં દર્શનની તૈયારી કરજો. પરંતુ હા, જોજો કે સૂરદાસનું કોમળ હૈયું તમારી શરારતના કારણે ભાંગી ન જાય એની તકેદારી રાખશો."

બીજા દિવસે ચારેય ભાઈઓ વહેલા પરવારી શ્રીનવનીતપ્રિયાજીના શૃંગાર અંગે મંદિરમાં પધાર્યા.

ગરમીના દિવસો હોવાથી લાલનને એક પણ વસ્ત્ર ધરાવ્યું નહીં. ફક્ત મોતીની બે સર મસ્તક પર ધરાવી. મોતીનાં બાજુ, પોંચી, કટિકિંકણી, નેપૂર, તિલક, નક્વેસર અને મોતીના હાર ધરાવી, બીજું કાંઈ જ ન ધર્યું.

સૂરદાસજી સંગીત–કક્ષમાં એમના તાનપુરા સાથે આવી પહોંચ્યા અને ભાવપૂર્વક શ્રીનવનીતપ્રિયાજી તરફ નજર ફેરવી અને આનંદવિભોર બની બોલી ઊઠ્યા :

"વાહ... આજ તો મારો લાલો અજબગજબના શૃંગાર ધરીને સિંહાસને બેઠો છે ને શું ! આવા શૃંગારનાં દર્શન તો, મારા નાથ, આજ પહેલાં ક્યારેય દીધાં નથીને શું ?" સૂરદાસજીના શબ્દો સાંભળી, ત્રણેય ભાઈઓ મરક–મરક હસતા હતા. આ સૂરદાસજી "શૃંગાર–શૃંગાર" કરે છે પણ 'શૃંગાર'જ ક્યાં છે ? ગિરિધરજી ખિન્ન ચહેરે ત્રણેય ભાઈઓના હાસ્યને નીરખી રહ્યા.

"સૂરદાસજી !" શ્રીગોકુલનાથજી બોલ્યા.

"આજ્ઞા, કૃપાનાથ !"

"સૂરદાસજી, લાલનનાં દર્શન કરો અને આજના શૃંગાર પર પદ ગાઓ." મરક–મરક હસતા શ્રીગોકુલનાથજીએ બન્ને ભાઈઓ સામે જોતાં આજ્ઞા કરી.

—અને તાનપુરાના તાલે શ્રીસૂરદાસજીના કંઠેથી

"આજ દેખેરિ હરિ નંગમનંગા
જલસુતભૂષન અંગ બિરાજત
વસનહીન અંગ અંગ કી શોભા
નિરખત લજ્જિત કોટિ અનંગા
કછુ દધિ હાથ, કછુ મુખ માખન
'સૂર' હંસત બ્રજયુવતિ સંગા"

ગર્ભમંદિરમાં સોપો પડી ગયો. સૂરદાસજીયે ખરા છે ! ચૌદ લોકના નાથને, દ્રૌપદીનાં ચીર પૂરનારને "નંગમનંગા" બેધડક કહી દીધો ! કાંઈ લાજશરમે ન રાખી લાલનની ! બેધડક કહી દીધું કે, શ્રીઅંગ પર એકેય વસ્ત્ર ધર્યું નથી; ફક્ત "જલસુત" એટલે મોતીનાં આભૂષણો ધર્યાં છે. અને લાલનના 'નંગાપન'માંથી પણ કેવા—કેવા મનતરંગો ઊઠે છે ! સૂરદાસજી જરા પણ છોછ રાખ્યા વગર પદમાં કહે છે કે,

"હે પ્રભુ, તારા એકએક ખુલ્લા અંગની શું શોભા વર્ણવું ! કરોડો કામદેવ પણ લજ્જા પામે તેવું તારું આ સ્વરૂપ છે. મુખારવિંદ પર માખણ લપેટ્યું છે અને બધી વ્રજગોપીઓની સન્મુખ નિર્વસ્ત્ર કાયાની દરકાર કર્યા વગર કેવા મંદમંદ હસે છે !" છે કાંઈ લાજશરમ ? કહેતી વ્રજગોપીઓની સાથે સૂરદાસ પણ હસે છે.

"અરે...અરે ! સૂરદાસજી, આ તે તમે કેવું પદ ગાયું ?" ગોકુલનાથજી હસતાં—હસતાં બોલી ઊઠ્યા.

"કૃપાનાથ, જેવો આપે શૃંગાર કર્યો તેનું મૈં વર્ણન કર્યું. પરંતુ શું અદ્‌ભુત શૃંગાર હતો....શું બાકી દર્શન હતાં !"— કટાક્ષમાં સૂરદાસજી બોલ્યા.

ગિરિધરજી ભાઈઓ સાથે જતીપુરા પધાર્યા અને ક્ષોભ સાથે એમણે શ્રીગુસાંઈજીને આ વાત કરી કે,

"કાકાજી, અમારાથી એક મહાન દોષ થઈ ગયો છે. સૂરદાસજીની પરીક્ષા કરી."

"ગોરધન... કોઈ દોષ તમારાથી થયો નથી. આ પ્રસંગ દ્વારા તો સૂરદાસજી કેવી મહાન વિભૂતિ આપણા સમયની છે તેનું માહાત્મ્ય—જ્ઞાન આપણને આપણા નવનીતપ્રિયાજી લાલને કરાવ્યું છે. સૂરદાસજીની તો જેટલી વાત કરીએ એટલી ઓછી છે. આઠેય પહોર એમને તો ભગવદ્‌લીલાનો અનુભવ થતો રહે છે. એ તો 'પુષ્ટિમાર્ગના જહાજ' છે. આપણા તાતશ્રીના 'સૂરસાગર' છે. તમે રંજ ન કરો."

એ જ વખતે હાથમાં તાનપુરા સાથે શ્રીસૂરદાસજી આવી પહોંચ્યા, ત્યારે આંખોમાં તોફાન સાથે શ્રીગુસાંઈજી ગાઈ ઊઠ્યા.

"આજ દેખેરિ હરિ નંગમનંગા"

—અને ભાવવિભોર સૂરદાસજી શ્રીગુસાંઈજીનાં ચરણ પકડી લેતાં બોલી ઊઠ્યા :

"પ્રભુ, આ બધો આપના તાતશ્રી, મારા શ્રીવલ્લભનો અને તમારો પ્રતાપ છે."

૧૪. 'હમ ભક્તનકે, ભક્ત હમારે'

"અરે ગોપાલ....ઓ ગોપાલ...."

મધ્યાહ્નના ધોમ તડકામાં રાજભોગનાં દર્શન કરી તળેટી પર પહોંચતાં સૂરદાસજીએ બૂમ પાડી. ગરમીથી શરીર પરસેવાથી રેબઝેબ હતું. શ્વાસ પણ થોડોક વધુ ઝડપથી ચાલતો હતો.

"દાદા, હું અહીં છું." નાનકડો પંદરેક વર્ષનો ગોપાલ સૂરદાસજીની સેવાચાકરીમાં ખડે પગે હાજર રહેતો હતો એ બોલી ઊઠ્યો.

"તેં દર્શન કર્યાં ? શું બાકી આજ તો મારા ગોવર્ધનધરે સામગ્રી આરોગી છે ! શું શૃંગાર સજ્યા છે !" કહેતાં એમના મુખમાંથી થોડા સમય પહેલાં શ્રીગોવર્ધનનાથજી સમક્ષ ગાયેલાં રાજભોગનાં પદની પંક્તિઓ મુખમાંથી સરી પડી :

જેવંત નંદકાન્હ ઈક ઠૌરે
કછુંક ખાત લપટાત વદન પે
બાલકલિ સરભોરે....

ગોપાલ સૂરદાસજીના ચહેરા પર પદ ગાતાં–ગાતાં આનંદના ભાવ પ્રગટતા હતા એ સજળ નયને જોઈ રહ્યો. એના "દાદા"નું ચિત્ત ચોવીસે કલાક – હરઘડી હરપળ એમના "લાલન"માં, એમના શ્રીગોવર્ધનનાથજીમાં જ વ્યસ્ત રહેતું. શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ 'માનસી' સેવાની જે આજ્ઞા આપી હતી, એ સૂરદાસ હરઘડી, હરપળે નિતનવાં પદોથી શણગારી એમના પ્રભુને સમર્પિત કરતા. માનસીમાં શ્રીગોવર્ધનનાથજી તેમજ શ્રીનવનીતપ્રિયાજીને ખેલાવતા, ખવડાવતા, પોઢાડતા. બસ આ જ એમનું જીવનકાર્ય હતું.

"દાદા...ચાલો આભમાંથી અગનજ્વાળા વરસે છે." ગોપાલ બોલ્યો.

"હા, ગોપાલ, ચાલ, દંડવતી શિલાને પ્રણામ કરી ઝટ પરાસોલી ચન્દ્રસરોવરની શીતળ છાયામાં પહોંચી જઈએ. અને, હાં ગોપાલ, મને તો ખૂબ ભૂખ લાગી છે. તો જઈને તરત જ મારી થાળી પરોસજે. રાજભોગનો પ્રસાદ લઈ, ચન્દ્રસરોવરની કદમખંડીના એકાદ વૃક્ષની છાયામાં કાયાને થોડોક આરામ આપીશ."

પરાસોલી પહોંચતાં જ ગોપાલે કુટિરમાં જઈ 'દાદા'નું આસન બિછાવી, એમને હાથ પગ મોં ધોવરાવી – આસન પર જમવા માટે બેસાડયા અને થાળીમાં રાજભોગનો પ્રસાદ મૂકતાં બોલ્યો :

"દાદા, આપ નિરાંતે જમો. પાણીનો ભરેલો લાટો તમારી ડાબી બાજુએ ભરીને મૂક્યો છે. જરૂર પડયે એમાંથી જળ લઈ લેજો. હું હમણાં જ ગોબર લઈને આવું છું."

"જા, ભાઈ, જા. ભગવાન તારું ભલું કરે."– કહેતાં ભૂખ્યા થયેલા સૂરદાસે પીરસેલી થાળી પર ઝાપટ મારી. થોડીવારમાં વધુપડતી ઝડપથી ખાવા જતાં 'અંતરાસ' આવ્યો. ગળામાંથી ઉધરસનું ઠસકું આવ્યું, ડચૂરો ઊપડયો અને એમણે બૂમ પાડી :

"ગોપાલ !"

ગોપાલનો જવાબ ન મળતાં સૂરદાસ મૂંઝાયા. એમણે એમના 'લાલા'નું સ્મરણ કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ શ્વાસનળીમાં અટકી ગયેલા અન્નના કોળિયાએ ભારે તકલીફ ઊભી કરી દીધી. આંખોમાંથી પીડાનાં પાણી વહેવા માંડયાં.

"ગોપાલ...અરે ઓ ગોપાલ ! ક્યાં ગયો ? મને પાણી આપ... અહીં મારો 'જીવ' રૂંધાય છે, બેટા... જલદી પાછો આવ ! આ તે કાંઈ ગોબર લેવા જવાનો સમય છે ?" સૂરદાસજી દર્દભર્યા અવાજે બોલ્યા.

"અરે...ઓહ...સહેવાતું નથી ! મારા નાથ ! ક્યાં લોટો મૂકીને ચાલ્યો ગયો, ગોપાલ...ગોપાલ, જલદી આવ, મને પાણી આપ." લોટાની શોધમાં હાથ ફંફોસતા સૂરદાસ બોલી ઊઠયા.

જવાબમાં નીરવ શાંતિ સિવાય બીજું કશું જ નહોતું.

સૂરદાસજીની વેદના, વિહ્વળતા વધી ગઈ. સૂરદાસજી, ફરી ડાબા હાથની દિશામાં એમનો હાથ લંબાવ્યો, પણ લોટો હાથ ન આવ્યો.

"ગોપાલ....ગોપાલ.....ગોપાલ...."

એ જ વખતે સૂરદાસના જમણા હાથમાં કશુંક મુકાયું હોય એવો સૂરદાસને ભ્રમ થયો. હાથમાં વજનદાર ચીજ હતી. એમના થરથરતા હાથથી પાત્રમાંથી જલબિંદુઓ એમની છાતી પર પડયાં. સૂરદાસજીએ ઝડપથી પાત્રને મોઢે લગાડયું અને ગટક ગટક ગટક જલ ગળે ઉતારી ગયા. પાત્રમાંનું જલ પુરું થતાં તૃપ્તિનો ઓડકાર અનુભવતા બોલી ઊઠયા :

"ગોપાલ...બેટા ! ભગવાન તારું કલ્યાણ કરે. આજ મારી જિંદગી મારા વહાલાનાં પદો રચવા માટે બચાવી હોં ! એક લાખ પદ તો આ 'જીવ'થી મારા શ્રીગોવર્ધનધર અને શ્રીનવનીતપ્રિયાજીને ધરાઈ ગયાં છે. ગોપાલ....ગોપાલ, તું ક્યાં છો, બેટા ? મારો હાથ પકડ..."

સૂરદાસજી બોલતા રહ્યા, સામેથી જવાબ મળતો નહોતો.

"ગોપાલ બેટા ! મારાથી રિસાઈ ગયો, દીકરા ? જલપાનની સેવા કરી, ક્યાં જઈને મારા 'લાલન'ની જેમ રિસાઈને સંતાઈ ગયો, બેટા ? આ બુઢ્ઢા દાદાથી રહેવાયું નહીં, એટલે તારા નામની બૂમો પાડી, તને તારા કામમાંથી મેં બોલાવી લીધો. બેટા, મારી સાથે બોલ તો ખરો !"

ગોપાલ સૂરદાસજીનાં છૂટાંછવાયાં વાક્યો સાંભળતો કુટિરમાં પ્રવેશ્યો અને જોયું તો સૂરદાસજી "ગોપાલ....ગોપાલ..."ના નામની માળા જપતા હતા.

ગોપાલની નજર એક ખૂણામાં પડી. સોનાની ઝારી જમીન પર પડી હતી. સૂરદાસજી માટેનો ભરેલો પાણીનો લોટો એમ ને એમ હતો.

"અરે દાદા... તમે મારા નામની માળા જપો છો, તો પ્રસાદ લઈ લીધો ? જલપાન કર્યું ?"

"હાસ્તો, બેટા ! તેં તો તારા હાથે કરાવ્યું. અરે, પણ તું બોલતો કેમ નહોતો ? ક્યાં ગયો હતો ? અહીં મારી શ્વાસનળીમાં કંઈક ભરાઈ ગયું હતું. ડચૂરો ચડયો હતો. ખૂબ જ પીડા થતી હતી. મારો સાદ સાંભળીને, બેટા, તું બરોબર સમયે આવી પહોંચ્યો અને જલપાન કરાવી મારો જીવ બચાવ્યો. હવે હું મારા લાલાનાં બાકીનાં પદો રચી નાખીશ."– સૂરદાસ બોલ્યે જતા હતા. જેમજેમ સૂરદાસનો એકએક શબ્દ ગોપાલને કાને પડતો હતો તેમતેમ એનું આશ્ચર્ય વધતું જતું હતું અને આંખો સામે પડેલી ઝારીજી સામે નજર સ્થિર થયે જતી હતી.

એને ક્ષોભ થયો.

ગોબર લેવા માટે "હમણાં આવું છું" એવું કહીને એ કુટિરની બહાર નીકળ્યો હતો અને રસ્તામાં પરાસોલીના બેચાર વૈષ્ણવો વડના ઝાડ નીચે મંડળી જમાવી 'ભગવદ્-લીલા'નું ગાન કરતા હતા ત્યાં એ ઊભો રહી ગયો હતો. ભગવદ્-લીલામાં એટલો બધો રસ લાગી ગયો કે એ પોતે ગોબર લેવા – સૂરદાસજીને ભાણે બેસાડીને આવ્યો છે, એ વાત જ ભૂલી ગયો. ભગવદ્-લીલા-શ્રવણની આ બલિહારી હતી. એને યાદ આવતાં જ એ દોડીને ગોબર વગર જ કુટિરમાં પાછો ફર્યો અને જોયું તો સોનાની ઝારી જમીન પર પડી હતી અને સૂરદાસજી તૃપ્ત હૈયે ગોપાલને કહી રહ્યા હતા કે સાચા સમયે એણે આવીને જલપાન કરાવ્યું તો તે બચી ગયા....

"દાદા...તમને જલપાન કોણે કરાવ્યું ?"

"કેમ તેં જ તો વળી ?" સૂરદાસે પૂછ્યું.

"અરે, દાદા, હું તો ગોબર લેવા ગયો હતો. રસ્તામાં ચાર-પાંચ વૈષ્ણવો ભગવદ્-લીલા ગાતા હતા એ સાંભળવા હું મંડળીમાં બેસી ગયો અને, દાદા... તમને ભગવદ્-લીલાની તો ખબર છે ને – એકવાર કાને પડે કે દુનિયાદારીનું બધું જ ભુલાઈ જાય. દાદા, હું તમને એ ક્ષણો પૂરતો ભૂલી ગયો. અને અચાનક યાદ આવતાં હું શ્વાસભેર દોડીને હમણાં જ આવ્યો છું. દાદા, જલપાન તો તમને તમારા વહાલા ગોવર્ધનનાથજી ગિરિરાજજી પરથી ઊતરીને કરાવી ગયા અને નટખટ નંદકિશોર સોનાની ઝારી અહીં ભૂલતા ગયા. જુઓ, આ 'ઝારી' મંદિરની છે. તમને તરત ખ્યાલમાં આવી જશે."

"શું...શું કહ્યું, છોકરા...તો જલપાન... તેં નહોતું કરાવ્યું ?"

"ના, દાદા... મેં નહોતું કરાવ્યું."

"ઓહ ! મારા ગિરિરાજધરણ, મારા વહાલા ગોવર્ધનનાથ ! તમે જાતે

ી હતી.
.દ લઈ
તો કેમ
યું હતું.
બેટા, તું
યો. હવે
ા હતા.
, આશ્ચર્ય
યે જતી
ી બહાર
ડ નીચે
હી ગયો
લેવા –
–લીલા–
વગર જ
તી અને
આવીને
. વૈષ્ણવો
દાદા...
યાદારીનું
અચાનક
.પાન તો
વી ગયા
. 'ઝારી'
તમે જાતે

ઊઠીને શ્રમ લઈને મારા જેવા તરસ્યા જીવને જલપાન કરાવી જિવાડયો ! વાહ મારા નંદલાલા ! અને ગુપચુપ ચાલ્યા ગયા. તમારી મધુરવાણીનો લાભ પણ આ દુષ્ટ જીવને ન આપ્યો ? મારા વહાલા, મારાં એવાં તે કેવાં પુણ્ય કે મારો વહાલો આવી જલપાન કરાવી જાય અને એવાં તે કેવાં કમભાગ્ય કે મારો વહાલો...મારી સાથે એક હરફ પણ બોલ્યા વગર, ગુપચુપ ચાલ્યો જાય..."–સૂરદાસજી વિહ્વળ હૃદયે – વહાલાના સ્પર્શનો આનંદ ભૂલી, વહાલા એમની સાથે બોલ્યા વગર ચાલ્યા ગયા એનો રંજ પ્રદર્શિત કરતા રહ્યા.

"ગોપાલ...ગોપાલ હાથમાં જલ ભરીને ઝારી લઈને આવ્યો ખરો, પણ એ ગોપાલ તો મારો ગોવર્ધનનાથ, મંદિરવાળો ગોપાલ...અને તું તો મારો ગૌઘાટનો ગોપાલ."

"દાદા, મારું નામ ગોપાલ પણ ગોપાલે જ રાખ્યું હશે. તમે જેમ–જેમ મને બોલાવતા જાઓ, તેમ–તેમ ભગવાનનું સ્મરણ થતું રહે. તમને તો લાભ ને લાભ જ છે."

"હા...ગોપાલ, એ પણ મારા ગોવર્ધનધરની કૃપા. હવે તું આ સોનાની ઝારી લઈ જલદી શ્રીગુસાંઈજી ઉત્થાપન વખતે મંદિરમાં પધારે અથવા તો એ બપોરના આરામ પછી ઊઠે ત્યારે પહોંચતી કરી દેજે... ઉત્થાપનમાં ઝારી નહીં જુએ તો ધમાલ બોલી જશે."

"જેવી આજ્ઞા, દાદા.. લાવો 'ઝારી.' હું ચાલ્યો... પહોંચીશ ત્યાં જ શ્રીગુસાંઈજી જાગી ગયા હશે."

ગોપાલ એક કપડામાં વીંટાળીને સોનાની ઝારી લઈને શ્રીગુસાંઈજી પાસે પહોંચ્યો ત્યારે એ જાગી ગયા હતા. ગોપાલને ભરબપોરે જોતાં બોલી ઊઠ્યા :

"અરે, ગોપાલ ! તું અહીં – આ સમયે ક્યાંથી ?"

"કૃપાનાથ, મારાથી એક દોષ થઈ ગયો અને શ્રીજીબાવાને પરિશ્રમ કરાવી પાપી જીવ થઈ ગયો છું." ગોપાલ ક્ષોભ સાથે બોલ્યો.

"શું વાત છે, ગોપાલ ? તું આટલો બધો વિહ્વળ કેમ છે ?" શ્રીગુસાંઈજીએ પ્રેમાળ સ્વરે પૂછ્યું.

ગોપાલે શ્રીગુસાંઈજીને આખી વાત કરી.

"ગોપાલ, શાંત થા. શ્રીજીબાવાની કૃપા સૂરદાસજી પર વરસી. તું ચિંતા ન કરતો અને સૂરદાસજી પાસે પહોંચી જા. ઉત્થાપનનો સમય થયો છે એટલે કદાચ આવતા જ હશે." કહેતાં શ્રીગુસાંઈજી સ્નાનઘરમાં પધાર્યા– 'અપરસ'માં નાહીને ઝારીને મંજાવી, પવિત્ર કરી, બીજું વસ્ત્ર એના પર લપેટી, ઝારી ભરીને નિજમંદિરમાં પધારતાં શ્રીજીબાવાને પૂછ્યું :

"ઓ...કાન, ઝારી ક્યાં ભૂલી આવ્યા ?"

–અને શ્રીજીબાવાના ચહેરા પર મરક–મરક સ્મિત વેરાઈ ગયું.

"કાકાજી, પેલો મારો નામેરી ગોપાલ સૂરદાસજીને એકલા મૂકીને ગોબર

લેવા ચાલ્યો ગયો હતો ! અહીં સૂરદાસજીને 'અંતરાસ' આવી. એમનું દર્દ મારાથી જિરવાયું નહીં, તે આ ઝારીનું જલ લઈ મારા ભક્ત પાસે દોડી ગયો અને દૂરથી ગોપાલને આવતો જોઈ ઝારી ત્યાં જ મૂકીને મંદિરમાં દોડી આવ્યો."

"બહુ સારું કર્યું, બાવા ! ભક્તવત્સલ ભગવાનની ભૂમિકા સારી નભાવી. 'સૂરે' જ ગાયું છે ને કે,

હમ ભક્તન કે, ભક્ત હમારે
જહાં જહાં ભીર પરે ભક્તનકો
તહાં તહાં જાય છૂડાઉં..."

"કાકાશ્રી, હવે ઉત્થાપનનાં દર્શન ખોલો. મારા દર્શનના વિરહમાં તપતાં વૈષ્ણવોને દર્શનનો લાભ મળે."

ઉત્થાપનનાં દર્શન ખૂલ્યાં. સૂરદાસજીએ પદ ગાવાનું શરૂ કર્યું. ઉત્થાપનનો ભોગ ધરીને શ્રીગુંસાઈજી સૂરદાસજી પાસે પધાર્યા અને એમના ખભે હાથ મૂકતાં ગદ્‌ગદિત સ્વરે બોલી ઊઠ્યા :

"સૂરદાસ ! તમે ખૂબ ભગવદીય છો, પ્રભુ તમારા થઈને રહે છે, તમારા પર કૃપાની વર્ષા વરસાવે છે અને આ ભગવત્–પ્રેમ વગર દૈન્ય ક્યાંથી આવે ?"

"પ્રભુ, આ બધી શ્રીવલ્લભ અને શ્રીવલ્લભનંદનની કૃપાનું પરિણામ છે." સૂરદાસજી દ્રવિત સ્વરે બોલી ઊઠ્યા...

"દાદા...."

"બોલ, ગોપાલ..."

"સવાર પડી ગઈ...મંગળાનાં દર્શન કરવા નથી જવું ?" ગોપાલે પૂછ્યું.

"ગોપાલ...આજ તો પેલા વાણિયાનેય મંગળાનાં દર્શન કરવા લઈ જવો છે; દૈવી જીવ છે, પણ મોહમાયાના ચક્કરમાં ફસાયો છે." સૂરદાસજી હાથમાં તાનપુરો લેતાં કુટિરની બહાર નીકળતાં બોલ્યા.

"દાદા...એ વાણિયો બડો ચાલાક છે. દુકાન વહેલી સવારે ખોલી નાખે છે. નાહી–ધોઈ, કપાળમાં તિલક કરતો હાથમાં માળા સાથે એ બગભગત એની દુકાન ખોલી ધંધો કરવા બેસી જાય છે. મંગળાનાં દર્શન ખૂલે અને ત્યારે સૌથી પહેલાં વૈષ્ણવ દર્શન કરીને આવે એને દુકાન પર ઊભા રાખી પૂછે :

'જયશ્રીકૃષ્ણ...આજ તો મારા ગોવર્ધનનાથે પીળા રંગનો પાઘ માથે નાખ્યો હશે, નહીં ? પીળી પીતાંબરીમાં કેવા સરસ શોભતા હશે...નહીં...ચાલો હું દર્શન કરી આવું. મંગલમુખી મંગલાની ઝાંખી જે જે કરે..." ત્યારે પેલો વૈષ્ણવ કહે કે,

'શેઠજી, આજ તો શ્રીનાથજીએ પીળાં નહીં ગુલાબી રંગનાં સરસ વસ્ત્રો ધારણ કર્યાં છે. હડપચીએ હીરલો ઝગમગે છે. ગળામાં ગુલાબની માળા ધરી છે. આજ તો બધું જ ગુલાબી ગુલાબી જ છે.'

અને બસ... તમારો એ વાણિયો પછી તો જે કોઈ વૈષ્ણવ એની દુકાન

આગળથી પસાર થાય એટલે એનો માલ વેચતો શ્રીજીબાવાનાં સમા–સમાનાં દર્શનનું વર્ણન કરતો કહેતો જાય....

'આહા...હા...શું આજનાં અદ્‌ભુત દર્શન હતાં ! શું શ્રીજીબાવાએ માથે પાઘ ધર્યા હતા ! કેવી મજાની છડી ધારણ કરી છે...! શેઠજી, આ માળા દસ અશરફીની. આજ તો મારા વહાલાએ શું સરસ નેત્ર–અંજન કર્યું છે ! હું તો વારીવારી જાઉં મારા ગોવર્ધનનાથ પર. ઝટ પહોંચો વૈષ્ણવ, આજનાં દર્શન તો... આજનો લહાવો લીજીયે રે કાલ કોણે દીઠી છે.. તમતમારે સામાન અહીં રાખતા જાવ...એક ચીજ આઘીપાછી નહીં થાય...હું બેઠો છું ને દુકાન પર અને હાં...અગિયારશ માટે રાજગરાનો લોટ, તાજી બનેલી ઠાકોરજીને આરોગવાની દૂધઘરની સામગ્રી, બધું જ મળશે...બાકી...દર્શન ચૂક્યા તો દર્શન નહીં મળે ! અમારા સૂરદાસજી ગાય જ છે ને...રોજ સવારે...

રે મન, મૂરખ, જનમ ગંવાયો....'

અને દાદા, હકીકતમાં 'જનમ' ગુમાવી રહેલો, દંભી, લાલચુ, પૈસા પાછળ ઘેલો એ વાણિયો તમારી સાથે શું મંગળાનાં દર્શન કરવા આવવાનો ! રખે એને કહેતા કે ચાલ ભૈયા, મંગળાનાં દર્શન કરવા. એ તો આડીઅવળી વાતો કરી તમારો દર્શનનો લાભ ગુમાવી દેશે..."– ગોપાલ હોંશભર્યો, ગોપાલપુરની તળેટીમાં દુકાન નાખી બેઠેલા વાણિયા વિષે બોલી ઊઠ્યો.

"ગોપાલ, હું ગોપાલપુરના વાણિયાને ક્યાં નથી ઓળખતો ? પણ એક વાર એ લોભી, ધૂર્ત, દંભી વાણિયાને ગોવર્ધનનાથજી દર્શન આપશે ને, ગોપાલ, તો એનો જનમ સફળ થઈ જશે, એ તું જોજેને ! અને, ગોપાલ, બે શબ્દ એને દર્શન કરવા આવવાના કહીશું, તો એમાં આપણને શું કષ્ટ પડવાનું હતું ?"

"કાંઈ નહીં, બાબા ! ચાલો, ત્યારે મંદિર તરફ. કોયલ આંબાડાળે કેવું સરસ કૂજન કરી ઠાકોરજીને જગાડવા પ્રભાતિયાં ગાઈ રહી છે ! મોરના ટેહુક–ટેહુક ટહુકાથી ગિરિરાજજીના વનાંચલ કેવા ગહેકી ઊઠ્યા છે ! "– ગિરિરાજજીની તળેટી પાસે પહોંચતાં સુધી ગોપાલ બોલતો રહ્યો. સૂરદાસજી ગોપાલની મીઠી વાણી સાંભળતા, મનોમન શ્રીગોવર્ધનનાથજીનું – ગિરિરાજધરણ પ્રભુ તમારે શરણ – નું રટણ કરતા તળેટી પાસે પહોંચ્યા ત્યાં જ....

"જયશ્રીકૃષ્ણ...સૂરદાસજી...જયશ્રીકૃષ્ણ"ના સૂરો સૂરદાસજીના કાને પડ્યા.

એ જ મિષ્ટ...દંભી...ચતુર વાણિયાનો અવાજ.

સૂરદાસજીના મનમાં ગ્લાનિ પ્રગટી. એમને હતું કે બસ હમણાં જ કોઈક વૈષ્ણવ પાસેથી સાંભળેલ શ્રીજીની મંગલાની ઝાંખીનું વર્ણન આ વાણિયો કરવા માંડશે. એટલે એમણે જ ચાલતાં–ચાલતાં ગાયું...

"રે મન મૂરખ, જનમ ગંવાયો
કરિ અભિમાન, વિષય રસ રાચ્યો

શ્યામ સરણ નહિં આયો...
મન મૂરખ જનમ ગંવાયો"

"બાબા....સાચું કહ્યું. બાકી આ જુઓ છો ને સવારથી મોડી રાત સુધી આ તેલ પળી ને ત્રાજવાંમાં જ જનમ મેં તો ગુમાવી દીધો છે. બાબા, આંગણે ગંગા વહે છે પણ એમાં સ્નાન તો શું, પાન કરવાની પણ ફુરસદ નથી. આટલા મોટા શ્રીજીબાવાનાં દર્શન કરવા દૂરદૂરથી વૈષ્ણવો આવે છે ને હું મૂર્ખ જનમ ગુમાવી ચૂકેલો વાણિયો શ્રીજીનાં દર્શન કરવા પણ જતો નથી !"– વાણિયો બોલ્યો.

"અરે ભાઈ, કોણ તને અટકાવે છે ? ચાલ મારી સાથે, દર્શન ખૂલ્યાં છે. ઠાકોરજીની ઝાંખી કરતાં કેટલી વાર..."

"આવું તો ખરો, બાબા, ઘડીક દુકાનમાં તો પધારો. તમે રોજ અહીંથી 'મન મૂરખ જનમ ગંવાયો'નું પદ ગાતા નીકળો છો તો ખરા, પણ ક્યારેય આ વાણિયાની દુકાનમાં આવી એનો કોઈ સીધુંસામાન ખરીદી ઉદ્ધાર કર્યો નથી. બાવા, તમે કેમ કાંઈ મારે ત્યાંથી ખરીદતા નથી ?"

'જો, ભાઈ, હું તો રહ્યો અકિંચન, મારા ગોવર્ધનનાથનો ગાંડોઘેલો ભગત; મારે બે ટંક રોટી ને શરીર પર આછુંપાતળું વસ્ત્ર મળી રહે એટલે ભયોભયો. તારી જેમ આ માયાની દુકાન ગળે લટકાવીને થોડો બેઠો છું ? તારે ત્યાંથી સીધુંસામાન એક જ શરતે ખરીદું."

"બોલો–બોલો, સૂરદાસજી, તમારી શરત...એ તો મારે મન આજ્ઞા. તમે કહો તે કરું, પણ તમે મારે ત્યાંથી સીધુંસામાન ખરીદતા થાઓ તો... તમારી પાછળ ઘેરો એક વૈષ્ણવ પણ ખરીદી કરવા માંડશે અને મારાં તો ધનભાગ ખૂલી જશે."

"હાં, તો ચાલ ઊતર દુકાનના થડા પરથી અને ચાલ મારી સાથે ગોવર્ધનધરનાં દર્શન કરવા."

"અરે ભાઈ, પા કિલો પેંડા સામગ્રીના બાંધી આપજો તો–" કોઈક બહેન બોલી ઊઠ્યાં.

"અને પેલાં બે નાળિયેર આપજો તો–" બીજા ઘરાકે અવીને કહ્યું.

"જુઓ છોને, બાબા..મંગળાનો સમય એટલે ઘરાકીનો સમય...અત્યારે તો ક્યાં દુકાન રેઢી મૂકીને આવું ? શૃંગારમાં જરૂર આવીશ."

"દાદા, ચાલો, આ તલમાંથી કાંઈ તેલ નીકળે એમ નથી." ગોપાલ બોલ્યો.

"બાબા, તમે આ ગોપાલના બોલ્યા સામું ન જોતા. મારે પણ મારો જન્મારો વેડફી નાખવો નથી. શૃંગારમાં જરૂર આવીશ."

સૂરદાસજી લોભી વાણિયાની વાતો પર હસતા–હસતા મંદિરે ગયા.

શૃંગારના સમયે સૂરદાસજી વાણિયાની દુકાને આવી.."ચાલ રે ભાઈ...લાખ રૂપિયાનાં દર્શનનો લાભ લેવા સંસારની જળોજથાથી થોડાક સમય માટે તો વિમુખ થા...."

"બાબા, આજે તો સવારથી બોણી જ નથી થઈ. શ્રીજીને ચરણે ભેટ ધરવા જેટલી કમાણી થાય એટલે રાજભોગમાં જરૂર દર્શન કરવા આવીશ."

રાજભોગના દર્શન સમયે ફરી સૂરદાસજી એની દુકાને આવી ઊભા રહી ગયા અને બોલી ઊઠયા : "ચાલ, હવે તો આવે છે ને ?"

"શું બાબા, આવું તો ઘણો... આ સાચું કહું – હૈયું તો સ્વામી હરિદાસના ભજન પ્રમાણે 'મન તડપત હરિદર્શન કો આસ' જ છે. પરંતુ જુઓ છોને... આ રાજભોગનાં દર્શન કરી ટોળાનાં ટોળાં તળેટીમાં ઊતરી આવી રહ્યાં છે. એમને કંઈ સીધા–સામગ્રીની જરૂર હોય અને હું ન હોઉં તો બિચારા ખાલી હાથે પાછા જાય, અને હું ધંધો ગુમાવું અને શ્રીગોવર્ધનનાથજીના વહાલા વૈષ્ણવોની સેવાની તક ગુમાવું. અને બાબા, આમેય જનસેવા એ પ્રભુસેવા જ છેને !" વાણિયાએ દલીલ કરી, સૂરદાસજીને એકલા દર્શન કરવા મોકલી દીધા.

"બાબા, તમે નકામા એ વાણિયાની પાછળ પડી ગયા છો. એ ક્યારેય શ્રીનાથજીનાં દર્શન કરવા આવવાનો નથી. શ્રીજીબાવાનાં દર્શન કરવાનો પણ અધિકાર જીવનો હોવો જોઈએ."

ચારચાર દિવસથી વાણિયાને દર્શન કરાવવા મથતા સૂરદાસજીના નિષ્ફળ પ્રયત્નો પર ગોપાલ બોલી રહ્યો હતો.

"ગોપાલ, તારી વાત સાચી નથી. વાણિયો ગમે તેવો પણ દૈવી જીવ છે. મારા વહાલાના વહાલા થવાનો હજી સમય પાક્યો નહીં હોય. આજ તું જોજે, એને હું શ્રીજીબાવાનાં દર્શન કરવા લઈ જાઉં છું કે નહીં !" સૂરદાસજી મનોમન કશુંક વિચારતા બોલી ઊઠ્યા.

"જયશ્રીકૃષ્ણ ! કેમ ભાઈ, દર્શન કરવા આવવું છે કે નહીં ? આ ત્રણ–ત્રણ દિવસથી તારી કાયાના ને આત્માના કલ્યાણ માટે તને દર્શન કરવા લઈ જવા મથી રહ્યો છું, પણ તું તો, ભઈલા, બસ એક જ વાત લઈને બેઠો છે. 'આજ કામ, કાલહિં કામ, પરસોં કામ કરના–' છોડ બધી આ કામની જંજાળ અને મારા શ્રીજીબાવાને શરણે આવી જા. તારા જન્મજન્માંતરના આ કામના ઢસરડા પૂરા થઈ જશે."

"બાબા, પણ આ જુઓ છોને ઘરાકોની ભીડ.."

"જો, ભાઈ, મેં તારા કામનાં બહાનાં ત્રણ દિવસ ચલાવ્યાં. આમ તને શ્રીજીબાવાનાં દર્શન કરવાનો સમય નથી અને બધા વૈષ્ણવ આગળ કોઈકના મોઢે સાંભળેલા વર્ણન પરથી શ્રીજીબાવાનાં દર્શનની ખોટીખોટી વાતો કરી તું તારી જાતને વૈષ્ણવ કહેવડાવી, તારો ધંધો કરે છે. પરંતુ આજ હું તારો ભાંડો ફોડી નાખીશ અને વૈષ્ણવોને કહીશ કે શ્રીજીબાવાના નામે તમને સૌને ઠગતો આ તો બનાવટી વૈષ્ણવ છે. હું તારી કુટિલતાના દુહા બનાવી, આખા ગોપાલપુરમાં ગાઈને તને બદનામ કરીશ."

વાણિયો ગભરાઈ ગયો. સૂરદાસજીના પગે પડતો બોલી ઊઠ્યો : "બાબા,

રખે એવું કરતા. મારો રોટલો ગુમાવીશ અને સમાજ વચ્ચે ધૂર્ત, ઢોંગી, લોભી, લાલચુ અને દંભી તરીકે પંકાઈ જઈશ. ચાલો, હમણાં જ આવું છું તમારી સાથે. ગોપાલભૈયા, થોડી વાર મારી દુકાન તું સંભાળજે. હું હમણાં શ્રીજીબાવાનાં દર્શન કરી પાછો આવું છું."

સૂરદાસજી વાણિયાને લઈને મંદિરમાં પ્રવેશ્યા. એમણે વાણિયો મંદિરના પગથિયેથી નાસી ન જાય, એ માટે એનો હાથ મજબૂત રીતે પકડી રાખ્યો હતો.

મંગળમંદિરનાં કમાડ ખૂલ્યાં.

"ગોવર્ધનનાથ કી જે... શ્રીજીબાવા કી જે..."ના આનંદઘોષથી વાતાવરણ ગુંજી ઊઠ્યું. સૂરદાસજી હજી તો વાણિયાને શ્રીજી સન્મુખ ધરતાં ગદ્‌ગદિત સ્વરે–

"મારા વહાલા ગોવર્ધનનાથ, આ ભવાટવીની માયાજાળમાં ભટકતા, ભૂલા પડી ગયેલા દૈવી જીવને તારી સન્મુખ લાવ્યો છું. એનાં કર્મ.... પાપ એ નથી જાણતો, મારા વ્હાલા, પણ તું તો પરમ દયાળુ, કૃપાનિધાન છો.... આજે એના પર કૃપાદષ્ટિ કરી એનો જન્મારો સુધાર, મારા વ્હાલા ! " આવું કંઈ કહેવા જાય એ પહેલાં તો શ્રીજીનાં દર્શન થતાં જ વાણિયાની આંખોમાંથી ચોધાર આંસુ વરસવા માંડયાં.

"મારા વ્હાલા, મારા ગોવર્ધનધર, મારા શ્રીજીબાવા..." અને દંડવત્ કરતો, 'ટેરો' આવતાં સૂરદાસના પગ પકડી લેતો એ બોલી ઊઠ્યો :

"બાબા....મને....મને શ્રીગુસાંઈજી પાસે લઈ જાઓ. જિંદગી આખીનું કમાયેલું ધન એમને ચરણે ધરી દેવું છે."

"ઊઠ, ભાઈ.. તારું ધન નહીં તારી જાતનું તું સમર્પણ કરી દે, જો તારે તારો જન્મારો શ્રીજીબાવાની સેવામાં ગાળવો હોય તો.."– અને સૂરદાસજી વાણિયાને લઈને શ્રીગુસાંઈજી પાસે ગયા ત્યારે શ્રીગુસાંઈજી હસતા–હસતા બોલી ઊઠ્યા :

"અરે, સૂરદાસજી, તમે પણ ખરા આ સાઠ વરસના બૂઢા બળદને નાથ્યે રહ્યા ! તમે એનો પીછો છોડયો નહીં."

શ્રીગુસાંઈજીએ 'બૂઢા બળદ'ને શરણે લીધો ત્યારે સૂરદાસજીએ ગાયું :

"કૃષ્ણ સુમિર તન પાવન કીજે ! જો લૈં જગ સુપના સૌંજીજે
પરમ પતિત સરનાઈ લીજે....! પદરજ દાન અભયના દીજે..."

૧૫. 'ભરોસો દઢ ઈન ચરનન કેરો...'

"ગોપાલ..."

હાથમાં લાકડી સાથે ગોપાલના ખભે હાથ મૂકી વહેલી સવારના પરાસોલી ગામથી શ્રીગિરિરાજજીની તળેટીની દંડવતી શિલા સુધી પહોંચતાં સૂરદાસજી હાંફી જતાં બોલી ઊઠ્યા. સો વર્ષ ઉપરાંત લટકાનાં પાંચ પૂરાં હજી થોડા દિવસ પહેલાં જ થયાં હતાં. એ દિવસે શ્રીગુસાંઈજી ખુદ શ્રીગોવર્ધનનાથજીને શયનભોગમાં પોઢાડી સૂરદાસજી સાથે પરાસોલી બધા જ વૈષ્ણવો સાથે પધાર્યા હતા અને આખી રાત ચન્દ્રસરોવરના હિલોળા લેતા જલતરંગોની છાયામાં અષ્ટસખાઓએ પ્રેમથી અનેક પદોની રમઝટ સૂરદાસજી સાથે બોલાવી હતી.

એ વખતે ગોકુલથી પરમાણંદદાસ, ગોપલાપુરથી કૃષ્ણદાસ, કદમખંડીથી ગોવિંદસ્વામી, જમુનાવતાથી કુંભનદાસ અને ચતુર્ભુજદાસ, તેમજ છીતસ્વામી એમની સાથે અનેક વૈષ્ણવો સાથે સૂરદાસજીના આંગણે પધાર્યા હતા.

સમસ્ત વૈષ્ણવમંડળ શ્રીગોવર્ધનનાથજીનાં આરતી અને શયનભોગનાં દર્શન કરી પરાસોલી શ્રીગુસાંઈજી સાથે આવ્યા ત્યારે સૂરદાસજીના આનંદનો પાર ન રહ્યો અને એમનો આદરસત્કાર કરતાં શ્રીગુસાંઈજી અને વૈષ્ણવો પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરતાં ગાઈ ઊઠ્યા :

હરિજન સંગ છિનક જો હોઈ
કોટિ સ્વર્ગસુખ કોટિ મુક્તિસુખ તા સમ લહે ન કોઈ

અને યુવાનીનાં વર્ષોમાં કબીર જ્યારે એમને આંગણે ગૌઘાટ આવ્યા હતા તે પદ યાદ આવ્યું :

"જા દિન સંત પાહુને આવત
તીરથ કોટિ સ્નાન કરન ફલ દર્શન હિતેં પાવત....

મોડી રાત્રે પ્રભુના પ્રસન્ન સાંનિધ્યમાં મંડળી વીખરાઈ અને સૂરદાસજી એમની કુટિરમાં આરામ કરવા ગયા ત્યારે થાક સારો એવો લાગ્યો હતો. દર્ભાસનની પથારીમાં દેહ લંબાવ્યો. મોડી રાત સુધી શ્રીગુસાંઈજીના સાંનિધ્યમાં કીર્તનની રસલહાણની સ્મૃતિમાં નિંદર વેરણ થઈ ગઈ. પડખાં ઘસતા સૂરદાસને કેમે કરી ઊંઘ ન આવે, કારણ કે નયનમાં શ્યામ ભરાઈ ગયો હતો. અંતરમાં ગોવર્ધનનાથ જાગતો બેઠો હતો. અણુઅણુમાં નવનીતપ્રિયાજીની છબી ઓતપ્રોત ચાલતી હતી.

સૂરદાસજીના અંતરમાંથી વાતાવરણને અનુરૂપ પંક્તિઓ સ્ફુરવા માંડી. અર્ધ નિદ્રા–તંદ્રામાંથી ઝબક કરતા જાગીને બેઠા થઈ ગયા અને અંતરમાં ઘૂંટાતી પંક્તિઓ....

હરિ રસ તબહી તો જાય પૈયે
સ્વાદ વિવાદ હર્ષ આતુરતા
ઈતનો દંડ જો સહિયે...
કોમલ વચન દીનતા સબ સૌં
સદા પ્રફુલ્લિત રહિયે

—અને પદની અંતિમ કડીઓ રચતાં મૂંઝાઈ ગયા. આગળ કાંઈ સ્ફુરે જ નહીં. અંતરમાં તાપ સર્જાયો. પદ પૂરું થતું નહોતું. 'શબ્દો' પતંગિયાની જેમ ઉડાઉડ કરી છટકી જતા હતા. આગિયાની જેમ ઝબકીને ઓલવાઈ જતા હતા.

"વહાલા....આ પદ પૂરું કેમ કરીશ ?"

—જવાબમાં મરકમરક હસતા શ્રીગોવર્ધનનાથજી કેમ જાણે કહી ન રહ્યા હોય...

"અબ તું નાચ્યો બહુત સૂરદાસ..."

"હાં...હાં, પ્રભુ, ખૂબ નાચ્યો છું, તારા ધામમાં. જિંદગીમાં કાંઈ જ અભિલાષા, વાસના, ઇચ્છા કાંઈ જ રહ્યું નથી. તારા નિજધામમાં આવવા તૈયાર છું..."

"ખરેખર ?" શ્રીનાથજીબાવા સ્મિત વેરતા પૂછે છે અને સૂરદાસ થંભી જાય છે. અંતર ક્ષોભ પામે છે..

"બાવા...આ પદ પૂરું થતું નથી."

"કેટલાં પદો મારા ગુણગાનનાં, સૂરદાસ, તમે રચ્યાં ?"

"બાવા... એક લક્ષ તો થઈ ગયાં. આમ તો હવે આ જગમાં રહીને તમારાં કીર્તન, તમારાં આઠે સમાનાં દર્શન કરવા સિવાય બીજી કોઈ વાંછના મનમાં રહી નથી, પણ....

પણ...સવા લાખ પદ પૂરાં કરવાની, આપના ગુણાનુવાદનાં પચીસ હજાર પદ રચવાનાં હજી બાકી છે. શરીર થાક્યું છે, ગિરિરાજજી ચડતાં શ્વાસ ચડે છે, ઊતરતાં શરીર હાંફે છે, નબળાઈ લાગે છે. મને લાગે છે કે બાવા, તમારા સૂરદાસને નિજધામનાં નોતરાં આવ્યાં છે. પણ શ્રીજીબાવા, તમારા પરનાં સવાલાખ પદ પૂરાં કરીને જ નિજધામ આવવું છે. પરંતુ જુઓ છોને, આ પદ જ જ્યાં પૂરું થતું નથી, ત્યાં બાકીનાં પચીસ હજાર પદ ક્યાંથી હૈયામાંથી સ્ફુરશે ? દીનાનાથ, અંતર સતત આ સવાલક્ષ પદ પૂરાં ન થવાની ચિંતાથી ભડભડ બળે છે. હૈયામાં સતત 'રે મન મૂરખ જનમ ગંવાયો..'ની લાગણી, વેદના થાય છે. વહાલા, નિજધામની ઘડી નજીક આવતી દેખાય છે ત્યારે, વહાલા...હું તો અધૂરાં પદો આ ધરતી પર મૂકી ચાલી નીકળવાનો – હૈયામાં શૂળની જમ ભોંકાતી અધૂરી રહી ગયેલી સવાલક્ષ પદ પૂરા કરવાની વાંછના સાથે..."

સૂરદાસજી હૈયામાં તાપ અનુભવતા આડે પડખે થયા.

શ્રીગોવર્ધન પર મંદિરમાં બિરાજતા શ્રીજીબાવાની ઊંઘ ઊડી ગઈ.

સૂરદાસજીનો સવાલક્ષ પદ પૂરાં કરવાનો તાપ એમનાથી સહ્યો જતો નહોતો, તો બીજી બાજુથી નિત્યલીલામાં પ્રવેશવાનો સૂરદાસનો સમય પણ આવી પહોંચ્યો હતો..

નિજમંદિરનાં દ્વાર ખોલાવી, શ્રીજીબાવા સડસડાટ હાથમાં છડી, કાને કુંડળ, માથે પાઘ, ગળામાં વૈજયંતીમાલા સાથે શ્રીગિરિરાજજી પરથી ઊતરી પરાસોલીમાં સૂરદાસજી પાસે આવી પહોંચ્યા.

શ્રીજીની નયનસુધા સૂરદાસજી પર વરસી...

જમણા હાથમાં કલમ, ખોળામાં પડેલા ભોજપત્રમાં લખાયેલું અર્ધું પદ, ચહેરા પર વ્યાકુળતાપૂર્ણ નીરવ શાંતિ, મંદમંદ પવનની લહરમાં હવામાં ઊડતા વાળ, સમગ્ર અંગમાં વિષાદનું એક પાતળું આવરણ...

શ્રીજીબાવા હળવેકથી નીચા નમ્યાં સૂરદાસજીના હાથમાંથી લેખિની ઉપાડી, ખોળામાં પડેલું ભોજપત્ર હાથમાં ગ્રહણ કર્યું, એક નજર અધૂરા પદ પર નાખી, કલમ ચલાવી....

ગયે નહીં સોચ, આયે નહિ આનંદ
ઐસે મારગ વહીયે
ઐસી જો આવે જિય માંહી
તાકે ભાગ્ય કી કહા કહીયે
અષ્ટસિદ્ધિ 'સૂરશ્યામ' પે
જો ચહીયે સો લઈએ.....

–શ્રીજીએ સૂરદાસનું અધૂરું પદ પૂરું કર્યું અને શ્રીયમુનાજીના વહેતા ધસમસતા પૂરની જેમ શ્રીજીબાવાની કલમ ભોજપત્રો પર ચાલવા માંડી અને પૂર્વની કદમખંડીમાંથી 'કૂકડે કૂક'નો કૂકડાનો પ્રભાતનું સ્વાગત કરતો – છડી પોકારતો અવાજ વાતાવરણમાં ગુંજી ઊઠ્યો ત્યારે શ્રીજીબાવાએ એમના ભક્તની મનઃકામના પૂર્ણ કરવા કવિ 'સૂરશ્યામ' બની કલમને સૂરદાસજીને ખોળે પધરાવતા પાછા ફર્યા ત્યારે હૈયું પ્રસન્ન બની સૂરદાસજીની જ પંક્તિ દોહરાવી રહ્યું હતું :

"હમ ભક્તન કે ભક્ત હમારે"

સવારના સૂરદાસજી જાગી ગયા.

"અરે, ગોપાલ, ક્યાં ગયો ? આ શું ? મારી કલમ ? ભોજપત્ર ? હું કુટિરની બહાર રાત્રે ક્યારે આવ્યો ? ક્યારે સૂતો ? ગોપાલ, પેલું ભોજપત્ર લાવ તો, રાત્રે અધૂરું રહી ગયેલું પદ પૂરું કરી લઉં.'

ગોપાલ દોડતો, હવામાં ઊડીને પીપળાના વૃક્ષ નીચે પડેલા ભોજપત્રને ઉપાડી, સૂરદાસજીને આપતાં ચમકીને બોલ્યો :

"અરે દાદા ! પદ તો પૂરું છે. તમે પણ હમણાં–હમણાં બધું ભૂલી બહુ જાઓ છો. રાતના પદ લખતાં–લખતાં શ્યામઘાટ નીચે આવી ગયા હશો. જુઓ, કેવા મરોડદાર અક્ષરો કાઢ્યા છે ને શું..."– ગોપાલે ભોજપત્ર આપતાં કહ્યું.

"અરે, મેં તો પદ અધૂરું મૂક્યું હતું અને... અરે, આ સૂરદાસને બદલે 'સૂરશ્યામ' ક્યાંથી આવી ગયો ?" સૂરદાસના આશ્ચર્યનો એક ક્ષણ માટે પાર ન રહ્યો, પરંતુ અધૂરા પદની પૂરી થયેલી પંક્તિઓ વાંચતાં એમની આંખોમાં શ્રાવણભાદરવો વરસવા માંડયા...હૈયાને પ્રેમના પરિતાપે ઘેરી લીધું.

'વાહ મારા ગોવર્ધનનાથ ! મારા કાજે તું કવિ બન્યો ! અર્ધી રાત્રે અહીં પધારવા માટે પરિશ્રમ લીધો ! મારા વહાલા !.... અરે ગોપાલ, જો જો, આપણા શ્રીજીબાવાએ મારું અધૂરું પદ પૂરું કર્યું. મારા વહાલાની કાવ્યવર્ષા મારા પર વરસી, ગોપાલ..."

"અરે, દાદા, અહીં આવો ! આ તમારાં પદોના ચોપડામાં એક નવો ચોપડો જોયો ? સુવર્ણાક્ષરે બીજાં અનેક પદો 'સૂરશ્યામે' લખી તમારી મનઃકામના પૂરી કરી દીધી છે."

"મારા શ્રીજીબાવાએ, ગોપાલ..."

ગોપાલ નાચતોકૂદતો માથે નવોનકોર ચોપડો મૂકતો સૂરદાસ પાસે આવી પહોંચ્યો.

સૂરદાસે એમના હાથે ચોપડાને સ્પર્શ કર્યો અને એ ગદ્‌ગદિત થઈ જતાં બોલી ઊઠ્યા :

"વાહ, મારા નાથ...તેં મારો મનોરથ પૂરો કર્યો..." અને સૂરદાસ અનંદવિરહવિભોર બની સાનભાન ગુમાવતા કદંબની છાયામાં ઢળી પડયા.

"ગોપાલ...."

"શું છે, દાદા...."

"આજ તો મારો નાથ ગોવર્ધન કૃપા કરશે તો જ મંગલાનાં દર્શનમાં પહોંચાશે એવું લાગે છે. દંડવતી શિલા આગળથી જ હવે તો શરીર ગિરિરાજજી ચડવાની ના પાડે છે. કાયાનાં કૌવત ક્ષીણ થતાં જાય છે, ગોપાલ..." સૂરદાસજી બોલ્યા.

"દાદા, ઉંમર થઈ. સો વર્ષ અને ઉપર બીજાં પાંચ વર્ષ તમને થયાં. પછી શરીરનોય કાંઈ વાંક છે ?" ગોપાલ હવે પ્રૌઢ થઈ ચૂક્યો હતો, એટલે એ ભાષામાં જ વાત કરેને..

સૂરદાસજી ધીમેધીમે લાકડી અને ગોપાલના સહારે શ્રીજીબાવાના મંદિરમાં પહોંચ્યા અને એમના આગમન સાથે જ ટેરા ખૂલ્યા. કુંભનદાસજીએ સૂરદાસજીને ટેકો આપ્યો. કૃષ્ણદાસજી તાનપુરો નિજમંદિરના ખૂણામાંથી લઈ આવ્યા.

સૂરદાસજીએ હાથ જોડયા. હાથ કાંપતા હતા, પગ પણ સ્થિર નહોતા. હૈયાની ધડકન વધતી જતી હતી અને ધ્રૂજતા સ્વરે, લડખડાતા શરીરે સૂરદાસજીએ શ્રીજીબાવા સન્મુખ દર્શન કરતાં ઓચિંતુ જ પદ ઉપાડયું :

જો હમ ભલે – બૂરે તૌ તેરે
તુમ્હેં હમારી લાજ બઢાઈ, વિનતી સૂન પ્રભુ મેરે
સબ તજિ તુવ સરનાગત આયૌ, નિજ કર ચરન ગહેરે...

સૌ ચમકી ગયા. ઠાકોરજીના જગાડવાના પદને બદલે સૂરદાસજીના મુખેથી આ પદ ! શ્રીગુસાંઈજીએ મંગળાની આરતી કરતાં એક નજર કાંપતા સૂરદાસજી પર નાખી. હૈયે રંજ થયો. સૂરદાસજીના અંતરની વેદના શ્રીવલ્લભનંદન સમજી ગયા હતા.

શ્રીજીબાવાને સૂરદાસજીનાં આ અંતિમ દર્શન હતાં. ભક્ત અને ભગવાન બન્ને સમજી ચૂક્યા હતા અને અંતિમ ભેટ વખતે ભક્તનો 'નિજ કર ચરન ગહેરે'ની જ વાત કરેને...

સૂરદાસજીએ ઠાકોરજીને જગાડવાનું પદ છેડયું :

જાગિયે, બ્રજરાજ કુંવર, કમલ કુસુમ ફૂલે...

અને અંતિમ પંક્તિ–

"સૂરશ્યામ પ્રાત ઉઠૌ– અંબુજ કર ધારી..."– પૂરી કરતાં જ ટેરો આવી ગયો.

"બસ, મારા વ્હાલા..."

–સૂરદાસજી આટલું બોલતા, ભીંતને અઢેલીને ગુપચુપ કેટલીય વાર સુધી ઊભા રહી ગયા.

"સૂરદાસજી, સ્વાસ્થ્ય તો સારું છે ને ? " –કુંભનદાસજીએ પૂછ્યું.

"હા..." અને એ ધ્યાનમાં ગરક થઈ ગયા.

ધીમેધીમે એ મંદિરની બહાર નીકળ્યા. કાયા લથડતી હતી, શરીર સમતોલપણું ગુમાવતું હતું. એક ક્ષણ પૂરતો ગોપાલને બોલાવવાનો વિચાર આવ્યો. હરરોજ વહેલી સવારે મંગળાનાં દર્શન કરવા આવતા સૂરદાસજી ગોપાલ સાથે રાજભોગનાં દર્શન કરી પરાસોલી જતા. આજ એમની હિંમત રાજભોગનાં દર્શન સુધી મંદિરમાં રહેવા માટે તૂટી ગઈ હતી.

"મારે ખાતર ગોપાલનાં દર્શનનો લહાવો શા માટે છીનવી લેવો ? ભલે રાજભોગનાં દર્શન કરી પરાસોલી પાછો આવતો." એવું વિચારી સૂરદાસજી ધીમા પગલે ગિરિરાજજી પરથી ઊતરવા માંડ્યા. ગિરિરાજજી ઊતરતાં થાક લાગતો હતો. પરંતુ હિંમત કરીને દંડવતી શિલા સુધી પહોંચી ગયા અને એ જ ધીમી ગતિએ પરાસોલી પહોંચ્યા અને–

"ગિરિરાજધરણ...પ્રભુ તમારે શરણ"ના જાપ જપતા ચન્દ્રસરોવરના કદંબની છાયામાં એમણે કષ્ટ સાથે શરીરને શ્રીગોવર્ધનનાથજીની ધજાને સાષ્ટાંગ દંડવત્ કરીને ધજા સન્મુખ મુખ કરીને લંબાવ્યું.

અંતરમાં સતત શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીની અનહદ કૃપાનું રટણ ચાલુ હતું. શ્રીગોવર્ધનધરની અનહદ કૃપાની પ્રાપ્તિ પણ શ્રીવલ્લભ અને શ્રીવલ્લભનંદનની 'કાની'થી જ થઈ હતી.

"હે મારા નાથ, આ ક્ષર દેહ અક્ષર બની, તારામાં ભળી જાય, તારી નિત્યલીલામાં પ્રવેશ મળે, એ પહેલાં મારી અંતિમ ઘડીઓ સુધારવા, મારા

શ્રીવિઠ્ઠલનાથ શ્રીગુસાંઈજી મહારાજ મને દર્શન દે તો જીવ્યું સફળ થઈ જાય..."

—અને સતત શ્રીનાથજી, શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનું રટણ કરતાં–કરતાં તંદ્રામાં સરી પડયા. તંદ્રામાં પણ એ જ શ્રીજીબાવા, શ્રીવલ્લભ અને શ્રીવલ્લભનંદનની રટણા ચાલુ હતી.

"સૂરદાસજી ક્યાં ગયા ? શૃંગારનાં દર્શનમાં તો કીર્તન કરવા આગળ જ હોય છે, આજે કેમ નથી ?" – શ્રીગુસાંઈજીએ શૃંગારમાં સૂરદાસજીને ન જોતાં પૂછ્યું.

"કૃપાનાથ, સૂરદાસજીને તો મંગળા આરતીનાં દર્શન કરીને તળેટી તરફ જતા જોયા...એમના શરીરને અસુખ હોય એવું લાગ્યું. જે કોઈ મળે એને 'જયશ્રીકૃષ્ણ' કહેતા જતા હતા. અને 'જયશ્રીકૃષ્ણ' બોલવામાં પણ ઘણી તકલીફ પડતી હતી."– એક વૈષ્ણવે શ્રીગુસાંઈજીને કહ્યું.

"બસ...ભગવદ્–લીલાના જીવની અંતિમ ક્ષણો આવી રહી છે. વૈષ્ણવો, આજે 'પુષ્ટિમાર્ગનું જહાજ' ભૂતલનો કિનારો છોડી અનંતધામની યાત્રાએ પ્રયાણ કરી રહ્યું છે. જેને જે લેવું હોય તે – જ્ઞાન, ધ્યાન, પદ, પ્રેરણા, પ્રેમ, ભક્તિ, વિરહ, વિયોગ...જે કાંઈ લેવાય તે લઈ લેજો." સૂરદાસ જ્ઞાનનો અવતાર, ભક્તિનો સાગર...અને માનવતાનો મહાસાગર હતા. તમે બધા પરાસોલી પહોંચો. ભક્તિના આ વેપારીના જહાજમાંથી – સેવા, ભક્તિ, પ્રેમ જે કાંઈ લૂંટાય તેટલું લૂંટી લેજો. હું રાજભોગની આરતી કરી આવું છું."

શ્રીવલ્લભનંદનનાં વાક્યો સાંભળી વૈષ્ણવો સૂરદાસજીના પરાસોલી ગામ તરફ ચાલી નીકળ્યા. આ બાજુ સૂરદાસજીએ એમનું સંપૂર્ણ ચિત્ત તંદ્રાવસ્થામાં પણ શ્રીગોવર્ધનનાથજી અને શ્રીગુસાંઈજીમાં લગાવી, બોલવાનું પણ બંધ કરી દીધું.

સૂરદાસજીની પરિસ્થિતિના ક્ષણેક્ષણે શ્રીગુસાંઈજી સમાચાર મેળવતા હતા. એમાંથી એક જ સૂર નીકળતા હતા :

"શ્રીવલ્લભનંદન પ્રભુ, તમારે શરણ...વિઠ્ઠલ તમારે શરણ... દર્શન દેવા પધારો મારા વિઠ્ઠલ...ગોવર્ધનધરનો હાથ પકડાવો, મારા ગોસાંઈ...એક વાર ગૌઘાટમાં હાથ પકડી છોડાવીને નાસી ગયેલા મારા લાડલા કનૈયા સાથે હાથે–વાળો કરાવો, મારા વિઠ્ઠલનાથ... ગુરુ બિન ગોવિંદ ક્યાં મળવાનો હતો, મારા કૃપાનાથ ! આ જીવ તમારાં દર્શન તરસે છે.."

તંદ્રાવસ્થામાં ધીમા સ્વરે સૂરદાસજી બોલ્યે જતા હતા. 'રાજભોગ' સરાવી શ્રીગુસાંઈજી, રામદાસ, કુંભનદાસ, ગોવિંદસ્વામી, ચતુર્ભુજદાસ ઇત્યાદિ અષ્ટ–સખા સાથે પરાસોલી પધાર્યા અને સૂતેલા સૂરદાસજીનો શ્રીવલ્લભનંદને હાથ પકડતાં પૂછ્યું :

"સૂરદાસજી, કેમ લાગે છે ?"

અને સૂરદાસજીના હાથને શ્રીગુસાંઈનો કરસ્પર્શ થતાં જ સડાક કરતા ઊભા થઈ ગયા.

"શ્રીવલ્લભનંદન પધાર્યા...હું આપની જ પ્રતીક્ષા કરતો હતો. આપે પધારીને

આ જીવ પર ખૂબ જ કૃપા કરી છે. હું હૃદયમાં સતત આપના સ્વરૂપનું ચિંતન કરતો હતો." અને સૂરદાસજીના મુખેથી રાગ સારંગમાં પ્રાતઃસ્મરણીય પદની પંક્તિઓ સરી પડી :

"દેખો દેખો હરિ જૂ કૌ એક સુભાવ
અતિ ગંભીર ઉદાર ઉદધિ પ્રભુ જ્ઞાની સિરોમનિરાય,
રાઈ જીતની સેવા કો ફલ માનત મેરૂ સમાન
સમજ દાસ, અપરાધ સિંધુ સમ બુંદ ન એકૌ માન !

—અને જેમજેમ પદની પંક્તિઓ વાતાવરણમાં પુષ્પની કળીની માફક ફોરતી રહી, તેમતેમ ભક્તજનોના હૃદયમાંથી....

'વાહ સૂરદાસ !'ના શબ્દો ઊઠતા ગયા.

"શ્રી ઠાકુરજી આ પદ મુજબ પોતાના ભગવદીયોને કરુણાનું – દીનતાનું – દૈન્યભાવનું દાન કરે છે તેને પ્રભુની કૃપા માનવી." શ્રીગુસાંઈજી પદ પૂરું થતાં બોલી ઊઠ્યા.

"કૃપાનાથ, આપની આજ્ઞા હોય તો સૂરદાસજીને એક પ્રશ્ન પૂછું ? " ચતુર્ભુજદાસે શ્રીગુસાંઈજીને વિનંતી કરતાં પૂછ્યું.

"જરૂર. મેં કહ્યું હતું ને સૂરદાસજીનું પુષ્ટિજહાજ પ્રયાણ આદરી રહ્યું છે. જ્ઞાનબોધ, ધર્મલાભ, જે કાંઈ મેળવવા હોય તે મેળવી લ્યો."

"સૂરદાસજી, તમે શ્રીઠાકોરજીનાં લાખ ઉપર પદો રચ્યાં, પરંતુ ક્યાંય તમે આપણા શ્રીવલ્લભનો યશ પદોમાં વર્ણવ્યો નથી !" ચતુર્ભુજદાસે પૂછ્યું.

"અરે ભૈયા...મૈં તો સગરો જસ શ્રીઆચાર્યજીકો હી બરનન કિયો હૈ, જો મૈં કછુ ન્યારો દેખતો તો ન્યારો કહતો."

"સૂરદાસ, તમે ધન્ય છો ! ગુરુ અને ગોવિંદ વચ્ચેનો તમે તો ભેદ જ મિટાવી દીધો ને શું ?" ચતુર્ભુજદાસ બોલ્યા.

"સૂરદાસ, કછુ ભગવદ્‌યશ ગાઓ." શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી.

"ચતુર્ભુજદાસજી, બાવા આજ્ઞા કરે છે, તો તમારા સવાલના જવાબરૂપે આ પદ સાંભળો :

"ભરોસો દઢ ઈન ચરનન કેરો
શ્રીવલ્લભ–નખ–ચન્દ્ર–છટા બિનુ, સબ જગ માંહે અંધેરોં
સાધન ઔર નહીં યા કલિમેં જાસોં હોત નિબેરો
સૂર કહા કહે દ્વિવિધ આંધરો બિના મોલ કો ચેરો

આ કીર્તન સાંભળી સૌ કોઈનાં મસ્તક સૂરદાસજીની દઢભક્તિ અને શ્રીવલ્લભની ચરણસેવા પરના દઢ વિશ્વાસ પર ડોલી ગયાં.

"સૂરદાસજીના હૃદયના ભાવ ખરેખર મહા અલૌકિક છે ! એમનું હૃદય અગાધ ભાવસાગરથી ઊછળતું જ રહ્યું છે." શ્રીવલ્લભનંદન બોલ્યા.

"સૂરદાસજી...અમારી જિંદગીમાં પુષ્ટિસંપ્રદાયની – તમારા જેવા ભક્ત

પાસેથી સમજ મેળવવાની તક પાછી નથી આવવાની. શ્રીઆચાર્યચરણનો જે પુષ્ટિમાર્ગ છે એનું સ્વરૂપ તમારી બાનીમાં સમજાવો." ઉત્સુક ચતુર્ભુજદાસજી બોલ્યા.

સૂરદાસજીએ પ્રત્યુત્તરમાં–

"ભજિ સખી ભાવ ભાવિક દેવ"નું પદ વિસ્તારથી સંભળાવ્યું અને ફરી પાછા તંદ્રામાં સરી પડયા.

"સૂરદાસજી, આ સમયે તમારા ચિત્તની વૃત્તિ ક્યાં છે ?" અને તંદ્રાવસ્થામાં સૂરદાસજીએ પદ છેડયું :

"બલિ બલિ હૌં કુંવરિ રાધિકા નંદનંદન જાસોં રતિ માની
વે અતિ ચતુર, તુમ ચતુર સિરોમનિ, પ્રીતિ કરી કૈસે રહે છાની"

–અને અંતમાં,

"ખંજન નૈન રૂપ રસ માતે
અતિ સૈ ચારૂ ચપલ અનિયારે પલ પિંજરા સમાતે
ચલિ ચલિ જાત નિકટ શ્રવનનકે ઉલટ ફિરત તાટંક ફંદાતે
સૂરદાસ અંજન ગુન અટકે નાંતર અબ ઊડિ જાતે..

–સૂરદાસજીનું પદ પૂરું થતાં જ યુગલસ્વરૂપના ધ્યાનમાં શરીરના પીંજરામાંથી આત્મા છૂટી લીલામાં પ્રવેશ્યો ત્યારે સૌ કોઈની આંખોમાંથી વહેતા અશ્રુધોધ સાથે હૈયામાં સૂરદાસજીનું આ પદ ગુંજી રહ્યું–

"ચલિ સખી, તિહિં સરોવર જાહિં
જિહીં સરોવર કમલ કમલા, રવિ બિના બિકસાઈહિં
હંસ ઉજ્જલ, પંખ નિર્મલ, અંગ મલિ – મલિ ન્હાંહિ
મુક્તિમુક્તા અનગિને ફલ, તહાં ચુનિ–ચુનિ ખાહિં
ચલિ સખી, તિહિં સરોવર જાહિં.

જયશ્રીકૃષ્ણ

સંદર્ભ ગ્રંથો

(૧) ૮૪ વૈષ્ણવ કી વાર્તા : ગૌ. દ્વારકાદાસ પરીખ. (હિંદી)

(૨) ૮૪ વૈષ્ણવોની સચિત્રવાર્તા : સં. ગો. ૧૦૮ શ્રી દ્રુમિલકુમારજી મહોદય (ગુજરાતી)

(૩) શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી : વિદ્યા વાચસ્પતિ શ્રી કે. કા. શાસ્ત્રી

(૪) શ્રી વિઠ્ઠલેશ્વર ચરિતામૃત ગો. વા. દ્વારકાદાસ પરીખ

(૫) શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણ : ડૉ. ચિમનલાલ મગનલાલ વૈદ્ય (મોડાસા)

(૬) પુષ્ટિપ્રવેશ : ગો. શરદ અનિરૂદ્ધલાલજી, માંડવી

(૭) ભગવત્સેવાનો સિદ્ધાંતશુધ પ્રકાર : ગો. પૂ. ૧૦૮ શ્યામ મનોહરજી મહોદય

(૮) નવરત્નમ : ગો. પૂ. ૧૦૮ શ્યામ મનોહરજી મહોદય

(૯) ભારતના સંત પુરુષો : રામલાલ (હિંદીમાં)

(૧૦) વિભુના વહાલાંઓ : રજનીકાંત પહેલ

(૧૧) ઇશ્વરના આશકો : રજનીકાંત પટેલ

(૧૨) કબીરનો વારસો : જયેન્દ્ર ત્રિવેદી

(૧૩) પૃષ્ટિ સારસંગ્રહ : પ્રા. શાંતિલાલ મહેતા

(૧૪) દેખો રી મૈં સુંદર શ્યામ સ્વરૂપ : પ્રકાશન - શ્રી વલ્લભ સેવા સમાજ, ઘાટકોપર

(૧૫) અષ્ટછાપ પરિચય: પ્રભુદયાલ મીતલ (હિંદી)

(૧૬) વાર્તા સાહિત્ય: ડૉ. હરિહરનાથ ટંડન (હિંદી)

(૧૭) સૂર સૌરભ: અંબાપ્રસાદ નર્મદાશંકર શુક્લ

(૧૮) ગો. શ્રી હરિરાયજી કૃત સૂરદાસકી વાર્તા : સંપાદક - પ્રભુદયાલ મીતલ (હિંદી)

(૧૯) સૂરભાવધારા : ડૉ. રમણલાલ તલાટી (હિંદી)

(૨૦) મહાકવિ સૂર-એક પુનશ્ચિન્તન : ડૉ. વ્રજેશ્વર વર્મા (હિંદી)

(૨૧) અષ્ટસખાનું આચમન : સંશોધન - ગો. દ્વારકેશલાલજી મહોદય, કાંદિવલી

(૨૨) અષ્ટસખા ચિત્ર-ચરિત્રદર્શન : શ્રી પુષ્ટિસંપ્રદાય મંદિર શાકસામગ્રી ટ્રસ્ટ

(૨૩) સૂરદાસજીના દૃષ્ટકૂટ પદો : શ્રી ગોવિંદપ્રભુ ટ્રસ્ટ, સૂરત

(૨૪) ખંજન નયન : અમૃતલાલ નાગર (હિંદી નવલકથા)

(૨૫) POETRY OF HYMNS - SELECTED POEMS OF SURDAS : EDITOR JAIKISHANDAS SADANI

(૨૬) સૂરદાસ : સાહિત્ય અકાદમી
(૨૭) સૂર સાગર : (હિંદી)
(૨૮) ગીતા પ્રેસ દ્વારા પ્રકાશિત સૂરદાસના પદોના નવ સંગ્રહો (હિંદી)
(૨૯) સૂર ઔર ઉનકા સાહિત્ય : ડૉ. હરબંશલાલ વર્મા (હિંદી)
(૩૦) સૂર સૌરભ : ડૉ. મુંશીરામ શર્મા (હિંદી)
(૩૧) ભારતીય સાધના ઔર સૂર સાહિત્ય : ડૉ. મુંશીરામ શર્મા (હિંદી)
(૩૨) સૂર સાહિત્ય કા મનોવૈજ્ઞાનિક વિવેચન : ડૉ. શૈલબાલા અગ્નિહોત્રી (હિંદી)
(૩૩) સૂર કી કાવ્યકલા : મનમોહન ગૌતમ (હિંદી)
(૩૪) સત્સંગ, વૈષ્ણવ પરિવાર, નવપ્રકાશ, અગ્નિકુમાર, વૈષ્ણવવાણી, ઇત્યાદિ પૃષ્ટિસંપ્રદાયના સામયિકોના અંકો

- ***આભારી છું - ગ્રંથોની ઉપલબ્ધી કરી આપનારા મારા સ્વજનમિત્રો, આચાર્ય બાળકો, તેમજ સૂરસાહિત્યના પ્રેમીજનો-***

ગો. ૧૦૮ પૂ. શ્યામ મનોહરજી મહોદય
ગો. ૧૦૮ પૂ. ચન્દ્રગોપાલજી મહોદય તથા અ. સૌ. વ્રજલતાવહુજી
પૂજ્ય ઇંદિરાબેટીજી તથા નિકુંજલતાબેટીજી
પૂ. ગો. ૧૦૮ મથુરેશજી મહોદય તથા દ્રમિલકુમારજી
પૂ. ગો. ૧૦૮ મિલનબાવા, ઘાટકોપર
પૂ. ગો. વ્રજજીવનજી તથા દ્વારકેશલાલજી
પૂ. કે. કા શાસ્ત્રી, પ્રા. રમેશ પરીખ, પ્રા. રાજેન કડિયા
મિત્ર પ. ભ. ભોગીલાલ રમણલાલ શાહ
મિત્ર પ. ભ. યોગેશ પટેલ
મિત્ર પ. ભ. શ્રી રતુભાઇ શેઠ
મિત્ર પ. ભ. શ્રી જીતુભાઇ શાસ્ત્રી
તથા
બિપિનકુમાર શાસ્ત્રી (મથુરા)
અને
અન્ય
સહૃદયોનો

૧૫-૮-૧૯૯૬ **- જશવંત મહેતા**
સ્વાતંત્રદિન પર્વ

જયદેવના કાવ્યોમાં સંગીત લહરી અને કોમલ પદાવલિથી ગૌરવાન્વિત હશે, પરંતુ સૂરદાસની કાવ્ય સરવણીમાંથી પ્રગટતી બાળલીલાઓનું વૈવિધ્ય નથી. વિદ્યાપતિએ રાધાકૃષ્ણમાં નાયક-નાયિકાના રૂપમાં વિલાસિતા પ્રદર્શિત કરવાનો એના કાવ્યોમાં પ્રયત્ન કર્યો છે. પરંતુ સૂરદાસની કાવ્યરચનામાં પ્રગટ થતો રાધાકૃષ્ણ - આ ધરતીના છે તે સ્વરૂપ પ્રગટ કરી શક્યા નથી. ચંડીદાસની કાવ્યયાત્રામાં રાધાકૃષ્ણના વિશુદ્ધ પ્રેમના દર્શન થાય છે, પરંતુ એમાં સૂરદાસની લીલા ભાવનાનું લાલિત્ય ખૂટે છે.

- "સૂર-નિર્ણય"

आचार्यों की छाप लगी हुई आठ वीणाएँ श्रीकृष्ण की प्रेम-लीला का कीर्तन करने उठीं. जिनमें सबसे ऊंची, सुरीली और मधुर झनकार अंधे कवि सूरदासकी वीणा की थी. **– आचार्य रामचन्द्र शुक्ल**

ખંજન નૈન રૂપ રસ માતે ।
અતિશય ચારૂ ચપલ અનિયારે પલ-પિંજરા ન સમાતે ॥
ઉડિ ઉડિ જાત નિકટ સ્તવનનિકે ઉલટિ પલટિ તાટંક ફૈંદાતે ।
સૂરદાસ અંજન - ગુન અટકે નતરૂ કબૈ ઉડિ જાતે ॥

- સૂરદાસ

वंशी विभूषित करान्नवनीर दाभात्
पीताम्बरा दरुण बिम्ब फलाधरोष्ठात ।
पूर्णेन्दु सुन्दर मुखादर विन्द नेत्रात्
कृष्णांत्पर किमपि तत्त्वमदं न जाने ॥

(સૂરદાસજીના આરાધ્ય......)
श्री वल्लभ सौं मंत्र लै सागर रच्यो अपार ।
सूर सिद्धकवि नै कियौ, हरि-लीला विस्तार ॥

(સમાપ્ત)

"ભલે પ્રગટ્યા શ્રી વલ્લભદેવ" - શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ચરિત્રને નવલકથા પદ્ધતિએ સુંદર તથા રસપૂર્ણ શૈલીમાં રજૂ કરેલ છે. જે વાચકોને વાંચવાનું મન થાય અને તે દ્વારા આધ્યાત્મિક પ્રેરણા પ્રાપ્ત કરે તેવું આ પુસ્તક લખવા બદલ સપ્રેમ અભિનંદન અને શુભાશિષ પાઠવતા આનંદ અનુભવીએ છીએ. — **ગો. મધુરેશજી મહોદય.**

"ભલે પ્રગટ્યા શ્રી વલ્લભદેવ", નવલકથા દ્વારા શ્રી મહાપ્રભુજીનો સંદેશ નાના-મોટા સહુ સુધી પહોંચે અને સમાજનો સર્વ વર્ગ પરમ કલ્યાણના રત્નોના લાભથી લાભાન્વિત થાય એ પ્રકારે આજની પ્રચલિત ભાષામાં નવલકથાની રસિકતાને જાળવીને લખાયેલી કૃતિ છે. — **ગો. ચન્દ્રગોપાલજી મહારાજ**

"પુષ્ટિસંપ્રદાયના આચાર્ય ગણાતા શ્રી વલ્લભનંદનના જીવન અને કવનને આધારે લખાયેલી "વંદુ શ્રી વિઠ્ઠલવર વ્રજરાય" નવલકથા વૈષ્ણવ સમાજને જ નહીં પણ ભારતીય સંસ્કૃતિના સંસ્કાર પામેલા સૌ કોઇને વાંચવી ગમે તેવી છે. સમગ્ર કથાપ્રવાહમાં વાચક ભક્તિ અને શ્રદ્ધા સાથે એકરૂપ થઇ જાય એવો લેખકનો પ્રયાસ સફળ થયો છે - "જન્મભૂમિ" - કલમ-કિતાબ. — **દિગંબર સ્વાદિયા**

"જશવંત મહેતા લિખિત પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતો પર આધારિત "વંદુ શ્રી વિઠ્ઠલવર વ્રજરાય" એ એમનું "ભલે પ્રગટ્યા શ્રી વલ્લભદેવ" પછીનું પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો તથા વૈષ્ણવેતર માટેનું શ્રી વિઠ્ઠલનાથજીના જીવન અને કવન પર આધારિત નવલકથા સ્વરૂપનું બીજું પુસ્તક છે. સાંપ્રદાયિક સિદ્ધાંતો પર લખાયેલી આ નવલકથા સંપ્રદાયના અભ્યાસીઓ, શ્રદ્ધાળુઓ અને મનન કરનારાને સ્પર્શી જાય તેવી છે. એમાં આવતા સંવાદો, પ્રસંગોની રજૂઆત અને ચિત્રાંકન રેખાચિત્રો ઘડીભર મનને જકડી રાખે છે. સંવાદોમાં પ્રયોજાતી વ્રજભાષા હૃદયમાં સરી પડતી કાવ્યપંક્તિઓ અને ક્યારેક રજૂ થતા પદો પણ આકર્ષક રહ્યા છે. — **ગુજરાત સમાચાર**

શ્રી જશવંત મહેતા લિખિત

ભલે પ્રગટ્યા શ્રી વલ્લભદેવ

રૂા. ૧૧૦

તેમજ

વંદુ શ્રી વિઠ્ઠલવર વ્રજરાય

રૂા. ૧૧૫

આપના ગ્રંથાગારમાં જરૂર વસાવો.

પ્રવીણ પુસ્તક ભંડાર

લાભ ચૅમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, રાજકોટ